# તિલક તરઙ્ગ

[પ્રથમ ભાગ]

- લેખક -

આચાર્ય વિજય ભુવનશેખર સૂરીશ્વરજી મહારાજ

- પ્રકાશક -

શ્રી બુદ્ધિ તિલક જૈન જ્ઞાન મંદિર

ભાભર (બનાસકાંઠા)

ॐ હ્રીં અર્હં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
ॐ હ્રીં અર્હં શ્રી મુનિ સુવ્રતસ્વામિને નમઃ
ॐ શ્રી જીતહીર બુદ્ધિતિલક શાન્તિચન્દ્ર સદ્ગુરુભ્યો નમઃ

# તિલક તરઙ્ગ

[ પ્રથમ ભાગ ]


લેખક અને સંપાદક

પૂ. સંયમાવતાર શાન્તમૂર્તિ સ્વ. ગુરૂદેવ, પંન્યાસ-પ્રવર શ્રી તિલકવિજયજી ગણિવર્યના શિષ્ય

**આચાર્ય વિજયભુવનશેખરસૂરીશ્વરજી મહારાજ**



: પ્રકાશક :

**વાડીલાલ એન્ડ દેવસીભાઈની કંપની**

શ્રી બુદ્ધિતિલક જૈન જ્ઞાનમન્દિર

ભાભર : વાયા પાલનપુર :

[ બનાસકાંઠા ]

વિ. સં. ૨૦૩૨, મહા વદી ૧૧, બુધવાર

નકલ ૧૦૦૦ : આવૃત્તિ પહેલી : કિંમત-

પ. પૂ. ગુરૂદેવ સ્વ. શ્રીમાન્ બુદ્ધિવિજયજી મહારાજાની ૨૪મી સ્વર્ગીય તિથિની યાદગીરી નિમિત્તે પૂ. આચાર્યદેવ વિજયભુવનશેખરસૂરીશ્વરજી મહારાજના વિનયી શિષ્યરત્ન મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજના ઉપદેશથી "તિલક તરણ્ડ" ગ્રન્થના પ્રકાશનમાં લાભ લેનાર દ્રવ્ય–સહાયક સદ્ભાગ્યશાળી જાબવાળા માંગીલાલ મહેતા તથા માંડોલીનગરવાળા તેજરાજ નવાજી તથા કાગમાલા (કુંદનપુર)વાલા જેઠમલ ચાંપાજી તથા કાગમાલાવાલા બાબુલાલ જેઠાજી તથા પાલનપુરવાલા ચીનુભાઈ વીરચંદ તથા જાબવાલા મફતલાલ પ્રતાપજી તથા હાડેજાવાલા ચુનીલાલ દુદાજી તથા હાડેજાવાલા દલીચંદ સરદારમલજી તથા રોહિડાવાલા નવીનચન્દ્ર ખૂમચંદ વગેરે સદ્ગૃહસ્થો તરફથી વાંચકમહાશયોને **સપ્રેમ ભેટ.**

---


પ્રાપ્તિસ્થાન :
**શ્રી બુદ્ધિતિલક જૈન જ્ઞાનમંદિર**
વાયા પાલનપુર, પો. **ભાભર**
(બનાસકાંઠા)

| પ્રાપ્તિસ્થાન : | પ્રાપ્તિસ્થાન : |
| --- | --- |
| **સેવન્તીલાલ પ્રાણલાલ પારેખ** | **વાડીલાલ એન્ડ દેવસીભાઈની કું.** |
| મંગલદાસ માર્કેટ | પ્રેમ દરવાજા અંદર |
| બિલ્ડીંગ નં. ૨, ત્રીજે માળે | પારસીચાલ |
| **મુંબઈ નં. ૨** | **અમદાવાદ નં. ૧** |


વિક્રમ સંવત ૨૦૩૨
મહા વદી ૧૧ બુધવાર
તા. ૨૫–૨–૭૬

વીર સંવત ૨૫૦૨
મહા વદી ૧૧
(ગુરૂદેવ શ્રી બુદ્ધિવિજયજી મહારાજની સ્વર્ગતિથિ)

---

મુદ્રક : આર. [redacted]ાહ, કેનિમેક પ્રિન્ટર્સ, મામુનાયક–પોળ અમદાવાદ

પ.પૂ.પંન્યાસ પ્રવરભાભરનગર ભૂષણશ્રીમાન્ ગુરૂદેવ સ્વ.શ્રી તિલક વિજયજી ગણીવર્ય | પ.પૂ.શાન્તમૂર્તિ ભાભરનગર ભૂષણ ગુરૂદેવ સ્વ.શ્રીમાન બુદ્ધિ વિજયજી મહારાજસાહેબ.



જન્મ
વિ.સ.૧૯૩૮
ભાભર.
દીક્ષા
વિ.સં.૧૯૬૭
ભાભર.
પંન્યાસ
વિ.સ.૧૯૮૮
રાધનપુર.
સ્વર્ગવાસ
વિ.સં.૧૯૯૯
પાટણ.

જન્મ
વિ.સં.૧૯૪૦
ભાભર.
દીક્ષા
વિ.સં.૧૯૬૧
પાલીતાણા.
સ્વર્ગવાસ
વિ.સં.૨૦૦૮
ભાભર.

# પ્રસ્તાવના

આચાર્ય શ્રી વિજયભુવનશેખરસૂરીશ્વરજી મહારાજનું "તિલક તરંગી" ભાગ ૧ પછીનું ટૂંક સમયમાં જ "તિલક તરણ્ડ" નામે બીજું પુસ્તક પ્રકાશિત થઈ ચૂક્યું છે તે એઓશ્રીની લેખિની કેવા વેગથી ચાલી રહી છે એની પ્રતીતિ કરાવે છે. સદરહુ પુસ્તકને વાંચકસમુદાય માટેનો એક મઝાનો "સંચયગ્રન્થ" કહી શકાય. પૂજ્ય મહારાજશ્રીના વિશાળ વાંચનમાંથી જીવનોપયોગી એવી જે સાહિત્યસામગ્રી એમને સમાજ સમક્ષ મૂકવા જેવી લાગી તે સામગ્રી ભિન્ન ભિન્ન સ્થળેથી ઉદ્ધૃત કરીને પોતાના શબ્દોમાં અહીં ગ્રન્થસ્થ કરી છે.

મારી દૃષ્ટિએ આ ગ્રન્થનાં લખાણોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય એમ છે : [૧] સુભાષિતો–સુવિચારો [૨] માહિતીલક્ષી લખાણો અને [૩] બોધાત્મક પ્રસંગચિત્રો.

[૧] આપણે ત્યાં સંસ્કૃત સાહિત્યમાં એક–બે પંક્તિમાં માર્મિક રીતે સુંદર દૃષ્ટાન્ત કે અર્થાન્તરન્યાસથી રજૂ થતાં સુભાષિતોની વર્ષોજૂની એક પરંપરા ચાલી આવે છે. આવાં પુસ્તકો કદમાં નાનાં હોય છે પરન્તુ તેમાં માર્મિક જીવનબોધ એટલી તીવ્રતાથી સૂચવાયેલો હોય છે કે એની અસર ક્યારેક સમગ્ર જીવન પલટાવી નાખનારી નીવડે છે. એક નાના અણુમાં છુપાયેલ અસાધારણ વિસ્ફોટક અણુશક્તિ સાથે એને એક દૃષ્ટિએ સરખાવી શકાય. આવાં સંક્ષિપ્ત સુભાષિતો અહીં રજૂ કરવામાં આવ્યાં છે, જેમાંનું પ્રત્યેક લખાણ એક સ્વતંત્ર વિચાર-કણિકા બની રહે છે. એમાંનાં કેટલાંક તો માંડ એક–બે લીટીનાં હોવા છતાં 'નાનો પણ રાઈનો દાણો'નો અનુભવ કરાવનારાં હોય છે. દા. ત., શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, મર્મ કહ્યો નથી. મર્મ તો મહાન પુરુષોના અન્તરમાંથી ઉદ્‌ભવતો હોય છે (૩૧); આંખનાં અંજન બે પ્રકારનાં હોય છે, રહેમ અને વહેમ (૧૩૧); લાકડાં તોલવાના કાંટે મોતી ન તોલાય (૨૪૬); તદુપરાંત વિચારશુદ્ધિનો મહિમા (૧૮); આત્માનું રટણ (૩૦); યૌવનની નશ્વરતા (૩૩ ; અક્કલ અને વિવેકબુદ્ધિ વચ્ચેનું અંતર (૩૪); જીવન–ઘડિયાળમાં જ્ઞાન અને

ક્રિયારૂપી બંને કાંટાની આવશ્યકતા (૩૭); મનુષ્યગતિની ઉત્તમતા (૪૨); વિલાસી હવામાનની ભયંકરતા (૮૮); સાંસારિક સુખની અવળચંડાઈ (૧૦૫); ઘડતર તેવું મૂલ્યાંકન (૩૮૯); મહિલાનું મોહિની–સ્વરૂપ અને શ્રેયસ્કારિણી સ્વરૂપ. (૪૨૪); વગેરે ભાતભાતના વિષયોની સંક્ષિપ્ત છણાવટ આ વિચારશ્રેણીમાં રજૂ કરવામાં આવી છે. ઘડીભર કલ્પી લો, સમગ્ર પુસ્તકમાં સુવર્ણરજ વેરાયેલી હોય !

[૨] પહેલા પ્રકારમાં જેમ અનેક વિષયો ઉપરની વિચારધારાઓ વિદિત કરવામાં આવી છે તદનુસાર બીજા પ્રકારમાં વિવિધ વિષયો અંગેની માહિતી જોવા મળે છે. જેમ કે પાતંજલ યોગસૂત્રમાં પાંચ કલેશો (૨); તીર્થંકર ભગવાનને દીક્ષા પછી કયાં ચાર આલંબનોથી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું તે (૮); પ્રાણીજગતના ત્રણ વિભાગો (૧૩); ચાર પ્રકારનો વૈરાગ્ય (૩૯); શાસ્ત્રમાન્ય પાંચ કારણો, (૪૭); ધર્મરત્ન પ્રકરણમાં વાસ્તવિક શ્રાવકના ૨૧ ગુણો (૧૧૮); દુઃખના ત્રણ પ્રકારો (૧૩૦); ધ્યાન માટેની યોગ્ય ભૂમિકા. (૧૮૫); પારિહાવણિયા વ્રત (૨૫૨); આચારાંગ સૂત્રમાં નિર્દિષ્ટ ૨૧ પ્રકારનાં પાણીનું વિધાન (૨૯૭); નવનિયાણાં (૩૦૮); વસ્તુપાળ–તેજપાળે કરેલાં ધર્મકાર્યો (૩૪૨–૩ ; અભયદાનના બે પ્રકારો (૩૪૪); નવકારમંત્રના પ્રત્યેક અક્ષરનો આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરજીએ કરેલો સંગત અર્થ (૩૭૪); ભદ્રબાહુ સ્વામીએ ભાખેલું ભવિષ્ય (૩૭૫); અંગ ઉપાંગનાં વિશિષ્ટ ચિહ્નોને આધારે માનવનાં લક્ષણો (૩૭૬); ૧૮૦૦૦ શીલાંગરથના ભેદો (૪૦૫); ચારિત્રની સ્વીકૃતિ કરનારે જાળવવાની પાંચ પ્રકારની શુદ્ધિ (૫૪૫) વગેરે. આ રીતે અનેક ગ્રન્થો ઉપર આધારિત ભાતભાતની માહિતી અહીં ઉપલબ્ધ બની છે.

[૩] ત્રીજા પ્રકારનાં લખાણો પૈકી બર્નાર્ડ શૉ (૧૨૫); ગાંધીજીએ સ્વયં મીઠું છોડયાનો પ્રસંગ (૨૦૪); કરજદાર માણસનું શિરદર્દ (૨૧૫) રમણ મહર્ષિનું અયાચકવ્રત (૨૨૬); માઘ કવિનું દાન (૨૨૮); કુંભકર્ણનું વરદાન (૨૨૦); કાચના મહેલમાં પ્રવેશી ચૂકેલો કૂતરો (૨૩૪); કૂવાકાંઠે જઈ ચડેલો સિંહ (૨૩૫); સોક્રેટિસે સ્ત્રી–સમાગમ વિષે શિષ્યને

આપેલો મૂંગો પણ સચોટ જવાબ (૩૬૯); ધૃતરાષ્ટ્રનું અંધત્વ (૩૭૦); મૂર્તિની આવશ્યકતા માટેનું આદર્શ દૃષ્ટાન્ત (૩૯૬); કબીરજી અને કટુક તુંબડીની વાત (૪૭૬); શ્રીમાન્ ભર્તૃહરિનું ભિક્ષાદાન (૪૭૭); શ્રીમતી ચંદનાનો વેશ્યાગૃહેથી થતો વિનાશ વીખરાયો (૪૮૪); રાજાને આવેલા અનિષ્ટ સ્વપ્નફલ અંગે કરવામાં આવતી જુદી જુદી બે રજૂઆત (૪૮૭); સિકંદર અને કલાકારની વાત (૫૩૪); અંબડ પરિવ્રાજક (૫૩૭) વગેરે. 'તિલક તરણ્ડ' પુસ્તક જાતજાતની સામગ્રીથી એટલું તો સભર બન્યું છે કે સામાન્ય વાંચકને માટે એ અચૂકપણે જિજ્ઞાસાવૃત્તિને સંતોષનારું બનશે તેમાં બે મત નહિ.

આ પુસ્તકમાં ધર્મ કે સાંપ્રદાયિકતાની કશી જ મથામણ કરવામાં આવી નથી. પૂજ્ય મહારાજશ્રીએ જૈનોના મહાન જ્યોતિર્ધરોથી માંડીને સંત તુકારામ, મીરાંબાઈ, બર્નાર્ડ શૉ કે ગાંધીજી જેવા વ્યક્તિ-વિશેષોના જીવનપ્રસંગો સુધી આપણને પહોંચતા કર્યા છે. તદુપરાંત વિધિવિધાનોમાં જડતા પ્રત્યેની સૂગ પણ સ્પષ્ટ વરતાઈ આવે છે (જુઓ ક્રમાંક ૫ ૯, ૫૧૦, ૫૫૨, ૫૬૨, ૫૬૫, વગેરે) ક્રમાંક ૫૧૦માં તેઓશ્રી લખે છે "તમે પચાસ વર્ષ થયાં સામાયિક વ્રત કરી રહ્યા છો, પણ પ્રથમનું સામાયિક અને પચાસમા વર્ષના સામાયિકમાં કંઈ ફરક ખરો કે નહિ? આગળ વધ્યા કે પાછળ હઠયા? સમભાવને સખા તરીકે અપનાવ્યો કે નહિ? તેનો હિસાબ કદાપિ કર્યો છે ખરો?" શાન્તિ, સમતા, સદાચાર, સંયમશુદ્ધિ, શિસ્ત, સભ્યતા અને નીતિ-નિષ્ઠાથી જ માનવજીવનનું વાસ્તવિક ઘડતર કરવા માટે "તિલક તરણ્ડ" પુસ્તક અતિઉપયોગી નીવડશે.

અન્તિમમાં તરણ્ડ એટલે વહાણ. આપણે ઇચ્છીએ કે આ "તિલક તરણ્ડ" વાંચકવર્ગને યોગ્ય માર્ગદર્શન આપી અનેક દુરિતોથી ભરેલા ભવસાગરને પાર કરાવવામાં સહાયભૂત બને!

અમદાવાદ

તા. ૧૫-૨-'૭૬


**કાન્તિલાલ બી. શાહ**
ગુજરાતીના પ્રાધ્યાપક
**લાલાભાઈ દામોદરદાસ આર્ટ્સ કૉલેજ**

# સંપાદકીય સૂચન

પૃથ્વીપીઠ પર જન્મ ધારણ કરનારા માનવીઓમાં એક વર્ગ એવો છે જે સામાન્ય માસિકો, સામયિકો અને દૈનિકપત્રો વાંચીને પોતાના જીવનને કૃતાર્થ માની બેઠેલો હોય છે; બીજો વર્ગ એવો છે જે લૌકિક કથા વાર્તા વાંચીને જીવનને ધન્ય ધન્ય સમજી લેતો હોય છે; જ્યારે ત્રીજો વર્ગ એવો છે જેઓ ઉપરોક્ત તમામ વિષયોથી વિરક્ત રહી માત્ર સારભૂત રહસ્યભરી, તત્ત્વજ્ઞાન-તેજીલી વાતો વાંચીને રસલ્હાણ લૂંટી લેવા માગતો હોય છે. તેવાઓની તલસ તૃપ્ત કરવા માટે "તિલક તરણ્ડ" નામનું પુસ્તક પર્યાપ્ત થશે એમ મારું મન્તવ્ય છે. થોડા સમય પહેલાં "તિલક તરણી" (ભાગ પહેલો) પુસ્તકનું પ્રકાશન થઈ ચૂકયું છે. ત્યાર પછી ટૂંક સમયમાંજ "તિલક તરણ્ડ" નામના આ પુસ્તકનું પ્રકાશન કરવામાં આવે છે.

આપણા પ. પૂ. પંન્યાસપ્રવર સ્વ. ગુરૂદેવ શ્રી તિલક-વિજયજી ગણિવર્યના વડીલ ગુરૂભ્રાતા સ્વ. શાન્તમૂર્તિ ગુરૂદેવ શ્રીમાન્ બુદ્ધિવિજયજી મહારાજાની મહા વદી ૧૧ ને બુધવારે ૨૪મી સ્વર્ગીય તિથિની પુણ્યસ્મૃતિરૂપે "તિલક તરણ્ડ" નામનું પુસ્તક યાદગારરૂપ થઈ પડશે.

"**તિલક તરણ્ડ**"માં એવી એવી અવનવી રહસ્ય-પૂર્ણ તાત્ત્વિક વાતોનો વિનિયોગ કરવામાં આવ્યો છે તે વાંચક–મહાશય એકમના થઈને શનૈઃ શનૈઃ વાંચન–વિસ્તારમાં આગળ દૃષ્ટિ દોડાવશે તો સ્વયં સમજી શકશે કે "**તિલક તરણ્ડ**" વાંચકને મઘમઘતી વિવિધ વાનગીઓ પીરસી રહ્યો છે.



આનાથી પણ વધુ સ્વાદિષ્ટ અને સર્વોત્તમ વાનગીઓ હવે પછી પ્રકાશિત થનારા "તિલક તરણ્ડ" ભાગ બીજામાં જોવા મળશે. વાંચકવૃન્દમાં ઘણોખરો એવો ભાગ જોવા મળે છે કે એક પુસ્તકને વાંચવાના શ્રીગણેશ કર્યા પછીથી અવનવું જાણવાની ઇચ્છાએ પુસ્તકનાં માત્ર પાનાં જ ફેરવતો હોય છે, તેવાઓની ઇચ્છાને સંતોષવા માટે "તિલક તરણ્ડ" સારો એવો ફાળો નોંધાવશે.

**આચાર્ય વિજયભવનશેખર સૂરિ**
કૃષ્ણનગર (સૈજપુર બોઘા)
નરોડારોડ, અમદાવાદ.

## —પ્રકાશકીય નિવેદન—

શ્રી બુદ્ધિતિલક જૈન જ્ઞાનમંદિર તરફથી સર્વોપભોગ્ય, સુંદર સાહિત્યનું પ્રકાશન પૂર્વાપર થઈ રહ્યું છે તે અમારા માટે ગૌરવ લેવા લાયક છે. પૂ. આચાર્ય વિજયભુવનશેખરસૂરીશ્વરજી મહારાજને અમો વિનંતિ કરીએ છીએ કે આવા ઉપયોગી સાહિત્ય-પ્રકાશનના શુભ સંદેશાઓ અમને મળતા રહે.

વિશેષમાં **તિલક તરણ્ડ** ભાગ પહેલાના પ્રકાશનમાં આર્થિક સહકાર આપવામાં પોતાનો ઉદાર હાથ લંબાવનાર સાહિત્યરસિક સદ્ભાગ્યશાળીઓનો આ તકે અમો આભાર પ્રદર્શિત કરીએ છીએ.

**શ્રી બુદ્ધિતિલક જૈન જ્ઞાનમન્દિરના સંચાલકો**
**ભાભર**—[ બનાસકાંઠા ]

# સસ્નેહ સમર્પણ

પરમ પૂજ્ય શાન્ત દાન્ત ત્યાગી વૈરાગી
ઉત્કટ તપસ્વી સંયમરત સ્વ. ગુરૂદેવ પંન્યાસપ્રવર
શ્રી તિલકવિજયજી ગણિવર્યના વડીલ ગુરૂભ્રાતા,
શાન્તમૂર્તિ, શિક્ષણદાતા, સંયમાવતાર સ્વ. ગુરૂદેવ
શ્રીમાન્ બુદ્ધિવિજયજી મહારાજાની વદી ૧૧ ને
બુધવારે ૨૪મી સ્વર્ગીય પુણ્યતિથિના
સંભારણારૂપે **તિલક તરઙ્ગ** નામના
પુસ્તકનું પ્રકાશન કરી સ્વસમુદાયના
સુકાની તરીકે ગણાતા પ. પૂ.
આચાર્યદેવ સ્વ. શ્રી શાન્તિચન્દ્ર
સૂરીશ્વરજી મહારાજના પટ્ટ-
પ્રભાવક શિષ્ય આચાર્યદેવ
વિજયકનકપ્રભ સૂરી-
શ્વરજી મહારાજના
કર — કમલમાં
અર્પણ કરી
અત્યાનંદ
અનુભવું
છું.

**આ૦ વિજયભુવનશેખર સૂરિ**

# તિલક-તરણ્ડ

૧

ત્રણ યોગને ત્રણ કરણોએ ગુણતાં નવ થાય. તેને ચાર સંજ્ઞાએ ગુણતાં છત્રીશ, તેને પાંચ ઇન્દ્રિયોએ ગુણતાં એકસો એંશી થાય છે. તેને પૃથ્વી પાણી અગ્નિ વાયુ વનસ્પતિ બેઇદ્રિય તેઇન્દ્રિય ચઉરિન્દ્રિય પંચેન્દ્રિય અને અજીવ એ દશે ગુણતાં અઢારસેં થાય, તેને દશ શ્રમણ-ધર્મથી ગુણતાં અઢાર હજાર શીલાંગરથનો હીસાબ મળે છે.

૨

પ્રાતંજલ યોગ–સૂત્રમાં પાંચ કલેશો માનવામાં આવ્યા છે. "अविद्यास्मितारागद्वेषाभिनिवेशाः पंच क्लेशाः" અજ્ઞાન અસ્મિતા (અહં) રાગ દ્વેષ અને અભિનિવેશ–આ પાંચ કલેશો કહેવાય છે.

૩

પાંચમા આરામાં દુષમ[1]કાલ હુંડાવસર્પિણી[2] દક્ષિણાર્ધ[3] ભરત ભસ્મ[4]ગ્રહનો યોગ અને કૃષ્ણ[5]પક્ષીઆ જીવ. આ પાંચ પદાર્થો વિષ સમાન છે.

૪

પાંચ ઇન્દ્રિયોનો સંયમ તે ઇન્દ્રિય સંયમ અને કષાયાદિનો નિગ્રહ તે નોઇન્દ્રિય, સંયમ કહેવાય છે.

૫

// ઉત્તરાધ્યયન સૂત્ર નવમા અધ્યયનમાં ચાર પ્રત્યેક બુદ્ધ રાજાઓ પુષ્પોત્તર વિમાનમાંથી સમકાળે ચ્યવીને રાજા થયા છે. કરકંડુરાજા કલિંગદેશમાં, દ્વિમુખરાજા પાંચાલદેશમાં, નમિરાજા વિદેહ દેશમાં અને નગ્ગતિરાજા ગાંધારદેશમાં જન્મ્યા હતા. અનુક્રમે વૃષભની વૃદ્ધાવસ્થા દેખીને, બીજા હરિચાપ (ઇન્દ્રધનુષ્ય) દેખીને, ત્રીજા વલયના ખડખડાટથી અને ચોથા આમ્રવૃક્ષને દેખીને પ્રત્યેક બુદ્ધ થયા. ચારે રાજાઓને સમકાલે દીક્ષા અને મોક્ષ થયો હતો.

૬

ઉદ્ધ્યાવલિકામાં કર્મ પ્રક્ષેપરૂપ વ્યાપાર તે આવર્જિ-કરણ. તે દરેક કેવલીઓ કરે.

૭

// "અતીત અનાગત અને વર્તમાનકાલના જેટલા સમય થાય તેના કરતાં અનંતગુણા જીવો એક નિગોદમાં હોય છે.

૮

"ખંત્તી મુત્તિ અજ્જવ મદ્દવ" આ ચાર પ્રકારનાં આલંબનોથી શ્રી તીર્થંકર ભગવંતો દીક્ષાગ્રહણ કર્યા બાદ કેવલજ્ઞાન પામે છે.

૯

ચેડા મહારાજા અને કોણિકના યુદ્ધમાં પ્રથમ દિવસે ૯૬,૦૦,૦૦૦ મનુષ્યોનો સંહાર થયો, બીજે દિવસે ૮૪,૦૦,૦૦૦ મનુષ્યોનો સંહાર થયો. તેમાં ફક્ત એક મનુષ્ય સૌધર્મ દેવલોકે ગયો, એક મહાવિદેહમાં દશ હજાર મત્સ્ય જાતિમાં અને શેષ નરક ગતિમાં ગયા.

૧૦

શેલડીના વાઢમાં થતું (કલમ કરવામાં આવે છે તે) બરૂનું રાડું શેલડી સાથે ચિરકાલ સુધી રહેતું હોવા છતાં પણ મધુર થતું નથી. સર્પ અને મણિનો સમાન સંબંધ હોવા છતાં પણ મણિ સર્પના દોષને સ્પર્શતો નથી અને સર્પ મણિના ગુણોને ગ્રહણ કરતો નથી.

૧૧

લીમડા અને આંબાનાં મૂળ જમીનમાં ભેગાં થાય છે, તેમાં આંબો લીંમડાપણું પામે છે. કિન્તુ લીમડો આંબાપણું પામતો નથી.

હંમેશાં નબળો સંસર્ગ જ બલવાન અને જોરદાર હોય છે.

૧૨

ઠાણાંગ સૂત્રના ચોથા ઠાણે ચાર પ્રકારના અપૂર્ણ બતાવ્યા છે: સમુદ્ર અપૂર્ણ છે ગંગા યમુના જેવી વિરાટ્

નદીઓ પ્રતિક્ષણ લાખો ટન પાણી સમુદ્રમાં પહોંચતું કરે છે. તથાપિ તે સંતુષ્ટ નથી, શ્મશાનને કદાપિ સંતોષ નથી. ભિખારીથી માંડીને માલદાર સુધીના લાખો માણસોને બાળીને ખાખ કરવામાં આવ્યા તોપણ શ્મશાનાગારની, ભઠ્ઠી સળગતી જ રહેતી હોય છે. પેટની પણ આવી જ દુર્દશા છે. સવારે નોકારશીનો ટાઈમ પણ પરિપૂર્ણ ન થયો હોય ત્યાં ચાપાણી પુડીપકોડી, સેવ-ગાંઠીયા ભજીયા ભેળસેળ વગેરેનું તર્પણ. બપોરે બાર વાગવાની આસપાસ રોટલી દાળ ભાત શાક ફ્રુટ ફરસાણો દ્વારા હાઉસફૂલ કરવામાં આવે છે અને સાંજે પણ ચા ઢેબરાં ફાફડા વગેરે સ્પેશિયલ ફરસાણો ટેસ્ટથી જમવામાં આવે છે. આ રીતિયે ત્રણ ત્રણ વખત પેટલાદપુરીમાં માલ પહોંચતો કરવામાં આવે છે. તો પણ બીજા દિવસની વહેલી સવારે પેટ ખાલી ને ખાલી. ગમે તેટલું ભરવામાં આવે પણ બધું જ સ્વાહા. ચોથી આશા હંમેશાં અધૂરી જ રહે છે તે કદાપિ મધુરી થતી જ નથી. આશા આકાશ જેટલી અમાપ છે.

૧૩

નવકારવાળીમાં ૧૦૮ મણકા હોય છે. આંગળીઓના વેઢા પણ બાર હોય છે. બારને નવે ગુણાકાર કરીએ એટલે ૧૦૮ થાય. કર એટલે હાથ અને હાથના વેઢાથી નવ વખત ગુણવામાં આવે એટલે ૧૦૮ ગુણ થાય એટલે નવકાર કહેવાય છે.

૧૪

પુનીયો પોતે ઉપવાસ કરીને પણ અતિથિને જમાડતો હતો અને સમયે સામાયિક કરવા બેસતો હતો. સમભાવમાં સુસ્થિત તેનો સુપ્રસન્ન આત્મા એવી નિરૂપાધિક દશામાં ડૂબેલો રહેતો કે સ્વયં ભગવાન મહાવીર અપના શ્રીમુખે તેના સામાયિકની પ્રશંસા કરતા હતા. પુનીયો શ્રાવક બે ઘડીના સમય દરમ્યાન પોતાના મનને સિદ્ધશિલા ઉપર સ્થાપિત કરતો. જ્યારે આપણે બે ઘડીના સામાયિક દરમ્યાન ઓફિસની ખુરશી પર, સિનેમાની સીટ પર કે પાડોસીના ઓટલા પર ચઢી બેસીએ છીએ. સંસારનાં સમગ્ર પ્રલોભનો તેને ચલિત કરી શકતાં નહિ. વધુમાં સામાયિકમાં જ્યારે તે મુહપત્તિથી પોતાનાં અંગોનું પ્રતિલેખન કરતો ત્યારે એકઝાટકે પોતાના આત્માને લાગેલી કર્મરજ ખંખેરી કાઢતો હતો. તેનું સુમધુર આત્મસંવેદન સર્વજ્ઞ શિવાય. અન્ય કોણ સમજી શકે?

૧૫

જગતનાં સમસ્ત પ્રાણીઓ ત્રણ વિભાગમાં વિભક્ત છે: બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્મા; પહેલા ગુણ-સ્થાનકથી ત્રીજા સુધીના જીવડાઓ બહિરાત્મા કહેવાય છે. ચોથાથી પાંચમા સુધી અન્તરાત્મા કહેવાય છે. વધુમાં છઠ્ઠાથી માંડીને બારમા સુધી પણ અન્તરાત્મા કહેવાય છે. અને તેરમાથી ચૌદમા ગુણસ્થાનક સુધી પરમાત્મા કહેવાય છે.

(૬)

૧૬

એક વખત ભગવાન બુદ્ધ પરિભ્રમણ કરતા કરતા, કોઈ ખેતરમાં જઈ ચઢયા. તે વખતે ખેડૂત ખેતી કરી રહ્યો હતો. તેની સમીપે જઈ ભિક્ષા માગી ત્યારે તે ખેડૂતે સ્પષ્ટ પણ નમ્ર શબ્દોમાં સંભળાવી દીધું, ' હું ખેતર ખેડું છું. અનાજ વાવું છું. દિનરાત, સતત-શ્રમ કરી હું રોટલો ખાઉં છું. તેમ તમારે પણ મહેનત-મજૂરી કરીને રોટલા ભેગા થવું જોઈએ.' ભગવાન બુદ્ધ બહુ જ શાન્તિથી જવાબ આપે છે, હું પણ એક ખેડૂત જ છું, હંમેશાં મહેનત કરીને જ ખોરાક મેળવું છું. મારા પ્રયત્નો એ મારા બળદ છે, ચતુરાઈ એ મારૂં હળ છે, શ્રદ્ધાબીજને વાવું છું. શિસ્ત ને સભ્યતા મારૂં પાણી છે, સત્ય એ મારો પાક છે. મારો પાક. જિન્દગીના દુઃખમાંથી મને મુક્તિ અપાવે છે.'

૧૭

આજે આપણે એવા યુવાનોની આવશ્યકતા છે કે જેઓ માત્ર સોના-રૂપાનો જ સંચય કરે તેના કરતાં સુવર્ણમય વિચારો કે સુવર્ણમય કાર્યો કરે.

૧૮

" જીવનશુદ્ધિ, શરીરશુદ્ધિ, ભાષાશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ, એવી કેટલીયે શુદ્ધિઓ છે. તમામ શુદ્ધિઓનો મુખ્ય આધાર વિચારશુદ્ધિ ઉપર નિર્ભર છે. વિચાર માણસને જાગૃત બનાવે છે અને વિચાર લાચાર બનાવે છે. વિચારે વિનાશ

નોતર્યો છે, તે જ વિચારે મહાન વસાહતો ઊભી કરી છે. ક્ષણિક વિચાર માણસને તારી દે છે અને એ જ વિચાર માણસને મારી પણ દે છે. ક્ષણિક વિચારે લોહીની નદીઓ વહાવી દીધી છે અને એ જ વિચારે જગત ઉપર શાન્તિ પણ રેલાવી દીધી છે. ॥

૧૯

॥ મૂર્છાનો ત્યાગ એ દાનનો પ્રાણ છે. વિષયો પ્રતિ વિરાગભાવ એ શીલનો પ્રાણ છે. અનાહારી પદ મેળવવાની સંપૂર્ણ તાલાવેલી એ તપનો પ્રાણ છે અને એકાન્ત આત્મહિત દૃષ્ટિ એ ભાવધર્મનો પ્રાણ છે. ॥

૨૦

॥ લક્ષ્મીને અનર્થકારી માની એટલે દાન આવ્યું, ઇન્દ્રિયોના ભોગો દુઃખરૂપ છે એમ લાગ્યું એટલે શિયળ આવ્યું, ખાવું એ ખોટું છે એમ સમજાય ત્યારે તપ આવ્યો અને જગતના ભૌતિક પદાર્થ પ્રતિનું મમત્વ મરે ત્યારે ભાવ આવ્યો. ॥

૨૧

ગુલાબ કંટકો વચ્ચેય સૌન્દર્ય કે સુવાસ છોડતું નથી. આ જ વાત આપણે આપણા આધ્યાત્મિક ચોગઠામાં બંધબેસતી કરવી જોઈએ. કંટકસમ કલિકાલની વચ્ચે વસનારો વીતરાગનો વારસદાર સદ્ગુણરૂપી સૌન્દર્ય અને સમકિત રૂપી સુવાસ છોડતો નથી. કેમ કે આપણો આત્મા ગુલાબવત્ છે, ગુલામ નથી જ.

૨૨

માનવીના જીવન કાળમાં અનેક પ્રકારની મુંઝવણો આવે છે, તે તમામ દૂર કરવાના અનેક ઉપાયો હોય છે, અને તે પ્રયત્ન કરવાથી દૂર પણ કરી શકાય છે; પરંતુ મૃત્યુની મુંઝવણ દૂર કરવાનો એકે ઉપાય નથી જ.

૨૩

શેરડી સુમધુર છે, ચૂસવાનું મન થાય તો ચૂસો પણ પૂંછડે ફિકાશનો ભાગ શરૂ થાય ત્યારે ફેંકી દેશો. ચૂસશો નહિ, કારણ પૂંછડાનો ભાગ પશુઓ ખાય છે.

૨૪

મારે નથી મરવું એમ છાતી ઠોકીને કહેનાર સંસારમાં આજ સુધી કોઈ પણ નીકળ્યું નહિ, પણ મારે નથી જન્મવું એમ નિશ્ચયપૂર્વક કહેનાર મુક્તિ-માર્ગના મુસાફરો જ હોય છે.

૨૫

કાન, આંખ, ત્વચા, ઘ્રાણ એ ચાર એક એક કામ કરે છે, જ્યારે જીભ બે કામ કરે છે. ખાવું, ગાવું એમ બેઉ કામ જીભ કરે છે.

૨૬

પાટલાની રમતમાં બાળક ઉંચે જાય છે ત્યારે જેટલો આનંદ ઉછળી રહેલો હોય છે તેટલો જ આનંદ નીચે આવે છે ત્યારે પણ હોય છે. જીવનમાં આવતાં સુખ-દુઃખને પણ આપણે જો પાટલાની રમતની જેમ ટેવાઈ

જઈએ તો આપણે પણ ચડતી પડતીમાં એક સરખા આનંદિત રહી શકીએ.

૨૭

એક અમદાવાદીને ત્યાં સવારના ૧૧ વાગ્યાની આસપાસ કોઈ મહેમાન આવી ચડયા. ભોજન વગેરેથી ટાળવા માટે તેમણે ઘરમાં કહ્યું, 'પાણીનો લોટો લાવજો.' ઘરના ધણીને કહેવાનો આશય એ હતો કે મહેમાન જમીને આવ્યા હશે તો તેમને જરા પાણીનો લોટો આપજો, પણ મહેમાન કાચી માટીનો ન હતો, તેમણે મમરો મૂકયો કે સાથે દાતણ પણ લેતાં આવે (હજુ ચા પણ પીવાની બાકી છે).

૨૮

અમેરિકામાં એવાં મશીન થાય છે કે તેમાં નીતિ પુરસ્સર પૈસા પ્રક્ષેપ કરતાં સ્વયં પૈસા પ્રક્ષેપકનો ફોટો તૈયાર થઈને બહાર આવે છે. જનતાને આવાં મશીનો ઉપર પૂર્ણ વિશ્વાસ રહે છે; પરંતુ આનંદકંદ આત્મામાં જેટલા પુરુષાર્થની એકાગ્રતા મૂકે તેટલી નિર્મલ પર્યાય પ્રગટે છે, એટલે જેવી પુરુષાર્થની એકાગ્રતા મૂકે તેવો જ ફોટો પર્યાયમાં પડી જાય.

૨૯

એક અણુબોમ્બ પડે તો સમસ્ત નગરનો નાશ કરી નાખે છે, આ વિશ્વાસ આપણને ભારોભાર રહે છે, કિન્તુ આત્મગત શ્રદ્ધારૂપી અણુબોમ્બમાં એવી અચિન્ત્ય અને અનંત શક્તિ પડેલી છે જે લાખો ભવનાં સંચિત

કર્મોનો એક જ ક્ષણમાં ધ્વંસ કરે છે. આ વિશ્વાસને અપનાવવાની જરૂર છે.

૩૦

માતાથી વિખૂટા પડી ગયેલા બાળકને 'મારી મા મારી મા' એમ પોતાની માતાનું જ રટન રહ્યા કરે છે. આવા સમયે તે બાળકને પૂછવામાં આવે કે તારૂં નામ શું ? જવાબમાં મારી મા. મારી મા. આ શબ્દો સિવાય તેની જીવનપોથીમાં અન્ય કોઈ શબ્દ હોઈ શકતો નથી તેમ જે ભવ્ય જીવોને અન્તરમાં પોતાના આત્માની દરકાર જાગે, આત્માનું જ રટન અને આત્માની જ ચિન્તા પ્રગટે તો દુનિયાની કે માયાની મુંઝવણ ભાગ્યે જ રહે.

૩૧

" શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, મર્મ કહ્યો નથી. મર્મ તો સત્પુરૂષોના અન્તરાત્મામાં રહ્યો છે. "

૩૨

તકની વાટ જોઈને નિષ્ક્રિય બેસી રહેશો નહિ. તક આવવાની નથી પણ તમારે ઊભી કરવાની છે. તકને તકાસી બેસનાર તો કેટલાય નિર્માલ્ય માણસો કંઈપણ મહાન કાર્ય કર્યા વિના જગતમાં રડતા રડતા ચાલ્યા ગયા. મર્દ તો તે જ કે જીવનની પ્રત્યેક પળોને ધન્ય ધન્ય બનાવે.

૩૩

સ્વપ્નને કદી કોઈએ પકડયું છે ? એ તો કેવળ

કલ્પનાની એક રંગીન વાદળી છે. આવે છે ને ઊડી જાય છે. એ જ રીતે યૌવન આવે છે, કેટલોક સમય મનને વિભોર બનાવી પછી ઉડી જાય છે.

૩૪

અક્કલ અને વિવેકબુદ્ધિમાં બહુ જ અંતર છે. અક્કલવાળો ઈન્સાન બીજા ન કલ્પી શકે એવાં અજાયબી-ભર્યાં કાર્યો કરી શકે છે; પરંતુ અણુબોમ્બનો ઉપયોગ માનવજાતનાં કલ્યાણ માટે કરવો એવી સમજણ તો વિવેકબુદ્ધિ જ આપી શકે છે.

૩૫

બીજાના વર્તનથી આપણા દિલમાં ક્રોધની લાગણી ઉદ્ભવે છે. તે વર્તનના પરિણામથી નુકસાન થાય છે. તેના કરતાં આપણા અંતરમાં ઉદ્ભવેલી ક્રોધની લાગણી આપણને અને સામી વ્યક્તિને વધુ નુકશાન પહોંચાડે છે.

૩૬

ખેડૂત ખેતરોમાં દાણાઓ નાંખે છે તે અવળા સવળા પડતા હોય છે, છતાં ઉગે છે. તેવી રીતે ગમે તેવી સ્થિતિમાં લેવામાં આવતું ઈશ્વરનામ ફલદાયક નીવડે છે.

૩૭

ઊંચા પ્રકારની ઘડિયાળ હોય પણ તેના બેમાંથી એકે કાંટા ન હોય તો તેની કશી જ કિંમત નથી. તેમ જીવનરૂપી ઘડિયાળમાં જો જ્ઞાન અને ક્રિયારૂપી બંને કાંટા ન હોય તો જીવન શૂન્ય છે.

૩૮

કબાટ જેવડી નાનકડી દુકાનમાં સલવાઈને સવારથી સાંજ સુધી બેસી રહેવું પડે તો આ જીવડો તૈયાર છે, પણ ધર્મની આરાધના માટે પરસેવો વાળવાની તૈયારી નથી ત્યાં ધર્મની ખાતર રક્ત રેડવાની વાત ક્યાં?

૩૯

✓ સ્થાનાંગ સૂત્રમાં ચાર પ્રકારના વૈરાગ્ય કહેવાય છે: મીણનો ગોળો, લાખનો ગોળો, લાકડાનો ગોળો અને માટીનો ગોળો. મીણનો ગોળો સૂર્યના તડકામાં મૂકવામાં આવે તો ઓગળી જાય છે. લાખનો ગોળો અગ્નિ પાસે મૂકવાથી ઓગળી જશે. લાકડાનો ગોળો અગ્નિમાં નાખવાથી બળી જશે અને માટીનો ગોળો અગ્નિમાં પ્રક્ષેપ કરવાથી પણ વધુ ને વધુ પરિપકવ થશે.

૪૦

મર્યાદા એ જ મહત્ત્વની ચીજ છે. નદી બે કાંઠાની વચ્ચે વહે ત્યાં સુધી સૌ કોઈ તેને માવડી કહે છે, સરિતા જ્યારે કાંઠા તોડીને વહેવા લાગે તો કોઈને ય ગમતું નથી જ.

૪૧

મર્યાદા એ જક બ્રેક છે. નાવને સઢની જરૂર છે, હાથીને અંકુશની જરૂર છે. ઘોડાને લગામની જરૂર છે, અને મોટરને બ્રેકની જરૂર છે તેમ માનવજાતને નિયમની જરૂર છે.

૪૨

મગના ઢગલા ઉપર બેઠેલો મોર ઉડવા માટે પગની ભીંસ મારે તેમ ઢગલામાં નીચે ઊતરતો જાય છે. મગના ઢગલા ઉપરથી ઉડ્ડયન કરવું તેને માટે બહુ જ ખતરનાક છે. તે જ મોરલો છાપરા ઉપરથી સહેલાઈથી અનંત આકાશમાં ઉડ્ડયન કરી શકે છે, મોરમાં ઉડવાની શક્તિ હોવા છતાં બાહ્ય કારણો બાધક નીવડે છે. એવી જ રીતે માનવજીવન, એ જીવડાને માટે છાપરા પરથી ઉડવાની તક આપે છે. બાકીની ત્રણ ગતિઓ મગના ઢગલા પર બેઠેલા મોરલા જેવી છે.

૪૩

માનવીનો સ્વભાવ મંકોડા સાથે સરખાવવામાં આવ્યો છે, પોતાની પ્રકૃતિ આમરણાંત છોડતો નથી.

૪૪

'તપ એટલે લાલસાઓને બાળવાનો એક પ્રકારનો અગ્નિ'

૪૫

કાલની ચાલ સાથે જેમણે જીવનનો તાલ મેળવ્યો છે એમની પ્રત્યેક સાલ મુબારક નીવડે છે.

૪૬

શ્રદ્ધાભક્તિનું બળ એટલું જોરાવર છે, અવર્ણનીય છે. સમ્રાટ શ્રેણિકે નવકારશી પ્રત્યાખ્યાન પણ કર્યું ન હતું તથાપિ ભગવાન મહાવીર પ્રત્યેની અતૂટ શ્રદ્ધા ને પ્રેમ તેમને તીર્થંકર નામકર્મની પ્રાપ્તિ કરાવે છે.

શાસ્ત્રો પાંચ કારણો માને છે: કાળ, સ્વભાવ, નિયત, પૂર્વકૃત અને ઉદ્યમ. આ પાંચ કારણો, જેમકે વિદ્યા ગ્રહણ કરવાનો સમય વય તે કાળ. મનુષ્ય જાતિમાં જ શિખવાનો સ્વભાવ છે. પશુમાં નથી, તે સ્વભાવ વિદ્યા ભણાવવાવાળા ગુરૂ અને શિક્ષક તે નિયત યા નિમિત્ત. પૂર્વજન્મમાં વિદ્યા પ્રાપ્ત કરવાના સંસ્કાર યાને જ્ઞાનની આરાધના કરી હશે તે જ વિદ્યા ગ્રહણ કરી શકશે અને ગુરૂએ આપેલા શિક્ષણની પાછળ પઠન, મનન કે ચિન્તન કરવામાં આવે અર્થાત્ અધ્યયનની પાછળ પૂરતો પુરૂષાર્થ કરવામાં આવે તે ઉદ્યમ. આ જ પાંચ કારણો બીજી રીતિએ ઘટાવી શકાય છે: જમવાનો સમય તે કાલ, ભૂખ લાગવી તે સ્વભાવ, જમવાના વાસણ થાળી વાટકા વગેરે તે નિયત યા નિમિત, પૂર્વજન્મમાં ભોગાન્તરાય કર્મનું નિવારણ જેટલા જેટલા અંશે થયેલું હોય તેટલા પ્રમાણમાં ખાદ્ય પદાર્થો વગેરે મળી રહે તે પૂર્વકૃતકર્મ કહેવાય છે. યદિ પૂર્વકૃતકર્મ ન હોય તો જમવાની સંપૂર્ણ તૈયારીમાં કંઈ ને કંઈ વિઘ્ન આવે એટલે જમી ન શકાય, અને ભોજનના થાળમાં તમામ રસવતી પીરસાઈ ગઈ હોય જીવરાજભાઈ પાટલે પણ બેસી ગયા હોય પરન્તુ હાથ મ્હોં વગેરેની યોગ્ય પ્રક્રિયા કરવામાં આવે તે જ ઉધમ. આ રીતિએ પાંચ કારણો મળે તો કાર્ય થઈ શકે.

૪૮

રૂથી માણુસ મરે તેવી કલ્પના કેમ હોઈ શકે, કિન્તુ તે જ રૂનું દોરડું બનાવવામાં આવે તો તે જ દોરડાથી ફાંસી પણ આપી શકાય છે. તેમ જ્ઞાનરૂપી રૂને અભિમાનનો વળ ચડાવવામાં આવે તો તારણહાર જ્ઞાન પણ ડૂબાવી દે છે.

૪૯

સૃષ્ટિનાં સર્વપ્રેરક તત્ત્વો જૈન ફિલસૂફીમાં તરવરે છે. તેમાં અહિંસા સત્ય ત્યાગ અને પ્રેમ મુખ્ય છે.

૫૦

અહિંસા એ વિજયી અને વીરોનું અમોઘ શસ્ત્ર છે.

૫૧

મહારાજા કુમારપાળ. હંમેશાં એક વિગય છૂટી રાખતા હતા.

૫૨

તપ એ વકરો છે જયારે તપની પાછળ સાચવવામાં આવતી. શુદ્ધ પરિણતિ એ નફો છે.

૫૩

શ્રી આદીશ્વર દાદાના સમયે શ્રી શત્રુંજય ગિરિવર ત્રીજા આરાના અંતે મૂળમાં ૫૦ યોજન ઉપર દશ યોજન અને ઊંચાઈમાં આઠ યોજન શ્રી શત્રુંજયનો મહિમા. દાદાના આદેશથી પુંડરિક ગણધરે વિશ્વના હિત માટે

સવા લાખ શ્લોક પ્રમાણ પ્રકાશિત કરેલો હતો પશ્ચાત્ વળા નગરમાં શ્રી ધનેશ્વર સૂરીશ્વરે રચેલું શ્રી શત્રુંજય માહાત્મ્ય આજે પણ છે.

૫૪

સાધારણ ધૂપ કરનાર ૧૫ ઉપવાસનું ફળ મેળવે છે, જ્યારે કર્પૂર આદિ સુગંધી પદાર્થોથી ભરપૂર ધૂપ કરનાર માસક્ષપણનું ફળ મેળવી શકે છે.

૫૫

મીણ લાખ કે કાષ્ઠના ગોળા જેવો વૈરાગ્ય વ્યર્થ છે. અગ્નિના સંયોગે પીગળી જાય છે, નહિવત્ નીવડે છે, જ્યારે માટીના ગોળા જેવો વૈરાગ્ય ઉપસર્ગરૂપી અગ્નિથી વધુ ને વધુ પરિપક્વ થાય છે.

૫૬

બે આત્માઓ જમવા બેઠા છે. ભાતભાતની વાનગીઓથી થાળ ભરેલો છે. તેમાં એક આત્માની આંખે આંસુઓનાં તોરણ બંધાય છે જ્યારે બીજાને *જીભમાંથી* પાણી છૂટે છે. એકને એમ થાય છે કે જીવડા! તેં આવા સુમધુર સ્વાદિષ્ટ પદાર્થો અનેક વખત ખાધા, હજુ પણ ખાઈ રહ્યો છું તારે કેટલું સહન કરવું પડશે? આ વિચારધારા તેની આંખોમાં પાણી લાવે છે. જે જીવડો રસલોલુપી છે તેની જીભમાંથી પાણી છૂટે જાય છે.

૫૭

અરિહંત એ પરોપકારનો ભંડાર છે. સિદ્ધ પરમાત્મા એ સુખનો ભંડાર છે, આચાર્ય ઉપાધ્યાય અને સાધુ

ભગવંત એ અરિહંત પરમાત્માના એજન્ટ તરીકે છે એટલે તેઓ પણ પોતપોતાની યોગ્યતાનુરૂપ પરોપકાર કરી રહ્યા હોય છે. દર્શનપદ એ અનંત ભાવનાનો ભંડાર છે, જ્ઞાનપદ એ વૈરાગ્યનો ભંડાર છે, ચારિત્ર્ય એ સર્વગુણનો ભંડાર છે અને તપ એ સંતોષનો ભંડાર છે.

૫૮

દોરા સહિત સોય ખોવાય છતાં શીઘ્ર મળી આવે-છે તેવી જ રીતે સમ્યક્શ્રુતધારી જીવડો સંસારમાં પડવા છતાં ઉદ્ધાર પામે છે. સમ્યગ્ દર્શનરૂપી દોરો એકવાર આત્મામાં પરોવાઈ જાય પછી રખડવાનું રહેતું નથી.

૫૯

જિન્દગીનું પહેલું સંગીત માતાના શ્રીમુખથી સરતું મધુર હાલરડું અને છેલ્લું ગીત ડાઘુઓના મુખેથી સરતું 'રામ બોલો ભાઈ, રામ બોલો'

૬૦

બહુવેલનો અર્થ એ છે કે આંખની પાંપણ ચાલવી, શ્વાસ લેવો વગેરે સૂક્ષ્મક્રિયાની છૂટ મંગાય છે. સિવાયનું તમામ ગુરૂની આજ્ઞાથી કરવાનું રહે છે.

૬૧

જ્ઞાન વિના વિજ્ઞાન નહિ, વિજ્ઞાન વિના પચ્ચક્ખાણ નહિ પચ્ચક્ખાણ વિના સંયમ નહિ સંયમ વિના તપ નહિ અને તપ વિના કર્મ ઓછાં થાય નહિ.

૬૨

તમારાં સુખો કરતાં તો દેવોનાં સુખો સહસ્રગુણા હોય છે. એક દેવાંગના કપાળમાં ચાંદલો કરે છે તેમાં જંબુદ્વીપની રૂદ્ધિ છે. પગ મૂકવાના બાજોઠમાં અઢી દ્વીપની સમૃદ્ધિ છે.

૬૩

ત્રણ કરોડ એકયાશી લાખ બાર હજાર નવસો સીત્તેર મણનો એક ભાર થાય છે, એવા હજાર ભારનો લોખંડનો ગોળો પહેલા બીજા દેવલોકથી ગબડાવવામાં આવે તે ઘસાતો ભેદાતો અથડાતો ટીચાતો જ્યારે છ માસ છ દિવસ છ પ્રહર છ ઘડી અને છ પળ પછી તળેટીમાં પડે ત્યારે સોપારી જેવડો રહે છે અને તે રજ્જુ પ્રમાણ કહેવાય છે.

૬૪

તપગચ્છના અધિષ્ઠાયક માણિભદ્ર ખરતરગચ્છના અધિષ્ઠાયક કાલ ભૈરવ અને અંચલગચ્છની અધિષ્ઠાયિકા તરીકે મહાકાલી. એમ પ્રત્યેક ગચ્છોના અધિષ્ઠાયક દેવો હોય છે.

૬૫

✓ ગૌતમ ગણધર દીક્ષા પર્યાયમાં લઘુ પરન્તુ ચાર જ્ઞાનના ધારક હતા. કેશી સ્વામી દીક્ષામાં મોટા છે અને તે ત્રણ જ્ઞાન યુક્ત હતા. ગૌતમ સ્વયં કેશી ગણધર પાસે જાય છે. કેશી સ્વામી તેઓશ્રીને જોઈને સુપ્રસન્ન થયા અને જોડે પાટ ઉપર બેસાડવામાં આવ્યા. તેઓ બંને

શશીસૂર્યસમ શોભી રહ્યા હતા. જોઈ લો. મહાન પુરૂષોમાં પારસ્પરિક કેવો સદ્ભાવ છે.

૬૬

સોળ હજાર ત્રણસો ત્યાસી હાથી અંબાડી સહિત ઊભા રાખે તેટલી શાહીના ઢગલાનું લખાણ કંઠસ્થ હોય તેવા જીવો માત્ર પ્રમાદના યોગે નિગોદમાં ગયા.

૬૭

કમલના જેવા ઝીણા છિદ્રમાં પણ પ્રવેશ કરવાની શક્તિ તે અણિમા, મેરૂ કરતાં પણ મહાન શરીર વિકુર્વી શકાય તે મહિમા, અત્યંત ભારે થવાની શક્તિ તે ગરિમા, વાયુ કરતાં પણ હલકા થવાની શક્તિ તે લઘિમા, પૃથ્વી-પર રહ્યા છતાં અંગુલીના અગ્રભાગથી મેરૂપર્વતની ટોચ યા તો સૂર્યને સ્પર્શ કરવાની શક્તિ તે પ્રાપ્તિ, પાણીમાં પૃથ્વીની માફક ચાલે અને પૃથ્વી પર પાણીની માફક ચાલે તે પ્રાકામ્ય, સ્થાવર પણ આજ્ઞાધીન રહે તે ઇશિત્વ અને જીવ અજીવ પદાર્થ માત્ર વશ થાય તે વશિત્વ કહેવાય છે

૬૮

જમાલી ચારિત્ર ચોકખું પાળતો પરન્તુ એક જ વાકય કે સર્વજ્ઞની પણ ક્ષતિ થાય, બસ આ વાકયથી જ તેને કિલબીશીયા થવું પડયું હતું અને સંસારમાં રખડવું પડયું હતું.

૬૯

ખેતરમાં નાંખેલો એક દાણો સેંકડો દાણાઓ આપે છે જ્યારે કોઠીમાં રાખેલા દાણાઓ કોહવાઈ જાય છે.

૭૦

એકને જીતવાથી પાંચને જીતી શકાય છે, પાંચને જીતવાથી દશને જીતી શકાય છે અને દશને જીતવાથી સર્વને જીતી શકાય છે. અર્થાત્ એક મનને જીતવાથી ચાર કષાય જીતી શકાય છે એટલે કુલ પાંચ શત્રુઓને જીતી શકાય છે. એ પાંચ જીતાય ત્યારે સહેજે પાંચે ઇન્દ્રિયો પર પૂર્ણ કંટ્રોલ કેળવી શકાય છે. આ રીતે કુલ દશને જીતી શકાય છે. આ દશને જીતી લેવામાં આવે પછી તે વિશ્વમાં વિજયી બની શકે છે.

૭૧

યૌવન આવે ત્યારે ચારિત્રનું રક્ષણ કરો અને સત્તા આવે ત્યારે સ્નેહ સદ્ભાવનું રક્ષણ કરો.

૭૨

હંમેશાં એ નહિ જ ભૂલાવું જોઈએ કે વિશ્વાસ વિના, મંત્ર મિત્ર કે ભગવાન ફલદાયક નીવડતા નથી જ.

૭૩

મહારાજા શ્રી કુમારપાળ ભૂપાલે હિંસા પર નભતા. માછીમારો પારધીઓ કસાઈઓ વગેરેને તે તે ધંધાઓ છોડાવી બીજા સારા ધંધે ચડાવ્યા હતા. એક દિવસે માછીમારોની ૧,૮૦,૦૦૦ જાળોની હોળી સળગાવી હિંસા પિશાચીનીને પલાયન કરવામાં આવી હતી. તેના રાજ્યમાં પશુપંખીઓ નિર્ભય અને નિરંકુશપણે વિહરતાં હતાં. માંદા માટે પશુચિકિત્સાલયો પણ ખોલવામાં આવ્યાં હતાં.

૭૪

એક રાતના બ્રહ્મચર્યપાલનમાં ૧૮૦ ઉપવાસનો લાભ મેળવી શકાય છે.

૭૫

આ ભવમાં કરવામાં આવતો ઉદ્યમ તે આવતા ભવનું ભાગ્ય કહી શકાય છે.

૭૬

ભરત ચક્રવર્તીના રસોડામાં જમવા આવનારા શ્રાવકોની સાથે કરવામાં આવતી શરતો આ પ્રમાણે હતી: ૧. બનતા પ્રયાસે અવશ્ય બ્રહ્મચર્યનું પાલન થવું જોઈએ. ૨. યદિ ન પાલન થઈ શકે તો પરિણામે થતી પ્રજોત્પત્તિને પૂ. સાધુ સાધ્વીઓના આશ્રયતળે રાખવાં. ૩. પોતાનાં સંતાનો સંયમ માર્ગે સંચરે તે માટે શકય કોશિશ કરવી. ૪. યદિ સંયમધારી ન બની શકે તો સંગીન સમ્યકત્વધારી બને તે માટે પૂરતો પુરૂષાર્થ કરવો આ ચાર પ્રતિજ્ઞાઓ લેવડાવવામાં આવી હતી.

૭૭

સમ્યકત્વ પામતી વખતે આ જીવડો સર્વ વિરતિમાં રહેલા સાધુ ભગવંત, જે કર્મની નિર્જરા કરે છે તેના કરતાં અસંખ્યાત ગુણી નિર્જરા કરે છે.

૭૮

સિદ્ધહસ્ત ગણધર શ્રી ગૌતમ સ્વામીજીના હસ્ત દિક્ષિત હાલિક ભગવાનને જોઈને ઓઘો મૂકીને પલાયન

થઈ જાય છે. લોકો હાંસી કરે છે પણ તે વખતે ભગવાને કહ્યું કે મેલીને ગયો નથી પણ મેળવીને ગયો છે. સર્વ વિરતિપણું મૂકયું પણ સમ્યકત્વની સ્પર્શના થઈ ગઈ હતી.

૭૯

ખરેખર જૈન શાસનની વિશાળતા એ છે કે એક કુટુંબને જગતભરના એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સર્વ કુટુંબનું પરિરક્ષણ જે દિક્ષામાં થતું હોય. અરે! જો પાંચ પચીશ સંસ્થાઓનું સ્વામિત્વ છોડીને જગતભરની સર્વસંસ્થાઓના પ્રતિપાલક થવું સર્વોત્તમ છે.

૮૦

અપરિણત અને અતિપરિણતને છેદ એટલે બાદ કરીને પરિણતની પરીક્ષા કરીને એકાન્તમાં દેવા યોગ્ય સૂત્ર. તેનું નામ છેદસૂત્ર કહેવાય છે.

૮૧

નંદન મણિયાર પરમ શ્રાવક હતો સખત ઉનાળામાં પણ ચઉવિહાર અઠ્ઠમ કરીને ત્રણ દિવસ પૌષધ કરતો. આવો શ્રાવક પણ ગુરૂજીના સંપર્ક વિના સમ્યકત્વથી ભ્રષ્ટ થઈ મિથ્યાત્વ પામી, મરીને મેડક થયો હતો. અતઃ સત્સમાગમ અતિઆવશ્યક છે.

૮૨

કેટલીક વખત અજ્ઞાતપણામાં ગોળ આપો તો પણ મીઠો લાગે છે અને અણસમજથી ઝેરને તિલાંજલી આપવામાં આવે તો પણ જીવી જાય છે. તેવી રીતે અજ્ઞાત-

પણામાં પણ કરવામાં આવતી કલ્યાણકારી ક્રિયા ફૂલવતી બને છે.

૮૩

નિર્જરાના સાધનમાં શક્તિ વિચારાય પણ પાંચ મહાવ્રતને અનુસરતી દીક્ષાના સંબંધમાં શક્તિની કલ્પના અસ્થાને છે. સર્વત્ર એક સરખો પ્રયોગ ન હોય.

૮૪

જ્વાલામુખીને પણ ભુલાવી દે તેટલો આપણામાં ક્રોધ છે. મેરૂને પણ નાનો બનાવે તેટલું માન છે.

૮૫

ઉઠો! હવે ઊંઘ કરો અળગી અને શાસ્ત્રવચનને રહો વળગી.

૮૬

દેવલોકમાં હાથી ઘોડા પાડા આદિ તિર્યંચો નથી. શાસ્ત્રોમાં જે વર્ણન આવે છે ત્યાં સમજવાનું કે દેવતાઓ કાર્યપ્રસંગે તેવાં રૂપ વિકુર્વે છે.

૮૭

શ્રી ઉપદેશ તરંગિણીમાં લખે છે કે ભાવિક ઢેડ જનોનો સંઘ શ્રી સિદ્ધાચલજીની સ્પર્શના કરવા નીકળ્યો. કિન્તુ અસ્પૃશ્યદોષના કારણે ગિરિવરના એક પણ પગથિયા પર પગ નહિ મૂકતાં માત્ર ડુંગરને પ્રદક્ષિણા કરીને પાછો ફરે છે.

૮૮

પહેલાં આચરેલ હિંસા જૂઠ ચોરી અને પરિગ્રહ એ ચાર આશ્રવોનું સ્મરણ કરીને પણ જરૂર નિન્દા કરવી, પણ મૈથુનનું સ્મરણ કરીને નિન્દા કરવાની સાફ મનાઈ કરી છે. પહેલાંની રતિક્રિયા સ્મરણમાં લાવીને જો મૈથુનની નિન્દા કરે તો સંયમથી ભ્રષ્ટ બને, વિષયરૂપ વિષના સ્મરણ માત્રથી આત્માના જ્ઞાનાદિ ગુણોનો તત્કાલ નાશ થાય છે.

૮૯

ધર્મની ક્રિયા કરતાં પહેલાં જે પૌદ્ગલિક સુખની ઇચ્છા થાય અને તે ઇચ્છાથી જ ધર્માનુષ્ઠાન કરાય તે આશંસા, અને પછીથી ઇચ્છાય તે નિયાણું કહી શકાય.

૯૦

વિહારમાં યદિ પાણી અને વનસ્પતિના માર્ગો આવે તો તે બે પૈકી પાણીવાળા માર્ગે નહિ ગમન કરતાં વનસ્પતિવાળા માર્ગે પૂર્ણ ઉપયોગપૂર્વક ગમન કરવું.

૯૧

✓ કમલપ્રભ નામના આચાર્ય (પછીથી સાવદ્યાચાર્ય) જેઓશ્રી ચૈત્યવાસીઓને માન્ય હતા. નિર્ણય માટે તેઓને બોલાવવામાં આવ્યા હતા. ચૈત્યવાસીઓ તેઓશ્રીની સમીપે ગયા હતા. ત્યાં યતિની સ્ત્રીનો સંઘટ્ટ થયો હતો. સભામાં પૂછવામાં આવ્યું–ચૈત્યપૂજા વધે કે સાધુપણું વધે. કમલપ્રભાચાર્યે સ્પષ્ટ જણાવ્યું હતું કે સાધુપણા

કરતાં ચૈત્યપૂજા કદાપિ વધી શકતી નથી. આ રીતે શાસ્ત્રસિદ્ધ જવાબ આપ્યો હતો. પછીથી યતિ સ્ત્રીના સ્પર્શ વિષે શંકા કરીને પૂછવામાં આવ્યું ત્યારે જવાબમાં કહ્યું કે જૈનધર્મ સ્યાદ્વાદ છે. સંઘટ્ટ થાય પણ ખરો, ન પણ થાય. આવો શાસ્ત્રવિરૂદ્ધ જવાબ મળતાં તેઓ સાવદ્યાચાર્ય કહેવાયા અને તીર્થંકર નામકર્મનાં દલિકો દૂર થયાં અને કઈ ચોવીશીઓ સુધી સંસારમાં રખડવું પડયું હતું.

૯૨

સૂર્ય ઉદય પહેલાં જે પચ્ચક્ખાણ ધારી શકાય તેમાં ઉગ્ગએ સૂરે અને સૂર્ય ઉદય પછી પણ ધારી શકાય તેમાં સૂરે ઉગ્ગએ બોલાય છે.

૯૩

ઉપાશ્રયે કે કોઈપણ જગ્યાએ જ્યાં સાધુ ભગવંત બીરાજતા હોય ત્યાં વ્યાખ્યાનાદિમાં 'જાવ સાહુ પજ્જુ-વાસામિ' આ પ્રમાણે પાઠ બોલવાનું વિધાન છે અને તેમાં બે ઘડીના નિયમની આવશ્યકતા નહિ.

૯૪

આપણને જાગતાં જેમ પ્રદેશોદય હોય છે તેવી રીતે દેવતાને પ્રદેશોદય તીવ્ર હોય જેથી દેવતાની આંખ ઉઘાડી રહે છે, સિવાય પાંચે નિદ્રાઓ દેવતાને હોય છે.

૯૫

અંગ્રેજીમાં બે શબ્દો આવે છે. ગોડ અને ડોગ.

તેમાં GOD એટલે ગોડ–ઈશ્વર અને DOG ડોગ એટલે કૂતરો. બંને શબ્દોમાં ત્રણ ત્રણ અક્ષરો છે, છતાં આશય અનેરો છે. ઉપરોક્ત ઉભય શબ્દો આપણને ઉદ્‌બોધન કરે છે કે તમે બરાબર સીધા ચાલશો તો જીઓડી એટલે પરમેશ્વર રૂપ બની શકશો અને ઉલટા જ ચાલશો તો ડીઓજી એટલે ડોગ, અર્થાત્ કૂતરા સમ લેખાશો. બોલો ! તમને બેમાંથી કયો શબ્દ પસંદ છે ?

૯૬

ખીલતી કળીએ એક મુસાફરને કહ્યું 'અય જુવાન મુસાફર ! મને જોઈને તને શા. વિચારો આવે છે' ? 'હું તારી જેમ ખીલતો રહું એમ થાય છે.' 'એ સહેલું નથી મુસાફર.' કળી બોલી. 'હું એ જાણું છું કે મારે આવતી કાલે મુરઝાઈ જવાનું છે એમ છતાં હું કિલકિલાટ હસી રહી છું અને મારા આજના જીવન અને આવતી કાલના મૃત્યુકાલની વચ્ચે જ મારે મારા જીવનની પરાગ પરોપકાર માટે વહેંચી દેવાની પણ છે' તેને નવો જ ગુરૂમંત્ર મળ્યો.

૯૭

હજારો વાત કરતાં એક પગલું વધારે અસરકારક હોય છે.

૯૮

પ્રાચીનકાલમાં વિદ્યાર્થીઓ માટે **થ્રી આર્સ** લેખન વાંચન અને મનન એ ત્રિકની જગ્યાએ નવીન **થ્રી આર્સ**

નાચ નશો અને નીંદ એ પણ આવ્યાં છે એમ યુવક જગતમાં લાગે છે. કેમ કે પશ્ચિમની અર્વાચીન સંસ્કૃતિ જોઈને એમ જરૂર કહી શકાય કે આ વસ્તુને ભારતીય સંસ્કૃતિ સંઘરી શકતી નથી.

૯૯

મૂકી જવા લાયકની ચીજો માટે રાત્રિ દિવસની મજૂરી ચાલુ છે અને લઈ જવા લાયકની ચીજ માટે ઘડીભરની ફુરસદ નથી, તો સરવાળે શું ?

૧૦૦

વિખવાદ વેરઝેર અને શંકાના સામ્રાજ્યમાં શાન્તિના સૂરો સંભળાતા નથી.

૧૦૧

વિજયનો ઉન્માદ એ પરાભવનું પહેલું પગથિયું છે.

૧૦૨

મહમ્મદ બેગડાના સમયમાં ગુજરાતભરમાં દુષ્કાળ પડયો હતો, ત્યારે હડાળા ગામના ખેમા શ્રાવકે આખા ગુજરાતને બાર માસ ચાલે તેટલું અનાજ ખરીદવાના પૈસા એકી કલમે આપ્યા હતા. એ રીતે શાહ નામ સાર્થક કરીને રાજા મહારાજાઓને બાદશાહ તરીકે જગતમાં જાહેર કર્યા હતા. શાહમાંથી બાદ થયા તે બાદશાહ કહેવાયા.

૧૦૩

ત્રાજવાનો કાંટો તેના ઉપરના આંકડા (કેન્દ્ર)માંથી

ક્યારે ખસવા માંડે છે? જ્યારે એક પલ્લું બીજા કરતાં વધારે ભારે થાય છે ત્યારે. એ જ રીતે જ્યારે કામિની અને કંચનનું દબાણ વધે છે ત્યારે મન ઈશ્વર તરફથી ખસવા માંડે છે.

૧૦૪

કાંટાથી ભલે કાંટો નીકળે, હીરાકણી ભલે કાચને કાપે, પણ વેર તો પ્રેમ વડે જ શમન કરી શકાય છે.

૧૦૫

સુખ એ તો અવળચંડી સ્ત્રી જેવું છે, જે ન બોલાવે તેની પાસે દોડી જાય અને આજીજીપૂર્વક બોલાવે તેની પાસે પણ ન જાય.

૧૦૬

જીવનની અસ્મિતા અને અગમ્યતા સમજવામાં પૂર્ણ અંતરાયરૂપ વિષય, વિકાર, વિલાસ અને વિનોદ-આ ચાર છે. આ ચાર ઉપર પૂર્ણ કંટ્રોલ આવે તો જીવનની અસ્મિતા સહેજે સમજી શકાય.

૧૦૭

જીવડા! તું જ્યારે દુઃખમાં સપડાય ત્યારે આટલો વિચાર કરજેઃ દુઃખ મને માર્ગદર્શન કરાવવા કેમ નહિ આવ્યું હોય. કારણ કે જીવનદ્રષ્ટાઓ કહે છે કે દુઃખો પણ ઘણી વખત માર્ગદર્શક બને છે. દુઃખ એટલે ભૂતકાળમાં કરેલાં પાપોનું પ્રાયશ્ચિત્ત–દુઃખની આ ટુંકી વ્યાખ્યા છે,

૧૦૮

તરતાં શીખીને જ તારતાં શીખવજો નહિતર તમેય ડુબશો ને સામાનેય ડુબાડશો.

૧૦૯

તમારામાં ધર્મભાવના કેટલી ઊંડી છે, અને પૂજ્ય પ્રતિ સેવાની અભિરૂચિ કેટલી છે, એનું ચોક્કસ માપ કાઢવું હોય તો દેરાસરજીના પૂજારીને એક માસ રજા ઉપર મોકલો. પછી સ્વ-હસ્તે કામ કરવાનો પ્રસંગ આવે ત્યારે જુઓ કે પૂજા કરનારા કેટલા મળી આવે છે.

૧૧૦

પતનના માર્ગે પ્રયાણ કરતા મનને અટકાવવા માટે સત્સંગ, સદ્બોધ અને આત્મજાગૃતિની ક્ષણે ક્ષણે ને પળે પળે અનિવાર્ય આવશ્યકતા છે.

૧૧૧

વાસનાની વાણીમાંથી જન્મેલી કવિતા સર્જન પહેલાં જ મૃત્યુ પામે છે. ક્ષણિક આવેશમાંથી ઉદ્ભવેલી કવિતા જન્મીને મૃત્યુ પામે છે અને સંયમ સાધનાના દીર્ઘ ચિન્તનમાંથી પ્રભવેલી કવિતા સદા અમર રહે છે.

૧૧૨

અય સજ્જનો! તમારૂં દિલ ગરીબ છે કે શ્રીમાન, અગર બીજાને સુખી જોઈ તમે જો દુઃખી થતા હો તો તમે શ્રીમાન્ હોવા છતાં તમારૂં દિલ ગરીબ છે.

હંમેશાં ગરીબી અને અમીરી ધનમાં નથી, મનમાં છે.

૧૧૩

પાપ કરી પ્રાયશ્ચિત કરે તે માનવ અને પાપ કરી તેને છુપાવવા અનેક પાપોની પરંપરા ઊભી કરે તે દાનવ કહેવાય છે.

૧૧૪

તમારો આજનો એક કલાક કઈ રીતિએ પસાર થાય છે એ જો તમે બરાબર નિરીક્ષણ કરી શકતા હો તો તમારી જિંદગી કઈ રીતે પસાર થશે તે તમે બરાબર કલ્પી શકશો કારણ કે સમયના ગર્ભમાં કલાક રહેલો છે અને કલાકના ગર્ભમાં જિંદગી છુપાયેલી છે.

૧૧૫

કવિવર શ્રી દલપતરામ માત્ર બે લીટીઓમાં કેટલું ઊંડું ઉદ્‌બોધન કરે છે!' સાળો કહેતાં સસરો કહેતાં મશ્કરે તમામ, સહુનો સાળો સહુનો સસરો, હું છું દલપતરામ.' દુનિયાની દરેક સ્ત્રી પોતાની બહેન અને પુત્રી સમાન છે. એવી ઉચ્ચ અને ઉદાત્ત ભાવના કવિશ્રીએ ઉપરોકત બે લીટીમાં કેટલી સરળ અને કટાક્ષમય રીતિએ વ્યક્ત કરી છે.

૧૧૬

તૃષ્ણારૂપી ચાળણી. જલથી ભરવા જાય,
મિથ્યા માથાકૂટ કરે, ગાંડો મનુષ્ય ગણાય.

ચાળણીમાં કૂવા તળાવ નદીનાં પાણી અને ગમે તો મહાસાગરનાં પાણી રેડયા કરો પણ કોઈ કાળે તે ભરાવાની

નથી. તૃષ્ણા પણ તેના જેવી છે, તેનામાં છિદ્ર ઘણાં છે. તેને સંતોષરૂપી ખીલા ઠોકીને બંધ કરો તો જ તમે કંઈક સુખનો રસાસ્વાદ માણી શકો. તે સિવાય બ્રહ્માંડના સમસ્ત સુખો લાવી ભરો પણ એકે સુખ ટકી રહેશે નહિં.

૧૧૭

હાસ્યમાં જાદુઈ શક્તિ છે. ઘોર અંધારી રાતને વિજળીનો એક ચમકારો પ્રકાશિત કરી દે છે, માર્ગ બતાવી દે છે અને ભયસ્થાનોને ઉઘાડાં પાડી દે છે, તેમ હાસ્યનો એક ચમકારો ક્રોધ નિરાશા દુઃખ ચિન્તા દીનતા અને એવા તમામ અંધકારમાં પ્રકાશ પાથરે છે. હાસ્ય હંમેશાં મનને હળવું કરે છે, હૃદયગત મુંઝવણોને મહાત કરી શકે છે.

૧૧૮

વાસ્તવિક શ્રાવકના ૨૧ ગુણો આ પ્રમાણે ધર્મરત્ન પ્રકરણમાં જોવા મળે છેઃ અક્ષુદ્ર, રૂપવાન, પ્રકૃતિથી, સૌમ્ય. લોકપ્રિય. અક્રૂર, ભીરૂ, અશઠ, દાક્ષિણ્યતાવાળો, લજ્જાળુ. દયાળુ, મધ્યસ્થ અને સૌમ્ય દૃષ્ટિવાળો, ગુણનો રાગી, સારી કથા કરવાવાળો, સંસ્કારી અને ધર્મિષ્ઠ કુંટુંબવાળો. દીર્ઘદૃષ્ટિવાળો, વિશેષ જાણનાર, વૃદ્ધને અનુસરનાર, વિનયી, કૃતજ્ઞ, પરહિતકારી અને લક્ષને પામેલો ચકોર. આ પ્રમાણે ૨૧ ગુણો છે.

૧૧૯

આધુનિક માત્ર નામધારી શ્રાવકના ૨૧ ગુણો:

પ્રાચીન પ્રતિપરથી, ઉદ્ધત વંદનીયા, ફોગટ ફૂલણીયા વાત બનાવણીયા, દગડોલીયા, માથા ઉકાલણીયા, શિશઃચડાવણીયા, કાન ફોડણીયા, ડોળા ચડાવણીયા, પ્રશ્ન પૂછણીયા, અસત્ય ચાલણીયા, ચરવલા ફેરવણીયા. ટીલા કાઢણીયા, કાન ફુંકણીયા. આંખ મારણીયા, ભૂમિ રૂંધણીયા, વિષ ઉડાવણીયા પૂંઠ ફુંકણીયા, આદેશ માગણીયા, નિન્દા કરણીયા, છિદ્ર જોવણીયા અને ખલેલ ઘાલણીયા. આ ૨૧ ગુણો ઉપરોક્ત શ્રાવકના છે.

૧૨૦

માણસ પોતાને સાચો મનાવવા જેટલો અધીરો અને આતુર હોય છે એટલો સાચો બનવાને નથી હોતો.

૧૨૧

શ્રી કુમારપાલ મહારાજાને પ્રસંગવસાત્ તેમના ભત્રીજા તરફથી ઝેર ખવડાવી દેવામાં આવ્યું હતું. આવા સમયે શોધખોળ કરતાં વિષાપહારિણી બુટ્ટી હોવા છતાં સમય પર ન મળી. આ સમાચાર મળતાં જ મહારાજાએ કહ્યું: ‘મરવા તૈયાર છું. સાધવા જેવું સાધી લીધું છે, બસ છેલ્લા શ્વાસમાં માત્ર, એક જ ભાવના ભરેલી હતી કે—

‘દેહાન્તે તવ સાન્નિધ્યં, દેહિ મે પરમેશ્વર।’

૧૨૨

સજ્જનને એક જીભ હોય છે, સાપને બે, દત્તાત્રેયને ત્રણ, બ્રહ્મદેવને ચાર, મહાદેવને પાંચ, કાર્તિકસ્વામીને છ, અગ્નિને સાત, રાવણને દશ, અને શેષનાગને એક

હજાર જીભ હોય છે. જ્યારે દુર્જન માણસને અગણિત જીભ હોય છે.

૧૨૩

દુનિયાનો કોઈપણ ખૂણો પદપથયાત્રી માટે એટલે પાદચારી માટે ખુલ્લો છે જ્યારે મોટરવાળાઓ માટે રસ્તા ઉપર અનેક જાતનાં બંધનો હોય છે.

૧૨૪

અશોકવૃક્ષની છાયા ચિન્તાને દૂર કરે છે. ચંડાલ પુરૂષોની છાયા અશુભ મનાય છે. સગર્ભા સ્ત્રીની છાયા ભોગી પુરૂષનું પુરૂષાર્થ ક્ષય કરે છે.

૧૨૫

પેટ એ કબ્રસ્તાન નથી. જગતના જાણીતા નાટયકાર અને કટાક્ષકાર બર્નાડશોને દુનિયાનું માનવંતુ ઈનામ 'નોબેલ પ્રાઇઝ' મળ્યું હતું. એના માનમાં ઠેર ઠેર ભોજન સમારંભ યોજવામાં આવ્યો હતો. એ વખતે ભોજન-સમારંભમાં અનેક વિદ્વાનો અને પ્રતિષ્ઠિત મહેમાનોથી હોલ ચિક્કાર હતો. બધા જમવાના ટેબલની આસપાસ ગોઠવાઈ ગયા હતા. ભોજન પીરસવામાં આવ્યું, પણ આમંત્રણ આપનાર લોકોને ખબર ન હતી કે બર્નાડશો શાકાહારી હતા એટલે તેઓને પણ માંસાહાર આપવામાં આવ્યો પણ તેઓ તો એમને એમ બેસી રહ્યા તેમને આમ બેઠેલા જોઈને એક સજ્જને પૂછયું તમે કેમ

ખાતા નથી. આપ નામદારના માન સન્માનમાં તો આ ભોજન સમારંભ યોજવામાં આવ્યો છે. બર્નાડશોએ હસતાં હસતાં કહ્યું કે હું માણસ છું મારૂં પેટ એ કંઈ મરી ગયેલા મડદાઓને દફનાવવાનું કબ્રસ્તાન નથી.

૧૨૬

એક સ્રીએ પોતાના પતિને ફરિયાદ કરતાં કહ્યું તમે તો એક કાનેથી સાંભળો છો અને બીજા કાનેથી કાઢી નાંખો છો પતિએ હસતાં જવાબ આપ્યો કે હું તો બે કાનેથી સાંભળું છું જ્યારે તું મોઢેથી કાઢી નાંખે છે.

૧૨૭

એક એક દિશામાં સૂરજ અજવાળાના ઢગલા ફેંકે છે ત્યાં તો પંખીઓ પોતાના હૈયાનાં મીઠાં ગીતોથી વન ભરી દે છે.

૧૨૮

સત્તરમી સદીમાં થયેલા પ્રેમાનંદ કવિ વડોદરાના વતની હતા. તેમણે એવું વ્રત લીધું હતું કે જ્યાં સુધી ગુજરાતી ભાષાને સમૃદ્ધ ન બનાવું ત્યાં સુધી પાઘડી ધારણ ન કરૂં.

૧૨૯

કૃષિ સંગ્રહમાં લખ્યું છે કે જેનાથી બળદોને ત્રાસ થાય નહિ તે રીતે ખેતી કરવી જોઈએ હળમાં આઠ બળદો જોડનારો ધર્મી, છ જોડનારો વ્યવસાયી, ચારવાળો નૃશંસ કહેવાય. અને બે બળદો જોડનારો ગવાશની

કહેવાય. અભિસંહિતામાં કહ્યું છે કે હળમાં આઠ બળદો જોડાયેલા હોય તો આખો દિવસ ખેતી કરી શકાય છે, છ હોય તો ત્રણ પ્રહર સુધી, ચાર બળદો હોય તો બે પ્રહર સુધી અને ફક્ત બે જ બળદો જોડાયેલા હોય તો એક પ્રહર સુધી ખેડ કરી શકાય છે.

૧૩૦

દુઃખો ત્રણ પ્રકારનાં હોય છે: આધ્યાત્મિક એટલે કે પોતાના શરીરમાં પેદા થતાં દુઃખો, આધિભૌતિક એટલે કે અન્ય પ્રાણીઓથી પ્રાપ્ત થતાં દુઃખો અને આધિદૈવિક એટલે દૈવી કોપો–યક્ષ રાક્ષસ પિશાચ ગ્રહો વગેરેથી ઉદ્ભવતાં દુઃખો. તેમાં આધ્યાત્મિક દુઃખો બે જાતનાં હોય છે: શારીરિક અને માનસિક જે અનુક્રમે વ્યાધિ વગેરે અને અનિષ્ટ સંયોગ.

૧૩૧

આંખનાં અંજન બે પ્રકારનાં હોય છે: વહેમ અને રહેમ.

૧૩૨

આજના અર્થપ્રધાન જમાનામાં લગભગ આવું જ જોવામાં આવે છે કે વિદ્વાન તથા તત્ત્વજ્ઞાની કરતાં અભિનેતા તથા નૃત્યકારનો વધારે આદર થાય છે. વીરાંગના કરતાં વારાંગના વધારે માન–સન્માન મેળવે છે.

૧૩૩

મરેલી સ્ત્રી સાથે કોઈ સગપણ કરવા ઇચ્છે તો

જનતામાં હાંસી થાય તેજ રીતિએ જડ પદાર્થની સાથેના ખેલ મરેલા મડદા જેવા છે

૧૩૪

દીવાદાંડીનો એક નાનકડો દીવો પણ લાખો માનવોના પ્રાણ બચાવી શકે છે તો માનવની શી ફરજ છે તે માનવીએ સ્વયં સમજી લેવું જોઈએ.

૧૩૫

તામલી તાપસે આરંભ પરિગ્રહનો ત્યાગ કરી ૬૦ હજાર વર્ષો સુધી છઠ્ઠ ચૌવિહારા પારણાં કર્યાં હતાં. પારણે ચોખાનું નિરસ ભોજન કર્યું તે પણ વીતરાગની મર્યાદા બહાર રહીને ચોખા સચિત્ત પાણીથી પ્રક્ષાલન કરી પ્રાશન કરવામાં આવતું હતું યોગ્ય ગુરૂનો સાથ ન હતો તો પણ અન્તે બે માસનો સંથારો કરીને, બીજા દેવલોકમાં ઇન્દ્રાસન મેળવ્યું હતું.

૧૩૬

વાઘને પાળવાવાળો વાઘને રમાડે પણ પોતાની ચામડી ચાટવા ન આપે કેમ કે વાઘમાં એવી ખાસીયત છે કે ચામડી ચાટે અને મીઠાશ લાગે તો દાંત બેસાડતાં વાર ન લાગે. કદાચ મારી પણ નાખે, તેથી રમાડનારો શખ્સ ચાહે તેટલો કાબેલ હોય. તો પણ તે પોતાની ચામડી ચાટવા ન આપે. તેવી જ રીતે પુણ્યાનુબંધી પુણ્યવાળો અર્થાત્ સ્વરૂપની જાગૃતિવાળો પુણ્યને ચામડી ચાટવા નહિ આપે જ.

૧૩૭

વીતરાગનો વારસદાર સમ્યગ્દ્દષ્ટિનું ચિંતન આ પ્રમાણે હોય છે: આત્માની સમાધિ સાધક છે અને નિજસ્વરૂપ સાધ્ય છે. સંવર દશા સાધક છે અને નિર્જરા સાધ્ય છે. નિર્જરા સાધક અને મોક્ષ સાધ્ય છે. આત્માની અભિરૂચિ સાધક છે અને અખંડ સુખ સાધ્ય છે. અનુભવ દશા સાધક છે જ્યારે પૂર્ણદશા સાધ્ય છે.

૧૩૮

એક સજ્જન કહે છે કે હું સવાર સાંજ મમ ખાઉં છું, મુસીબત આવે ત્યારે ગમ ખાઉં છું.

૧૩૯

વર્ષો પહેલાં ભાવનગરથી અમદાવાદ તરફ ઉપડતા પબ્લિક કેરીયર સાથે એક બળદગાડાને અકસ્માત નડેલો, પરિણામે બેફામ દોડતા માલખટારા સાથે ગાડું ટકરાતાં એક બળદ ૫૫ ફુટ, બીજો બળદ ૨૫ ફુટ અને ગાડું ૪૦ ફુટ દૂર પર ફેંકાઈ ગયું હતું. આવી બાબતોમાં શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવનાર માનવી શાસ્ત્રની એકાન્તે હિતકર વાતોમાં વિશ્વાસ કેમ ન ધરતો હશે?

૧૪૦

રાજકોટના તરવૈયા એક ભાઈ અને તેનાં ત્રણેક બાળકોએ મુંબઈ ખાતે પાણીના ભરેલા હોજમાં હરિફાઈમાં ઉતરેલા. તેમાં પોણા બે વર્ષના છોકરાએ લગભગ ૧૫ ફુટ ઊંચેથી પાણીમાં ઝંપલાવ્યું હતું અને કલાક

સુધી પાણીમાં નિઃશંક તરતો રહ્યો હતો. આવી બાબતો ઉપર વજન આપનાર સિદ્ધાન્તની સનાતન સત્ય બાબતો ઉપર વજન કેમ નહિ આપતો હોય ?

૧૪૧

કોમળતા એ દિલનો ધર્મ છે. જ્યારે દુર્બળતા એ દેહનો ધર્મ છે. કાયાને વજ્રથી પણ કઠોર બનાવો અને હૃદયને પુષ્પથી પણ કોમલ બનાવો. ભાગ્યનું નવસર્જન કરવાની ચાવી માનવીના હાથમાં છે.

૧૪૨

દેવદર્શન ઊંચે ચડયા સિવાય ન થાય. દેહ અને આત્મા બંને ઊંચે ચઢે તો જ દેવદર્શન થાય.

૧૪૩

હું સમજું છું ત્યાં સુધી સમ્પૂર્ણ હૃદયશુદ્ધિ ન થાય, રાગદ્વેષના રજકણોથી રક્ત હોય અને ખોટી ખુમારીથી ખરડાયેલ હોય ત્યાં સુધી આ હૃદયમન્દિર ભગવાનનું ભવ્ય ભવન કયાંથી બની શકે ?

૧૪૪

વિષ સમી આ દુનિયામાં કયાંયે ઠરવાનું ઠેકાણું નથી, પણ જો વિષ સાથે રામ મળે તો જ વિશ્રામની મીઠી મજા માણી શકાય.

૧૪૫

હે વીર ! તારા વિરહની પરાકાષ્ટાએ પહોંચેલા આ બાળકને તારા મધુર મિલનની મીઠી પળ કયારે આપીશ ?

૧૪૬

હંમેશાં તાજાં જ પુષ્પો પુજામાં અર્પણ કરાય છે. સડી ગયેલાં. કે ચૂંથાઈ ગયેલાં વાસી પુષ્પો પરમાત્માની પ્રતિમાને ચડાવાય નહિ. તેવી જ રીતે તાજગી ભરેલું તન અને મસ્તી ભરેલું મન ઈશ્વરને અર્પણ કરી શકાય.

૧૪૭

અરે યુવાન! તું કોઈ મંચ ઉપર ચડી બેસે છે અને ભાષણ કરી આલમની જનતાને ધ્રૂજાવી શકે છે તો મનના મંચે ચડી ભજનભાવ કરી ભગવાનને કેમ રીઝવી ન શકે!

૧૪૮

ભારતમાં આવેલી સ્વતંત્રતાની આજે આપણે અવગણના કરી રહ્યા છીએ. અણબોલાવી આવી ચડેલી સ્વચ્છંદતામાં ફસાઈ આપણે આપણો નાશ નોતરી રહ્યા છીએ.

૧૪૯

ભક્ત કબીર એકવાર રામનું નામ લેતા ત્યાં મડદું પણ બેઠું થઈ જતું, જ્યારે આજે કોઈ મરી જાય તો છેક ઘરથી મસાણ સુધી ડાઘુઓ મોટે સાદે 'રામ બોલો ભાઈ રામ' કરતા જાય છે, છતાં મડદું ઊભું થતું નથી. આટલો ફરક શાનો છે? ખરેખર વિચાર કરશો તો સમજી શકાશે કે રામને ઓળખીને લેવામાં આવતું નામ જ કામ કરતું હોય છે.

૧૫૦

વરસના ચારમાસ કુદરત ખૂબ રૂવે છે. એનાં આંસુઓ વરસાદ રૂપે પૃથ્વી પર પડે છે. કેમ? રૂદન કરવું પડે છે એના અંતરમાં ચિરાડ પડે છે કે માનવ પ્રાણી માત્ર વાતો કરીને જ વેગળો ખસી જાય છે. એના પડદા પાછળ કેટલો અંધકાર, કેટલી પીશાચલીલા રચાઈ રહેલી હોય છે, તેથી તે રૂવે છે.

૧૫૧

માડીને અગણિત વંદન. માડીએ જન્મ આપ્યો. માવડીએ નિભાવ્યા. સૂતાને સાચવ્યા. જાગતાને જાળવ્યા.

૧૫૨

પવિત્ર વિચાર કરતાં અપવિત્ર વિચારમાં અનંત શક્તિ ખર્ચાય છે.

૧૫૩

આત્મજાગૃતિ થાય ત્યારે સંસાર સ્મશાનવત્ ભાસે છે.

૧૫૪

કાચી બે ઘડીમાં મનુષ્યોને કરવાનો કે સાધવાનો જે હક્ક મળ્યો છે તે દેવોને ૩૩૦ ક્રોડાક્રોડ પલ્યોપમે પણ કરવાનો હક્ક નથી.

૧૫૫

સમજેલી ગાય, ફરીથી ન ફસાય, તેવી રીતે સમ્યગ્ દૃષ્ટિ આત્મા પણ સંસારમાં ફરી ન ફસાઈ મરે.

૧૫૬

આઠમું, નવમું અને દશમું ગુણઠાણું એ કર્મ નાશની સંગ્રામ ભૂમિ છે, બારમું ગુણઠાણું સન્માન ભૂમિ છે. આઠમા, નવમા અને દશમા એ ગુણઠાણે કર્મનો ઘાટ ઘડી શકાય છે, પાંચ, છ, સાત, આઠ, નવ, દશ એ છ ગુણઠાણાં મોહનીય કર્મનો ચૂરો કરવા માટે સર્જાયેલાં છે.

૧૫૭

બીડમાં બારસો વર્ષો સુધી વરસાદ વરસે તો પણ ધાન્યની નિષ્પત્તિ ન થાય.

૧૫૮

સમિતિ એ પ્રવૃત્તિરૂપ છે, જ્યારે ગુપ્તિ એ નિવૃત્તિ રૂપ છે.........

૧૫૯

કેવળ શૂન્ય ક્રિયાઓ કાગળના ગુલાબ સમાન છે, જ્યારે મન, વચન અને કાયાની એકાગ્રતાથી કરવામાં આવતી ક્રિયાઓ પ્રાકૃતિક ગુલાબ સમાન છે.

૧૬૦

પૌષ્ટિક પદાર્થોની માફક પૌષ્ટિક વિશેષણોને પણ પચાવવાની તાકાત જોઈએ.

૧૬૧

તિરસ્કાર એ મનુષ્યનો જન્મજાત સંસ્કાર છે. તેનો ત્યાગ કરીને માનવ બનવા માટે નમસ્કારની જરૂર છે. નમે

તે સહુને ગમે, તિરસ્કાર એ વૈરનું બીજું સ્વરૂપ છે, અને નમસ્કાર એ ક્ષમાનું બીજું નામ છે. તિરસ્કાર એ તીણું અસ્ત્ર છે અને ક્ષમા એ ઢાલ છે. હંમેશાં શસ્ત્ર કે અસ્ત્રની આપત્તિમાંથી. ઉગરવા માટે ક્ષમારૂપી ઢાલની જરૂર છે જ.

૧૬૨

પરદેશી રાજાને સાત હજાર ગામની ઉપજ હતી. તેમાંથી ચોથા ભાગની ઉપજ ધર્મ ખાતે વાપરવાનો નિર્ણય લીધો હતો. આપણા ભાઈઓ દુઃખી ન હોવા જોઈએ, કોઈપણ અન્ન વિના ન રહેવા જોઈએ–આ ભાવના ભરેલી હતી. સો રૂપિયા કમાઉં તેમાંથી ૧૦ રૂપીયા સત્કાર્યમાં ખરચું આવી ભાવના જગાડો. ખોજાઓ પણ પોતાને મળતી ઇન્કમમાંથી આગાખાનનો ભાગ રાખે છે.

૧૬૩

આપણા રોજના અનુભવની વાત છે કે ઘડો રીઢો બન્યો અને એણે શીતળતા પ્રગટાવવાનો ગુણ ગુમાવી દીધો. તેવી જ રીતે આત્મા સાધકોના શાશ્વત અનુભવની વાત છે કે હૃદય રીઢું બન્યું કે એણે આત્મશાન્તિ અને વિશ્વશાન્તિની શીતળતા પ્રગટાવવાની દિવ્ય શક્તિ તેણે ત્યજી દીધી.

૧૬૪

સાકર અને મધ. બંને મિષ્ટ પદાર્થ છે, પણ સાકર ઉપર બેઠેલી માખી સ્વાદ લઈ શકે છે અને ઉડ્ડયન પણ

કરી શકે છે. જ્યારે મધ ઉપર બેઠેલી મક્ષિકા સ્વાદ ભલે માણી શકે; પરન્તુ ઉડ્ડયન નહિ કરી શકે. કેમ કે તેની પાંખો મધમાં લિપ્ત થઈ જતી હોવાથી ઉડ્ડયન કરવું તેના હાથમાં નથી. માનવનું જીવન પણ આજે મધમાખી જેવુ થઈ ગયું છે દિનપ્રતિદિન વસ્તુ માત્રમાં વધુ ને વધુ ખૂંચતો જાય છે.

૧૬૫

સિંકદરના બાપનું નામ ફીલીપ હતું. તેણે એક માણસને ખાસ રોકેલો તે હંમેશાં બાદશાહને યાદી દેવડાવે કે 'દાન દઈ દો, પુણ્ય કરી લો.' 'એ જ આવશે સાથે મોતની તલવાર લટકે માનવ તારે માથે.' આવાં સૂત્રો હંમેશાં બાદશાહને સંભળાવે જ જાય. આથી રાજા હંમેશાં સતત સાવધાન રહેતો હતો અને જે કંઈ કરતો ત્યારે ઉપરોક્ત વાકય સામે રાખીને જ કરતો.

૧૬૬

આઠ આધાર, ભયભીતને આશ્રયસ્થાન, તૃષાતુરને પાણી, ક્ષુધાર્ત્તને ભોજન, સમુદ્રમાં પડેલાને પાટિયું, ચતુષ્પદને સ્થાન, રોગીને વૈદ્ય, ભૂલા પડેલાને માર્ગદર્શક, અને હારેલાને હિંમત આ આઠ આધારો ઉપયોગી નીવડે છે.

૧૬૭

આચાર્યનાં પાંચ પ્રસ્થાન–વિદ્યાપીઠ, સૌભાગ્યપીઠ, લક્ષ્મીપીઠ, મંત્રરાજ યોગપીઠ અને સુમેરૂપીઠ. આ પાંચ પ્રસ્થાનો કહેવાય છે.

૧૬૮

પાંચ વ્યવહાર; આગમવ્યવહાર તે નવપૂર્વી સુધી, શ્રુતવ્યવહાર તે નિશીથને અનુસારે ચાલતો વ્યવહાર, આજ્ઞાવ્યવહાર તે ગીતાર્થોનો પરસ્પર ગૂઢ પદોથી થતો વ્યવહાર, ધારણા તે ગીતાર્થોએ આપેલ પ્રાયશ્ચિત ધારી રાખવા તે અને જીતવ્યવહાર તે અશઠ ગીતાર્થોએ ચલાવેલો વ્યવહાર.

૧૬૯

પુરાણોમાં માર્કણ્ડેય પુરાણમાં આવેલ ચંડીપાઠ એ જાગતી જ્યોત છે, તરત પરચો બતાવે છે, એક બ્રાહ્મણ ચંડીપાઠ કરતો હતો, 'ભાર્યાં રક્ષતુ ભૈરવી' બોલવાને બદલે "मार्यां मक्षतु भैरवी" આ પ્રમાણે જાપ કરવા લાગ્યો. પરિણામ એ આવ્યું કે માતાયે તેની સ્ત્રીનો ભોગ લીધો.

૧૭૦

જયન્તી એક સુશ્રાવિકા હતી. સમ્યક્ત્વધારિણી હતી સાથે સાથે તેટલી જ તત્ત્વવેત્તા હતી. વધુમાં શય્યાતરી પ્રસિદ્ધ હતી. મોટા ભાગે તેણીએ આપેલી વસ્તીમાં ગુરૂમહારાજાઓ આવાસ કરતા. તમામ લાભ લેવા માટે તે સૌભાગ્યશાલિની હતી. ત્રણ લાખ અને અઢાર હજાર શ્રાવિકાઓમાં તેનું નામ આંગળીના વેઢે ચડતું હતું. તે કેટલી યોગ્ય હશે એ સ્વયં વાંચક કલ્પી શકશે.

૧૭૧

મોહ તમારો કારમો અને કટુ શત્રુ છે. તમને

અનેક રીતે રંજાડે છે, છતાં તમે લોકો મોહને ચોંટી પડયા છો. મોહોદયમાં ભાનશાન ભુલાઈ જવાય છે અને ડહાપણ દબાઈ જાય છે. માતા પુત્રની પાલિકા કહેવાય. છતાં ચૂલણી રાણીએ પોતાના પુત્ર બ્રહ્મદત્તને જીવતો સળગાવી મૂકવાનું કાવતરૂં કર્યું હતું. તે દીર્ઘરાજાના પ્રેમમાં પડી હતી અને સ્વભાન ભૂલી ગઈ હતી. પિતા પુત્રનો રક્ષક ગણાય, છતાં કૃષ્ણરાજે પોતાના તમામ પુત્રોનાં અંગો છેદાવી નાંખ્યાં હતાં કારણમાં રાજ્યનો મોહ તેઓના ઉપર સવાર થઈ ગયો હતો. સૂરિકાન્તાએ પોતાના પતિ પરદેશી રાજાને ઝેર આપ્યું હતું અને કોણિકે પોતાના પિતા સમ્રાટ્ શ્રેણિકને લોખંડના પાંજરામાં પૂર્યો હતો.

૧૭૨

તત્ત્વરૂપ સાબુથી, વૈરાગ્યરૂપી જળથી ઉત્તમ આચારરૂપ પથ્થર ઉપર આત્મવસ્ત્રને ધોનાર ધોબી કોણ ? સંયમધર.

૧૭૩

જો તું સંયમી રહેવા માગતો હોય તો ત્વચા વગરની વનિતાનું સ્વરૂપ પ્રત્યેક પળ વિચારતો રહેજે.

૧૭૪

પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે અને માથા ઉપર મોતની તલવાર લટકી રહી છે. આમ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર

૧૭૫

વખત જેટ વિમાનની ઝડપે વીતી રહ્યો છે એમ

વિચારી આજના દિવસની ૨,૧૬,૦૦૦ વિપળનો સદુપયોગ કરજે.

૧૭૬

આહારનો નહિ પણ સ્વાદનો ત્યાગ કેળવવાની અતિ આવશ્યકતા છે.

૧૭૭

વર્તનમાં બાળક બનો, સત્યમાં યુવાન થાઓ અને જ્ઞાનમાં વૃદ્ધ થાઓ.

૧૭૮

ઉત્તમ જાતિમાં ઉત્પન્ન થયેલી સબળા માટે તો [illegible] શું? પણ ભીલ જેવી જાતિમાં ઉત્પન્ન થયેલી સ્ત્રીએ પણ શીલવ્રતનું મન વચન ને કાયાથી આસેવન કર્યું હતું. જસમા ઓડણના ચરણે સમગ્ર ગુજરાતનો મહારાજા સિદ્ધરાજ પોતાની સમસ્ત મિલકત ધરવા તૈયાર થયો છે. અનેક જાતનાં પ્રલોભનો આપે છે કિન્તુ તે સતી સ્ત્રીએ રાજ્યલક્ષ્મી કરતાં વ્રતલક્ષ્મીનુ મૂલ્યાંકન વધુ આંક્યું. રાજલક્ષ્મી અને પ્રલોભનોને તુચ્છમાં તુચ્છ સમજી તરછોડી દીધાં. પરિણામે ક્રોધિત સિદ્ધરાજે તેના કુટુંબનો તેમજ પ્રાણવલ્લભપતિનો નાશ કર્યો, છતાં જસમા ઓડણ આખર સુધી અણનમ જ રહી હતી.

૧૭૯

રજનીના સમયે સદ્‌ભાગ્યશાળી આત્માએ ચાર વસ્તુ ત્યાગવી જોઈએ તાંબુલનો ત્યાગ નહિ કરવાથી મુખ

ગંધાય છે ચાંદલો યા તિલક દૂર નહિ કરવાથી આયુષ્ય ઘટે છે. પુષ્પમાલા ત્યાગ નહિ કરવાથી સર્પના ભયની શકયતા રહે છે અને સ્ત્રીનો ત્યાગ નહિ કરવાથી બળનો હ્રાસ થાય છે.

૧૮૦

કર્ણનો વિષય બાર યોજન હોય છે એટલે કે તેટલે દૂરથી સાંભળી શકાય છે. ઘ્રાણ, રસના અને ત્વક્નો વિષય નવ યોજન નવાજવામાં આવ્યો છે, જયારે ચક્ષુરિન્દ્રિયનો વિષય ૧ લાખ યોજનાથી અધિક માનવામાં આવ્યો છે.

૧૮૧

વીતરાગનો વારસદાર સંસારમાં બેઠો હોય તોય તમામથી જુદો જ દેખાય. વીતરાગને પોતાનો સ્વામી ન માને તેને આ સંસારમાં અનંતકાળ સુધી અનંત સ્વામી કરવાના રહે છે. હંમેશાં મોક્ષના અર્થીને સંસાર હોય નહિ ને હોય તે પણ આદર્શ ભર્યો હોય જે દુશ્મન પણ ભૂંડું ન ઇચ્છે.

૧૮૨

વિરાગના અભાવમાં ત્યાગ પણ વધુ લાભ ન કરે અને વિરાગની હાજરીમાં ભોગ ઝાઝું નુકસાન ન કરે.

૧૮૩

ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક, ઔદયિક અને પારિણામિક–આ પાંચ ભાવો પૈકી. અજીવને ઔદકિક અને પારિણામિક બે ભાવ સંભવે છે.

૧૮૪

નિત્યનું કર્તવ્ય કરવામાં આવે તે ચરણ કહેવાય છે અને પ્રયોજન વડે કરવામાં આવે તે કરણ કહેવાય છે.

૧૮૫

બે નેત્ર, બે કર્ણ, મુખ, નાક, લલાટ, તાલુ, મસ્તક નાભિ, હૃદય, ભ્રકુટી—આ દશ સ્થાનો ધ્યાનને માટેની યોગ્ય ભૂમિકાઓ છે.

૧૮૬

ઈન્દ્રથી પ્રેરિત દેવો ભગવાનના પ્રતિહાર ( છડીદાર ) જેવા હોય છે. તેઓએ કરેલી ક્રિયાઓ પ્રાતિહાર્ય કહેવાય છે.

૧૮૭

લઘુશંકા કરવાનાં પાત્ર વગેરે દિવસે ઉત્તર તરફ મૂકવાં અને રાત્રે દક્ષિણ દિશામાં હિતાવહ છે. નિશીથ સૂત્રમાં રજોહરણ જમણી બાજુએ મૂકવું પણ ઓશીકે તેમ જ ડાબી તરફ ન મૂકવું એ લક્ષમાં રાખવું.

૧૮૮

ધાતુનો ટુકડો પાણીમાં મૂકશો તો ડૂબી જશે પરન્તુ એ જ લોખંડની સેંકડો ટન વજનની સ્ટીમર પાણીમાં તરી શકે છે કેમ કે તેને કાષ્ઠની સાથેની સંગતિ કરી છે. સાગરમાં તરવા માટે ધાતુને જેમ ઘડતરની જરૂર છે તેમ ભવસાગર તરવા માટે જીવન પણ ઘડતર માગે છે તે ભુલાવું નહિ જોઈએ.

૧૮૯

ઈરાનમાં થયેલ કવિ શેખ સાદી પોતાના એક કથાકાવ્યમાં શબલી નામના એક સંતની વાત લખે છે કે શબલી શહેરના દાણા વેચનારાની દુકાનેથી દાણા ખરીદી પોટકું બાંધી પોતાના ગામડામાં આવ્યો. ઘરે આવ્યા પછી એ દાણામાં તેણે એક કીડી દીઠી. પોતાના રહેઠાણથી વિખૂટી પડેલી કીડી બહુ બેચેન બની ગઈ હતી. સાથે સાથે આ સંત પણ તેટલો જ બેચેન બની ગયેલો હોવાથી બીજા દિવસની વહેલી સવારે તે જ્યાંથી લાવ્યો હતો ત્યાં જઈને વ્યવસ્થિત મૂકી આવ્યો હતો. દયાનો ફેમ જોઈ લ્યો ?

૧૯૦

તમને કોઈ જોશી કહે તમારા ઘરના ઈશાન કોણમાં પાંચ ફુટ ઊંડે નિધાન છે તો તે નિધાનને બહાર કાઢવા માટે કાળી અને કડક મજૂરી કરવા તૈયાર થઈએ, એટલું જ નહિ તેને માટે છેલ્લામાં છેલ્લા સ્તરનું સાહસ ખેડી કાઢીએ.ભલે પછી ત્યાં કોલસા જ નીકળે. સર્વજ્ઞ પરમાત્માએ કહ્યું છે કે આપણા આત્મામાં અગમ્ય નિધાન છે તો તેને માટે ?

૧૯૧

જીવનના સચિત્ર પુસ્તકનું પાનેપાનું ઝીણવટથી જોવું એ માંહેનો આનંદ અનુભવવો સર્વોત્તમ છે કેમ કે

સાકરનો કકડો દાંતે ભાગીને તરત ખાઈ જવા કરતાં તે સાકરના ટુકડાને ચગળવામાં જે મીઠાસ મળશે તે અનેરી હશે.

૧૯૨

દીકરો અને દીકરી બંનેને તેનો પિતા ઉછેરે તો છે. તેમાં સરખો ભાવ રાખે પરન્તુ મનમાં તો બાપ ચોક્કસ સમજે છે કે આ બાઈ પારકે ઘેર જવાની છે. તેવી જ પૌદ્ગલિક સગવડતા દીકરી સમાન છે એમ સમજીને સંસારમાં સમ્યગ્દૃષ્ટિ રહે.

૧૯૩

મુનીમ ગમે તેટલું કમાવી આપે પણ છેવટ તે તો પગારનો જ માલિક હોય છે. વધુ મળે તો બોનસ મળે પણ કમાણીનો માલિક તો બીજો જ હોય છે; તેમ શરીર અને આત્મા માટે પણ સમજી લેવું જોઈએ.

૧૯૪

પુણ્યને નડતરરૂપ સમજી પુણ્યને ઉવેખનાર માટે આ રીતિયે સમજવું પોસ્ટમેન પાસે સંખ્યાબંધ સારા-માઠા સમાચારના પત્રો હોય છે, પણ પોસ્ટમેન એક પણ પત્ર વાંચે નહિ, માત્ર તટસ્થ ભાવે જ રહેતો હોય છે એટલે તેને સારાનરસા સમાચારનું સંવેદન થતું જ નથી. તે બીકે સરનામું જ ન વાંચે તો પત્ર આપે કોને ? તદનુસાર પુણ્ય છોડવું તે પોસ્ટકાર્ડનું સરનામું ન વાંચવા બરાબર છે.

૧૯૫

એક દરિદ્રનારાયણ માણસ હતો. તેને દ્વારે એક ફકીર ભિક્ષા અર્થે આવી ચડયો. બિચારા દરિદ્રીએ દુઃખતા દિલે કહ્યું, 'અન્નદાતા! આજે આપને આપવા જેવું મારી પાસે કશું જ નથી. ખરેખર હું લાચાર છું. આજે મહાત્મા મારે આંગણે આવીને પાછા જશે તેનું ભારોભાર કષ્ટ મારા કાળજાને કંપાવી રહ્યું છે.' આવી ચડેલો ફકીર તો તેની ઘરવખરી જ જોવામાં પડયો હતો. સમય જોઈને ફકીરે કહ્યું, 'અરે તું દરિદ્ર નથી, મહાન ભાગ્યશાળી છે. તારૂં નસીબ બહુ જ ચમકી રહ્યું છે. અરે ભાઈ, જો પેલા ખૂણામાં શું પડયું છે.' 'અરે મહાત્મન્! એ તો ચટણી વાટવાનો પથ્થર છે.' 'અરે! ભોળા તે પથ્થર નથી, પણ પારસ છે.' 'એમ કહી પોતાની પાસેનો ચીપીયો અડાડતાં જ સોનાનો થઈ ગયો. ભાગ્ય પલટાય છે ત્યારે પળમાં પલટાય છે.

૧૯૬

સ્ત્રી-સૌન્દર્યનાં મુખ્ય ત્રણ અંગો છે: આન્તરિક, બાહ્ય અને વ્યવહારિક. સ્ત્રીની વાસ્તવિક સુંદરતા તેના અંતરના સૌન્દર્યમાં જ રહેલી છે. બાહ્ય સૌન્દર્ય ક્ષણિક છે, જ્યારે આંતરિક સૌન્દર્ય ચિરસ્થાયી છે. બાહ્ય સૌન્દર્ય પુરૂષને લોભાવી તેના પ્રતિ આસક્તિ જન્માવે છે, જ્યારે આન્તરિક સૌન્દર્ય માનની લાગણી જન્માવી પુરૂષને પ્રભાવિત બનાવે છે. !

૧૯૭

સન્નારી કાંટાળી ઝાડીને ફુલવાડીમાં ફેરવી શકે છે.

૧૯૮

સ્વાહા એ અગ્નિદેવની સ્ત્રી થાય. સ્વામીની તેના પર અત્યંત પ્રીતિ હોવાથી તેનું નામ પોતાની સાથે જોડાઈ અમર થાય એવા વિચારથી કહ્યું : ‘જે કોઈ મનુષ્ય બલિદાન કે આહૂતિ વખતે સ્વાહા એમ બોલશે તેમના ઉપર હું પ્રસન્ન થઈશ.’

૧૯૯

અમેરિકાના કોઈ ગામમાં વારંવાર દુષ્કાળ પડતો જ રહે. ત્યાંના લોકોએ હતાશ થઈને કોઈ અનુભવી એન્જિનિયરની સલાહ લીધી, તો તેણે કહ્યું કે ગામની ચારે બાજુ વૃક્ષારોપણ કરો. લોકોએ તેમ કર્યું, પરિણામે દુષ્કાળ દૂર થયો. આજે અહીં જંગલો કપાય છે.

૨૦૦

આ ચારથી જીવનમાં રહેલા ગુણો નાશ પામેઃ ક્રોધ ઘણો કરે, અન્યની પૂજા સહન ન કરી શકે, કરેલો ઉપકાર ભૂલી જાય અને પૂર્ણ કદાગ્રહી હોય.

૨૦૧

આ ચારથી છતા ગુણોનો વિકાસ થાય : ગુણીજનોના ગુણ ગાય, મહાજનના માર્ગે જાય, જ્ઞાનનું પરિશીલન રાખે અને કૃત ઉપકાર ભૂલે નહિ.

૨૦૨

શરીર દિવાસળી જેવું છે, પણ મિજાજ તો ફોસ્ફરસ જેવો છે.

૨૦૩

કૃષ્ણ લેશ્યાવાળો અમુકને મારી નાખે, કાપી નાખો, વગેરે કાળાં કાળજાંવાળો હોય છે; નીલ લેશ્યાવાળો હાથ પગ કાપી નાંખવાની વૃત્તિવાળો હોય છે; કાપોત લેશ્યાવાળો નાક કાન આંગળી વગેરેનો છેદ કરવાની વૃત્તિવાળો હોય છે; તેજો લેશ્યાવાળો ગડદાપાટુ, ધોલથપાટ મારવાની વૃત્તિવાળો હોય છે; પદ્માલેશ્યાવાળો માત્ર કઠોર વચનપ્રહાર કરવાની વૃત્તિવાળો હોય છે અને શુકલ પોતાનો અપરાધ કરનાર પ્રતિ પણ પ્રેમભાવ અને મીઠાં વેણવાળો હોય છે.

૨૦૪

એક વખત કસ્તૂરબા માંદાં પડયાં હતાં. ડૉકટરે તેમને ખોરાકમાં મીઠું ખાવાની મના કરી હતી. થોડા દિવસો સુધી ચલાવ્યું પરન્તુ ખોરાક ખાઈ શકાતો ન હતો. એક દિવસ કસ્તૂરબાએ ગાંધીજીને કહ્યું કે ડૉકટરને કહો કે મને મીઠું ખાવાની છૂટ આપે. ગાંધીજી બોલ્યા શું તમે મીઠું ખાધા સિવાય રહી શકતાં નથી? કસ્તૂરબા બોલ્યાં: 'તમે થોડા દિવસો મીઠું ખાધા વગર રહો જોઈએ?' બસ ખલાસ. તેજ દિવસથી ગાંધીજીએ જિંદગીમાં મીઠું ન ખાધું તે ન જ ખાધું. ગાંધીજીનો કેવો આદર્શ!

૨૦૫

એક સન્નારીના પગલે પગલે પવિત્રતા પથરાઈ, કામે કામે કામણ સર્જાયાં, વચને વચને અમૃત રેલાયાં, પડછાયે પડછાયે પ્રેમ પથરાયો, ગાનેગાને હૈયાનાં હેત ઉભરાયાં, આંખલડીયે આંખલડીયે તેજનો અંબાર રેલાયો.

૨૦૬

સત્યથી જગતને, શિયળથી શત્રુને, વિવેકી વચનોથી સભાજનોને, શાન્તિથી ક્રોધને, કથાવાર્તાથી બાળકોને અને આનંદ–વિનોદથી સખીવૃન્દને વશ કરી શકાય છે.

૨૦૭

હું વિદ્વાન નથી, પણ આપનું અંતર ઉકેલી શકું છું, હું ભક્ત નથી પણ આપનો પ્રેમ પિછાની શકું છું હુ ડાકટર નથી પણ આપનુ દિલ–દર્દ જાણી શકુ છું.

૨૦૮

જગતનું જેટલું ધન, જેટલા વૈભવો અને તમામ સ્વર્ગની સુંદરીઓ તમને મળે તો પણ ઇન્દ્રિયો તૃપ્ત થતી નથી. અગ્નિમાં ઘી હોમીએ તો અગ્નિ વધારે પ્રદિપ્ત બને. મોજશોખથી યાદવો, મુગલો, રોમનો અને મરાઠાઓનાં મહારાજ્યોનો પણ સમૂળગો નાશ થઈ ગયો છે. જરૂરિયાતો થોડી તેમ શુભોદય નજીકમાં.

૨૦૯

પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં અહિંસાદિ પાંચ વ્રતોનું વર્ણન આવે છે. તેમાં અન્ય કોઈ વ્રતને માટે નહિ પરન્તુ

સત્ય વ્રતને ભગવાનની ઉપમા આપવામાં આવી છે—
" सच्चं खलु भगवयं " સત્ય એ જ ભગવાન છે. વૈદિક ધર્મમાં પણ સત્યને મહત્ત્વનું ગણવામાં આવે છે. સત્યનારાયણ શબ્દ પ્રચલિત છે, સત્ય એ જ નારાયણ.

૨૧૦

દરેક માતા પોતાના બાળકને વીર પ્રભુનાં સાચાં સંતાન બનાવવા માટે પારણામાંથી તેના હાથમાં વીરમંત્રો ફૂંકે અને દૂધના ઘુંટડાની સાથે તત્ત્વપ્રેમના ઘુંટડા પણ પીવરાવે તો બાળક વીર બને તેજસ્વી તારલા જેવો ચળકે.

૨૧૧

અનુભવનો એક કાંટો શિખામણનાં સો ગુલાબ બરાબર છે.

૨૧૨

યુદ્ધથી આત્મા કદાપિ શુદ્ધ નહિ જ બને.

૨૧૩

યોગવાસિષ્ટમાં ઉપશમ પ્રકરણમાં જનક પોતાના ચિત્તને ઉપદેશ આપતાં કહે છે કે 'અરે શઠ ચિત્ત, જેમ જેમ તું ભોગોની ઇચ્છા કરતું જાય છે તેમ તેમ તને અસંખ્યવ્યથાઓ ઉત્પન્ન થતી જાય છે.

૨૧૪

એક માણસની ઉપર કરજ હતું એટલે કે તે દેવાદાર હતો, તેથી તેને આત્મામાં ધ્યાન કરતી વખતે વિક્ષેપ નડતો હતો. તેણે પોતાની મુશ્કેલી ગુરૂદેવ પાસે

જાહેર કરી હતી. તેની ઇચ્છા કરજ ચૂકવી આપવાની હતી, પરન્તુ તે માટે તરત સગવડ થાય તેમ ન હતું. ગુરૂજીએ કહ્યું કે જે લેનાર છે તે જ દેનાર છે અને જે દેનાર છે તે જ લેનાર છે. એવી રીતે ધ્યાન ધરીશ એટલે લેનાર માણસ ઉતાવળ કરશે નહિ અને ધ્યાન સારૂં થશે એવી જ રીતે ધ્યાન ધરવાથી તેનો વિક્ષેપ દૂર થયો હતો. તેવી જ રીતે જ્યાં બીજાનો વિચાર નથી ત્યાં જ ભગવાન મળે છે.

૨૧૫

બીજો એક કરજદાર માણસ હતો, તેને પણ મનમાં વિક્ષેપ લાગતો હતો, તેને કરજ ચૂકવવાની ઇચ્છા પણ ન હતી, તેથી તેને માથામાં એવો દુઃખાવો રહેતો હતો કે જાણે કે રાત્રે તેને કોઈ હથોડા મારતું હોય. તેણે પોતાના મસ્તકના દુઃખાવાની વાત એક ડૉકટર પાસે કહી. ડૉકટરે તેને દવા આપી અને પૂછયું કે તને મનમાં કોઈ જાતની ચિન્તા છે? તેણે કહ્યું કે મારી પાસે એક લુહાર પૈસા માગે છે તે હું આપી શકતો નથી. લેણદાર લુહારનું નામ મેળવીને ડૉકટર સીધો લુહાર પાસે ગયો અને કહ્યું કે તું અમુક માણસ પાસે રૂપિયા માગે છે? અને તે માટે તું કાંઈ ઉપાય કરે છે? તેણે કહ્યું કે તે મારા પૈસા આપતો નથી તેથી રાત્રે હું એરણ ઉપર હથોડા મારું છું અને તે તેને લાગે એવી કલ્પના કરું છું. ડૉકટર સમજી ગયો કે પેલાને માથામાં અસહ્ય વેદના

થઈ રહી છે તેનું મુખ્ય કારણ તે જ છે. ડૉક્ટરે લુહારને પૂછ્યું તું કેટલા રૂપિયા માગે છે? તેણે કહ્યું પચાસ. આ સમયે વિના અપીલે ડૉક્ટરે લુહારને પચાસ રૂપિયા આપી દીધા. હવે પછી તેણે હથોડા મારવાનું બંધ કર્યું. પેલા ભાઈનો દુઃખાવો પણ દૂર થઈ ગયો

૨૧૬

એક ગાંધીએ બે માણસને એક જ જાતની અર્ધો શેર સોપારી આપી. એક માણસે તેમાંથી સારી શોધીને ખાધી, જ્યારે બીજાએ ખરાબ કેટલી છે તે શોધવા માંડી. થોડા વખત પછી જ્યારે તે બેઉ જણા ફરીથી તે દુકાને ભેગા થયા ત્યારે પહેલાએ ગાંધીને કહ્યું, ભાઈ ગયા વખત જેવી જ સારી સોપારી આપજો એ સારી હતી. અને બીજાએ ફરિયાદ કરી કે ગયા વખતના જેવી સડેલી સોપારી ન આપશો. હમેશાં સનાતન સિદ્ધાન્ત છે કે "यथा दृष्टिः तथा सृष्टिः"

૨૧૭

કરમાયેલી કાયા ઉપર પફ–પાવડર પાથરવાથી તંદુરસ્તીનું તેજ વધતું નથી.

૨૧૮

આવતા જન્મની આગ માટે આ જન્મમાં ઉતરાવેલ વીમાનું નામ ધર્મ અને એ વીમાની સર્વોત્તમ પોલિસીનું નામ પ્રામાણિકતા.

૨૧૯

મર્યાદિત જમાનામાં જુવાનીમાં સવાશેર દારૂનો કેફ ગણાતો હતો, પણ આજે તો તે જ કેફ સાત વર્ષના બાળકથી જ શરૂ થઈ જાય છે.

૨૨૦

લક્ષ્મીનો સ્વભાવ ઘણો જ ચંચલ છે, કપુરની જેમ ઉડી જતાં વાર નહિ લાગે. અતઃ લક્ષ્મી દ્વારા એ જેટલા પણ લ્હાવા લેવાય તેટલા લેતા જ રહો, નહિ તો પછી લાળા તો છે જ.

૨૨૧

દુનિયાના કેટલાક અજ્ઞાન માનવો મૂળભૂત વસ્તુને ભૂલી જાય છે, કાજીની કૂતરીની કિંમત છે, પણ કાજીની કિંમત નથી. કૂતરી મરી ગઈ ત્યારે ગામ આભડવા આવ્યું; પરંતુ કાજી મરી ગયા ત્યારે કોઈ જ આવ્યું નહિ.

૨૨૨

જ્યારે વિનાશનું નિર્માણ થયું હશે ત્યારે સાગરના પાણીમાં નહિ થાય, બલ્કે સાગરના પાણીથી નાશ થશે, એટલું જ નહિ કિન્તુ ઝાકળના એક બિન્દુમાં જ નાશ થશે.

૨૨૩

નાની શી આંખમાં પહાડો, પર્વતો, સૂર્ય, સિન્ધુ કે ચન્દ્ર વગેરે જગતની વિરાટ વસ્તુઓ સમાઈ શકે છે

પરંતુ માણસ માણસની આંખમાં સમાઈ શકતો નથી!

૨૨૪

માત્ર વાણીનાં ગુલાબો વેરવાનું કોને નથી ગમતું? અને એ જ વાણીને વર્તનમાં મૂકતાં કોને કાંટા નથી વાગતા?

૨૨૫

આશાના અજવાળે આંધળો પણ સુખ અનુભવતો હોય છે.

૨૨૬

રમણ મહર્ષિનું અયાચક વ્રત ઘણું જ કઠિન હતું તેમની સાથે રહેનારાઓને શરૂઆતના દિવસોમાં ભિક્ષામાં મળેલો એકલો ભાત ભાવતો નહિ, ત્યારે તેમાં મીઠું મિશ્રિત કરવાની તેઓ સૂચના કરતા. એ સમયે મહર્ષિ સમજાવતા કે માગવું ને મરવું બેઉ બરાબર છે. મીઠા માટે જે મોઢું માગવા તૈયાર થાય. એ ધીમે ધીમે કાલે દાળ માગતું થશે અને પછી ક્રમશઃ દૂધ માગશે. માટે અયાચક વ્રત કેળવતાં શીખો.

૨૨૭

આ જિંદગી એ તો માત્ર એક રંગભૂમિ છે અને આ જન્મ એ તો આવતા જન્મ માટે એક પગથિયારૂપ છે. પડદાને પડતાં વાર નહિ લાગે તેમ ઉપડતાં પણ વાર નહિ જ લાગે. માટે રંગભૂમિની જેટલી તૈયારીઓ કરવી હોય તેટલી કરો.

૨૨૮

માઘ કવિ સંસ્કૃતના સારા જ્ઞાતા હતા. મહાકવિ ઘરમાં બેઠા બેઠા કાવ્ય લખી રહ્યા હતા. તે વખતે એક ગરીબ બ્રાહ્મણ પોતાની યોગ્ય વયસ્ક કન્યાના લગ્ન અંગે આર્થિક મદદ મેળવવા આવી ચડ્યો હતો. કવિશ્રી સ્વયં પણ તંગી અનુભવી રહ્યા હતા. તથાપિ આંગણે આવી ચડેલા અતિથિનો આતિથ્યસત્કાર કરવો એ મુખ્ય કર્તવ્ય સમજતા હતા. ઘરમાં ચારે બાજુ નજર નાખી, પણ કોઈ યોગ્ય વસ્તુ ધ્યાનમાં ન આવી. આખરે એક તરફ સૂતેલી પોતાની ધર્મપત્નીએ હાથમાં પહેરેલા સોનાના કંકણ તરફ નજર પડી. જાતે ઉઠીને હાથમાંથી એક કંકણ કાઢ્યું, તેવામાં તે પત્ની જાગી ઉઠી. પત્ની આ બધો જ હેવાલ સમજી ગઈ અને પોતાના સ્વામીને વિનંતી કરી કે મારા દિલના દેવ, આ બીજું કંકણ પણ કાઢીને દાનમાં આપો. આ રીતિએ દાન કરવાથી તમે સંતુષ્ટ છે તો હું હંમેશાં સંતુષ્ટ જ છું.

૨૨૯

એક શાયર (કવિ)ને તાલુકાના સબજજ સાથે મૈત્રીભાવ હતો. કવિએ એક વખત સબજજને વિનંતી કરી કે મારા અંગત કેસમાં જરા કાયદામાં ફેરફારો કરો તો મારા તરફેણમાં ચુકાદો થાય. જવાબમાં સબજજે કહ્યું કે તમે શાયરી રચો ત્યારે રચનામાં થોડીઘણા ફેરફારો કરી નાંખો તો એ શાયરીને બદલે લાયરી

(બકવાદ) બની જાય, તેમ હું કાયદામાં ફેરફાર કરવા જાઉં તો તમને ફાયદો થાય; પરંતુ ન્યાય નિરર્થક બને અને હું સ્વયં ન્યાયભ્રષ્ટ બનું.

૨૩૦

રાવણ એક સમર્થ રાજવી હતો. કુંભકર્ણ તેનો ભાઈ હતો. સામર્થ્યમાં કોઈ કોઈથી ચઢતા ઉતરતા ન હતા. કુંભકર્ણને એવી ઇચ્છા જાગી કે ભાઈથી હું સવાયો થાઉં. તેણે ઇન્દ્રનું ઇન્દ્રાસન કબજે કરવાના કોડ સેવ્યા. પરિણામે તેણે ઉત્કટ તપ શરૂ કર્યું. તેના તપથી બ્રહ્માજી ડોલી ઉઠયા. એમણે કહ્યું : માગ માગ માગે તે આપું. કુંભકર્ણ તપની સિદ્ધિના ઉત્સાહમાં હતો. ઉત્સાહમાં ભાન ભૂલ્યો અને ઇન્દ્રાસનને બદલે નિદ્રાસન માગી લીધું. બ્રહ્માજી 'તથાસ્તુ' કહીને અદૃશ્ય થયા. પાછળથી ભાન આવ્યું કે હું ભયંકર ભૂલ કરી બેઠો છું. બ્રહ્માજીને યાદ કર્યા, ફરિયાદ કરી. બ્રહ્માજી કહે: પવન ફરે પણ વચન ન જ ફરે, છતાં તને એટલું કહું છું કે તું છ મહિના જાગીશ અને છ મહિના ઉંઘીશ. કુંભકર્ણ નિદ્રાધીન બને ત્યારે તેને જગાડવા માટે ઢોલ અને નગારાં ગડગડાવવાં પડે અને તેના નાકમાં ઉંદરડાઓ છોડવામાં આવે ત્યારે માંડ માંડ નિદ્રામાંથી જાગૃત થાય.

૨૩૧

અંધારામાંથી અજવાળામાં આવવાનો દિવસ તેનું નામ દિવાળી.

આજે દેશમાં નિર્માણકાર્ય થઈ રહ્યું છે. વિશાળ નદીઓ પર બંધ બંધાઈ રહ્યા છે; પરંતુ મનની ચંચલ વાસનાઓને બાંધી શકાતી નથી. ચન્દ્રલોક સુધી પહોંચવા માટે રોકેટ તૈયાર કરવામાં આવે છે પરંતુ માનવની ભોગભૂખી ચેતના ધરતીનો પાલવ છોડી શકતી નથી. એટમ સમસ્ત વિશ્વ પર વિજય મેળવવાને મથી રહ્યું છે પરંતુ આત્મા વડે પોણાચાર હાથનું શરીર પણ જીતી શકાતું નથી.

૨૩૩

અરે! સાંભળો છો કે? આજે આપણે ત્યાં સત્યનારાયણની કથા કરવાની છે. પંડિતજીની પત્નીએ તેમને કહ્યું. સારૂં, પણ મને રજા મળવી મુશ્કેલ છે, છતાં કોશિશ કરીશું. પંડિતજીએ ઓફિસના સાહેબ પર ફોન કર્યો: સાહેબ આજે મને સખ્ત તાવ આવી ચઢયો છે એટલે આજે ઓફિસે આવી શકાશે નહિ. સાહેબે સાચું માનીને રજા આપી. આ તે સત્યનારાયણની કથા કે અસત્યનારાયણની કથા!

૨૩૪

હંમેશાં એકાગ્રતામાં સિદ્ધિ છે. સૂક્ષ્મદર્શક કાચને છેક સ્થિર કરવાથી જ અગ્નિ ઉત્પન્ન થાય છે, તેમ માનવી પોતાના મનને સ્થિર કરે તો જ કાર્યસિદ્ધિ થાય છે.

૨૩૫

આગમમાં પાંચ ચૈત્યો કહેવામાં આવે છે: ભક્તિ ચૈત્ય તે ઘર દેરાસર. નિશ્રાકૃત તે કોઈ ગચ્છના સ્વાધીનમાં હોય છે, અનિશ્રાકૃત તે સાધારણ હોય. શાશ્વત ચૈત્ય પ્રસિદ્ધ છે અને પાંચમું મંગલ ચૈત્ય તે શ્રાવકના ઘરના દ્વાર ઉપર આડા મૂકેલા કાષ્ઠના મધ્યભાગમાં જે વીતરાગની પ્રતિમા કોતરવામાં આવે છે તે મંગલ ચૈત્ય. મથુરા નગરીમાં લોકો જ્યારે ઘર તૈયાર કરાવતા ત્યારે પ્રત્યેક ઘરના દ્વાર ઉપરના કાષ્ઠ મધ્યે મંગલનિમિત્તે આદીશ્વર પ્રભુની પ્રતિમાની સ્થાપના કરવામાં આવતી હતી.

૨૩૬

તમે કોઈ જાહેર સભામાં પ્રમુખ બનીને બેઠા હો, અને પછી તાળીઓના ગડગડાટ વચ્ચે તમે તમારું ડહાપણ ભાષણ દ્વારા ઠાલવી રહ્યા હો. સભ્યજનો પર તમારા ભાષણની એકસરખી અસર જામી હોય. દેશને માટે ખપી મરવાની મોટી મોટી ડીંગ મારી રહ્યા હો. એવામાં તમારું છ માસનું ઘરનું ચઢેલું ભાડું વસુલ કરવા ભાડાવાળો ભૈયો પ્લેટફોર્મ પર આવી તમારી બોચી પકડે તે વેળા તમને કોણ યાદ આવે?

૨૩૭

જગતની જંજાળો આજે એટલી વધવા પામી છે કે લોકો ભગવાનને ભૂલતા ગયા છે. યદ્યપિ તે કોઈ કોઈ વાર ધરતીકંપ, આગ, વંટોળિયા કે લડાઈ મારફતે કુદરત

જાગતી છે એવી ખાતરી કરાવી આપે છે; છતાં માણસ-પ્રાણી એવું ભૂલકણું છે કે જરા જરા વાતમાં ભગવાનને ભૂલી જાય છે અને ભગવાનના નામે ગમે તેવા ઊંધા ધંધા આદરી બેસે છે. ભગવાનને ભરોસે લોકો જૂઠની વાત હંકારે છે પણ વસીયત કરતો નથી.

૨૩૮

માણેકચોક જેવા લત્તામાંથી એક તરફ 'પિયા મિલન કો જાના'નું ગાયન લલકારતા બેન્ડ સહિત વરઘોડો ચાલ્યો જતો હોય અને સામેથી 'રામ બોલો ભાઈ રામ બોલો'ની પોક પાડતું ડાઘુઓનું ટોળું કરકટી લઈને રવાલ ચાલે ચાલી રહ્યું હોય ત્યારે કર્મની અજબ લીલાનો ચિતાર ડામરની સડક પર થતો માલૂમ પડે છે.

૨૩૯

કલકત્તાના આલીશાન રોડ પર પાન ચાવતો એક શેઠ રિક્ષામાં બેઠો હોય અને એક માનવ પરસેવો લૂછતો તે રીક્ષાને ખેંચી રહ્યો હોય તે સમયે આંતરચક્ષુથી જોનારને જરૂર કર્મના તાંડવના દર્શન થાય.

૨૪૦

કોઈ ખિતાબધારી બડેખાંના બંગલાની આજુબાજુના બાગમાં ગાર્ડનપાર્ટી ઉડી રહી હોય. ફૂલડ્રેસમાં ફરનારાં નરનારીઓ પેટ ફાટી જાય ત્યાં સુધી વિધવિધ વાનગીઓ ઉડાવી રહ્યો હોય અને બહાર ફાટયાંતૂટયાં વસ્ત્રોમાં

ભિખારીઓ ટુકડાને માટે આંટા મારી રહ્યાં હોય તે સમયે કર્મની અજબ લીલા આંખે દેખાય.

૨૪૧

એક તરેફ બારમાના લાડુ ઉડતા હોય અને મોટા મોટા પેટવાળા ભૂદેવો પાટલા પર બેસીને લાડુ પર લાડુ ઝાપટી રહ્યા હોય અને બીજી બાજુ ઉચ્છિષ્ટ પતરાળાંને ભિખારાઓ ચાટી રહ્યા હોય, તે સમયે કર્મરાજનાં પ્રત્યક્ષ દર્શન થાય છે.

૨૪૨

થરાદના સંઘવી આભૂએ ત્રણ ક્રોડ ટંક દ્રવ્ય વ્યય કરીને પ્રત્યેક આગમોની એક એક પ્રતિ સુવર્ણાક્ષરે લખાવી હતી. તદુપરાંત આભુ સંઘપતિએ સાત ક્ષેત્રોમાં સાત ક્રોડનો વ્યય કર્યો હતો.

૨૪૩

નૈગમેષી દેવે આશ્વિન માસ. કૃષ્ણપક્ષ, ત્રયોદશીની રાત્રિએ, પહેલા બે પ્રહરમાં શ્રી વીર ભગવાનને દેવાનંદાના ઉદરમાંથી ત્રિશલામાતાના ઉદરમાં લાવી મૂકયા હતા.

૨૪૪

દિવાલી કલ્પમાં ૧૯૧૪ સાલ લખી છે તે વિક્રમની સમજવી નહિ. સંવતો બદલાયા કરે છે. કલંકીરાજા થવાનો છે તે ૧૯૧૪ અન્ય રાજાનો સંવત સમજવો કેમ કે

કલંકી થવામાં હજુ લગભગ નવ હજાર વર્ષોની વાર છે. કેમ કે કલંકી રાજા પાંચમા આરાના મધ્યમાં થવાના છે.

૨૪૫

વનમાં ઝોલાં ખાતી વનરાજીઓ, પરિમલભર્યાં પુષ્પો, કલકલ વહેતી સરિતા, નિર્મલ ઝરણાંઓ અને નૃત્ય કરતા મયૂરો કરતાં પણ ભવ્ય સૌંદર્ય અને ભવ્ય જ્યોત માનવની માનવતામાં ઝલકે છે.

૨૪૬

લાકડાં તોલવાના કાંટે મોતી ન તોલાય.

૨૪૭

જમાનો ફરે ત્યારે સાધન ફરી શકે પણ સાધ્ય ન ફરી શકે.

૨૪૮

તાવના નિદાનમાં કામ ક્રોધ લોભ મોહ ભય રાગ અને દ્વેષને તાવનાં ખાસ અને મુખ્ય કારણોમાં ગણાવ્યા છે. તે દોષોમાંથી પ્રજ્ઞાપરાધ થાય છે અને પ્રજ્ઞાપરાધ સર્વ રોગોનું મૂળ કારણ બને છે.

૨૪૯

કાર્તિક પૂર્ણિમાના મંગલદિન સાથે સર્વોત્તમ પ્રસંગો સંકળાયેલા છે. એક તો તે દિવસે દ્રાવિડ અને વારિખિલ્લજી દશ કોટી મુનિવરોની સાથે સિદ્ધિ વર્યા. બીજો પ્રસંગ એ કે તે દિવસે જગદ્ગુરૂ સૂરિપુરંદર

હેમચન્દ્રાચાર્યવર્યનો જન્મ થયો હતો. ત્રીજો પ્રસંગ એ કે તે દિવસે પૂ. સાધુ-સાધ્વીજીઓનું ચાતુર્માસ પરિપૂર્ણ થઈને વિહારના માર્ગો ખુલ્લા થાય છે અને ચોથો પ્રસંગ એ કે સિદ્ધાચલનો રહસ્યપૂર્ણ અર્થ છે સિદ્ધા-ચલ. એટલે કે સીધો ચાલ, વાંકો નહિ.

૨૫૦

આજીવન જે વ્રતનું પાલન કરવામાં આવે તે યમ અને અમુક કાળ સુધી જે કંઈ વ્રત પાળવામાં આવે તે નિયમ કહેવાય.

૨૫૧

સ્ત્યાનર્ધિ નિદ્રા માટે દક્ષિણ આફ્રિકાના સિયેનબર્ગ નગરમાં ઓના સોનપાલ નામની કોઈ સ્ત્રી ૧૮ વર્ષથી શાસ્ત્રોક્ત મર્યાદા પ્રમાણે સૂઈ જતી હતી.

૨૫૨

પારિઠાવણિયા પાઠ મુખ્યત્વેન સાધુ-સાધ્વીઓ તેમ જ પૌષધવાળા શ્રાવક-શ્રાવિકાના માટે છે. પચ્ચકખાણ લેતી દેતી વખતે બોલાવું જોઈએ એ વિધિ છે.

૨૫૩

ઉત્તરાધ્યયન સૂત્રની રહનેમિ નિર્યુક્તિમાં શિવાદેવીને ચાર પુત્ર હતાઃ નેમિનાથ, રથનેમિ, સત્યનેમિ અને દઢનેમિ, તીર્થંકરના જન્મ પછી પણ તેમની માતાને એક કે તેથી વધારે સંતતિ થઈ શકે છે.

૨૫૪

જૈન શાસ્ત્રોમાં પશુપંખીઓનું શરીરમાન આયુષ્ય વગેરેનું વિધાન આવે છે, તેમાં શંકા કેમ હોઈ શકે? કેમ કે આધુનિક વિજ્ઞાનશાસ્ત્રીઓ પણ કહે છે કે મેઘસાલરસ નામનું જંતુ ૪૦ થી ૫૦ ફુટ લાંબુ હોય છે. છીપકલીના આકારનું જંતુ ૧૬૦ ફુટ લાંબુ અને ૨૨ ફુટ ઊંચું હોય છે. તેનું વજન ૧૦૦૦ ટનથી ઓછું નથી હોતું. સમુદ્રના સાપ ૧૫૦થી ૫૦૦ હાથ લાંબા હોય છે. સયાજીવિજય તા. ૨૧–૮–૪૭ના અંકમાં ફિલિપાઈન ટાપુમાં એક ઝાડ છે જેનાં ફૂલ ગાડાના પૈડાં જેવડાં મોટાં હોય છે એ ફુલનું વજન લગભગ ૧૨ શેર હોય છે. આ સિવાય વ્હેલ નામની માછલી ૧૫૦ ફૂટ લાંબી હોય છે.

૨૫૫

અફઘાનિસ્તાન, અરબસ્તાન, આદિ પ્રદેશ, પ્રાચીન કાલનો બહુલી દેશ કહેવાય છે. સમ્રાટ સંપ્રતિ ભૂપાલે યોગ્ય ઉપદેશકો મોકલીને ગ્રીસ સુધી જૈનધર્મનો પ્રચાર કર્યો હતો. તે સમયે જૈનોની સંખ્યા ૪૦ કરોડ સુધી પહોંચી ગઈ હતી.

૨૫૬

માલ ખરીદનાર અને વેચનાર વેપારી કરતાં દલાલનું તોફાન હંમેશાં વધુ હોય છે દલાલ જીભ છે. એના પંજામાં ન સપડાઈ જનાર જ સંયમી બની શકે છે.

૨૫૭

વિષયની અને તેનાં સાધનોની પ્રાપ્તિની ઇચ્છા તે આર્તધ્યાન અને પ્રાપ્ત થયેલાની રક્ષણબુદ્ધિ તે રૌદ્રધ્યાન કહેવાય છે.

૨૫૮

જનોઈમાં રહેલા સંકેત વિષે જોડાજોડ રાખેલી ચાર આંગળીઓનાં મૂળ ઉપર છન્નું વાર સૂત્ર વીંટી જનોઈ બનાવવામાં આવે છે. તે એમ સૂચવે છે કે આપણો સ્થૂલ દેહ પોતાના છન્નુ આડા આંગળની ઊંચાઈ જેટલો છે. ચાર આંગળ એ દેહમાં રહેલા આત્માના ચાર પાદ (વિશ્વ તૈજસ પ્રાજ્ઞ તુરિય) બતાવે છે, પછી તેને ત્રેવડું કરી એમ સૂચિત થાય છે, ત્રણ ગુણ વડે પિંડ બ્રહ્માંડની દશ્ય સ્થિતિ છે.

૨૫૯

સહસ્રકૂટમાં ૧૦૨૪ પ્રતિમાઓ હોય છે. પાંચ ભરત, પાંચ ઐરવત એ દશ ક્ષેત્રની; વર્તમાન, અતીત, અનાગત એ ત્રણ ત્રણ ચોવીશીના ૭૨૦ અને પાંચ મહાવિદેહની ૧૬૦ વિજયોની અંદરના ૧૬૦ તીર્થંકરો, આ અજીતનાથ સ્વામીના સમયે વિદ્યમાન હતા. ૨૦ વિહરમાન અને ભરતક્ષેત્ર વર્તમાન ચોવીશીના ૨૪ પાંચ પાંચ કલ્યાણની દ્યોતક ૧૨૦ મૂર્તિઓ અને ચાર શાશ્વત પ્રતિમા, કુલ ૧૦૨૪ મળી રહે છે ઉપર પ્રમાણે હિસાબ બરાબર છે.

૨૬૦

પાંચ ઇન્દ્રિયોના ૨૩ વિષયોને શુભ અશુભ સચિત્ત અચિત્ત અને મિશ્ર અને રાગ દ્વેષ વડે ગુણીએ તો ૨૫૨ વિકારો થાય છે.

૨૬૧

મરીની સાથે સંચળના સેવનથી હડકાયા કૂતરાનું ઝેર શમે છે, તે પ્રમાણે નમ્રતા અને સરળતાના સેવનથી વેરનું ઝેર ઝરી જાય છે. મરી સાથે કરીયાતાના સેવનથી કમળો મટે છે, તે પ્રમાણે સમ્યગ્જ્ઞાન સાથે સમતાના સેવનથી ભ્રમણાઓ ભાંગે છે. ટંકણખાર સાથે મરીના આસેવનથી પેટમાં બરોલ મટે છે. પ્રશમ અને વૈરાગ્યથી અંતરના કામક્રોધ મટે છે. મરી સાથે ઘોડાવજને ઘસી ડંખ ઉપર લગાવવાથી વિંછીની વેદના રહેતી નથી. તેવી જ રીતે અશરણ અને અનિત્ય ભાવના ભાવવાથી આર્તધ્યાનની વેદના વીખરાય છે અને પીપર સાથે મરી લેવાથી વાયુની પીડા વિલીન થાય છે. તેમ જીનેશ્વરની આજ્ઞા અને સેવા દ્વારા દુન્યવી વલોપાત રહેવા પામતો નથી.

૨૬૨

સુખનું મળ સમતા અને દુઃખનું મૂળ મમતા માયાનું મૂળ મિથ્યાત્વ અને સત્યનું મૂળ સમકિત છે. રોગનું મૂળ ભોગ અને ભોગનું મૂળ સંયોગ છે.

૨૬૩

ચારિત્ર કયાં માન્યું. એક ગીતાર્થનું, બીજુ ગીતાર્થની

નિશ્રાવાળું. સંયમ માન્ય છે સિવાય સર્વજ્ઞ શાસનને સંયમ માન્ય નથી. કાં તો સ્વયંશક્તિ સામર્થ્યવાળો થા નહિ તો શક્તિના સૂત્રધારને આધીન થા. આ પ્રભુશાસનનો મર્મ છે.

૨૬૪

સમ્યગ્જ્ઞાન એ શાસનની જડ છે. મહાનિશિથમાં વિધાન છે કે જ્ઞાનપંચમીનો ઉપવાસ ન કરે તો પ્રાયશ્ચિત આવે! શાથી? જ્ઞાન એ આરાધનાનું મુખ્ય અંગ છે એમ જ્ઞાપન કરવા માટેજ જ્ઞાનપંચમીના પ્રાયશ્ચિતનું કથન છે.

૨૬૫

અપરિણીત અને અતિપરિણીતને છેદ એટલે બાદ કરીને અને પરિણીતની પરીક્ષા કરીને એકાન્તમાં દેવા યોગ્ય સૂત્ર તેનું નામછેદસૂત્ર કહેવાય છે.

૨૬૬

જીવને સત્ય માર્ગમાં જોડી દે તે આક્ષેપિણી; મિથ્યાત્વથી પાછો હઠાવે તે વિક્ષેપિણી; સંસાર પ્રતિ ઉદ્વેગ ઉત્પન્ન કરાવે તે નિર્વેદિની અને મોક્ષાભિલાષ ઉત્પન્ન કરાવે તે સંવેદિની. આ ચાર કથાઓ શાસ્ત્રોકત છે.

૨૬૭

ઓલવાતી જિંદગીના ઝાંખે અજવાળે પણ ભાગ્યશાળીઓની જીભ ઉપર પોતાના ઇષ્ટ અને પ્રિય પરમાત્માનું પવિત્ર નામ ચડે છે.

૨૬૮

પંચાશકજીમાં હરિભદ્રાચાર્યવર્ય "सुश्रुषादि गुणस्पर्शाः" ગુણોનું સ્પર્શન કરનારો આત્મા સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

૨૬૯

કલ્પસૂત્રમાં એક લાખ, ઓગણસાઠ હજારની સંખ્યા કહી છે તે ફક્ત પોતાને હસ્તે થયેલ તે સમજવા શિષ્યાદિકથી થયેલા શ્રાવકોની સંખ્યા તે જુદી સમજવી.

૨૭૦

પ્રાણીના જીવો સંઘટ્ટન માત્રથી ઘણો ભાગ નાશ પામે છે, જ્યારે વનસ્પતિ માટે તેમ નથી. સિવાય જળ હોય ત્યાં વનસ્પતિ હોય છે કેમ કે 'जत्थ जलं तत्थ वणं' અતઃ પાણી અને વનસ્પતિ બે પ્રશ્નો સામે આવે ત્યારે જલમાર્ગ ત્યાજ્ય કરવો જોઈએ.

૨૭૧

જેમ ઇંગ્લેન્ડ વગેરેથી આપેલા વાયરલેસ ટેલિગ્રાફનો સંદેશો માસ્તર આપણને આપણી માતૃભાષામાં જણાવે છે તેમ તીર્થંકર દેવોના પાઠવેલા સંદેશાઓ મુનિમાસ્તરો આપણને આપણી ભાષામાં સમજાવે છે.

૨૭૨

ઓ વીર! તારી વાણીના કોષમાં ધિક્કાર જેવો કડવાશ ભરેલો શબ્દ શોધ્યોય ન મળે?

૨૭૩

ઇરિયાવહીના મિચ્છામિ દુક્કડં ૧૮૨૪૧૨૦ થાય

છે, તે આ રીતિએ મેળવી શકાય છે. જીવના મુળ ૫૬૩ ભેદો હોય છે, તેને અભિહ્યાદિ દશે ગુણતાં ૫૬૩૦, તેને રાગ દ્વેષ ગુણતાં ૧૧૨૬૦, તેને મન વચન કાયાથી ગુણવા પછી કૃત કારિત અને અનુમતિથી ગુણવા, પછી ત્રણ કાળથી ગુણવા, પછી અરિહંત સિદ્ધ સાધુ સમ્યગૂદષ્ટિ દેવ ગુરૂ અને આત્માની સાક્ષીરૂપ છ પદે ગુણવાથી ઉપરની સંખ્યા મળી રહે છે.

૨૭૪

નીકળવા માટે પગ ઉપાડયો ત્યારે નીકળ્યા અને બીજાઓ પકડીને કાઢે ત્યારે કાઢયો એમ કહેવાય છે. આ વાત વીસારતા નહિ.

૨૭૫

રાજીનામું આપીને જનાર નોકર બીજા સ્થાન (ગતિ)માં આબરૂ પગાર (જાતિકૂળ) વગેરે સારી રીતે પ્રાપ્ત કરી પોતાની કિંમતમાં વધારો કરે છે, જ્યારે રજા મળ્યા પછી જ નીકળેલો નોકર શાન્તિ સુખ અને સગવડતાનું સન્માનભર્યું સ્થાન સંપ્રાપ્ત કરી શકતો નથી.

૨૭૬

જન્મતાં સાથે કશું જ લાવ્યા નથી. મરતાં પણ સાથે કંઈ જ લઈ જવાના નથી અને જન્મ-મરણ વચ્ચેની જિંદગીમાં મેળવેલી માયા રહે તેનો ભરોસો નથી તો પછી હીરામાણેક, મોતી કે સોના-ચાંદીની પાછળ શા માટે ચગદાઈ મરવું ? સ્ત્રીઓ વાસણ માંજવા માટે સફેદ માટીનો

સંચય કરે છે અને ભાઈઓ પહેલાંના જમાનામાં ચોપડામાં નામું લખ્યા પછી બારીક રેતી નાખતા હતા. તે તે લોકોને તે તે ચીજની જેટલી કિંમત હતી તેટલી આપણને મૂલ્યવંતા માનવજીવનની કિંમત ખરી કે ?

૨૭૭

જે કાર્ય માનવ અંતર્મૂહૂર્તમાં કરી શકે છે તે કાર્ય દેવતા તેત્રીશ સાગરોપમે પણ કરવા અસમર્થ છે.

૨૭૮

વીતરાગના વારસદારોએ દેવાધિદેવનું પૂજન કરતી વખતે પુષ્પના બે ટુકડાઓ કદાપિ કરવા નહિ. પુષ્પની કળી ચૂંટવી નહિ, ચંપા કે કમળનું પુષ્પ પણ ચૂંટવું નહિ. શાન્તિને માટે શ્વેત પુષ્પ ચઢાવવું સારૂં છે. લક્ષ્મીને માટે પીળું પુષ્પ ચઢાવવું, મંગળને માટે લાલ પુષ્પ ચઢાવવું, કોઈનો પરાજય કરવો હોય તો શ્યામ પુષ્પ માનેલું છે. શાન્તિકર્મમાં પંચામૃત શુભ છે, વધુમાં શાન્તિ તુષ્ટિ માટે અગ્નિમાં લવણ પ્રક્ષેપ શ્રેયસ્કર છે. પં. શ્રી વીરવિજયજીકૃત પ્રશ્ન ચિન્તામણી પૃ. ૨૦૮માં પ્રભુનું પૂજન કરનારાએ પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ મુખ રાખી પૂજા કરવી જોઈએ; પરન્તુ દક્ષિણ દિશાનો તથા વિદિશાઓનો સદા ત્યાગ કરવો જોઈએ. પશ્ચિમમાં મુખ રાખીને પૂજા કરવામાં આવે તો તેની ચોથી સંતતિનો નાશ થાય છે અને દક્ષિણ દિશામાં મુખ રાખીને પૂજા કરવામાં આવે તો તેને બિલકુલ સંતાન થતું નથી.

૨૭૯

ઇન્દ્રભૂતિ, ભગવાન શ્રી મહાવીર પાસે આવે છે ત્યારે પ્રભુના સમવસરણમાં પગથીએ પગ મૂકે છે ત્યાં સુધી મિથ્યાત્વી છે, પ્રશ્ન પૂછે છે ત્યાં સુધી મિથ્યાત્વી છે, સમ્યગ્દૃષ્ટિ ત્યારે થયા જ્યારે ભગવાને કહેલું પરિણમ્યું. સમ્યક્ત્વપ્રાપ્તિ અને દીક્ષા વચ્ચે અંતર માત્ર અંતર્મુહૂર્તનું છે. મનુષ્ય ધારે તો એક અંતર્મુહૂર્તમાં એટલું અંતર તોડી શકે છે એટલે કે મનુષ્યની જિન્દગાનીમાં જે કાર્ય બે ઘડીમાં થાય છે તે દેવતાની તેત્રીશ સાગરોપમની જીંદગીમાં પણ થઈ શકતું નથી.

૨૮૦

આચરણમાં કદાચ શક્તિની ખામી ચાલી શકે છે પરન્તુ દેવગુરૂ અને ધર્મની શ્રદ્ધામાં શક્તિની ખામી લેશ પણ ચાલી શકે નહિ.

૨૮૧

શ્રી આવશ્યકજીની ટીકામાં ૧૨ યોજન છેટે રહેલા તીર્થંકર દેવનાં દર્શન જો સ્વયં ન કર્યાં હોય તો તે સાધુ–સાધ્વીજીએ સમવસરણમાં જરૂર જવું જોઈએ. યદિ ન જાય તો પ્રાયશ્ચિત્ત આવે.

૨૮૨

ઇન્દ્રિયોના વિષય માત્રના હુકમો શરીરની ઓફિસ (કાર્યાલય)માંથી છૂટે છે જ્યારે આત્માની ઓફિસમાંથી તો માત્ર તેની ડિલિવરી થાય છે.

૨૮૩

વેરની પરંપરા વટવૃક્ષની જેમ વિસ્તરે છે માટે વેરનાં બીજ વાવશો નહિ.

૨૮૪

કારણ પુરસ્સર નિકળવાનું હોવાથી અને બીજી વખત અવગ્રહમાં રહેવાનું હોવાથી 'આવસ્સીહાએ' એ પદ ન કહેવાનું વિધાન સમુચિત છે.

૨૮૫

સૂર્ય ઉદય પહેલાં જે પચ્ચક્ખાણ ધારી શકાય, તેમાં ઉગ્ગએ સૂરે બોલાય છે અને સૂર્યોદય પછી પણ ધારી શકાય. તેમાં સૂરે ઉગ્ગએ કહેવામાં આવે છે.

૨૮૬

જે સુખની પાછળ દુઃખ ડોકિયું કરે તે સુખ નહિ પણ દુઃખ. જે યશની પાછળ અપયશ આંટા મારે તે યશ નહિ પણ અપયશ. જે ઉદયની પાછળ અસ્તની અણધારી આફતો ઉભરાઈ આવે તે ઉદય નહિ પણ અસ્ત.

૨૮૭

ઉપાશ્રયે કે કોઈ પણ સ્થાને જ્યાં સાધુ-મહારાજા વિદ્યમાન હોય ત્યાં વ્યાખ્યાનાદિ પ્રસંગે શ્રાવક સામાયિક કરતાં "જાવ સાહુ પજ્જુવાસામિ" એવો પાઠ બોલી શકે.

૨૮૮

ભક્તિ કરો પણ વિભક્તિ ન કરો. એક રાજાની રાણીએ છ માસના ઉપવાસો કર્યા, ઉપવાસ પરિપૂર્ણ થયા ત્યારે ધામધૂમથી પારણું કરવામાં આવ્યું, પણ પારણાના પ્રસંગે શું કર્યું? હજારો મૃગલાઓને મરાવીને ઉજાણી કરી ગામ જમાડયું. આવી ભયાનક ભક્તિ શ્રાવક ન કરી શકે. બક્ષિસ કરોડોની પણ હિસાબમાં કોડી પણ ન જવી જોઈએ.

૨૮૯

જન્મ એ બાવળિયાનું બીજ છે જ્યારે મરણ એ બાવળિયાના કાંટા છે, તો પછી જન્મરૂપી બાવળિયા તો વાવે જ જવા અને મરણરૂઠી કાંટાથી ડરવું એ કેમ ચાલે?

૨૯૦

સમુદ્ર પાણી લે છે અને બદલામાં વરાળ આપે છે, આકાશ વરાળ લઈ પાણી આપે છે. આ રીતિએ પ્રકૃતિની પ્રક્રિયા અવિરત ચાલે જ જાય છે. સમાજજીવનની પણ આ દશા જ છે. જીવનની પ્રત્યેક પળે આપણે આપણા નિકટના સમાજબંધુઓ, પૂર્વજો અને માતૃભૂમિના દેવાદાર બનીએ છીએ. આ ઋણમાંથી મુક્ત થવા આપણે નિષ્કામ બુદ્ધિથી આવશ્યક ફરજો અદા કરવા માટે સદા સચેષ્ટ રહેવું જોઈએ.

૨૯૧

દ્રવ્ય ક્ષેત્ર અને કાલનો પ્રશ્ન સામે રાખીને શ્રાવિ-

કાઓએ જીનમન્દિરમાં પ્રભુની પ્રતિમા સમીપે ગીત નૃત્યાદિ કરવું જોઈએ. મુખ્યત્વે નૃત્યાદિ પોતાના ઘર દેરાસરમાં કરવું ઉચિત લેખાય છે. જેમ ઉદાયન રાજાની પટ્ટરાણી પ્રભાવતી પોતાના ઘર–દેરાસરજીમાં પ્રભુની આગળ નૃત્ય વગેરે કર્યું હતું.

૨૯૨

હરિ ગરજ્યો હરિ ઉપજ્યો, હરિ આયો હરિ પાસ
જબ હરિ હરિ મેં ગયો, તબ હરિ ભયો ઉદાસ.

હરિ એટલે વરસાદ વરસ્યો કે હરિ–દેડકો ઉત્પન્ન થયો. તે દેડકાને ખાવા માટે હરિ–સાપ પાસે આવ્યો. તેટલામાં દેડકો હરિ એટલે પાણીમાં ગયો. પરિણામે

આપણું ચિત્સ્વરૂપ સમજાઈ જાય તો જડ સાથેનો આપણો જીવતાં સંબંધ લુપ્ત થતાં વાર ન લાગે. જડની અને તેના પ્રભાવની આપણા ઉપર ઘેરી અસર ન થાય. આપણે આપેલી જ્યોતિએ જડ પદાર્થો પ્રકાશિત થાય છે. આવું સમજાય તો આપણું ચેતન જડ સમક્ષ હેબતાઈ ન જાય.

અને તેના પ્રભાવની આપણા ઉપર ઘેરી અસર ન થાય. આપણે આપેલી જ્યોતિએ જડ પદાર્થો પ્રકાશિત થાય છે. આવું સમજાય તો આપણું ચેતન જડ સમક્ષ હેબતાઈ ન જાય.

૨૯૫

દીન હીન દરિદ્ર દશામાં સબડતો આત્મા. જો જાણે કે હું તો પરમાત્માનો જ ચિદંશ છું તો સિંહનાદ કરીને પોતાના ઉપરની માયાની શિયાળ–લીલાનો ત્યાગ કરી સિંહલીલાને સ્વીકારશે.

૨૯૬

જયાં જંઘાના અર્ધ ભાગ સુધીનું જળ હોય, તે દક સંઘટ્ટ કહેવાય. નાભિ સુધીનું હોય તે લેપ કહેવાય છે અને નાભિથી વધારે પાણી હોય તે લેપોપરિ કહેવાય છે.

૨૯૭

શ્રી આચારાંગ સૂત્રમાં ૨૧ જાતનાં પાણીનું વિધાન છે તે આ પ્રમાણે છે : ૧. ઉત્સ્વેદિમ આટા વગેરેથી ખરડાયેલા હાથ આદિના ધોવણનું પાણી. ૨. સંસ્વેદિય–અરણી વગેરેનાં પાન પ્રમુખ ઉકાળીને ઠંડા પાણીથી સિંચન કરવામાં આવે છે તે. ૩. તંદુલોદક–ચોખાના ધોવણનું પાણી ૪. તિલોદક–તલ ધોયેલું પાણી. ૫. તુષોદક–ડાંગર વગેરે ધોયેલું પાણી. ૬ યવોદક–જવ ધોયેલું પાણી. ૭ આયામ–ઓસામણ. ૮. સૌવીર–કાંજીનું પાણી. ૯. શુદ્ધ વિકટ–ઉકાળેલું પાણી. ૧૦. આમ્રપાવક–આંબાનું પાણી.૧૧.અંબાડક પાવક અંબાડનું પાણી. ૧૨. કપિત્થ પાવક–કોઠાનું પાણી. ૧૩. માતુલિંગપાનક–બીજોરાનું પાણી. ૧૪. દ્રાક્ષાપાનક–દ્રાક્ષનું પાણી. ૧૫. દાડિમપાનક–દાડમનું પાણી. ૧૬. અર્જૂરપાનક–ખજૂરનું પાણી. ૧૭. નાલિકેરપાનક–નાળિયેરનું

પાણી. ૧૮. કરીરપાનક-કેરડાનું પાણી. ૧૯. બદરપાનક બેડરનું પાણી. ૨૦. આમલક પાણી-આંબળાનું પાણી. ૨૧. ચિગ્ચાપાનક-આંબળાનું પાણી. એમાં પૂર્વનાં નવ કલ્પસૂત્ર સામાચારીમાં કહેલાં છે, ચાતુર્માસ રહેલા એકાન્તે ઉપવાસ કરનાર સાધુને પહેલાંના ત્રણ જાતનાં પાણી કલ્પે છે તે જ રીતિએ છઠ્ઠ કરનાર સાધુને પછીનાં ત્રણ પ્રકારનાં પાણી કલ્પી શકે, તે જ રીતિએ અઠ્ઠમ કરનારને ત્યાર પછીનાં ત્રણ એટલે ૭ થી ૯ સુધીનાં પાણી ગ્રહણ કરી શકાય છે અને અઠ્ઠમ ઉપરાંત તપસ્યા કરનાર સાધુમહારાજાને એક ઉષ્ણોદક જ પીવું કલ્પે છે.

૨૯૮

આચાર્ય હરિભદ્ર સૂરિવર કહે છે કે એક પુદ્ગલપરાવર્ત સંસાર બાકી હોય તે જ હમેશાં તીર્થંકર પરમાત્માની પીયૂષમયી વાણીનું પાન કરી શકે છે.

૨૯૯

દ્વાદશાંગી અર્થથી ફરતી નથી પણ શબ્દથી ફરે છે, પણ નમસ્કાર મહામંત્ર શબ્દથી કે અર્થથી ફરતો નથી. કારણ કે તેમાં જાતિવાચક પદો છે.

૩૦૦

મસ્તક પર હાથ ફેરવતાં સાતમી નરકના દળીયા ખસેડવાની શક્તિ સાધુવેષમાં છે કે જે સાધુવેષની સર્વોત્કૃષ્ટતા જગતભરના બીજા કોઈ વેષમાં નથી.

૩૦૧

નસેનસમાંથી નિરોગતા નીતરી રહી હોય એવા ત્રીશ વર્ષના તરૂણને ખર્ચ કરતાં સો ગુણી આવક હોય, સ્થાવર જંગમ મિલકતો નદીના પૂરથી જેમ ઉભરાતી હોય, સ્ત્રી આદિ ઐહિક ભોગની સમ્પૂર્ણ સામગ્રીઓથી તે તરૂણ તરલિત હોય, કૌટુમ્બિક ચિન્તાનું નામનિશાન પણ ન હોય અને સંગીતકલામાં અતિપ્રવીણ એવો તરૂણ-પુરૂષ દેવતાના ગીત સાંભળવાના અવસરો છોડીને પણ અત્યંત આદરથી સમ્પૂર્ણ સદ્ભાવ સાથે વીતરાગપ્રણિત ધર્મશ્રવણ કરે તે શ્રુતિરાગ. આવો શ્રુતિરાગ જીવનને નવપલ્લવિત બનાવે છે.

૩૦૨

તીવ્ર સંવેગ વગર ઉપશમ ભાવની ઊર્મિઓ હૃદય-મન્દિરમાં ઉછળતી નથી.

૩૦૩

ભવવિરહની ભવ્ય ઇચ્છાનાં આંદોલનો વગર કોઈ પણ ભવ્યાત્મા ભવનો અંત કરી શકતો નથી જ

૩૦૪

BBCIRy આ અક્ષરોને વાંચીને ઇંગ્લીશ ભાષાનો જાણકાર નક્કી કરે છે કે 'બોમ્બે બરોડા સેન્ટ્રલ ઇન્ડિયા રેલવે' છે. તેવી રીતે શ્રાવક આ ત્રણ અક્ષરોનો પરમાર્થ

श्रद्धालुतां याति पदार्थ चिन्तनात् धनानि पात्रेषु वपत्यनारतम्
क्रिरत्यपुण्यान सुसाधु सेवनात् अथापि तं श्रावक माहु रञ्जसा

૩૦૫

મોક્ષની નિસરણીનાં ચૌદ પગથિયાં હોય છે, તેમાં અગિયારમા પગથિયા સુધી પહોંચેલો આત્મા પડે અને આથડે તો સીધો નિગોદમાં ઉતરી જાય. તેવી રીતે મનઃપર્યવજ્ઞાન પામેલો આત્મા પણ તરત મરીને નિગોદમાં પણ જાય.

૩૦૬

મુનિસુવ્રત સ્વામીના સમયમાં સૌધર્મેન્દ્ર ઉત્પન્ન થયા હતા.

૩૦૭

તીર્થંકર નામ કર્મનો બંધ કુંવારી કન્યાની સગાઈ થયા જેવો છે. સગપણ થયું એટલા માપથી ઘર મંડાઈ જતું નથી. સગાઈ થયા પછીથી કોઈ કન્યા મરી પણ જાય. તેવી રીતિએ કોઈ જીવ તીર્થંકર ગોત્ર બાંધીને તીર્થંકર થઈ મોક્ષે પધાર્યા અને કોઈ જીવડાનું સંયોગવશાત્ તીર્થંકર ગોત્ર વીખરાઈ પણ ગયું. અતઃ તીર્થંકર નામકર્મ પ્રતિપાતિ પણ છે. વરબોધી તો અપ્રતિપાતિ છે. નવાંગી ટીકાકાર અભયદેવ સૂરીશ્વરજી મહારાજા કહે છે કે તીર્થંકર નામકર્મ નિકાયના વખતે જે સમ્યક્ત્વ છે તે વરબોધિ છે.

૩૦૮

નવનિયાણાં: ૧. નૃપત્વ નિદાન–સાક્ષાત્ દેવ કોણે દેખ્યા છે? રાજાઓ જ દેવ મનાય છે માટે મારી તપશ્ચર્યાનું

ફળ હોય તો હું રાજા થાઉં, આ નિદાનવાળો જીવડો સ્વર્ગમાં જઈને ત્યાંથી આવી રાજ્ય પામે છે; પરંતુ એ રાજ્યભવમાં સમ્યક્ત્વાદિ ધર્મ પામતો નથી અને દુર્લભ-બોધી થાય છે. ૨. શ્રેષ્ઠિત્વનિદાન–રાજાઓ હંમેશાં રાજ્યની કારોબારીમાં ડૂબેલા હોય છે, તેથી અનેક ચિન્તાઓમાં રોકાઈ રહેલા હોય છે, અતઃ શ્રેષ્ઠિ થાઉં તો તો સારૂં. ૩. સ્ત્રીત્વ નિદાન–પુરૂષો હંમેશાં વ્યાપારાદિ વ્યવસાયમાં જ વ્યગ્ર હોય છે. અતઃ સ્ત્રી થાઉં તો સારૂં છે. ૪. પુરૂષત્વ – સ્ત્રી હંમેશાં પરાધીન ને પરતંત્ર હોય છે. તે અન્ય ઘેર જઈને એક દાસી તરીકેનું કામ કરે છે માટે પુરૂષ થાઉં તો સારૂં છે. ૫. પર પ્રવિચાર–મનુષ્યોના ભોગો મલીન હોય છે માટે જે દેવો અન્ય દેવદેવીની સાથે વિષયવિલાસ કરે છે અથવા પોતે જ બીજા દેવદેવીને વિકુર્વી વિષયોપભોગ કરે છે તેવો હું થાઉં. ૬. સ્વપ્રવિચાર. જે દેવો પોતે જ પોતાનું દેવીરૂપ વિકુર્વીને તેની સાથે વિષયવિલાસ કરે છે તેવો થાઉં. ૭. અપ્રવિચાર–કામભોગો પ્રત્યે વૈરાગ્યવાળો થવાથી વિચારે કે જ્યાં કામભોગ નથી તેવા સ્થાને ઉત્પન્ન થાઉં. આ જીવ ગ્રૈવેયકાદિ સ્વર્ગમાં જઈ ત્યાંથી ચ્યવી મનુષ્ય થાય તો સમ્યગ્દર્શન પામે પરંતુ દેશ વિરત્યાદિ ધર્મ ન પામે. ૮. દરિદ્ર નિદાન ઘણા ધનથી, ઘણા આરંભ–સમારંભ થતાં ઘણું જ પાપ બંધાય છે, માટે દરિદ્રી થાઉં તો સારૂં. આ નિદાનવાળો જીવ સ્વર્ગે જઈ ત્યાંથી ચ્યવી દરિદ્રી થઈ સર્વ વિરતી પામે પણ મોક્ષ ન પામે. ૯. શ્રાદ્ધ નિદાન–શ્રાવક થાઉં

તો સારૂં, આ નિદાનવાળો અન્ય ભાવે સર્વ વિરતી ન પામે, સૌભાગ્યાદિ અનેક નિદાનો એ નવમાં જ અન્તર્ગત જાણવાં. નિદાન કરનારો જીવડો પૂર્વભવમાં ઉત્કૃષ્ટ ધર્મની આરાધના કરી હોય તો પણ પ્રાયઃ નરકાદિ દુર્ગતિ પામે, જેમ સુભૂમચક્રી.

૩૦૯

સદ્ગુણ વિનાનું સૌન્દર્ય પરાગ વિનાના પંકજ જેવું છે.

૩૧૦

આશા ભલે અધૂરી રહે, પણ આશાના આધાર ન તૂટે એ લક્ષમાં રાખો.

૩૧૧

સો મસાલેમેં એક ધનિયા ઔર સો બ્રાહ્મણોમેં એક બનિયા.

૩૧૨

દેવો પુંણ્યશય્યામાં ઉત્પન્ન થાય છે અને મૃત પછી કર્પુર સળગાવતાં જેમ ઊડી જાય છે, તેમ દેવોના શરીરના પરમાણુઓ ઉડી જાય છે.

૩૧૩

મનુષ્ય અને તિર્યંચોને સચિત્ત, અચિત્ત અને મિશ્ર ત્રણે જાતના આહાર હોય છે, જ્યારે દેવતા નારકીને અચિત્ત હોય છે. દેવતાઓને સ્નાન હોતું નથી કેમ કે તેઓ મલીન નથી.

૩૧૪

દિવાસળી જેમ અંધારાનો નાશ કરે છે અને અજવાળું આપે છે તેમ તપ પણ કર્મને રોકે છે અને નાશ પણ કરે છે. ચારિત્રરૂપ સંવર આવતાં કર્મોને રોકે છે, પણ પૂર્વોપાર્જિત કર્મોને નાશ કરવાની તેની તાકાત નથી, જ્યારે તપ બેય કાર્ય કરે છે.

૩૧૫

સૂર્ય બાર માસની સંક્રાન્તિમાં બારરૂપ ધારણ કરે છે તેમ તપના પણ બાર પ્રકાર છે,

૩૧૬

જે વખતે અજ્ઞાનતા, વહેમ ગતાનુગતિકતા અને સંકુચિતતા પોતપોતાનો અડ્ડો જમાવીને બેઠાં હતાં તે વખતે જૈનાચાર્ય વિજયાનન્દનસૂરીશ્વરજી મહારાજાએ શાસ્ત્ર અને સંયમનો સિંહનાદ સંભળાવી જૈનસંઘને સાવધાન કર્યો હતો.

૩૧૭

ક્ષમા એ વીરતાની વૃદ્ધાવસ્થા છે.

૩૧૮

"परोपदेशे पाण्डित्यं सर्वेषां सुकरं नृणाम्" આ વાક્ય જેટલું સહેલું છે તેટલું જ પોતાના માટે મુશ્કેલી ભરેલું છે.

૩૧૯

જ્યાં ત્યાં આ વીસમી સદીના વાયરા વાઈ રહ્યા

છે, પરિણામે નીતિરીતિ કે ધર્મના પવિત્ર સિદ્ધાન્તોનું ખૂન કરી કંકુમાં નળિયાનો ભૂકો, ઘીમાં તેલ, મરચાનો મસાલો તેમાં રંગનું મિશ્રણ, તેલમાં વ્હાઈટ ઓઈલ, દુધમાં પાણીનું મિશ્રણ, પેંડામાં શંખજીરાનું મિશ્રણ. ચાની ભૂકીમાં લાકડાની ભૂકીનું મિશ્રણ અને ગાંઠીઆમાં મકાઈના લોટનું મિશ્રણ વગેરે. આવી વીસમી સદી કોને વસમી ન લાગે?

૩૨૦

ધાતુઓ અને સત્પુરૂષો એ બંનેને સમકક્ષાની કોટીમાં ગણવામાં આવ્યા છે. સંસ્કૃત વ્યાકરણમાં ક્રિયાપદના ધાતુઓ બે પ્રકારના પ્રત્યયો લે છે પરસ્મૈપદ પ્રત્યય અને આત્મનેપદ પ્રત્યય. તેમાં જે ધાતુઓ પરસ્મૈપદ પ્રત્યયો લે છે તે ધાતુઓ પોતાના મૂળ રૂપવાળા હોય છે અને જે ધાતુઓ આત્મનેપદ પ્રત્યયો લે છે તે ધાતુઓને આત્મનેપદીની નિશાની તરીકે ङ ઇત્ સંજ્ઞાવાળા અક્ષરો જોડવા પડે છે, અને તે ઉપાધિ સ્વરૂપ છે. ધાતુને પરસ્મૈપદી પ્રત્યય અર્પવામાં ધાતુ જેવો હોય તેવો સ્વાભાવિક રહે છે અને આત્મનેપદી બનવું હોય તો, એટલે કે પોતાને જ પદ જોઈતું હોય તો ઉપાધિવાળા થવું પડે છે, તેમ રાજ્યાદિપદનું અર્પણ બીજાને કરવું એ તો સત્પુરૂષોને સહજ છે. સત્પુરૂષોનો સ્વભાવ એવો છે કે પરસ્મૈપદાર્પણ બીજાને કરવું; પરંતુ આત્માને-પદાર્પણ-બીજા કોઈ પોતાને પદ આપતો હોય તે પોતાને ઉપાધિરૂપ લાગે.

૩૨૧

અષ્ટાંગ નિમિત્ત તથા શકુન શાસ્ત્ર યા જ્યોતિષ વગેરેનો દ્વેષ કરનારને કુશલક્ષેમ ન હોય. વૈદકનો દ્વેષ કરનારને આયુષ્યની સલામતી ન હોય, નીતિન્યાયના દ્વેષીને લક્ષ્મી ન હોય. પરન્તુ ધર્મના દ્રોહીને એમાંનું કશું જ ન હોઈ શકે.

૩૨૨

લૂણની અચિત્તતા પ્રબલ અગ્નિશસ્ત્ર વિના થતી નથી. શ્રી ભગવતીજીમાં ચક્રવર્તીની બલવતી દાસી વજ્રમય પથ્થરથી અલ્પ પૃથ્વીકાયને વજ્રની શિલા ઉપર ૨૧ વાર જોરશોરથી વાટે-લસોટે તો પણ કેટલાક જીવોને તો પથ્થર સ્પર્શતો પણ નથી.

૩૨૩

ઉચ્ચાર, પ્રસ્રવણ, શ્લેષ્મ, લીંટ, વમન, પીત્તમાં, શુક્ર-રૂધિર, ખરેલા શુક્રમાં, સ્ત્રી-પુરૂષના સંયોગમાં, નગરની ગટરોમાં, ગામની ગટરોમાં અને સર્વ અશુચિ સ્થાનમાં સમૂચ્છિમ મનુષ્યો અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહનાવાળા અસંજ્ઞી, મિથ્યાદૃષ્ટિ, બે અજ્ઞાનવાળા અને લબ્ધિ અપર્યાપ્તા ઉત્પન્ન થઈ અન્તર્મુહુર્ત આયુષ્યવાળા મરણ પામે છે.

૩૨૪

પાલકકુમારે કરેલું સાક્ષાત વંદન પણ દ્રવ્ય દેવવંદન અને શામ્બકુમારે ઘેર બેઠાં બેઠાં કરેલું ભાવવંદન તથા

મહારાજા શ્રીકૃષ્ણની અનુમતિએ વીરકે ૧૮,૦૦૦ સાધુને વંદન કર્યું હતું તે દ્રવ્યવંદન કહી શકાય છે. ભાવવંદન હંમેશાં વધારે મહર્ધિક છે.

૩૨૫

શ્રાવક હંમેશાં જઘન્યથી અષ્ટ પ્રવચન માતા અને ઉત્કૃષ્ટ છ જીવનિકા અધ્યયન શ્રી દશ વૈકાલિક ચતુર્થ અધ્યયન સૂત્ર અને અર્થથી અને પિંડૈષણા નામનું પાંચમુ અધ્યયન સૂત્રથી ન ભણવું પણ ગુરૂ મુખે સૂત્રાલાપક સહિત અર્થથી સાંભળવું એ ગ્રહણ-શિક્ષા કહેવાય. અને નવકાર સહિત જાગવું ઇત્યાદિ જાગૃતિથી આરંભીને શયનારૂઢ સુધીની શ્રાવક માટેની દિનચર્યા રાત્રિચર્યા યથાવિધિ આચરવી તે આસેવન-શિક્ષા કહેવાય છે.

૩૨૬

સોમાદિત્ય શ્રેષ્ઠીને ફકત એક જ પુત્ર છે. ધનમાલનો પાર નથી. શ્રેષ્ઠી વિચારે છે કે રખેને આ પુત્ર મારું ધન ખર્ચી નાખે, તેથી રાત્રે શ્મશાનમાં જઈ વિપુલ પ્રમાણમાં ધન દાટી આવ્યો. રાત્રે આવીને સૂતો પણ નિદ્રા આવે નહિ. એને ચિન્તા ઉપજી કે રખેને ત્યાંથી કોઈ લઈ જાય. આર્તધ્યાનમાં જ મરણ પામીને તે જ સ્થળે તે દૃષ્ટિવિષ સાપ થયો હતો.

૩૨૭

ધર્મરૂપી ધનના અપહારથી જીવડાઓ જેના દ્વારા

દંડાય તે દંડ ત્રણ છે. ગણધર શ્રી ગૌતમ સ્વામીએ એક શ્રાવકને નિર્યામણા કરાવી પરન્તુ તે દરમ્યાન પોતાની પત્નીનું કપાલ બારણામાં અફળાતાં ઢીમું થઈ પડ્યું તેની ચિન્તામાં તે શ્રાવક મરણ પામી તે સ્ત્રીના કપાલના ઘામાં કૃમિરૂપે ઉત્પન્ન થયો તે મનદંડ. કૌશિક તાપસને શિકારીએ નાસી છૂટેલા મૃગનો માર્ગ પૂછતાં તાપસે સત્યમાર્ગ બતાવ્યો તે પાપથી મરણ પામી તાપસ નરકે ગયો તે વચનદંડ. કોઈ માંડવિકે પૂર્વે ભરવાડના ભવમાં ચૂકાને બાવળના કાંટામાં પરોવી તેથી ૧૦૦ ભવો સુધી શૂળીથી વીંધાવું પડ્યું, આ કાયદંડ. મન, વચન અને કાયાના યોગોનો આ રીતિએ દુર્વ્યય કરવાથી ભાવીમાં કેવું ભયંકર પરિણામ આવે છે!

૩૨૮

અખંડિત ચારિત્રવાળા અને ગીતાર્થ ગુરૂદેવની પાસે સમ્યકત્વગ્રહણ અને પ્રાયશ્ચિત્તગ્રહણ કરવું જોઈએ. શલ્યના ઉદ્ધાર માટે, પ્રાયશ્ચિત ગ્રહણ માટે ગીતાર્થ ગુરૂની શોધ ઉત્કૃષ્ટથી ૭૦૦ યોજન સુધી અને બાર વર્ષ સુધી કરવી.

૩૨૯

ભાવશલ્ય આત્માનું જેવું અહિત કરે છે તેવું શસ્ત્ર વિષ, ઉન્માદી વેતાલ અથવા રૂષ્ટ થયેલો સર્પ નથી કરતો પૂર્વભવમાં આર્દ્રકુમાર તથા ઈલાચીપુત્રના આત્માએ ચારિત્ર્યગ્રહણ કર્યા બાદ પોતાની પત્ની કે જેણે દીક્ષા લીધેલી હતી તે સાધ્વી તરફ સરાગ દૃષ્ટિથી જોયું, તેથી

ઉત્પન્ન થયેલા કર્મના પરિણામે ધર્મની પ્રાપ્તિ ન થાય તેવા અનાર્ય દેશમાં ઉત્પન્ન થવું પડયું અને નીચ કૂળનો યોગ ઇત્યાદિ કડવાં ફળો ભોગવવાનો અવસર અનુક્રમે બંનેને પ્રાપ્ત થયો હતો.

૩૩૦

✓ જીવનનું રૂપક ખૂબ જ વિચારણીય છે. આ શરીર-રૂપી એક દેશ છે, જેમાં આત્મા રાજા છે, બુદ્ધિ ન્યાયાધીશ છે. ગુણ એક ધનવાન શેઠ છે. મન એક નારદનું કામ કરનાર યત્રતત્ર કલેશનાં કેન્દ્રો ઊભાં કરનાર કીરાત છે. ધર્મ એક સંત પુરુષ તરીકે છે. કામવાસના જેલ છે. કર્તવ્ય એ પોલીસનું કામ કરે છે. સ્વાર્થ તે વકીલનું કામ કરે છે. સચ્ચાઈ તે એક સતી સ્ત્રી છે. જીવન કારો-બારીની એક રૂપક પ્રક્રિયા છે.

૩૩૧

ચૌદ પૂર્વ પૈકી દશ પૂર્વ સુધીનું જેઓને જાણપણું હોયતે દશપૂર્વી કહેવાય છે. વજ્રસ્વામીજી, જેઓને સમ્પૂર્ણ દશપૂર્વનું જ્ઞાન હોય તે આત્માઓ નિશ્ચય સમકિતવંત જ હોય છે. ચૌદપૂર્વ પૈકી નવપૂર્વનું જેઓને જ્ઞાન હોય છે તે નવપૂર્વી સાધુઓ કહેવાય છે. જેઓને નવપૂર્વ સુધીનું જાણપણું હોય છે તે આત્માઓને સમક્તિની ભજના હોય છે. કોઈ અભવ્ય અથવા મિથ્યાદૃષ્ટિ આત્માઓ દ્રવ્ય ચારિત્ર–ગ્રહણ કરીને કોઈ અવસરે દ્રવ્યશ્રુતમાં આગળ વધતાં નવપૂર્વ સુધીના જ્ઞાનને પ્રાપ્ત કરે છે.

૩૩૨

જેઓને ઘાતી કર્મનો ક્ષય થયો છે અને કેવલજ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત થયા છે તેવા તેરમા ગુણસ્થાનકે પહોંચેલા મહામુનીશ્વરોને સ્નાતક કહેવામાં આવે છે.

૩૩૩

સ્વપ્રશંસા તેમજ પરનિન્દામાં રાચવાની વૃત્તિ તે જ એક જાતની વિષકન્યા છે, જે લાગે છે મોહક અને હોય છે માદક.

૩૩૪

એક ભૂલ કેટલીક વાર આગામી અનેક ભૂલોની જનેતા બનીને ઊભી રહે છે

૩૩૫

સતી સ્ત્રી રૂપી સરિતાનું શીલ એ વિમલ જળ છે.

૩૩૬

જેટલો કંચન અને કથીરમાં તફાવત છે તેટલો જ પ્રેમ અને વાસનામાં તફાવત છે.

૩૩૭

સદાચાર એ માનવમન્દિરને સ્વચ્છ કરવાની સાવરણી છે.

૩૩૮

રત્નસંચય ગ્રન્થમાં કોઈ પરાક્રમી દેવ ૧,૦૦૦ ભાર વજનવાળો તપેલો લોખંડનો ગોળો નીચે ગબડાવે તે

ઘસાતો ચંડાગતિએ અહીં આવતાં છ માસ, છ દિન, છ પ્રહર અને છ ઘડી જેટલું અંતર કાપે તે એક રજ્જુ કહેવાય છે.

૩૩૯

જે નદીઓના જળથી સાગર અને સમુદ્રના જળથી વડવાનલ તૃપ્ત થાય, અનેક જીવોના પ્રાણ લીધા પછી પણ યમરાજ સંતુષ્ટ થાય અને અનેક કાષ્ઠો મળવાથી અગ્નિ શાન્ત થાય તો જ તૃષ્ણાની તૃપ્તિ સંભવી શકે.

૩૪૦

સર્પોના નિવાસમાં મનોહર ચંદનના ભડકાઓ દ્વારા ઘણાં જ છિદ્રોવાળું ઘર બનાવીને પુષ્પોની પથારી પાથરીને કોઈ નિદ્રા કરવા ઇચ્છે તે તદ્દન જ અશક્ય છે. યદિ કદાચ ઉપરોક્ત બિના શક્ય બને પણ માનવજીવન પુનઃ પ્રાપ્ત થવું શક્ય નથી.

૩૪૧

મુનિવરશ્રી બળદેવ રથકારક અને મૃગલો એ ત્રણે સમકાલે પંચત્વ પામીને પાંચમા દેવલોકે ગયા છે.

૩૪૨

ધોળકા મહારાજા શ્રી વીરધવલના મહામાત્ય વસ્તુપાલ-તેજપાલે પોતાના જીવનમાં ૧૩૦૦ નૂતન જીનાલયો, ૨૨૦૦ જીર્ણોદ્ધાર, સવાલાખ જીનબિંબો, બંને મંત્રીઓએ મળીને ૯૮૪ પૌષધશાળાઓ, સાત ક્રોડ સોનામહોરોનો

સદ્દ્વ્યય કરી સુવર્ણ મષીથી શાસ્ત્રો લખાવી. સાત સરસ્વતી ભંડારો કરાવ્યા અને ૧૨૮૫માં શત્રુંજય મહાતીર્થની શ્રીસંઘની સાથે યાત્રા કરી અને પ્રાન્તે ૧૨૯૮ ભાદ્રપદ શુકલ દશમી દિને સમાધિપૂર્વક સ્વર્ગવાસી થયા હતા.

૩૪૩

ઉપરોક્ત બાંધવ બેલડી જ્યારે ગિરિવરની સ્પર્શના કરવા જાય છે ત્યારે ગિરિરાજની સમીપે આ પ્રમાણે ભાવના ભાવે છે: यन्मयोपार्जितं पुण्यं, जिनशासन सेवया, जिनशासन सेवैव तेन मेऽस्तु भवेभवे ॥ મને જે કંઈ મળ્યું તે માત્ર જીનશાસનની કરવામાં આવેલી સેવાનું જ ફળ છે. અંતઃ આ ભવ મને પ્રભુશાસનની સેવા જ મળે. આગળ વધીને પોતે પોતાની લઘુતાગર્ભિત ભાવના આ પ્રમાણે ભાવી રહ્યા છે: न कृतं सुकृतं किञ्चित् सतां संस्मरणोचितं मनोरथैक साशणा मेव मेव गतं वयः ॥ સજ્જન પુરૂષોને સ્મરણ કરવા લાયક સુકૃત ન કર્યું, માત્ર મનોરથ કરવામાં જ મારી વય વીતી ગઈ!

૩૪૪

અભયદાનના બે પ્રકારો છે: દ્રવ્ય અભયદાન તે જીવોના બાહ્ય પ્રાણોની રક્ષા કરવી અને ભાવ અભયદાન તે સમ્યકત્વપૂર્વક આત્મજ્ઞાનનું જીવનદાન દેવું તે. ગૃહસ્થો હંમેશાં દ્રવ્ય અભયદાન દેવા શક્તિશાળી છે જ્યારે સદ્ગુરૂઓ ભાવ અભયદાન દેવા શક્તિશાળી છે. દ્રવ્ય અભયદાન કરતાં ભાવ અભયદાન અનન્તગણું ઉત્તમ છે.

૩૪૫

તમારામાં ચાર માણસોનું ભરણપોષણ કરવાની શક્તિ હોવી જ જોઈએ. કારણ કે એક દિવસ તમારે ચાર માણસોને ખભે ચડીને જવાનું છે. કેમ સમજ્યાને ?

૩૪૬

એકવીસ વાર જળથી ભોજન ધોઈને પછી ભક્ષણ કરવું એ પ્રમાણે સાઠ હજાર વર્ષો સુધી તામલિ તાપસે ઉત્કટ તપ કર્યો પરંતુ તે અજ્ઞાન-તપ હોવાથી તેનું તેને અલ્પફળ મળ્યું પરિણામે અજ્ઞાન દોષને લઈને તે ઈશાન બીજા દેવલોકમાં ગયો.

૩૪૭

ગરમાગરમ કરેલી સોયો દ્વારા રોમેરોમે ડામ દેવામાં આવે ને જે કષ્ટ થાય તેથી આઠ ગણું કષ્ટ આ જીવડાને ગર્ભવાસમાં થાય છે.

૩૪૮

દાઢી અને માથાના વાળ ગણવામાં ન આવે તો સમગ્ર શરીરમાં ૯૯ લાખ રોમકૂપો છે અને દાઢી અને માથાના કેશની ગણના કરવામાં આવે તો રોમની કુલ સંખ્યા સાડાત્રણ કરોડની થાય છે.

૩૪૯

પ્રવચન સારોદ્ધારમાં મનુષ્યનો ઉત્કૃષ્ટ ગર્ભ-સ્થિતિ-કાળ બાર વર્ષનો હોય છે. કોઈ અતિ પાપી જીવડો ચોવીસ

વર્ષ સુધી પણ ગર્ભમાં રહે છે. તિર્યંચની આઠ વર્ષ સુધીનો ગર્ભ–સ્થિતિકાળ હોય છે.

૩૫૦

પુરૂષને ૧૧ દ્વારો જ્યારે સ્ત્રીને બે સ્તનો, બે યોનિ એ હિસાબે ૧૨ હોય છે. તિર્યંચગતિમાં બે આંચળવાળી બકરી વગેરેને ૧૩ દ્વારો હોય છે અને આઠ આંચળવાળી સૂકરી વગેરેને ૧૫ દ્વારો હોય છે.

૩૫૧

જેમ કાચના મહેલમાં પેઠેલો કૂતરો પોતાના જ પ્રતિબિંબ રૂપે હજારો કૂતરાઓ માનીને ભસવા લાગ્યો. સામેથી પણ તેનાં પ્રતિબિંબો ભસવા લાગ્યાં આખો દિવસ દોડાદોડી કરીને ભસીભસીને કૂતરો કુટાઈને ત્યાં જ મરણ પામ્યો. તેવી જ રીતે સંસારી જીવડાઓની પણ આવી જ દુર્દશા છે.

૩૫૨

તૃષાતુર સિંહ પાણીની આશાથી એક કૂવા ઉપર ગયો. નજર કરી તો પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોવામાં આવ્યું. આ કોઈ બીજો સિંહ છે એમ વિચારી ગર્જના કરી. સામેથી પ્રતિધ્વનિ સંભળાવાથી વધુ ક્રોધિષ્ઠ બન્યો. તેના ઉપર ફાળ મારી કૂવામાં પડ્યો ને પંચત્વ પામ્યો. આ રીતિએ કેવળ અજ્ઞાનતાથી જ પોતાનાથી જ પોતાનો નાશ નોતર્યો. તેવી જ રીતે સંસારી જીવડાઓ પણ માત્ર

અજ્ઞાનતાથી જ નાશ પામતા હોય છે. સિંહને થયું કે આ વળી સિંહ રખેને વનનો રાજા બને!

૩૫૩

એકદા એક ગજરાજ ફરતો ફરતો સ્ફટિકની તોતીંગ શિલા પાસે આવી ચઢયો. શિલાને જોવાની સાથે જ શિલામાં પોતાનું જ પ્રતિબિંબ જોવામાં આવ્યું. બસ આવી બન્યું. જગતના લગભગ જીવડાઓ ઈર્ષ્યાથી ભરેલા હોય જ છે. પોતાના પ્રતિબિંબને બીજો હાથી માની ઈર્ષ્યા ઉભરાઈ આવી. તેને મારી નાખવાના ઇરાદાથી દંતશૂલથી દોડી દોડીને શિલાસ્થ હસ્તિને પ્રહાર કરવા લાગ્યો. દોડે ત્યારે શિલામાંનો હાથી દોડતો જણાયો. પોતાના તમામ આવેશો સાચા હાથીમાં દેખાવા લાગ્યા. આથી હાથી વધુ ને વધુ ઉશ્કેરાતો ગયો, પરિણામે પોતાની દોડાદોડી અને ધક્કામુક્કીથી નિરાશ થઈને ત્યાં પટકાયો અને રામશરણ થયો.

૩૫૪

✓ જીવો ચાર પ્રકારના હોય છે : ભવાભિનંદી, પુદ્ગલાનંદી, આત્માનંદી અને સહજાનંદી. તેમાં પહેલા નંબરના જીવો અનંતા છે તે જીવો મહા મિથ્યાત્વી હોય છે. પોતે ડૂબે અને આશ્રિતોને ડૂબાવે. બીજા નંબરના તદ્દન થોડા હોય છે. ધર્મની રૂચી હોવા છતાં ભવસ્થિતિ પરિપક્વ ન થવાથી પુદ્ગલ રાગ ઘણો હોય છે. પણ સંસારને સારો ન માને. ધર્મની વાતો ગમે પણ આદરી ન શકે. આગળ વધવાની ઉમેદ હોય. ત્રીજા નંબરના આત્માઓ બીજા

નંબર કરતાં પણ અતિ અલ્પ હોય છે. આ આત્માનંદી જીવડાઓને સંસાર બિલકુલ ગમતો નથી હોતો. પુદ્ગલ પ્રત્યેની આસક્તિ નષ્ટપ્રાય થયેલી હોય છે. આત્માની બધી જ વાતો દેવતાઈ સુખો કરતાં પણ વધુ પ્રિય હોય છે, અને ચોથા સહજાનંદી જીવો ભવસ્થ કેવલી ભગવંતો અને સિદ્ધ ભગવંતો હોઈ શકે છે. આવા આત્માઓ પહેલા નંબરના જીવોથી અનંત ગુણા હોય છે.

૩૫૫

વીસ વર્ષની લઘુ વયે શ્રેણિક, મહારાજા પદે સ્થાપિત થયા હતા. ઈ. સ. પૂર્વે ૫૯૮મા વર્ષે શ્રી મહાવીર ભગવાન જન્મ્યા હતા. પ્રભુએ પોતાની ૩૦ વર્ષની વયે દીક્ષા સ્વીકારી હતી. ૪૨ વર્ષ, ૬ માસ ને ૧૫ દિવસે પ્રભુ કેવલી થયા હતા, તે વખતે શ્રેણિક મહારાજાની વય ૫૩ વર્ષની હતી. વયની દૃષ્ટિએ શ્રેણિક મહારાજા ૧૦ વર્ષ, ૫ માસ અને ૧૫ દિવસ ભગવાનથી મોટા હતા.

૩૫૬

શ્રેણિક ચેડા મહારાજાના જમાઈ થાય. ત્રિશલમાતા ચેડા મહારાજાની બહેન થાય. આ રીતે પૂર્વાવસ્થાની અપેક્ષાએ પ્રભુ શ્રી વીરના શ્રેણિકરાજા બનેવી થાય.

૩૫૭

શ્રેણિકને એક વખત અનાથી મુનિનો સમાગમ સમ્પ્રાપ્ત થયો, ત્યારે તેઓ જૈન ધર્મનું પાલન કરતા

ન હતા; એટલે કે તેઓ બૌદ્ધધર્મી હતા. તેણે અનાથી મુનિને સંસારમાં ખેંચવા માટે બહુ બહુ સમજાવ્યા અને અન્તે કહ્યું : 'તમારો કોઈ નાથ ન હોય તો હું તમારો નાથ થવા તૈયાર છું.' આ સમયે સંયમશૂરા અનાથી મુનિએ નાથ થવાની યથાર્થ લાયકાત કોણ ધરાવી શકે આ હકીકત ખૂબ વિસ્તારથી સમજાવતાં વચ્ચે વચ્ચે પ્રભુ શ્રી વીરનો વાસ્તવિક સંદેશ સંભળાવતા ગયા. પરિણામે ત્યારથી શ્રેણિક જૈનધર્મ પાળતા થયા. શ્રેણિકનું અપર નામ ભંભસાર હતું, છતાં કેટલાક ગ્રન્થોમાં બિંબિસાર નામ પણ જણાવ્યું છે. અજાતશત્રુ અને અશોક એ બે કોણિક રાજાનાં અપર નામ છે શ્રેણિકને સુરસેના નામે બહેન હતી. તેની પુત્રી સાથે અભયકુમારનાં લગ્ન કરવામાં આવ્યાં હતાં, તે સમયે ક્ષત્રિય કુળોમાં તેવો રિવાજ ચાલુ હતો. વધુમાં શ્રી વીરના નિર્વાણથી એક વર્ષ પહેલાં લગભગ ૮૨ – ૮૩ વર્ષની વયે રાજા શ્રેણિક મરણ પામી પહેલી નરકે ગયા હતા.

૩૫૮

માત્ર એક આનાનું સાધર્મિક વાત્સલ્ય કરનાર પુણીયા શ્રાવકના ફળની હરિફાઈ શ્રેણિક જેવો પણ કરવા સમર્થ નથી.

૩૫૯

ચોથા આરામાં શ્રી શત્રુંજયની લંબાઈ પહોળાઈ ૫૦–૫૦ યોજન હોય છે. એક યોજન ચાર ગાઉનો થાય અને એક ગાઉ એક હજાર ધનુષનો હોય છે. તેમ જ

ચાર હાથનું એક ધનુષ્ય ગણાય છે. પ્રત્યેક મનુષ્યનું શરીર પોતાના ચાર હાથનું (એક ધનુષ્ય) લાંબુ હોય છે. તે હિસાબે એક ગાઉ ભૂમિમાં બે હજારનો સંથારો થઈ શકે છે. એ રીતે એક યોજનમાં આઠ હજાર અને પહાડની લંબાઈ પચાસ યોજનની છે. એથી આઠ હજારને પચાસ ગુણા કરીએ તો ચાર લાખનો સંથારો થઈ શકે. પહોળાઈ આપણી લંબાઈથી પ્રાયઃ ચોથા ભાગની હોય એથી પચાસ યોજનની લંબાઈમાં ચાર લાખ સંથારા અને પહોળાઈના પચાસ યોજનમાં ૧૬ લાખ મનુષ્યોનો સમાવેશ થાય. એથી સોળ લાખને ચાર લાખથી ગુણીએ તો ૬૪ હજાર ક્રોડમાં શંકા રાખવાનું કોઈ જ કામ નથી.

૩૬૦

કોઈ પણ ધાર્મિક કાર્યના મંગલમય અવસર પર ચઢાવા બોલનારી વ્યક્તિઓ ચાર પ્રકારની હોય છે: (૧) બોલતાંની સાથે રકમ જમા કરાવી દે એ ઉત્તમ, (૨) ચઢાવો બોલીને ઘેર જઈ બોલેલી રકમ પહોંચતી કરે તે મધ્યમ. (૩) કેટલીક વખત ઉઘરાણી કરાવ્યા પછીથી આપવામાં આવે તે જઘન્ય અને (૪) માગણી ઉઘરાણી કરવા છતાંય ન આપે તે અધમ.

૩૬૧

સંગમદેવ, કાલ સૌકરિક કપિલાદાસી, અંગારમર્દકાચાર્ય રૂષિહત્યા કરનાર પાપી પાલક. શ્રીકૃષ્ણના પુત્ર પાલક જેણે શામ્બની પહેલાં પ્રભુવરને વંદન કર્યું હતું.

રોહગુપ્ત જેણે નોજીવની સ્થાપના કરી હતી તે વિનયરત્ન ઉદાયી રાજાનો ઘાતક. રોહગુપ્તની અન્ય ગ્રન્થોમાં અભવ્ય તરીકે પ્રસિદ્ધિ નથી. ગોષ્ટામાહિલની ગણના કરીને નવ ગણવામાં આવ્યા છે. સાત અભવ્યો વિશેષ પ્રસિદ્ધ છે.

૩૬૨

દ્રવ્ય મનની અપેક્ષાએ, મનનો અભાવ હોવાથી અસંજ્ઞી કહેવાય છે અને ભાવ મનની અપેક્ષાએ જ્ઞાનરૂપ મન હોવાથી સંજ્ઞી જાણવા.

૩૬૩

બીજા પ્રહરે ગૌતમ ગણધર દેશના આપે ત્યારે પ્રથમવત્ બારે પર્ષદા હોય છે. કિન્તુ કેવલી બેસી રહેતા નથી. ગણધર લબ્ધિવંત હોવાથી પર્ષદ્ દેશના સાંભળે છે.

૩૬૪

સહજાનંદીની સજઝાયમાં 'હરિ હાથે હણ્યો નાગ રે' હરિ એટલે વાસુદેવ, તે નાગ જેવા રાવણનો નાશ કરે છે — આ પ્રમાણે અર્થ છે.

૩૬૫

સમ્યકત્વ એ શ્રદ્ધાનું કારણ છે, તથાપિ સમ્યક્ત્વરૂપ કારણમાં શ્રદ્ધારૂપ કાર્યનો ઉપચાર કરી સમ્યક્ત્વને શ્રદ્ધા પણ કહી શકાય. તથૈવ માટીમાંથી ઘટ બનાવવાનો છે, તે માટીમાંથી ભવિષ્યમાં ઘટ થશે. આ અપેક્ષાએ દ્રવ્યઘટ

કહેવાય. તેમાં ભાવઘટનો ઉપચાર કરીને માટીને પણ ઘટ કહી શકાય. પર્ણાદિ ગુણોની અપેક્ષાએ માટી અને ઘટ બંને સરખા હોવાથી તે માટીમાં પણ ઘટનો ઉપચાર થઈ શકે છે.

૩૬૬

પરાધીનપણું, અસંપૂર્ણપણું અને ઇન્દ્રિયોના કાર્યને નહિ કરવાપણું — આ ત્રણ કારણોના લીધે મનને અનિન્દ્રિય કહેવામાં આવે છે. આત્મા મનની સાથે, મન તે ઇન્દ્રિયની સાથે જોડાયા પછીથી ચક્ષુ વગેરે ઇન્દ્રિયોના વ્યાપારથી રૂપ વગેરે વિષયને જાણે છે. આ કારણથી પરાધીનતા છે. જે કન્યાનું પેટ પ્રમાણોપેત નહિ હોવાથી અનુદરા કન્યા કહેવાય છે. પેટ છે પણ પરિપૂર્ણ નથી તેમ મન પણ હંમેશાં અસંપૂર્ણ છે. જે કાર્ય અન્ય ઇન્દ્રિયો કરે છે તદનુસાર મન નથી કરતું. પુત્ર હોવા છતાંય ફરજ ન બજાવે તે અપુત્ર કહેવાય છે. આ મન ક્યાં, કેવી રીતિએ રહે છે તે બાબતમાં જૈન શ્વેતામ્બરોની માન્યતાનુસાર મન શરીરના તમામ ભાગમાં અથવા સર્વોત્તમ પ્રદેશવ્યાપી છે, જ્યારે જૈન દિગમ્બરોના મંતવ્ય મુજબ મન આઠ પાંખડીવાળા કમલના જેવું છે અને તે હૃદયમાં રહે છે.

૩૬૭

સામ, સમઃ, શમ, સામ્ય, સમતા, સમ્યક્ત્વ, પ્રશસ્ત, શાસિ, સુવિહિત, શુભ, અનિંદ, અજુગુપ્સિત; અગર્હિત

અનવદ્ય, ઈગ વગેરે સામાયિકના પર્યાયવાચક છે.

૩૬૮

કોઈ એક કબીર સંબંધી પ્રાચીન પુસ્તકમાં 'કોઈ એક મહાત્માના વિષયમાં તેમના શરીરમાં છાયા ન હશે અને તેઓના સમયમાં દિલ્લીના પથ્થરવાળા હાથી ચાલશે અને સત્યમાર્ગનો વિશેષરૂપેણ પ્રચાર થશે'— આ વાક્યની માર્મિક અર્થછાયા એટલે માયા. અને માયા કહે છે અમર્ત્ય પદાર્થોની તૃષ્ણા અને આસક્તિ તે મહાત્મા. તે સાંસારિક આસક્તિથી રહિત છે. તેમના સમયમાં દિલ્લી – અર્થાત્ અન્તઃકરણસ્થિત સત્ય ધર્માભિમાનરૂપ હસ્તિ જે કાળના પ્રભાવથી પથ્થરની સમાન જડ એવાં શિથિલ થઈ ગયો છે તે વિશેષરૂપેણ ઉત્સાહ વધશે, સત્યધર્મ ઉન્નતિમાં આવશે, તે જ હાથીનું ચાલવું છે.

–૩૬૯

ગ્રીસના મહાત્મા સોક્રેટીસને તેમના શિષ્યે પ્રશ્ન કર્યો કે, 'મનુષ્યે સ્ત્રી–સહવાસ કેટલી વાર કરવો જોઈએ?' સોક્રેટીસે જવાબ આપ્યો કે, 'જિન્દગીમાં કેવળ એક જ વાર સ્ત્રીસંગ કરવો જોઈએ.' શિષ્યે પુનઃપૂછ્યું, 'એક વાર કરવાથી તૃપ્તિ ન થાય તો શું કરવું?' જવાબમાં —'વર્ષમાં એક વાર સ્ત્રી–સમાગમ કરવો જોઈએ.' ફરીથી પૂછવામાં આવ્યું કે, 'તેટલા માત્રથી તૃપ્તિ ન થાય તો?' જવાબમાં 'મહિનામાં એક જ વાર સ્ત્રીનો ભોકતા બને.' પુનઃ પ્રશ્નઃ 'તેટલા

માત્રથી પણ તૃપ્ત ન બને તો ?' 'મહિનામાં બે વખત પ્રમદા પ્રસંગ કરે.' અન્તિમમાં, 'તો પણ તૃપ્તિ ન થાય અને વૃત્તિ સંગોત્સુક રહે તો ?' 'પહેલાં કફનની ખરીદી કરી લો અને પછી ઇચ્છાનુસાર કામાધીન બનો.'

૩૭૦

શકુન શાસ્ત્રાનુસાર યદિ રાત્રીના સમયે મનુષ્ય જ્યારે સૂતો હોય છે ત્યારે એકાએક બિલાડી સૂતેલા મનુષ્ય ઉપર આવી પડે તો છ માસમાં માનવનું મરણ થાય. જો રાતે સૂતેલા માણસનું મસ્તક ચાટે તો રાજા થાય. સૂતેલા માણસને ઉલ્લંઘન કરી જાય તો વડીલ પુરૂષ પંચત્વ પામે. સૂતેલી સ્ત્રીનો પગ ચાટે તો સાસુનું મૃત્યું થાય અને બિલાડી ઘરમાંથી એકાએક ઝડપી ભાગી જાય તો રોગ તથા શત્રુનો નાશ કરે.

૩૭૧

શ્રી ચતુર્વિધ સંઘરૂપી સાગરમધ્યે બહુમૂલ્યવંતાં પંચપરમેષ્ઠી રત્નો સદા ઉત્પન્ન થયા કરે છે, તેથી જ ચતુર્વિધ સંઘને રત્નાકરની ઉપમા આપવામાં આવી છે.

૩૭૨

પાંચ સકાર હંમેશાં અતિ દુર્લભ છે: સદ્દ્રવ્ય, સત્કુલે જન્મ, સિદ્ધક્ષેત્રની સેવા, સમાધિ અને ચતુર્વિધ શ્રી સંઘનો સહયોગ. આ પાંચ સકાર સુદુર્લભ છે.

૩૭૩

પખોડ અને અખખોડ આ બે શબ્દો પ્રક્ષાલનના

અપભ્રંશ હોવાનો સંભવ છે. સમ્યકત્વ મોહિની આદિ પરિહરૂં એ પખોડા–પ્રક્ષાલન અને સુદેવ વગેરે આદરૂં એ અખોડા–અક્ષાલન આ રીતિએ શકય છે.

૩૭૪

આચાર્યવર્ય સૂરિ પુરન્દર સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરજીએ નવકાર મહામંત્રના એક એક અક્ષરનો અર્થ કરેલો છે :

**નમો અરિહંતાણં** – **ન** = નરેન્દ્રનાથો, રાજાઓ તથા ઇન્દ્રો જેના ચરણની સેવા કરે છે. **મો** = મોહ તેના પર રોષાયમાન થતો નથી. તેઓ હંમેશાં આનંદમાં રહે છે તેવા અરિહંતો અલ્પકાળમાં જ મોક્ષ પામે છે, તેમને નમસ્કાર થાઓ. **અ** = અનંત સ્વરૂપ જે અરિહંત પરમાત્મા, તેમના પ્રભાવને કોણ જાણી શકે? વીરલા જ જાણી શકે. અરિહંતોને સામાન્ય કેવલીઓ પણ પ્રદક્ષિણા દે છે. **રિ** = રિપુ એટલે રાગ–દ્વેષાદિ ભાવશત્રુઓને જીનેશ્વર દેવોએ જ હણી નાંખ્યા છે. **હં** = હંસ જેમ એકમેક થઈ ગયેલા દૂધ ને પાણીને જુદાં કરી નાંખે છે તેમ અરિહંત પરમાત્મા આત્માને અને કર્મને જુદાં કરી નાંખે છે. **તા** = તાયિની ત્રાતા એટલે કર્મના પાશમાં ફસાયેલા આત્માઓનું રક્ષણ કરનાર, સંસારમાં ડૂબેલાં પ્રાણીઓને તારનારા તત્ત્વજ્ઞાનના સ્વામી અરિહંત ભગવાન છે. **ણં** અને શાસ્ત્રીય ભાષામાં ण ત્રણ ઊભી લીટીવાળા અને માથે મીંડાવાળો એમ બતાવે છે કે દેવ,

ગુરૂ ને ધર્મરૂપી ત્રણ તત્ત્વોની આરાધના કરનારો જ મોક્ષ મેળવે છે.

**નમો સિદ્ધાણં** - **ન** = નથી જ્યાં જન્મ, નથી જ્યાં મરણ, નથી ભય, નથી પરભવ તેવા સિદ્ધલોકમાં વિરાજિત સિદ્ધ પરમાત્માને નમસ્કાર થાઓ. **મો** = મોચાના સ્તંભકેળના થડની જેમ સર્વપ્રકારે અસાર સંસાર ક્યાં ? લોકથી શ્રેષ્ઠ એવા લોકના અગ્રભાગે રહેલા સિદ્ધના જીવો ક્યાં ? **સિ** = સિત એટલે ઉજ્જવળ ધ્યાનવાળા, ઉજ્જવળ લેશ્યાવાળા સિદ્ધના જીવો અમોને સિદ્ધિને માટે થાઓ. **દ્ધા** = સત્પુરૂષોને મોક્ષનું દાન દેવું. ધા = દુર્ગતિમાં પડતાં પ્રાણીઓને ધારણ કરનાર. **ણં** = સમ્યકજ્ઞાન, દર્શન ચારિત્ર્ય પામેલા આત્માઓ મોક્ષ મેળવે છે.

**નમો આયરિયાણં** - **ન** = જેને તમોગુણ નથી, રજોગુણ નથી, સત્ત્વગુણ પણ નથી. માનસિક, વાચિકને કાયિક કષ્ટથી જેણે આચાર્યોના ચરણને સેવ્યા છે. **મો** = મોહના પાશમાં પડેલાઓને આચાર્ય ભગવંતો મોહથી મુક્ત કરે છે. **આ** = આચારો જેના સુંદર છે, જેમના આગમો મોક્ષ મેળવી આપનારા છે, તેને ડાહ્યા માણસો આચાર્યો કહે છે. **ય** = યથાર્થ પ્રરૂપણા કરનાર. યમ-નિયમનું પાલન કરનાર આત્મારૂપી યજ્ઞનું પૂજન કરનાર. **રિ** = રિપુ એટલે શત્રુને મિત્ર, રાગ ને દ્વેષ, દુર્જન ને સજ્જન, મોક્ષને સંસાર, ધનાઢ્ય ને દરિદ્ર આવી રાગદ્વેષ ઉત્પન્ન કરનાર વસ્તુઓમાં સમદૃષ્ટિ રાખનાર આચાર્ય

છે. **યા** = જે કોઈ પવિત્ર સિદ્ધિઓ છે, જે કોઈ મહાન લબ્ધિઓ છે તે સર્વ કમળ ને ભમરાની જેમ આચાર્યને વરે છે. **ણં**=અહીં બતાવે છે કે ધર્મ, અર્થ, કામરૂપ ત્રણ વર્ગમાં સમદષ્ટિવાળા પુરૂષો જ સજ્જનોના શિરોમણિ છે.

**નમો ઉવજ્ઝાયણં**–**ન**=તે સુજ્ઞ પુરૂષો, કુપાખંડીયો વડે ખંડિત કરાતા નથી. વિડંબના પમાડતા નથી. મન, વચન ને કાયાના દંડ વડે ક્રોધાદિક કષાયો વડે દંડાતા નથી, તે ઉપાધ્યાય કહેવાય છે. मो. मः मो माः એટલે લક્ષ્મી, ઉમા એટલે પાર્વતી. હ્રૈઁ શ્રીઁ ધૃતિ બ્રાહ્મી આદિ દેવીઓ ઉપાધ્યાય મહારાજાની ઉપાસના કરે છે. ઉ=ઉપાધ્યાય તે કહેવાય છે, જે સાક્ષાત્ મૂર્તિમાન ઉદયરૂપ છે. સમ્યકદષ્ટિ આત્માઓના ઉત્સવરૂપ શ્રેષ્ઠ બુદ્ધિઓના ઉત્સવરૂપ છે. **વ**=વચન, શરીર, વય ને હૃદય આ ચારે વસ્તુઓ ઉપાધ્યાય મહારાજાની વધતી વાતોથી ને શાસ્ત્રોથી આધીન છે. **જ્ઝા** = ( ઝ ઝંઝાનો ઝમકારો ) અંગની નિત્ય દષ્ટિ એકાન્ત અનિત્ય દષ્ટિને જીતી લેવાથી ઉત્પન્ન થાય. યશરૂપી ઝંઝાનો ઝંકાર–ગુંજાર સર્વ દિશાએ વ્યાપી રહેલો છે. **યા** = સાત નયના જ્ઞાનમાં ચતુરાઈ પ્રાપ્ત થાય છે. જેમને પરશાસ્ત્રમાં નિપુણતા પ્રાપ્ત થાય છે તે ઉપાધ્યાય સિવાય ક્યાંથી પ્રાપ્ત થઈ શકે ? **ણં** = અહીં એમ બતાવે છે કે વિનય, શિયળ ને શ્રદ્ધા આદિ ત્રણ ગુણોથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

**નમો લોએ સવ્વસાહૂણં**—**ન** = જે પુરૂષો સાધુ-મહારાજાઓની સેવા કરે છે તેને વ્યાધિ પીડા કરતો નથી, ઈષ્ટ વસ્તુનો વિયોગ થતો નથી. દૌર્ભાગ્ય દૂર રહે છે, ભય ત્રાસ કે મનનો ઉદ્વેગ થતો નથી. **મો** = મોક્તા – સર્વ સંગનો ત્યાગ કરનાર. રાગ–દ્વેષરૂપી અંતરશત્રુઓથી. નાશ નહિ પામનારા. મોહ–લક્ષ્મી રૂપ વડે કટાક્ષરૂપી જોવાયેલા મુનિવરો અત્યંત હર્ષ પામે છે. **લો** = લોભરૂપી વૃક્ષને ઉખેડવાને નદીઓના પુરના વેગ જેવા લોકોત્તર ચારિત્રવાળા લોકોમાં ઉત્તમતાને પામી ચૂકેલા મુનિભગવંતો અમારા પાપનો નાશ કરો **એ** = એકાન્તમાં મુનિમહારાજો મૂલોત્તર ગુણરૂપી સમુદ્રના બગીચામાં મનરૂપી મૃગની સાથે સ્વેચ્છા-રૂપી ક્રીડા કરે છે. એકાકી સાધુ કષાય સેવતા નથી. **સ** = સર્વપ્રકારે જીવાદિ નવ તત્ત્વોને જાણનારા સર્વદા વૈરાગ્ય–વાસિત ચિત્તવાળા ગીતાર્થ સાધુનું એકાકીપણું શ્રેષ્ઠ સમતારૂપી, અમૃતરૂપી નીક જેવું છે. **વ્વ** = જેમ બે અક્ષરો સાથે રહેલા છે તેમ આ યુગના સાધુઓ ઇન્દ્રિયો અને મન એ બન્ને વશ કરનાર હોય તો જ મોક્ષ પામનાર હોઈ શકે. **સા** = સામ્ય–સમતારૂપી અમૃતના તરંગોથી સંતોષી બની ગયેલા, સારા–ખોટાનો વિવેક કરનારા ને નિર્મળ આરાધનાવાળા ઘણા હોય તો પણ પોતાના કાર્યમાંથી હઠતા નથી. હૂ=હૂ નામના ગંધર્વના મનોહર ગાયનના સાંભળવા વડે, અમૃતરસના સ્વાદ લેવાથી, કલ્પવૃક્ષનાં પુષ્પોની સુવાસ લેવાથી, દેવશય્યાનો સુખકારક સ્પર્શ કરવા દ્વારા, દેવાંગનાઓનું રૂપ જોવા માત્રથી જેઓ

આકર્ષાયા નથી તેવા અલિપ્ત મુનિભગવંતો છે. ણું = અહીં એ અર્થ છે કે ત્રણ ગુપ્તિના પરિપાલનમાં પરાકાષ્ઠાને પામેલા મહામુનિવરો સદાચારી હોય છે.

૩૭૫

ભદ્રબાહુ સ્વામી મહારાજાએ ભાખેલું ચાલુ વર્તમાન સમયનું ભવિષ્ય. તેઓશ્રીના સમયે રાજા ચન્દ્રગુપ્ત ગુરૂદેવનો પરમ ભકત હતો. જૈન ધર્મનું તે સશ્રદ્ધા પરિપાલન કરતો. એક વખત એકી સાથે તે રાજાને સોળ સ્વપ્નાંઓ આવ્યાં હતાં. તેનો અર્થ ભદ્રબાહુ સ્વામીને પૂછતાં અર્થ કહી સંભળાવ્યા: (૧) કલ્પવૃક્ષની શાખા તૂટેલી જોઈ તેનો અર્થ એ છે કે હવેથી કોઈ મુકુટબદ્ધ રાજા જૈન-શાસનમાં દીક્ષા લેશે નહિ. (૨) અકાલે સૂર્ય અસ્ત એટલે પાંચમા આરામાં હવે પછી કોઈ કેવલજ્ઞાની થશે નહિ. (૩) કાણા કાણાવાળો ચન્દ્રમા જોયો = ધર્મમાં અનેક મતો વિસ્તરશે, કુમતિ, કદાગ્રહીઓ અને ઉત્સૂત્રભાષીઓ થશે. સરળ આત્માઓને ઉલટું સમજાવશે. (૪) ભૂતોનો નાચ જોયો = કુમતિ, હઠાગ્રહી, સ્વચ્છંદીઓ અને ઉત્સુત્ર-ભાષીઓ ભૂતડાંની માફક નાચ કરતા થશે. જ્યાં ત્યાં ધમાધમ કરી મૂકશે. (૫) બાર બાર ફણાવાળો નાગ જોયો = નજીકમાં જ બાર વર્ષનો ભયંકર દુષ્કાળ પડશે. (૬) દેવવિમાન પડતું જોયું = જંઘાચારણ અને વિદ્યાચારણ વગેરે લબ્ધિઓનો નાશ થશે. (૭) ઉકરડામાં કમળ ઉગતું જોયું = ઉચ્ચ વર્ણમાંથી ધર્મ જશે, તત્ત્વની અરૂચિ

થશે, હાસ્ય–શૃંગારાદિક કથાઓ વધુ ને વધુ રૂચિકર થશે. (૮) પતંગિયાનો પ્રકાશ જોયો = જૈન ધર્મરૂપી પ્રકાશના સૂર્યનો અસ્ત થશે. પતંગિયાના પ્રકાશ જેટલો ધર્મ રહેશે. (૯) સમુદ્ર ત્રણ દિશામાં સુકાતો જોયો અને દક્ષિણ દિશામાં થોડું પાણી વહેતું જોયું = ત્રણ દિશાઓનાં તીર્થો વિષે ધર્મની હાનિ થશે. માત્ર દક્ષિણ દિશામાં થોડોઘણો ધર્મ જોવામાં આવશે. (૧૦) સોનાના વાસણમાં કૂતરાને ક્ષીર ખાતો જોયો = ઉત્તમ ઘરની લક્ષ્મી નીચને ઘેર જશે તથા ઉચ્ચ ખાનદાનના સરલ શાહુકારો તકલીફ પામશે અને સાથે સાથે અધર્મી, હરામી ને હીચકારા લોકો આરામ ભોગવશે. લૂચ્ચા સબસે ઊંચા થઈને બેસશે. (૧૧) વાનરને હાથી ઉપર ચઢી બેઠેલો જોયો = દુર્જન લોકો સુખી થશે ને ઉત્તમ કુળવંશ રાજાઓનું રાજ અધર્મી લોકોના હાથમાં જશે. તે લોકો દંડ અને કરવેરા લેશે. (૧૨) સમુદ્રને મર્યાદાનું ઉલ્લંઘન કરતો જોયો = સજ્જન, ખાનદાન અને ઉત્તમજન મર્યાદા ત્યજી દેશે. દેવ, ગુરૂ, માતા–પિતા તરફ ભકિતભાવ કે પૂજ્યભાવ નહિ દાખવશે, અપમાન કરશે. સ્ત્રીઓ સ્વેચ્છાચારિણી થશે. શિષ્ય સ્વગુરૂનો વિનય નહિ કરશે. સમાજ નિર્નાયક થશે. (૧૩) મોટા રથમાં નાના વાછરડા જોડેલા જોયા = મોટાઓ સામે નાનાઓ ઉદ્ધતાઈથી વર્તશે. (૧૪) મહામૂલ્યવાન રત્ન તેજહીન જોયું = મોટા મોટા પુરૂષો ખરાબ આચાર–વિચારથી તેજોહીન દેખાશે. આપસ–આપસમાં કલેશ, કદાગ્રહ કરશે. (૧૫) સારા રાજકુમારને બળદ

ઉપર સવારી કરતો જોયો રાજવંશીઓ નીચ પુરૂષોની સોબત કરવાવાળા થશે. (૧૬) હાથીનાં બે બચ્ચાંઓને પરસ્થર લડતાં જોયાં = રાજા તથા પ્રજા, સારા માણસો તથા સાધારણ માણસો પરસ્પર વૈરભાવમાં વધારો કરશે. એક બીજાને નીચા પાડવાની તજવીજ કરશે. સાધુમહારાજાઓ **શ્વાનવત્ ઘૂઘૂંરાયતે** જેવું કરશે એટલે કે પરસ્પર દ્વેષ ભાવ વધુ રાખશે.

વાંચક વૃન્દ! આજે આપણે પ્રત્યક્ષ નિહાળી રહ્યા છીએ કે ૨૩૦૦ વર્ષ પૂર્વેની ઉચ્ચારાયેલી ભવિષ્યવાણી તદ્દન સત્ય છે. ભદ્રબાહુ સ્વામી ચૌદપૂર્વધર શ્રુતકેવલી હતા. વીરનિર્વાણ પછી ૯૪ વર્ષે તેઓશ્રી જન્મ્યા હતા. ૪૫ વર્ષની વયે તેઓશ્રીએ દીક્ષા લીધી હતી. વીરનિર્વાણ પછી ૧૭૦ વર્ષનું આયુષ્ય ભોગવી તેઓશ્રી સ્વર્ગે પધાર્યા હતા.

૩૭૬

માણસને ઓળખવા માટે કંઈ લક્ષણો ખરાં કે? હા જરૂર. તેની ચાલ વગેરે ઉપરથી માણસનો સ્વભાવ પકડી શકાય છે: (૧) પોતાના ખભા ટાઈટ રાખીને ચાલનાર માણસ આત્મસંયમી અને નિશ્ચયી હોય છે. (૨) લાંબાં લાંબાં ડગલાં ભરનાર માણસ દીર્ઘદર્શી અને મીઠા સ્વભાવના હોય છે. (૩) ઝટપટ પગલાં ભરનાર માણસ ચપળ, ચાલાક પણ સંકુચિત મનના હોય છે. (૪) ઠસ્સાદાર અને ભારે પગલાં ભરનાર અભિમાની અને સ્વાર્થી

હોય છે. (૫) ડોલતાં અને ઝોકાં લેતાં પગલાં ભરનાર સ્વભાવે સરળ હોતા નથી, પણ તેઓ જવાબદારી રાખનાર હોય છે. (૬) ખુંધ કાઢીને ચાલનાર માણસોમાં આત્મ-વિશ્વાસનો અભાવ હોય છે, પણ તેઓ બુદ્ધિમાન હોય છે, છતાં લોકોનો પ્રેમ સંપાદન કરી શકતા નથી. (૭) હાથ મોટા હોય તો તે માણસ સ્વભાવે વિગતમાં ઉતરે પણ તેની ક્રિયામાં ઢીલાશ હોય (૮) હાથ ટૂંકો હોય તો તે માણસ બહુ વિચારશીલ હોતો નથી, સાહસિક હોય છે પરિણામે ઉદ્દેશ વિના કામ કરવા મંડી પડે છે. (૯) આંગળીઓ લાંબી હોય તો તે માણસ લાગણીપ્રધાન અને સંસ્કારી હોય છે. (૧૦) આંગળીઓ ટૂંકી હોય તો માણસ બુદ્ધિનો જડ અને ખડતલ હોય છે. (૧૧) આંગળીઓ નાજુક હોય તો તે માણસ પોતાનો માર્ગ કરી લે એવો હોય છે. (૧૨) આંગળીઓ કઠિન હોય તો તે માણસ શરમાળ હોય છે. (૧૩) આંગળીઓ સીધી હોય તો તે માણસ શક્તિશાળી હોય છે. (૧૪) આંગળીઓ વળેલી હોય તો તે માણસ અશક્ત હોય છે. (૧૫) આંગળીઓ એક સીધી લીટીમાં હોય તો તે માણસ કાર્યદક્ષ હોય છે. (૧૬) આંગળીઓની શરૂઆત ઊંચી–નીચી હોય તો તે માણસ સ્વભાવે ચંચળ હોય છે. (૧૭) પહેલી આંગળી અને અંગુઠા વચ્ચે બહુ છેટું–એટલે વધુ છેટું હોય તો તે માણસ સ્વતંત્ર, દૃઢ અને હઠાગ્રહી હોય. (૧૮) પહેલી આંગળી અને અંગુઠા વચ્ચે બહુ અંતર હોય તો તે માણસ જૂના મતનો હોય.

૩૭૭

(૧) જેના હાથની હથેળી પહોળી હોય તો તેને બહાર ફરવાનું બહુ ગમે, (૨) જેના હાથની હથેળી સાંકડી હોય તે ઘરકુકડી સ્વભાવનો હોય. (૩) જેની હથેળી કઠિન હોય તો તે કાર્યદક્ષ હોય. (૪) જેની હથેળી પોચી હોય તો તે ડરપોક હોય છે.

૩૭૮

બોલવા પરથી માણસનું માપ નીકળી શકે છે. કોઈ માણસ કંઈ પૂછે ત્યાર પહેલાં 'આવો' કહેનાર વ્યવહારદક્ષ હોય છે, જેને થોડીવાર લાગે ને પ્રશ્ન પૂછવા દે ત્યારે બોલે તે તરંગી માણસ કહેવાય.

૩૭૯

હાથના મેળ પરથી – તમારા બંને હાથ ભીડો અને આંગળાં ગાળામાં ભરાવો. જો તમારો ડાબો અંગુઠો ઉપર રહે તો તમારો સ્વભાવ વિચારપરાયણ છે અને જો જમણા હાથનો અંગુઠો ઉપર રહે તો તમારો સ્વભાવ ક્રિયાપરાયણ છે.

૩૮૦

મહાવીર સ્વામીના નિર્વાણ પછી ૮૪૦૦૭ વર્ષ અને પાંચ માસે પદ્મનાભ પહેલા તીર્થંકર ગર્ભમાં આવશે.

૩૮૧

જંબૂદ્વીપમાં છેક દક્ષિણે આવેલા ભરત ક્ષેત્રમાં મધ્યમાં આવેલા વૈતાઢ્ય પર્વતે અને ગંગા-સિન્ધુએ છ ખંડ કરેલા છે. તદનુસાર વૈતાઢ્યની ઉત્તરે આવેલા. ત્રણ

અને દક્ષિણે આવેલા ત્રણ એ પ્રમાણે છ ખંડ સમજવા જોઈએ.

૩૮૨

મંત્રી વસ્તુપાલ સિદ્ધગિરિવરની શીતલ છાયામાં સમાધિસ્થ દશામાં દેહાન્ત પામીને મહાવિદેહ પુષ્કલાવતી નામની વિજયમાં પુંડરિકીણી નગરીમાં સમ્યગ્‌દૃષ્ટિ કુરૂચન્દ્ર નામે રાજા છે. અવસર પર સંયમ સ્વીકારી પ્રાન્તે વિજય વિમાનમાં દેવપણે ઉત્પન્ન થશે, ત્યાંથી ચ્યવી તે જ નગરીમાં રાજા થશે. છેવટે સંયમની સાત્વિકી આરાધના કરતાં ક્ષપક શ્રેણી પર આરૂઢ થઈને કેવલજ્ઞાની થઈ સિદ્ધ થશે.

૩૮૩

મંત્રી તેજપાલની ધર્મપત્ની અનુપમા દેવી શ્રાવિકા ધર્મનું સર્વોત્તમ પરિપાલન કરી પુંડરિકીણી નગરીમાં જ શ્રેષ્ઠીના કુળમાં જન્મ પામી છે. આઠ વર્ષની વયે સીમંધર સ્વામીજી પાસે સાધ્વીજી બને છે. ક્ષપક શ્રેણી પર આરૂઢ થઈ કેવલજ્ઞાન પામીને કેવલીની પર્ષદામાં બેસીને સીમંધર સ્વામીજીની દેશના સાંભળે છે.

૩૮૪

કૃષ્ણ વાસુદેવ પાછલા ભવમાં હેમાંગદ નામે દેવ, જ્યારે છ માસનું આયુષ્ય રહે ત્યારે તેમણે ૧૦૦૦ વર્ષ પ્રમાણ મનુષ્યાયુ બાંધ્યું. છેવટે દેવકીના પુત્રપણે ઉત્પન્ન

થયા. ૧૬ વર્ષ કુમાર, ૫૬ વર્ષ માંડલિક તરીકે, ૮ વર્ષ દિગ્‌વિજયમાં ગયા, એટલે ત્રણ ખંડમાં આઠ વર્ષ થયાં. ૯૨૦ વર્ષ સુધી વાસુદેવપણું ભોગવ્યું. કુલ આમ ૧૦૦૦ વર્ષ.

૩૮૫

વાસુદેવોને સાત રત્નો આ પ્રમાણે હોય છે : (૧) વનમાળા, (૨) મણિ, (૩) ખડ્ગ, (૪) શંખ, (૫) ચક્ર, (૬) ધનુષ્ય, (૭) ગદા. આ સાત રત્નો હોય છે.

૩૮૬

કેળના ગર્ભ જેવો કોમળ અને અત્યંત સુખી માણસ તેના દરેક રોમમાં તપાવેલી અગ્નિજ્વાલા જેવી લાલ લોહની સોયો પરોવી હોય ત્યારે તેને જે દુઃખ થાય છે તેનાથી આઠગણું દુઃખ ગર્ભમાં રહેલા જીવોને થાય છે અને જન્મ સમયે પણ તેનાથી અનન્તગણું દુઃખ થાય છે.

૩૮૭

શરીર ઉપર મોહ કરીને તું પાપ કરે છે, પણ તને ખબર નથી કે સંસારમાં ભવભ્રમણનાં દુઃખો શરીરમાં રહ્યો છે માટે જ પામે છે. જેવી રીતે અગ્નિ લોઢામાં રહ્યો છે ત્યાં સુધી જ ઘણના ઘા પડે છે.

૩૮૮

શિક્ષક એ રાષ્ટ્રનો વિધાતા છે. આજનાં બાળકો કાલે સારા નાગરિક થવાનાં છે. સુતાર, લુહાર વગેરેને

જડ વસ્તુઓનું ઘડતર કરવાનું રહે છે; જ્યારે શિક્ષકને ચૈતન્યઘન બાળકોનું ઘડતર કરવાનું રહે છે. શિક્ષક વિદ્યાર્થીઓને આત્મીય સમજીને યથાયોગ્ય ભોગ આપતો થાય તો આજનો વિદ્યાર્થી અવનિમાં આદર્શ વિદ્યાર્થી તરીકે નીવડે.

૩૮૯

જેવું ઘડતર તેવું મૂલ્યાંકન હોય છે, કેમ ખરુંને ? લોખંડનો ટુકડો વેચવામાં આવે તો એક રૂપિયો ઉપજે, પણ તે લોખંડના ટુકડામાંથી જાળી બનાવીને વેચવામાં આવે તો પાંચ રૂપિયા ઉપજે. તેમાંથી સોયો બનાવીને વેચવામાં આવે તો પાંચસો રૂપિયા ઉપજે અને ઘડિયાળની બારીક કમાનો બનાવીને વેચવામાં આવે તો રૂપિયા પાંચ હજાર ઉપજે છે. લોખંડ તો તે જ છે; પરન્તુ ઘડતરના હિસાબે તેના મૂલ્યાંકનમાં ઉમેરો થાય છે. આ વાત બરાબર સમજશો તો જરૂર સમજી શકશો કે માનવનું પણ તેવું જ મૂલ્ય છે.

૩૯૦

"ઉત્તરાધ્યયન" ઉત્તર શબ્દ અનેકાર્થવાચક છે, પણ અહીં ઉત્તર શબ્દ ક્રમ — અર્થમાં વિવક્ષિત થયેલો છે. એક કાર્યની બાદ જે બીજું કાર્ય કરવામાં આવે છે તે ઉત્તરકાર્ય કહેવામાં આવે છે. આ સૂત્રને ઉત્તરાધ્યયન કહેવાનું કારણ એ છે કે આ સૂત્ર શ્રી આચારાંગ સૂત્રની બાદ ભણવામાં આવે છે; પરન્તુ ઉત્તરાધ્યયન સૂત્રની

પહેલાં શ્રી આચારાંગ સૂત્ર ભણાવવાનો ક્રમ તો શય્યંભવ આચાર્યની પહેલાંનો છે. જ્યારે શય્યંભવ આચાર્યે દશવૈકાલિક સૂત્રને ગ્રથિત કર્યું અને દશવૈકાલિક સૂત્રને થોડામાં જ વિશેષ જ્ઞાન કરાવનાર સૂત્ર માનવામાં આવ્યું ત્યારથી ઉત્તરાધ્યયન સૂત્રની પહેલાં આચારાંગ સૂત્ર ભણવા–ભણાવવાના ક્રમને બદલે આચારાંગ સૂત્રના સ્થાને દશવૈકાલિક સૂત્રની શરૂઆત થઈ.

૩૯૧

મહાભારતના યુદ્ધ પછી ધૃતરાષ્ટ્રે વ્યાસને પૂછ્યું, “હે ભગવન્! મારા કયા કર્મે હું આ ભવમાં અંધ બન્યો? અને કયા કર્મે મારા સો પુત્રો માર્યા ગયા?” વ્યાસઋષીએ કહ્યું, “રાજન્! એક દિવસ તું ગત જન્મમાં શિકાર કરવા ગયેલો હતો. એક હરિણીની પાછળ તેં તારો અશ્વ દોડાવ્યો. હરિણી વેગથી દોડી પાસેની ઝાડીમાં એવી રીતિએ છુપાઈ ગઈ કે શોધનાર ફાંફાં જ માર્યા કરે. શોધ તો ઘણી કરવામાં આવી, શકય પ્રયત્નો તું કરી ચૂકયો; પરન્તુ તે ન મળી તે ન જ મળી. અંતે કંટાળીને તેં ઝાડીના ઝુંડને આગ ચાંપી. તે ઝાડીમાં એક સાપિણી રહેતી હતી. તેને સો બચ્ચાં હતાં, તે સોએ સો બળીને ખાખ થયાં. સાપણ પોતે અગ્નિના તાપથી આકુળવ્યાકુળ થઈ. પરિણામે અંધત્વ આવ્યું. આવું નિષ્ઠુર પાપ તેં તારા ગતજન્મમાં કર્યું હતું, તેના ફળસ્વરૂપે તું સ્વયં આંધળો થયો છે અને તે

પાપથી જ તેં તારા સો પુત્રો યુદ્ધમાં ગુમાવ્યા છે." આ રીતિએ જૈનેતર ઇતિહાસમાં પણ કવચિત્ કર્મનું પ્રાધાન્ય સ્વીકારવામાં આવ્યું છે.

૩૯૨

મહાત્મા ટોલસ્ટોય એટલા પ્રસિદ્ધ હતા. કે તેમનો ભક્તવર્ગ તેમને વીંટળાઈને જ રહેવું પસંદ કરતો હતો. જે શબ્દ તેમના મુખમાંથી નીકળી પડે તેને તેઓ સંક્ષિપ્ત લિપિમાં શીઘ્ર નોંધી લેતા. તે એટલે સુધી કે જો કદી તે માત્ર એટલું જ કહે કે "હવે હું લઘુશંકા કરી આવું તો ઠીક." આવું વાકય પણ નોંધી લેવામાં આવતું હતું. આજે પણ રશિયન સરકાર તેમનું પ્રત્યેક વાકય પ્રગટ કરી રહી છે.

૩૯૩

જિંદગીમાં મોત એક જ વખત આવે છે, એમ પ્રત્યેક પ્રાણી સમજે છે કે મોત આપણને પૂછીને નથી જ આવવાનું, કઈ પળે આવશે તેની કોઈને જ ખબર નથી. સિવાય કે સર્વજ્ઞ.

૩૯૪

જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય આ ત્રિરંગી વાવટો ફરકાવનાર વીતરાગના વારસદારો હંમેશાં વિજયવંતા નીવડે છે.

૩૯૫

સંસાર સામે બે પ્રકારનાં આકર્ષણો અનંત કાળથી

પડેલાં છે: એક છે ભૌતિક સુખ; જ્યારે બીજું છે આધ્યાત્મિક સુખ. બંને સુખરૂપ મનાય છે અને બંનેને પ્રાપ્ત કરવા માટે પ્રાણીઓ પ્રયત્નો કરતાં જ રહે છે. ભૌતિક સુખ એ વાસ્તવિક રીતે સુખ નથી પણ સુખાભાસ છે અને એને મેળવવાને માટે મથતો માનવી કદાપિ તૃપ્ત થતો નથી જ. ભૌતિક સુખ પ્રાપ્ત કરવા પાછળના પુરૂષાર્થમાં હિંસા છે, યુદ્ધ છે, ઘર્ષણ છે.

૩૯૬

મદન માસ્તરે પોતાના વિનોદ વિદ્યાર્થીને પ્રશ્ન કર્યો કે, "ચોરાશીમાંથી ચોરાશી જાય તો કેટલા રહે?" ત્યારે વિદ્યાર્થીએ શીઘ્ર જવાબ આપ્યો કે "કાંઈ જ રહે નહિ સાહેબ." પશ્ચાત્ માસ્તરે પાટી ઉપર બે મીંડાં બતાવ્યાં પછી કહેવા લાગ્યા કે હમણાં જ તું કહેતો હતો કે "કાંઈ નહિ સાહેબ!" અને આ પાટી ઉપર બે મીંડાં બતાવું છું તેનું શું કારણ? વિદ્યાર્થી અવાક્ રહ્યો ત્યારે શિક્ષક બે મીંડાંની પાછળ છુપાયેલું રહસ્ય સમજાવે છે કે "કાંઈ નહિ" એ ભાવને, એ આશયને અભિવ્યક્ત કરવા માટે બે મીંડાંની જરૂર છે. આવી રીતિએ પરમાત્માસિદ્ધ ભગવંતો નિરાકાર છે; પરન્તુ તેઓનું સ્વરૂપ જાણવાને માટે મૂર્તિની અનિવાર્ય આવશ્યકતા છે.

૩૯૭

સત્તર સૈકામાં ઉપાધ્યાય શ્રી સકલચન્દ્રજી મહારાજાનું ચાતુર્માસ કપડવંજ મુકામે હતું. ઉપાશ્રયની નજદીકમાં

એક કુંભારનું ઘર હતું, તેને ત્યાં બહુધા વૈશાખનંદનો તો હોય જ. આ ગર્દભો રોજ નિયમિત સમયે ભૂંકતાં હતાં. ઉપાધ્યાયજીએ ગધેડાઓના અવાજને ઉદ્દેશીને અભિગ્રહ કર્યો કે આ ગધેડાઓ ન ભૂંકે ત્યાં સુધી કાયોત્સર્ગમાં રહીશ. કુંભારભાઈ તો ગધેડાઓને લઈને બહારગામ ઉપડેલા, લગભગ સાડાત્રણ દિવસે ગધેડાઓને લઈને કરસન કુંભાર પાછો ફર્યો. આ તરફ પાઠકપ્રવરશ્રીએ સાડાત્રણ દિવસો સુધી કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા. દરમ્યાન પૂજ્યશ્રીએ સત્તરભેદી પૂજાનું નવનિર્માણ કર્યું.

૩૯૮

કુમારપાળને પુત્ર નહોતો. ભત્રીજા કે ભાણેજને ગાદી સોંપવી તે સમસ્યા આમરણાન્ત ઊભી હતી. સળગી રહેલા આ ઉભય પ્રશ્નો પ્રજાપતિ શ્રી કુમારપાળ મહારાજાના કાળજાને કોરી રહ્યા હતા. સ્વપતિને આ ભયંકર પરિસ્થિતિમાં પડેલા જોઈને શીલ અને સંસ્કારસંપન્ન કાશ્મીરનાં રાજકન્યા અને કુમારપાળ મહારાજાનાં મહારાણી મરણપથારી પાસે આવીને બેસી ગયાં. સ્વામીનાથના મુખ ઉપર મૃદુ અને મિષ્ટ હાથ ફેરવી કોકિલકંઠી કલરવ કરતી કહે છે કે "પતિદેવ! ગભરાવ છો કેમ? મુંઝાવ છો શા માટે? હજુ રાજાપણું ક્યાં સુધી? હવે ક્યારે આત્માને ઓળખશો? પરભાવ દશામાંથી પીછેહઠ કરીને સ્વભાવ દશામાં સ્થિત થાઓ. સારા સંસારચક્રનું સંચાલન કર્મ કરી રહ્યું છે. હું કરૂં, આ મેં કર્યું—એ મિથ્યા બકવાદ છોડી દો."

એમ કહેતાં મહારાણીનાં નયનકટોરાં આંસુએ છલકાવા લાગ્યાં. નારીહૃદય છે, ગમે તેમ તો આંખોનાં આંસુડાં ઉભરાયા સિવાય રહે નહિ. સાથે સાથે રમણી તેટલી જ નમણી હોય છે. ચાંચલ્યના લીધે રાજા ન કળી શકયા. એ રીતિએ આંસુ લૂછીને આગળ બોલ્યાં કે, “મારા શ્યામસલૂણા નાથ! આપણા પવિત્ર સંબંધની આ છેલ્લી ઘડીઓ ચાલી રહી છે. બીગડી બાજી સુધારી લો અને જીવનને ધન્ય ધન્ય બનાવો.”

૩૯૯

સુખ કરતાં દુઃખને જીવનમાં વધુ સ્થાન છે. માણસના જીવનવિકાસમાં દુઃખ પણ એક મોટું રસાયન છે. અગ્નિમાં તપીને સોનું જેમ કુંદન બને છે તેમ કાલિમા માત્ર દુઃખાગ્નિમાં ભસ્મીભૂત થઈ જાય છે અને જીવનને મંગલ ઓપ આપે છે.

૪૦૦

ઈરાનના બાદશાહના મૂલ્યવાન તાજની ઝળકતી કોર ઉપર આ શબ્દો આલેખાયેલા હતા. “ઓ બાદશાહ! ગરીબની હાય તું કદાપિ લેતો નહિ ન્યાય, નીતિ અને સત્ય ધર્મને સામે રાખીને જ રાજકારોબાર ચલાવજે, નહીં તો આ રાજ છેવટે તારાજ થશે.”

૪૦૧

શ્વાનની પૂંછડી અને માનવની દૃષ્ટિ હંમેશાં વાંકી હોય છે.

૪૦૨

ચોપડાઓ બોલતા થાય તો કાળાબજાર બંધ થાય.

૪૦૩

મૌન ત્રણ જાતનું છે; શબ્દ, ઇચ્છા અને વિચાર પહેલું પૂર્ણ છે, બીજું વધારે પૂર્ણ છે, ત્રીજું સૌથી વધારે પૂર્ણ છે. પહેલામાં જીવ નીતિમાન થાય છે, બીજામાં તે ઇચ્છા છોડીને શાન્ત થાય છે અને ત્રીજામાં તેની વૃત્તિ અન્તર્મુખ થાય છે.

૪૦૪

શ્રી જ્ઞાતા સૂત્રમાં જિનરક્ષિત ને જીનપાલિત બંને ભાઈઓનું દૃષ્ટાંત આવે છે. બંને ભાઈઓ ફરવા નીકળ્યા છે. ફરતાં ફરતાં જંગલમાં આવી પહોંચ્યા છે. ભયંકર વનમાં ભૂલા પડે છે. વનની અધિષ્ઠાત્રી દેવી હાવ, ભાવ, કટાક્ષથી વીંધી પોતાના આવાસમાં લઈ જઈ તેઓની સાથે વિષયોપભોગ કરે છે. આવાસની ચોતરફ રહેલા બગીચાઓમાં ફરવાની છૂટ આપે છે. માત્ર એક દિશામાં જવાની મના કરેલી છે. જો એ દિશામાં જશો તો મારી નાંખીશ એમ કહે છે. તે લોકો મનાઈ કરેલા માર્ગે જઈ ચઢે છે. ત્યાં માનવોનાં શબ પડેલાં જોવામાં આવે છે. ભયત્રસ્ત બની તેઓ દોડે છે. આગળ સદ્ભાગ્યે યક્ષ મળે છે. પોતાની પીઠ પર બેસાડી લઈ જાય છે. યક્ષ સૂચના કરે છે કે દેવી આવે તો પણ સામે જોશો નહિ, જોશો તો ત્રિશૂળથી મારી નાખશે. દેવી આવે છે, જીન-

રક્ષિત દૃઢ રહે છે પણ જીનપાલિત મોહ પામી સામે જુએ છે, પરિણામે તેનુ મોત નીપજે છે.

૪૦૫

૧૮,૦૦૦ શીલાંગરથના ભેદો આ પ્રમાણે છે: પૃથ્વી, અપ, તેઉ, વાયુ, વન. એકેન્દ્રિય દ્વિ. તિ. ચ. સર્વ પંચેન્દ્રિય મળી જીવરાશિના, નવ ભેદ અને એક અજીવ પદાર્થને જીવબુદ્ધિથી જીવ ગણે એ દશની વિરાધનાથી વિરમવા માટે શીલના દશ ભેદ થાય છે. મન, વચન, કાયા, કૃત, કારિત, અનુમોદન, આહારાદિ ચાર સંજ્ઞાને જીતવાથી ૩૬૦ ભેદો થયા. પાંચ ઇન્દ્રિયથી ગુણતાં ૧૮૦૦ થયા અને ક્ષાન્તિ આદિ દશે ગુણતાં ૧૮૦૦૦ શીલાંગરથના ભેદો થાય છે.

૪૦૬

જગતનાં જાનવરો પણ સ્વાશ્રયી હોય છે, જ્યારે મોંઘું જીવન જીવનાર માનવ પરાધીનતાના પીંજરમાં પુરાઈ ગુલામીમાં ગૂંગળાઈ મરે છે.

૪૦૭

કાલાવાલાની કીકીયારીના કૂપમાં નહિ પડતાં રાજીનામું દઈને હસતે મુખડે ત્યાગના પવિત્ર પંથે પગલાં ભરનારા પુણ્યાત્માઓનાં યશોગાન જગબત્રીશીએ ગવાય છે.

૪૦૮

અનંતા જૂઠા ચારિત્ર્ય વગર સાચા ચારિત્ર્યની

પ્રાપ્તિ થતી નથી. ચારિત્ર્ય મળવું મુશ્કેલ છે, જ્યારે જ્ઞાન પ્રાપ્ત થવું તેટલું જ સહેલું છે, કારણ કે જ્ઞાનમાં ઉત્કૃષ્ટ જ્ઞાન પામવા માટે એક જ સમય પૂરતો છે. કેવલજ્ઞાનની પ્રાપ્તિ એક જ સમયમાં થાય છે. જ્યારે ચારિત્ર્યની પ્રાપ્તિ માટે અનંત ભવો જોઈએ છે. અક્ષરો સારા કયા છે એ જાણવા માટે એક સેકંડ બસ છે પરન્તુ સારા અક્ષરો લાવવા માટે હજારો કલાકનો અભ્યાસ જોઈએ છે.

૪૦૯

સિંહના પંજામાંથી શિયાળનું અને બિલાડીના પંજામાંથી ઉંદરનું છટકવું જેટલું સહેલું છે તેટલું જ મુશ્કેલી ભરેલું સંસારીના સાણસામાં સપડાયેલા આત્માર્થીજનોનું છટકવું છે. તે તો મહામુશ્કેલ છે.

૪૧૦

દશવૈકાલિકનો ઉદ્ધાર વિકાલે થયો છે, વિકાલનો અર્થ અકાલવેળા નથી; પરન્તુ ત્રીજી પોરિસી પૂર્ણ થવાના વખતનું નામ વિકાલ છે તે લક્ષમાં રાખવું.

૪૧૧

વ્રતનો સ્વીકાર ન કરે તે પાપી અને વ્રત લઈને ભાંગે તે મહાપાપી કહેવાય છે.

૪૧૨

ધર્મની ક્રિયા કરતાં પહેલાં જે પૌદ્ગલિક સુખની ઇચ્છા થાય તે આશંસા અને ધર્માનુષ્ઠાન કર્યા પછીથી

ફળ તરીકે જે ઇચ્છવામાં આવે તે નિયાણું કહેવાય છે.

૪૧૩

જળમાર્ગે સો યોજન ઉપરથી અને સ્થળમાર્ગે સાઠ યોજન ઉપરથી લાવેલી સચિત્ત વસ્તુ અચિત્ત થાય છે.

૪૧૪

ધર્મને ધર્મરૂપે સમજીને ધર્મ કરનારો ધર્માત્મા ધર્મના સિદ્ધાન્તને માન આપે, જ આપે તેમાં આશ્ચર્ય શું ? ઉપદેશતરંગિણીમાં લખે છે કે ભંગી લોકોનો સંઘ શ્રી સિદ્ધાચલજીની યાત્રાર્થે નીકળી પડ્યો છે; પરન્તુ અસ્પૃશ્યદોષના કારણે ડુંગરના પગથિયે પણ ચઢ્યો નથી, પણ ડુંગરને પ્રદક્ષિણા કરીને પાછો ફર્યો હતો.

૪૧૫

જેને ભવની ભાવટ ભાંગી હોય, તેણે ભાગવતી દીક્ષાની સ્વીકૃતિ કરવી જોઈએ,

૪૧૬

મખમલની શય્યાનો સુંવાળો સ્પર્શ થતાં હાશ....! થાય છે, કિન્તુ આ કાયાની લાશ થશે ત્યારે કાંટાનો સ્પર્શ થશે એ નહિ ભુલાવું જોઈએ.

૪૧૭

શરીરરૂપી લંગોટીઓ મિત્ર આત્માને સ્થિર રહેવા દેતો જ નથી.

૪૧૮

છોકરો લીટાં કરે છે, છતાં તમે પાટી ખેંચી નહિ. તમે સમજો છો કે લીટાં જ જ્યારે ત્યારે એકડો લાવશે એ તમારા મનમાં છે.

૪૧૯

ભરત મહારાજાના રસોડામાં જમનારા શ્રાવકો નીચે પ્રમાણેની શરતોનું પરિપાલન કરતા હતા: (૧) સર્વથા બ્રહ્મચર્ય પાળવું. (૨) યદિ પાલન થઈ શકે તો પોતાનાં પુત્ર-પુત્રીઓને સાધુસાધ્વી વર્ગને સોંપવાં. (૩) પોતાનાં બાલબચ્ચાં દીક્ષા લે તે માટે શક્ય પ્રયત્નો કરી છૂટવા. (૪) સંયમના પંથે ન સંચરે તો સમ્યક્ત્વ-મૂળ બાર વ્રતોનું પરિપાલન કરાવવું.

૪૨૦

સર્વ વિરતિમાં રહેલા મુનિમહારાજા જે નિર્જરા કરે તેના કરતાં અસંખ્યાત ગુણી નિર્જરા જીવડો સમ્યક્ત્વ પામતી વખતે કરે.

૪૨૧

પ્રતિક્રમણ, પૂજા કે પ્રવચનાદિ ધર્માનુષ્ઠાનોમાં જરા વધુ વખત થતાં મોડું થયું હોય ત્યારે મોઢું બગડે છે અને અંતરમાં આંચકો આવે છે; પરન્તુ પોતાની કંપનીના માણસો મળે ત્યારે ગપ્પાગપ્પી કે લપ્પાલપ્પીને લંબાવવામાં સમય લંબાય તો દિલમાં જરાય દર્દ નહિ? પાટલા ઉપર બેસીને નિરાંતે મેવા-મિષ્ટાન કે ફરસાણ ઝાપટવામાં ગમે તેટલો સમય વ્યતીત થાય તોય કાળજાં

કંપે નહિ? આ રીતિએ વાસનાવર્ધક પ્રવૃત્તિના પ્રવાસી બનવામાં સમયનું માપ નહિ. માત્ર ધર્મ-આરાધનાના અવસરે જ અવજ્ઞા, આલસ્ય કે અવગણના કેમ ચાલી શકે?

૪૨૨

મનુષ્યની મોંઘી જિંદગીની એક મિનિટ દેવતાઓના ક્રોડ પલ્યોપમ બરાબર છે.

૪૨૩

મોતીના ઢગલા પર નાનો બાળક બેસે તો શું કરે? કાં તો મળમૂત્ર કરે અને કાં તો મોતીની એક મૂઠી આમ ફેંકે ને બીજી મૂઠી તેમ ફેંકે. આવા બાળકને આપણે બેવકૂફ કહીએ, તેમ માનવ જેવા મોંઘેરા મોતીના ઢગલા પર બેસીને આપણે શું કરીએ છીએ તેનો વિચાર કરો.

૪૨૪

ઘરના આંગણે કચરો એ ગંદકી તરીકે લેખાય છે, પણ ખેતરમાં તે ખાતર ગણાય છે. એ જ ન્યાયે ધન પણ પોતે સારૂં કે નરસું નથી હોતું. સારા-નરસાનો મુખ્ય મદાર તેના ઉપયોગ ઉપર નિર્ભર છે. સ્ત્રી એ મોહિનીરૂપે ભલે ભયંકર હોય, પણ માતારૂપે કલ્યાણી છે, વંદનીયા અને પૂજ્યતમા છે. કીર્તિ એ કામનારૂપે ભલે કાળી નાગિણી હોય કિન્તુ સત્યની ક્રાન્તિરૂપે પરમ સોહામણી છે.

૪૨૫

એક મોટી હવેલીની અગાસીમાં બેઠેલો શેઠ નારંગી, મોસંબી, ચીકુ, કેળાં, સફરજન અને સેવ ખાઈ રહ્યો હતો અને છાલ–છોતરાં નીચે ફેંકે જતો હતો. ક્યાંયથી ભિક્ષુક આવીને તે છાલ વગેરે ખાઈ રહ્યો હતો. નોકરોએ ભિખારાને ચાલ્યો જવા માટે પડકાર કર્યો. તે નહિ ગયો ત્યારે માર મારવામાં આવ્યો. ભિખારો તો રડવાને બદલે હસવા લાગ્યો. લોકોને આશ્ચર્ય લાગ્યું અને પૂછ્યું ત્યારે જવાબમાં કહ્યું કે હું માત્ર છાલ અને છોતાં જ ખાઈ રહ્યો છું, તો પણ મને માર પડ્યો તો પછી અંદરનો ગર્ભ વગેરે ખાનાર શેઠની શું દશા થશે ? આ સાંભળી શેઠના અંતરે આંચકો અનુભવ્યો.

૪૨૬

એક મોટી પેઢી ચાલતી હતી. પેઢીના મુનીમે પોતાની પરિસ્થિતિ પહોંચતી નહિ હોવાથી શેઠને પૂછીને પોતાના લગ્ન માટે સારી એવી રકમ ઉપાડી. શેઠે ઇશારતમાં તેને કહ્યું પણ ખરૂં કે રૂપીઆ પાછા ન આવે તો કશો વાંધો નથી; પરન્તુ મુનીમ નીતિમાન હતો. ઉપાડવામાં આવેલી રકમ ચોપડામાં પોતાને ખાતે ઉધારી. ત્રણ ત્રણ વર્ષનાં વાણાં વીતવા આવ્યાં તો પણ રકમ જમા ન થઈ ત્યારે પેઢીના કાર્યકરોએ કાયદેસર નોટિસ મોકલી. અદાલતમાં દાવો માંડ્યો અને ડીક્રી કરાવી, પરન્તુ શેઠે એ ડીક્રીનો અમલ ન કર્યો. પેઢીએ પોતાની કાર્યવાહી કરી અને શેઠે પોતાની ફરજ બજાવી.

૪૨૭

હસવામાં દુનિયા તમને સાથ આપે છે, પણ રડવામાં તો માત્ર ભીનો રૂમાલ જ સાથ આપે છે.

૪૨૮

આગળ વધવાનો ક્રમ આપણો કંઈક અનુલોમ ઓછો જણાય છે. આગળ વધવું હોય તો હલેસાં પાછાં ખેંચવાં પડે છે. આપણે પણ જ્યારે ચાલીએ છીએ ત્યારે આગળ વધવા માટે એક પગ પાછળ જ રાખતા હોઈએ છીએ. સિંહ જ્યારે તરાપ મારે છે તે પહેલાં બે ડગલાં પાછો ખસે છે. આ વાત ખરેખર સો ટકા સત્ય છે જ.

૪૨૯

એક સમયે જેઠાણીએ દેરાણીની મૂલ્યવાન રત્નોની દાબડી ચોરી હતી. ચોતરફ શોધખોળ કરવા છતાં દાબડી ન જ પકડાઈ ત્યારે કોર્ટમાં કેસ કરવામાં આવ્યો. ન્યાયાધીશે ફરિયાદ સાંભળી. ખૂબ મંત્રણાના અંતે ચુકાદો આપ્યો કે થોડાં નાણાં દેરાણીને આપવાં. આ ચુકાદો સાંભળી દેરાણીનું હૈયું બળવા લાગ્યું અને ક્રોધના આવેશમાં આવીને બોલી ઊઠી કે તેં મારાં મૂલ્યવાન રત્નોની ચોરી કરી છે તે બદલ આવતા ભવમાં તારૂં સંતાન મને મળે. દેરાણીનો જીવ તે ત્રિશલામાતા અને જેઠાણી તે દેવાનંદા તરીકે ઉત્પન્ન થાય છે. માટે જ દેવાનંદા અને ત્રિશલા વચ્ચે પોતપોતાનાં સંતાનનો વ્યત્યય થવા પામ્યો હતો.

૪૩૦

ગવૈયો તાનસેન અકબરને ઘણો જ માનીતો હતો. તે એવા સુંદર રાગ છેડતો કે દશદિગ્પાલ ડોલી ઉઠતાં. અકબરે પૂછયું કે, "તારાથી કોઈ ચડિયાતો ગાયક હશે કે?" "હા જરૂર! મારા ગુરૂ હરિદાસજી છે. હું તમને આધીન છું જ્યારે મારા ગુરૂ ઈશ્વરને આધીન છે.

૪૩૧

એક વખત એવો હતો કે હીટલરના માન અને સ્થાનની જગતના સત્તાધીશોને ઈર્ષા આવતી હતી. એ જ હીટલરનો આજે પત્તો સરખોય નથી. એક જમાનામાં એ સમસ્ત વિશ્વને ધ્રૂજાવતો. તેની પાસે લાખો યોદ્ધાઓ હતા, મહા મુત્સદ્દીઓ હતા; અનેક યુદ્ધની વિશાળ અને વિરાટ સામગ્રી હતી. એના એક વચન પર જર્મની પોતાનું ગરમાગરમ લોહી રેડવા તૈયાર થતું. લોકો કહેતા કે હીટલરનો જય જ હોય, પરાજય થાય જ નહિ. પણ ઘડીના છઠ્ઠા ભાગમાં કયાંય ફેંકાઈ ગયો. એનું આજે વિશ્વના પટ પર જાણે નામ–નિશાન પણ નથી. અરે એનાં સંસ્મરણોની એક ઝાંખી ઊભી કરનાર કોઈ નથી. સમજવું જોઈએ કે એ સુખ પોતાનું ન હતું, પણ એ માગી લાવેલું હતું.

૪૩૨

ખંધક મુનિવર ઝાંઝરીયા મુનિ ભગવંત કે ગજસુ-

કુમાલ જેવા વીર પુરૂષોને અંતિમ પરાકાષ્ઠાનાં કષ્ટો પડયાં હતાં, પણ એ અસહ્ય કષ્ટોને પણ સહી લેવાની શક્તિ શું તેઓનામાં જ હતી અને તમારામાં નથી? એમ નહિ, પણ તે મહાત્માઓએ શરીર અને આત્માનું પૃથક્કરણ કર્યું હતું, પરિણામે પડેલાં કષ્ટોને સમભાવે સહી શકયા હતા. સૂકાં નાળિયેર તો તમે સૌ કોઈએ જોયાં હશે જ. તેને જ્યારે ફોડવામાં આવે ત્યારે આખો ગોળો નીકળે છે અને કાચલાં છૂટાં પડી જાય છે. કારણ કે અંદરનો ગોળો કાચલાંથી છૂટો પડી ગયેલો હોય. જ્યારે લીલું નાળિયેર ફોડવામાં આવે છે ત્યારે કાચલાના ટુકડા સાથે સાથે ગોળાના પણ ટુકડાઓ થતા જોવામાં આવે છે, કારણ કે ગોળો અંદરના કાચલાને ચોંટી પડેલો છે. આ વાત સ્પષ્ટ છે ને બરાબર સમજી શકાશે.

૪૩૩

એક વાર પુષ્પોને તુક્કો ઊભો થયો કે સવાર પડે ને આપણને જ પથ્થરની પૂજા કરવી પડે છે! આ તો ભારે અન્યાય છે. તે તો એકાએક રીસાઈને જ બેસી ગયાં. કુદરતે તેમને માર્મિક શબ્દોમાં જવાબ આપ્યો કે તમારે પથ્થરની પૂજા ન કરવી હોય તો પથ્થર તમારી પૂજા કરતા થશે, પણ દુનિયાને પૂજા કર્યા સિવાય નહિ ચાલે. ફુલો તો પોતાની તરફેણમાં ન્યાય તોળાતો સમજી ઘડીભર નાચી ઊઠયાં; પરન્તુ પથ્થરોએ જ્યારથી પુષ્પોની પૂજાની શરૂઆત કરી ત્યારથી પુષ્પો તો બિચારાં છૂંદાઈ જ ગયાં. પુષ્પોએ

તો બૂમાબૂમ કરી મૂકી કે અમારે પુજાવું નથી, અમે તો હવેથી પૂજા જ કરીશું। હંમેશાં પૂજા કરાવવા કરતાં પૂજા કરવામાં જ શ્રેય અને સિદ્ધિ છે.

૪૩૪

બંને આંખોમાં શ્રાવણ–ભાદરવો દેખાય એવા રોગી રોગથી રાંક બનીને દર્દને દૂર કરવા માટે દવાખાના તરફ દોડતા હોય છે. ક્ષુધાર્ત માણસો રસોડા તરફ દોડતા રહે છે, તૃષાથી પિડાતા તૃષાતુર માણસો જળાશય તરફ કૂચ કરતા દેખાય છે, ન્યાયની ઝંખના કરનારાઓ ન્યાયાલયો તરફ દોટ મૂકતા હોય છે. વિદ્યાવિલાસી વિદ્યાર્થીઓ વિશ્વમાં વિખ્યાત થવા માટે વિદ્યાલય તરફ જતા હોય છે. લક્ષ્મીદાસો બજાર તરફ દોડાદોડ કરી રહ્યા હોય છે અને મુસાફરો ટાઈમ પહેલાં સ્ટેશન કે બસ સ્ટેન્ડ તરફ આંખો મીંચીને દોડી રહ્યા હોય છે. તેમ ધર્મનો વાસ્તવિક અર્થી ધર્માલયો તરફ દોડયા સિવાય રહે નહિ.

૪૩૫

પોતાના કર્તવ્યમાં સાવધ રહેનાર માનવી જ સર્વેશ્વરને આંગણે સન્માન મેળવી શકે છે.

૪૩૬

શ્રી રામચન્દ્રજીને બીજી પત્નીઓ હતી. સીતાજી માટે શ્રીરામના હૃદયમાં બીજી અસર ઉત્પન્ન કરવા માટે સ્ત્રીઓએ પણ ઘણો જ પ્રયાસ કર્યો. પરન્તુ એની કંઈ અસર ન થઈ. પાછળથીએ ત્રણે મહિલાઓ પોતાના દુષ્ટ

હેતુને સફળ કરવાના ઈરાદાથી સતી સીતાજીને આધીન થઈ અને પ્રસંગ ઊભો કરીને પોતાની ઇચ્છિત પરિસ્થિતિ ઊભી કરી. સીતાજીને કહ્યું કે તમે રાવણને ત્યાં ઘણો કાળ રહ્યાં, એનું જરા વર્ણન તો કરો ? એ રૂપે રંગે કેવો હતો, તમે જોયો તો હશે જ ને ? સીતાજી કહે છે કે આંખનું પોપચું ઊંચું કરીને મેં તેને કદાપિ જોયો નથી. એટલું કહી શકાય કે આંખ નીચે ઢળેલી રહે એટલે એના પગ તો દૃશ્યમાન થાય જ. માત્ર ભોળા ભાવે સીતાજી આ વાત રજૂ કરે ત્યાં સપત્નીઓ બોલી ઊઠી કે અમારે માત્ર તેના પગનું જ દર્શન કરવું છે. સાગ્રહ કહ્યું કે પગની આછી રૂપરેખા ચીતરી બતાવો, અમે દર્શન કરી પાવન થઈએ. સરળતાને સહચરી બનાવનાર સીતાજીએ રાવણનો પગ આબેહૂબ ચીતરી બતાવ્યો. આ ચરણ–દ્વય ત્રણે પત્નીઓએ શ્રી રામચન્દ્રજીને દેખાડીને કહ્યું કે જેને તમે સતી માની બેઠા છો તે તો અદ્યાવધિ ચરણદ્વય, ચીતરીને એ પોતાના પ્રિયજનનું ધ્યાન ધરી રહી છે. આ કાવત્રાની પણ જ્યારે અસર ન થઈ ત્યારે તે ફૂલટાઓ ખરાબ વાતો પોતાની દાસી દ્વારા આખી અયોધ્યા નગરીમાં પ્રસારિત કરાવે છે. ભલભલા નિષ્ણાતોને પણ કંઈક અસર થઈ કે અંશતઃ પણ સત્ય હશે, પરિણામ એ આવ્યું કે રામ જેવાએ પણ સતી સીતાજીનો પરિત્યાગ કર્યો. સગર્ભા સીતાજીને વનવગડામાં છોડી મૂકયાં. સીતાજી પ્રકૃષ્ટ પુણ્ય-શાલિની હતાં. અતઃ ત્યાં પણ સીતાજીને સંબંધી મળ્યાં અને ત્યાં પ્રસવ થયો હતો.

૪૩૭

સીતાજી દીક્ષા લેવા તૈયાર થાય છે અને જણાવે છે ત્યારે સાંભળીને રામચન્દ્રજી આભા બની જાય છે. મોહનું ઝેર છે ને? જે વખતે સુવર્ણકમલ પર બેઠેલાં સતી સીતાજી કેશનું લૂંચન કરીને કેશ પોતાના પતિદેવ શ્રી રામચન્દ્રજીને અર્પણ કરે છે ત્યાં સુંવાળા કેશનો સ્પર્શ થતાં જ રામ-ચન્દ્રજી મૂર્છિત થાય છે.

૪૩૮

કપૂરથાલાના "દાહરી" નામના સ્થળે પંડિત જવાહરલાલ નહેરૂ એક સિંચાઈ યોજનાનું ઉદ્ઘાટન કરવા ગયા હતા. તે સમયની આ વાત છે. ઉદ્ઘાટન (ખનન) કરવા માટે તેઓના હાથમાં ચાંદીની કોદાળી મૂકવામાં આવી. તે જોઈ પંડિતજી એકાએક ચિડાઈ ગયા અને બોલી ઉઠયા, "હું એક ગરીબ દેશનો સૈનિક છું, અતઃ મારા હાથમાં ચાંદીની નહિ, પણ લોખંડની કોદાળી શોભે.

૪૩૯

આઈઝન હોવર અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયાની જાહેરાત થયા પછી એમને દેશભરમાંથી કેટલીયે ચીજો ભેટ તરીકે મળી હતી. તે પૈકીની એક વસ્તુને આઈઝન હોવરે અમૂલ્ય ભેટ તરીકે ઓળખાવી હતી. એ વસ્તુ છે એક મામુલી સાવરણી. આ ઝાડું ભેટ મોકલનારે લખ્યું હતું કે આપે ચૂંટણીજંગ વખતનાં ભાષણોમાં કહ્યું હતું કે, "જો હું પ્રમુખ તરીકે ચૂંટાઈશ તો રાજ્યવહીવટમાં વ્યાપેલી

ગંદકી સાફ કરીશ. મને વિશ્વાસ છે કે મારી આ ક્ષુદ્ર ભેટ આપને વચનની હંમેશાં યાદી આપતી રહેશે.”

૪૪૦

શિખામણ એ કેવળ શિખામણ નથી, એ તો વડીલજન કે સંતજન પાસેથી સાંપડેલો શિક્ષામણિ છે. આ શિક્ષામણિને જે શિર પર ચઢાવે, જીવનના આચરણમાં વણી નાંખે તે જગતમાં મુકુટમણિ બનીને રહી શકે.

૪૪૧

જર્મનીનો મહાન ફ્રેડરીક રસ્તા પરથી પસાર થતો હતો. સામેથી એક વિદ્વાન અને તેનો મિત્ર ચાલ્યા આવતા હતા. વિદ્વાને રસ્તા પરથી એક બાજુ પર ખસી જઈને રાજા ફ્રેડરીકને માર્ગ આપ્યો. સાથેના મિત્રને આ ન ગમ્યું. એણે ટકોર કરતાં કહ્યું, ‘તમે સ્વયં સરસ્વતીજીને સત્તા પાસે શરમીંદી બનાવી દીધી.’ વિદ્વાને કહ્યું, ‘ભાઈ એમ નથી. એના માથે રાજનો ભાર છે.’ બંને શખ્સો આગળ વધ્યા, આગળ રાજા ચાલ્યો જાય છે અને પાછળ આ બંને જણ ચાલી રહ્યા છે. સામેથી એક મજૂર ચાલ્યો આવતો જોવામાં આવ્યો. તેને માથે બોજો હતો. રાજાએ ખસીને મજૂરને માર્ગ કરી આપ્યો. જે સરસ્વતીએ સત્તાને માન આપ્યું તે સત્તાએ શ્રમદેવને માન આપ્યું. શ્રમદેવ આજે સિક્કો અને શક્તિ, દામ અને કામ બેમાં પ્રથમને વધુ માન આપી, બીજાની અપ્રતિષ્ઠા તો કરતા નથી ને? હક્ક અને ફરજ એક

સિક્કાની બે બાજુ છે, તેની એક પણ બાજુ ઘસાય તો સિક્કો નિરર્થક નીવડે છે.

૪૪૨

અમેરિકા ખાતેના હેલિન્ગટન ટોન્ગ અને તેમની પત્નીએ હમણાં જ પોતાના લગ્નજીવનનો હિરક મહોત્સવ ઉજવ્યો. એ વખતે એ શાણા ચીની રાજનીતિજ્ઞે સુખી લગ્નજીવનનાં નીચે મુજબ બે સૂત્રો પ્રગટ કર્યાં હતાં: પહેલું એ કે પત્નીએ પતિ પર પ્રેમ ઓછો કરવો અને તેને સમજવો વધુ જોઈએ. જ્યારે પતિએ પત્ની પર પ્રેમ વધુ કરવો અને તેને સમજવાનો પ્રયત્ન ઓછો કરવો હિતાવહ છે.

૪૪૩

પ્રેમ, શ્રદ્ધા અને ભક્તિ રૂપી ગંગા, યમુના અને સરસ્વતીનો ત્રિવેણીસંગમ થાય તો પથ્થરમાં પણ પ્રભુતા પ્રગટે, શલ્યામાંથી અહલ્યા પ્રગટી હતી તેમ.

૪૪૪

મારા હાસ્યે એના ઓષ્ઠ પર જ્યારે આસન જમાવ્યું અને એનાં અશ્રુએ મારી આંખોમાં જ્યારે બેસણું સ્વીકાર્યું ત્યારથી અમે બે મટીને એક થયાં.

૪૪૫

પુષ્પોને પામતાં પહેલાં ઘડાવું પડે પથ્થરને,
સૂરને પામતાં પહેલાં વીંધાવું પડે વાંસળીને.

૪૪૬

હંમેશાં વેપારીઓ ૭૪॥ ની સંખ્યા પોતાના ચોપડા, કાગળો, હૂંડીઓ, ખાતાં વગેરે પર લખે છે તેનું રહસ્ય એ છે કે આ રિવાજ મૂળ મેવાડ–મારવાડનો છે. તે તે વેપારીઓ ગુજરાતમાં વસ્યા, એટલે તેમનો રિવાજ ગતાનુગતિક ન્યાયે ગુજરાતીઓએ પણ અપનાવ્યો. મેવાડનો રાણો પ્રતાપ મોગલ સમ્રાટ મહાન અકબરના સૈન્ય સાથે હલદીઘાટનું યુદ્ધ ખેલ્યો, તેમાં અસંખ્ય રજપૂતોનો સંહાર થયો હતો. રજપૂતો જનોઈ પહેરતા, ઘણા હજુ પણ પહેરે છે. યુદ્ધમાં ખપી ગયેલા રજપૂતોના શરીર પરથી જનોઈ ઉતારી તેનું વજન કરવામાં આવ્યું તો ૭૪॥ મણ થયું હતું. શબ અસંખ્ય હતાં, ગણના કરવી અશક્ય હતી, તેથી તેમનો અંદાજ કાઢવા ઉપર પ્રમાણે જનોઈનું વજન કરવામાં આવ્યું હતું. ૭૪॥ એ આંકનો સંકેત, ઐતિહાસિક દાર્શનિક પુરાવો છે. મુખ્ય આશય એ છે કે જો મારૂં લખ્યું ન પાળું તો યુદ્ધમાં ખપી ગયેલા અસંખ્ય રજપૂતોની હત્યાનું પાપ મને લાગે.

૪૪૭

પ્રયત્ન અને પ્રાપ્તિ – લોકોમાં કેવળ પ્રાપ્તિની એટલે કે લાભની ઉત્કંઠા હોવાથી પ્રયત્ન કરવામાં તેઓને કષ્ટ જણાય છે. પ્રાપ્તિમાં જ તેઓને આનંદ મનાય છે. પ્રાપ્તિ પ્રતિ તેઓનું લક્ષ રહે છે, પ્રયત્ન પર પૂરતું ધ્યાન અપાતું નથી હોતું. પ્રયત્નમાં તેઓને પ્રમોદ પણ

ભાગ્યે જ હોય છે, વાસ્તવિક રીતે પ્રાપ્તિ જોઈએ તો પ્રતિદિન પ્રાણવંતો પ્રયત્ન કરવો જરૂરી છે.

૪૪૮

વસ્તુપાલ તેજપાલના શ્રી શત્રુંજય સંઘમાં યાત્રા કરી નિવૃત્ત થયા પછીથી દેવી અનુપમા હજારો અભ્યાગતો, યાચકો, અનાથોને દાન દેવામાં જરાપણ કંજુસાઈ કરતી ન હતી. ઘીથી ભરેલા તાવડામાંથી, તાંસળેથી ઘી તે આપતી યાચકોની ભીડ વચ્ચે ઘણી વખત અનુપમાદેવીની સુંદર સોહામણી સાડી પર ઘીનાં છાંટણાં થતાં તો પણ તે જરાય ચીડાતી ન હતી. તે વિચારે છે કે દુર્ભાગ્યવશાત્ મારો જન્મ કદાચ ઘાંચીને ત્યાં થયો હોત તો શું થાત? આમ તે વિચારતી.

૪૪૯

મોરવાડાથી એક સમયે ખાનજી ઠાકોર પોતાની માનતા પૂર્ણ કરવા શ્રી ઓગડનાથજીની યાત્રાએ જતા હતા. રસ્તામાં ઓગડનાથજીએ મૂળ સ્વરૂપે દર્શન આપ્યાં હતાં. નબળા સમયમાં તેઓ મોરવાડા છોડી ભાભર જઈ રહ્યા. ત્યાં કુમાર આણંદસિંહજીનો જન્મ થયો. સમીપમાં રહેલા કોઈ યતિએ તે સમયની કુંડલી બનાવી હતી અને તેમનું ઉજ્જવળ ભાવી પ્રકાશિત કર્યું હતું, અને તે સમયે ભાભરમાં કોળી ઠાકોરો લૂંટફાટ કરી રૈયતને પરેશાની પહોંચાડતા હતા. તે લોકોને ડામવા માટે નવયુવક આણંદસિંહ બીડું ઝડપે છે, ત્યારે ઠાકોરોએ

જાસાચિઠ્ઠીથી કહેણ મોકલ્યું કે :

" રાધનપુરથી રીસણાં, વીસા સાથે વેર;
ખાનજી મત જાણે ખોખલાં, ભાંય બીજી ભાભેર."

આનો પ્રત્યુત્તર પિતા-પુત્રે યુદ્ધ પહેલાં આપેલો હતો. કોળી ઠાકોરોને કબજે કર્યા, ભાભર ગામની મધ્યમાંથી પોતાનું લશ્કર દોરી જઈ ભાભરના બે વિભાગ કરવામાં આવ્યા અને પ્રજાજનોને સુખી કર્યા, ત્યારે લોકોએ ગાયું :

" કોળીઓ કરીએ નહિ વડાં ઘરાંની વેર;
અડભંગ ભાગ્યા આણંદે ભડ કીધાં બે ભાભેર."

ત્યાર પછી ભાભરના બે વાસ થયા.

૪૫૦

આભુ સંઘવીએ યાત્રામાં ૧૨ ક્રોડ સોનૈયાનો વ્યય કર્યો હતો. તેઓની યાત્રામાં ૭૦૦ જૈન મન્દિરો દર્શનાર્થે રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભુ સંઘપતિએ ૩૬૦ સાધર્મિક ભાઈઓને પોતાના સરખા કર્યા હતા. આભુ શેઠને રૂપની રાશી સમી એક લાડીલી કુમારદેવી થરાદમાં હતી, આચાર્ય હરિભદ્ર ભૂરીશ્વરજી મહારાજાનું ચાતુર્માસ ત્યાં હતું. પ્રતિદિન પ્રાતઃકાલે ગુરૂવંદનાર્થે જવાનો અચૂક નિયમ હતો. ખરેખર તેણીની કુક્ષિમાં જૈનધર્મના સ્તંભ સમાં બે નરરત્નો ચમકી રહ્યાં હતાં. કુમારદેવીનું પનોતું પિયર પુરાણું થરાદ અને બાંધવ બેલડીનું મોંઘેરૂં મોસાળ થરાદ નગર હતું.

૪૫૧

કવિ સાહિત્ય ઉપવનમાં સંચરે છે ત્યારે તેઓની કલ્પનાઓ વાંચકવૃન્દનાં દિલ ડોલાવી દે છે. "રાધા-કૃષ્ણ" રાધા પહેલી અને શ્રીકૃષ્ણ પછી. રાધાકૃષ્ણ એ પ્રમાણે લોકો નવાજતા હોય છે. એક વખત ચાંદની ખીલી છે ત્યારે નારદજી શ્રીકૃષ્ણને કહે છે, "અહાહા.... રાકા (ચાંદની) કેવી ખીલી છે?" ત્યારે શ્રીકૃષ્ણ કહે છે, "વચમાં ધી નથી. ધી ક્યાં છે? તેના વિના શું?" એટલે કે "રાધીકા" વગર ચાંદની પ્રિય લાગતી નથી. આ છે ઉભયપાત્રનો અદ્વિતીય દાંપત્ય અને ભક્તિપ્રેમ, જેમાં વિષય કે વાસનાની છાંટ નથી.

૪૫૨

મીરાંબાઈ ડગલે ને પગલે પોતાના પ્રત્યેક શ્વાસો-ચ્છ્વાસ ને ગાનતાનમાં ગિરિધરનું જ સ્મરણ કરતી રહે છે. પગલે પગલે ગિરિધરને જ પોતાના ગીતમાં સંભારતી રહે છે. આ અદ્વિતીય ભક્તિ ને પ્રેમ જ ઝેરને ઝાટકી નાંખે છે.

૪૫૩

પહેલાં સીતા ને પછી રામ. રાજા રામચન્દ્રજીએ નિર્દુષ્ટ સતી સીતાજીનો પરિત્યાગ કર્યો હતો. વનમાં રઝળતી મૂકેલી હોવા છતાં સીતાનો વિયોગ રામને અસહ્ય હતો. રાજ્યવૈભવ-સુખો અકારાં લાગતાં હતાં. સીતે! સીતે! એમ સંપલન કરી રહ્યા છે. અશોકવનના દુઃખમાંથી મુક્તિ મળવાનો પ્રસંગ છે. હનુમાનજી પોતે જ

ઉચકી રામચન્દ્રજી પાસે લઈ જવા તૈયાર છે તથાપિ સીતાજી કહે છે કે શ્રીરામ વિના કોઈ અન્ય પુરૂષનો સ્પર્શ કરવા હું નથી માગતી. શત્રુસદનમાંથી છટકવાનો આ સુલભ રસ્તો છે, છતાં આવાં વચનો તે ઉચ્ચારી રહ્યાં છે. માત્ર રામનું જ રટણ છે. દેહ જુદા, પણ દિલ એક હતાં. વાસના ન હતી, પણ સાચા સ્વર્ગીય પ્રેમની છાંટ હતી. ધન્ય ભક્તિ! ધન્ય પ્રેમ!

૪૫૪

સમ્રાટ સંપ્રતિ અસાધારણ ધર્મિષ્ઠ અને ધૈર્યશાળી રાજા હતો. તેનો જોટો જગતમાં શોધ્યો મળતો નથી. તેમનો બાપ વીર કુણાલ અંધ હતો. તેમની માતા કંચના ક્ષત્રિયાણી હતી, છતાં તેમના અંધપતિ સાથેના દાંપત્ય-ભોગમાં જરા પણ ઉણપ ન હતી. પરિણામે તેમાંથી સંપ્રતિ જેવું મિષ્ટ અને મધુર ફળ સર્જાયું હતું. સમ્રાટ સંપ્રતિ તેમની ઉજ્જવળ કાર્યવાહીથી અદ્યાવધિ જીવંત છે. ખરેખર કંચના–કુણાલનું જોડું અદ્વિતીય હતું.

૪૫૫

હનુમાનનો અજોડ અને અદ્વિતીય પ્રેમ જગબત્રીસી-એ જાણીતો છે. હનુમાનના હૈયામાં રામની મૂર્તિ રમી રહી હતી.

૪૫૬

શ્રીમતી મદના એ રાજસુતા ને રૂપ નીતરતી નવ-યૌવના હતી. તેનામાં પ્રાકૃતિક અપ્રતિમ લાવણ્યની છાંટ

હતી. કયૂટીકયૂરા ટેલ્કમ પફ–પાવડર, સ્નો, સેન્ટ કે ક્રીમની કરામત યા લીપસ્ટીક, લવંડર કે લકસ સોપ દ્વારા સૌન્દર્યની ઝલકથી તેની કંચનવર્ણી કાયા ચંપકવરણી લતા–સમ ભાસતી હતી. રોજ પાઉડરથી રંગવાની તેમને જરૂર ન હતી. શકુંતલા એક વનવગડામાં વિહરનારી વનિતા હતી. નાઈલોન નહિ માત્ર વલ્કલ–વસ્ત્ર પરિધાન કરનારી પ્રમદા હતી. છતાં વલ્કલ–વસ્ત્રની વચ્ચે પણ તેનું લાવણ્ય અનોખી આભા અર્પતું હતું.

૪૫૭

આર્ય મહિલાઓ હંમેશાં સજાગ રહેશે તો જ સમાજનું ખોળવાઈ ગયેલું વ્યવસ્થાતંત્ર સુધારી શકાશે. આજકાલ કેટલાક પુરૂષોએ સ્ત્રીને સંસાર જમાવવાનું એક રેફ્રીજરેટર બનાવી દીધી છે, પરિણામે તેમની કેટલીક જીવંત શક્તિઓ વિકસવાને બદલે વેડફાઈ રહી છે.

૪૫૮

એક જ દુકાનમાં સાથે ધંધો કરતા બે સગા ભાઈએ ગૃહકલેશના કારણે જુદા થયા. નાના ભાઈએ મોટા ભાઈની સામે જ નવી દુકાન શરૂ કરી. સામેની દુકાન કરતાં ભાવમાં બે આના ઓછા લઈને માલ વેચવા માંડયો. આમ દેખીતા જ ફાયદાથી સૌ ગ્રાહકો એની દુકાને વળ્યા. મોટા ભાઈ તો મર્યાદિત નફો લઈ વેપાર કરતો હતો, પણ નાના ભાઈને એનાથી બે આના ઓછે વેચતો જોઈ તેણે બબ્બે આના ભાવ વધારી નાંખ્યો. ગ્રાહકોને આથી આશ્ચર્ય થયું.

એક દિવસે એના ગ્રાહકે પૂછ્યું, 'સામેની દુકાન કરતાં તમારે ત્યાં ભાવમાં બે આનાનો જ તફાવત રહેતો હતો પણ હવે તમોએ વધારીને ચાર આનાનો કેમ કરી નાંખ્યો?' ત્યારે તેણે જવાબ આપ્યો, 'હું જો એમ ન કરૂં તો મારા નાના ભાઈને વેપારમાં નુકસાન જાય.'

૪૫૯

મહમદ ગિઝની જ્યારે ગુજરાતમાં આવ્યો ત્યારે આપણા દેશમાંથી અઢળક સંપત્તિ લૂંટી લાવેલો હતો. એકલા ગુજરાતમાંથી ૭,૦૦,૮૦૦ મણ સોનું લઈ આવેલો હતો.

૪૬૦

ઘરના આંગણે કચરો હોય એ ગંદકી છે; પરન્તુ ખેતરમાં ખાતર તરીકે કચરો પણ તેટલો જ ઉપયોગી નીવડે છે. ધન એ પોતે કંઈ સારૂં કે ખરાબ નથી, એ કયે સ્થળે વપરાય છે તે ઉપરથી ધન સારૂં કે ખરાબ કહી શકાય. સ્ત્રી એ મોહિની રૂપે ભલે ભયંકર હોઈ શકે, પણ માતા રૂપે તો એ કલ્યાણી છે. એ રીતે કીર્તિ પણ સત્યની કાન્તિરૂપે સોહામણી છે, કિન્તુ વ્યક્તિગત કામનારૂપે ચેતીને ચાલવા જેવી નાગણ છે. વસ્તુમાં પાપ નથી, વસ્તુની વાસનામાં છે.

૪૬૧

આજનો માનવ અંતઃકરણ અસુર જેવું ધરાવે છે અને શક્તિઓ દેવ જેવી ધરાવે છે. હંમેશાં પાચનક્રિયા

સુધર્યા વિના પૌષ્ટિક ખોરાક લેવાનો કોઈ અર્થ નથી, તેમ અંતઃકરણ સુધાર્યા વિના દેવ-દેવીની શક્તિઓ સુધી પહોંચવું વ્યર્થ છે.

૪૬૨

કવલાહારમાં કરોડો કર્મ કરવાનાં હોય છે. કરોડો કર્મ કર્યા સિવાય કવલાહાર થઈ શકતો નથી. કવલાહાર કરવા માટે આત્મા પહેલો ખોરાક જુએ છે, જોયા પછી ખાવાની ઇચ્છા કરે છે, પછી હાથ ઉપાડે છે. ખાવાને માટે અનુકૂળ બનાવવા તેના યોગ્ય ટુકડા કરે છે, તે પછી તેને મોંઢામાં મૂકે છે, પછી તેને ચાવે છે. આવી ક્રિયાઓ કવલાહારમાં કરવાની રહે છે, જ્યારે લોમાહાર એ પ્રાકૃતિક છે.

૪૬૩

જીવરાજભાઈ એ ખાઉધરો ખવીસ છે, જે હાથમાં આવે તે ખાઉં ! યદિ હાથમાં ન આવે તો રોમ દ્વારા પણ ખાઉં ખાઉં ને ખાઉં !

૪૬૪

કાંસાનું વાસણ કેમ અભડાય છે ? હલકી જાતના લોકોને તમે કાંસાના વાસણમાં જમવા આપતા નથી અને કાંસુ અભડાઈ જાય છે એમ તમે માનો છો તેની પાછળ એવું કારણ છે કે આપણા શરીરમાંથી વહેતા વીજળિક પ્રવાહોને આકર્ષણ કરવાનો તેનામાં ગુણ છે. હલકી જાતના અને હલકા વિચારના માણસોને કાંસાના

વાસણમાં જમવાનું આપવામાં આવે તો તેઓના શરીરમાં અને મનમાં વહેતા વીજળિક પ્રવાહની માઠી અસર બીજા માણસના જીવન ઉપર કરે છે, માટે કાંસાનું વાસણ અન્યને આપી શકાતું નથી.

૪૬૫

વીરવિજયજી કૃત દ્વાદશ વ્રતપૂજામાં ‘જૂઠા નર ભૂમિ શોધન જળ છંટકાવ કર્યો રે મોહન મેરે’— અપવિત્ર ભંગીની સ્ત્રી એમ કહી રહી છે કે જ્યાં અસત્ય ભાષણ કરનારનાં પગલાં પડયાં હોય ત્યાંની ભૂમિ સ્વચ્છ બનાવવા માટે જળનો છંટકાવ કરૂં છું. આ ઉપરથી સમજવું જોઈએ કે અસત્ય ભાષણ કરવાથી કેટલી મલિનતા છવાય છે.

૪૬૬

એક જમાનામાં મજૂર વર્ગમાં પણ સંસ્કૃત ભાષાની છાયા હતી. દંતકથા ચાલે છે તદનુસાર એક વખત રાજા ભોજ નદી ઉતરવાની તૈયારી કરતો હતો, તેવામાં ત્યાં એક મજૂર આવી ચડયો. તેને ભોજરાજાએ પૂછયું, ‘क्रियन्मानं जलं विप्रः’ ‘હે વિપ્ર, પાણી કેટલું ઊંડું છે?’ ત્યારે મજૂરે પ્રત્યુત્તર આપ્યો કે ‘जानुदघ्नं नराधिप’— ‘હે રાજન્! અહીં જાનુ પ્રમાણ પાણી છે.’ રાજા મજૂરની ચાલાકી અને ચતુરાઈ જોઈને ખુશી થયો અને પુનઃ પૂછવામાં આવ્યું, ‘इदृशी किमवस्था ते’—‘અરે વિપ્ર! તારી આવી સ્થિતિ કેમ?’ મજૂર જવાબ આપે છે કે,

'नहि सर्वे भवादृशाः'—તમામ આપના જેવા હોઈ શકતા નથી.' આ ઉપરથી સિદ્ધ થાય છે કે પહેલાંના જમાનામાં મજૂર વર્ગમાં પણ સંસ્કૃત છાયાની છાંટ હતી.

૪૬૭

પ્રતિકૂળ સંયોગોમાં પણ કર્તવ્ય કઈ રીતિએ બજાવ્યે જવું તે માટે જીભનો આદર્શ અપનાવવા જેવો છે. આગળ લૈયા જેવા બત્રીશ મજબૂત દાંતો, પાછળના ભાગમાં ગળાની ઊંડી ખાઈ, અમુક જાતના ઉના–ટાઢા, તીખા–ખાટા–ખારા ખાદ્ય પદાર્થોનો સતત મારો, સંચાલન માટે ઓછામાં ઓછી જગ્યા, સૂર્યનો પ્રકાશ ન આવે એવી સાંકડી ગુફામાં લપાઈને રહેવાનું આવી અનેકવિધ વિચિત્રતાઓ વચ્ચે વસીને પણ જીભ નિર્ભયપણે પોતાનું કાર્ય કરવામાં કુશળ છે. અત: સુખી થવું હોય તો જલ-કમલવત્ નહિ પણ મુખજિહ્વાવત્ જગતમાં રહેતાં શીખો.

૪૬૮

સમુદ્રકિનારાના ખડકોની સાથે પાણીનાં મોજાંઓ સતત અથડાયા કરે છે. તે પાણીના અવિરત પ્રહારોથી, ખડકોને કશું જ નુકસાન થતું નથી. તમારા હૃદયને પણ તમે તેવું જ બળવાન બનાવો. વિપત્તિને જોઈને હાય–વોય ન કરો. ધીરજથી અને દૃઢતાથી દુઃખોનો સામનો કરો. સવારના સોહામણા સમયે વહેલા ઉઠવાને બદલે બિછાનામાં જ પડયા રહેવાનું તમે શા માટે પસંદ

ફરો છો? ઠંડીથી હતાશ થઈને માત્ર બિછાના પર ચાદર ઓઢીને જ બેસી રહેવા માટે તમારો અવતાર નથી. એક એક દિવસ તમને કર્તવ્યપાલન માટે જ મળ્યો છે.

૪૬૯

કોઈ એક રંગરેજ ખત્રી હતો. એક એના મિત્રે સાફો રંગવા આપ્યો હતો. ખત્રીએ ખંતપૂર્વક મહેનતાણું લીધા વિના સુંદર રીતિએ રંગી આપ્યો. મિત્ર તે રંગાવેલો સાફો બાંધી દરબારમાં ગયો. રાજાએ જોયું ને પૂછયું કે 'આ સાફો કયાં રંગાવ્યો છે?' તેણે કહ્યું કે 'મારા મિત્ર રંગરેજે રંગી આપ્યો છે.' રાજાએ તે રંગારાને બોલાવ્યો અને સારામાં સારૂં કાપડ લઈને એક સાફો સુંદર રીતિએ રંગી આપવા માટે પડકાર કર્યો. રંગરેજે પણ રાજાએ કહ્યું તદનુસાર એક વાર, બે વાર, ત્રણ વાર સાફો રંગ્યો, પણ પેલા જેવો રંગ ચડે નહિ. છેવટે રંગારાએ રાજાની પાસે આવીને કહ્યું, 'રાજન્! તમે મને હજાર રૂપિયા આપો તોય એના જેવો રંગ નહિ ચડે, કારણ કે એમાં હૈયાનો ઉમળકો હતો. આ પ્રમાણે અંતરના ઉમળકાથી ધર્મ કરવામાં આવે તો કેવો રંગ ચડે....!

૪૭૦

લોકોક્તિ અનુસાર એકવાર બ્રહ્માજીએ દાનવ, માનવ, અને દેવને વહેંચણી કરતી વખતે દ દ દ એમ એક એક વર્ણાક્ષર ભાગમાં આપ્યો. તેનો વાસ્તવિક

આશય સમજવામાં ન આવે તો માનવ, દાનવ કે દેવને પોતપોતાનો પાઠ ભજવી શકાય નહિ. દાનવને દયા; માનવને દાન અને દેવને દમન કરવા માટેનો આ આશયમાં પડકાર કરવામાં આવ્યો છે.

૪૭૧

પૃથ્વીની પીઠ પર પેદા થયેલા પ્રત્યેક પ્રાણીમાં દૈવી અને આસુરી એમ બે પ્રકૃતિઓનું સંમિશ્રણ રહેલું છે. તે બેઉ પૈકી દેશ, કાળ અને સ્થિતિ અનુસાર એકને પ્રગટ કરે છે, જ્યારે બીજીને નિગૂઢ રાખે છે. આ રીતિએ માનવ દ્વિધાવૃત્તિનો ભોગ બનીને જીવન વીતાવતો હોય છે. દેવાલય કે ઉપાશ્રયે જઈને ધર્મ, ધનનો જે સંચય કરે છે તે સઘળુંય પોતાની કુટિલતાને કારણે ત્યાં ને ત્યાં જ વટાવી નાંખે છે.

૪૭૨

ઘણી વાર આપણે એમ બોલતા હોઈએ છીએ કે 'મારું મન માનશે તો હું આ કામ કરીશ.' આવી રીતિએ આપણે વાતમાં મારૂં મન, મારૂં મન, આ પ્રમાણે બોલતા જ રહીશું તો માનવતાની મહેક ભાગ્યે જ ફેલાવી શકીશું. આપણું મન માનશે કે કેમ ? તે અંગે આપણને પૂરતી શંકા હોય છે. મન આપણા તાબામાં નથી હોતું, તેથી જ આપણે મનના ગુલામ બની બેઠા છીએ.

૪૭૩

સમસ્ત સામ્રાજ્યને કંટ્રોલમાં રાખવાવાળા, સમ્રાટ

પડ્યા છે પરન્તુ મનના તો તેઓ પણ તેટલા જ ગુલામ હોય છે. સરકસમાં ખેલાડીના ખેલને જોતાં જ ભલભલા હેરત પામી જતા હોય છે. સિંહ અને વાઘ જેવાં વન્ય પશુઓ ઉપર વિજય મેળવેલો હોવા છતાંય તે મન ઉપર સવારી કરી શકતો નથી!

૪૭૪

ક્યારેક ધાર્મિક પ્રવચનોમાં ગયા હોઈએ અને ત્યાં ધમાલ કે ધાંધલ મચે તો આપણને તે ચિરકાલ સુધી યાદ રહી જાય છે, કારણ કે તેમાં આપણું ધ્યાન હોય છે, જ્યારે ગઈ કાલે પ્રવચનમાં શું ઉદ્બોધન કરવામાં કરવામા આવ્યું હતું તે ભાગ્યે જ યાદ રહે.

૪૭૫

કોહીનૂર હીરો હંમેશાં મૂલ્યવાન મનાય છે. તેવા સેંકડો હીરાઓ એકઠા કરવાથી કોઈ માનવજીવનની તુલના થઈ શકતી નથી. માનવજીવન અતિ દુર્લભ છે. તેની પ્રત્યેક પળ લાખેણી છે. આ અવનિ પર રૂપીઆ, આના અને પાઈનો હિસાબ રાખનારા લાખો પડ્યા છે; પરન્તુ માનવજીવનની ક્ષણે ક્ષણનો હિસાબ કરનારા વિશ્વમાં વિરલ છે.

૪૭૬

એક વખત કબીરજીના ગામના લોકો યાત્રાર્થે જઈ રહ્યા હતા. તે લોકોએ કબીરજીને યાત્રાર્થે આવવા માટે આગ્રહ કર્યો; કિન્તુ કબીરજીએ કારણવસાત્ તેઓનું

આમંત્રણ સ્વીકાર્યું નહિ. છેવટે લોકોના અતિઆગ્રહને આધીન થઈ પોતાના પ્રતીકરૂપે એક કડવી વેલની તુંબડી આપી અને સૂચન કર્યું કે તમે જ્યાં સ્નાન કરો ત્યાં મારા વતી આ તુંબડીને પણ સ્નાન કરાવશો. બરાબર છ માસની યાત્રા–પર્યટન પછી પાછા ફરેલા લોકોએ સ્નાન કરાવીને સ્વચ્છ કરવામાં આવેલું તુંબડું કબીરજીને પ્રત્યર્પણ કર્યું. કબીરજી તરફથી આ લોકોને પ્રીતિભોજનનું નોતરૂં આપવામાં આવ્યું અને ભોજનમાં શાક તરીકે નદીઓનાં નિર્મળ નીરમાં સ્નાન કરીને આવેલી પવિત્ર તુંબડીનો જ ઉપયોગ કરવામાં આવ્યો. સમયસર લોકો જમવા માટે આવી પહોંચ્યા. લોકોએ શાક જ્યારે મોંમાં નાખ્યું કે તરત થૂથૂકાર કરવા લાગ્યા. કબીરજીએ તુરત ટકોર કરી, " તુંબડી કડવી હોય નહિ, કેમ કે તીર્થસ્નાન કરીને આવેલી તે તુંબડી કડવી કેમ હોઈ શકે ? " આખરે કબીરજીનો આશય એ છે કે તીર્થભૂમિની સ્પર્શના કરવા છતાં અંતર ઉજ્જવલ ન બને તો તીર્થે ગયાનો અર્થ જોઈએ તેવો સરે નહિ.

૪૭૭

મહારાજા ભતૃહરિએ રાજપાટ ત્યજીને ભેખ લીધો હતો. એક દિવસ પર્યટન કરતાં ઉપરાઉપરી પાંચ દિવસો સુધી ક્યાંયથી પણ ખાવાને મળી શક્યું નહિ. આવી કપરી કસોટી આવવા છતાં તે દીન બન્યા ન હતા તેમ ટેક ત્યાગી ન હતી. છઠ્ઠે દિવસે ફરતાં ભતૃહરિ એક સ્મશાન-

ભૂમિ પર આવી ઊભા. જોયું તો એક મડદું બળી રહ્યું હતું. ચિતામાં અંગારા જલતા હતા. પાસે જ લોટના ત્રણ પિંડ પડેલા હતા. આ ઋષિરાજ પિંડની બાટી ( રોટલી ) બનાવીને સ્મશાનભૂમિ પર સળગતા અંગારા ઉપર શેકીને જ્યાં ખાવાની તૈયારી કરે છે તેટલામાં જ કોઈ દેવે ભિખારીનું રૂપ ધારણ કરીને રોટલીની યાચના કરી અને ઋષિરાજે તૈયાર કરેલી ત્રણે રોટલીઓ ભિક્ષામાં આપી દીધી.

૪૭૮

પ્રાચીન કાળમાં ઘરના વડેરાઓ રાત્રે ઘરના તમામ સભ્યોની સભા ભરીમે મંત્રણાઓ કરતા. ધર્મગુરૂઓ તરફથી મળતા શુભ શિક્ષણ અને સર્વોત્તમ સંસ્કારોની આપલે કરતા. પરિણામે ઘરનું વાતાવરણ ધર્મના રંગે રંગાએલું રહેતું. આજે આ પ્રણાલિકા પ્રાયઃ નષ્ટ થઈ હોય તેમ જણાય છે. મુસલમાન કોમમાં એ પ્રણાલિકા પગભર છે, તેથી કોઈ મુસલમાન મેજિસ્ટ્રેટ થયેલો હોવા છતાં ચાલુ કોર્ટે નમાજ પઢ્યા વગર રહેશે નહિ. અર્થાત્ કુરાન ભણ્યા વગરનો ભાગ્યે જ કોઈ મુસલમાન મળશે.

૪૭૯

લંકાધિપતિ રાવણનો સંપૂર્ણ પરાજય થઈ ચૂકયો છે. રામ અને લક્ષ્મણ એકદા સુખદુઃખની વાતો કરી રહ્યા હતા. અયોધ્યાનું અને સ્વજનોનું તેઓ સ્મરણ કરી રહ્યા છે. લંકાની સમૃદ્ધિ તેમના દૃષ્ટિપથમાં જ પથરાયેલી હતી. સતી સીતાને લઈને અયોધ્યા પ્રતિ

પ્રયાણ ક્યારે કરવું એ તેઓના વાર્તાલાપનો વિષય હતો. આ ચાલી રહેલા સંભાષણ દરમિયાન વાસુદેવ શ્રી લક્ષ્મણે વાત ઉચ્ચારી કે જ્યેષ્ઠ ભ્રાતાએ લંકાને નિર્વિઘ્ન જીતી લીધી છે, લંકાના નગર નિવાસીઓને આપના પ્રતિ પૂજ્યભાવ છે. તેઓ એમ પણ ઇચ્છે છે કે રામચન્દ્રજી અમારા અધીશ્વર બને. અતઃ આપ લંકાધીશ તરીકે રાજ અને તાજના તારલા બનો. આપણને સહેજે મળતી રાજ્ય-લક્ષ્મીને શા માટે ન ભોગવવી? ભગવાન રામચન્દ્રજી પ્રત્યુત્તરમાં જણાવે છે :

अपि स्वर्णमयी लंका न मे लक्ष्मण रोचते ।
जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ॥

૪૮૦

પહેલાંના સમયમાં એમ પૂછવામાં આવતું કે સ્વસ્થ છો કે કેમ? એટલે કે આત્માના વિચારમાં સ્થિર છો કે કેમ? આ રિવાજ પ્રશંસનીય છે. મરાઠી લોકો કોઈ પણ સારા કામના અંતે એવું પૂછે છે કે तत्त्वनसिंना ધોધ જેવું કાંઈ કર્યું કે નહિ?

૪૮૧

ખોવાયું ખોળવા તલસે છે જીવડો, અંધારા ઓર-ડામાં પ્રગટાવી દીવડો.

૪૮૨

માયા છે કાળી કૂત્તી, સંસારીના ઘરમાં સૂતી.
ગૃહસ્થ પૂજેને કરે સ્તુતિ, મસ્તકસામે કાઢે ભાગને કૂતી ?

૪૮૩

ઠાણાંગ સૂત્રમાં ચાર ગરણાંનું વર્ણન છે: ભાષાનું ગરણું એટલે વિચારીને બોલવું તે. ધરતીનું ગરણું એટલે કે ઇર્યાસમિતિ શોધતાં ચાલવું તે. મનનું ગરણું એટલે ખરાબ કે અનિષ્ટકર વિચારો ન કરવા તે અને પાણીનું ગરણું સૌ કોઈને સુવિદિત જ છે.

૪૮૪

ભાવનાના આંદોલનની અસર કોઈ અનેરી છે. પ્રભુ જન્મે અને ઇન્દ્રનું આસન કંપે તેમાં માત્ર આંદોલન જ કામ કરતાં હોય છે. ચંદનબાલાને માથે પૂળો છે. બજારમાં વેચવા માટે તે ઊભી છે. વેશ્યા ત્યાં આવી ચડી છે, તેને એમ થયું કે આ છોકરી ખૂબસૂરત છે, રૂપરૂપના અંબાર જેવી છે, તેણીનું વદન ચન્દ્રમા જેવું છે, બદન ખૂબ જ ઘાટીલું ને સુરમ્ય છે, પરવાળા જેવા ઓષ્ટ છે, દાડમની કળી-શા દાંત છે. આ કન્યાને હું સોનાથી મઢીશ તો કેવી લાવણ્યમયી લાગશે? વેશ્યાએ પણ એ વિચારથી સવા લાખ રૂપિયા આપી ચંદનાને ખરીદી લીધી હતી, કેમ કે તેનો ધંધો સારો ચાલે. દરેકને પોતપોતાના ધંધાની પડી હોય છે. આ તરફ ચંદનાને પારાવાર પશ્ચાત્તાપ થાય છે. મેં ગતજન્મોમાં કયું કઠોર કર્મ-ઉપાર્જન કર્યું હશે? તે વિનવે છે કે શાસનદેવ મને દુનિયાના વૈભવોની કશી જ પડી નથી. મારે તો મારુ શિયળ અખંડ અને આબાદ જોઈએ.

છેવટે શાસનદેવ ચંદનાની અરજી સાંભળીને વાનરનું રૂપ લઈને આવીને વેશ્યાને વલૂરી નાખી અને ચન્દના નાસી છૂટી.

૪૮૫

તે વખતની દુનિયા ગજસુકુમાલને બળતા જોઈ રહી છે, જ્યારે પોતે પોતાને શીતળ સાગર જોઈ રહ્યા છે. પોતે કુલમાં ઉછર્યા છે. સાત સાત સંતાનને હૂલરાવ્યા નથી એટલે ગજસુકુમાલને તો અતિ લાડકોડથી ઉછેરવામાં આવ્યો હતો, એટલે માતાને મન મોહ છે, પણ ગજસુકુમાલને સંસારના વૈભવો પ્રત્યે જરાય આસક્તિ નથી. તેઓ તો એમ જ માની બેઠા છે કે આસક્તિમાંથી અશક્તિ જન્મે છે. નેમનાથ પ્રભુની છાયામાં જવા માત્રથી જીવનમાં ભારોભાર સંવેગ છલકાયો છે. જ્યાં સંવેગ ત્યાં નિર્વેદ હોય જ. સમગ્ર પ્રતિકૂળતાઓને પચાવી, ગજસુકુમાલ એકાએક મહાકાલ સ્મશાનમાં જઈ ચડ્યા અને કાયોત્સર્ગમાં રહ્યા. પ્રભુએ તેઓની સાથે કોઈને પણ મોકલ્યા ન હતા કેમ કે સિંહના બચ્ચાને વળાવવાની આવશ્યકતા હોતી નથી.

૪૮૬

મનમન્દિરમાં માત્ર એક સમ્યક્ત્વની જ પધરામણી થાય તો ૬૯ કોડાકોડી સાગરોપમ ઝાઝેરાં કર્મો ઊડી જવા પામે, જેમ કોઈના ઘરમાં એક સમ્રાટ શહેનશાહની

પધરામણી થાય તો તે ઘરના ખૂણેખૂણામાં કચરો રહેવા ન પામે.

૪૮૭

કોઈ એક રાજાને સ્વપ્ન આવ્યું કે પોતાની દાંતની બત્રીસી પડી ગઈ છે. પ્રાતઃકાળે સ્વપ્નશાસ્ત્રીને બોલાવવામાં આવ્યા. પૂછતાં એ સ્વપ્નશાસ્ત્રીએ ફળાદેશ કહ્યો, 'આપશ્રીનું એટલું આયુષ્ય લાંબુ છે કે તમારા બેઠાં તમારા કુટુંબનાં તમામ માણસો મરી જશે.' રાજા તો આ સાંભળીને હેબતાઈ ગયો. તેને એકાએક ગુસ્સો આવ્યો ને ફળાદેશ કહેનારને કારાવાસમાં ધકેલી દેવામાં આવ્યો. હવે રાજાએ બીજા સ્વપ્નશાસ્ત્રીને બોલાવીને ઉપરોક્ત સ્વપ્નનો ફળાદેશ કહેવા કહ્યું. ત્યારે બીજા સ્વપ્નશાસ્ત્રીએ કહ્યું કે 'આપ શ્રીમાનનું એટલું દીર્ઘાયુષ્ય છે કે આપના વિયોગનું દુઃખ કોઈને પણ જોવું નહિ પડે.' વસ્તુતઃ ફળાદેશ એક છે કિન્તુ રજુઆતમાં જ ફરક છે.

૪૮૮

વીતરાગનો વારસદાસ શ્રાવક હંમેશાં ત્રણ મનોરથોનુ આસેવન કરતો હોય છે: (૧) મહાઆરંભ મહાપરિગ્રહથી ક્યારે વિરમું? (૨) સમગ્ર સાંસારિક બંધનોને ત્યજી "અગારાઓ અણગારિયં" મુનિ ક્યારે બનું? અર્થાત્ વીતરાગનો વાસ્તવિક વારસદાર ક્યારે બનું? (૩) અંતિમ સમયે મમત્વ મારી દેહાધ્યાસ છોડી સમાધિસ્થ દશામાં ક્યારે મરું?

૪૮૯

એક જોરાવરસિંહ કરીને બાર વર્ષનો છોકરો છે. એના પિતા પંચત્વ પામ્યા છે. અકબરને એનું રાજ્ય પચાવી પાડવાની વૃત્તિ ઉદ્ભવી. એણે વિચાર્યું કે બાળક નાનો છે એટલે પોતાની સત્તા નીચે લઈ લેવાશે. બાળકને બોલાવવામાં આવ્યો. બાળક ત્યાં જઈ ચઢે છે. રાજા તરત તે બાળકનો હાથ પકડે છે. રાજા કહે છે 'હવે શું કરીશ?' બાળક કહે છે 'હવે બધું જ કરીશ. અમારા દેશમાં તો એવો રિવાજ છે કે હાથ પકડે તેનું જિન્દગી સુધી પાલનપોષણ કરવું પડે. સ્ત્રીનો હાથ પુરૂષ પકડે છે ત્યારે તેને જિંદગી સુધી પાળે છે.

૪૯૦

હંમેશાં સંસાર એ કલેશ, કંકાશ ને કીકીયારીનું કેન્દ્રસ્થાન છે. જો બાયડીનું ઉપરાણું લઈને બોલે તો માડી કહેશે કે દીકરો 'બાયલો' છે, અને માતાનું ઉપરાણું લઈને બોલશે તો બાયડી કહેશે કે 'માવડીયો' છે. એટલે બિચારા પુરૂષના તો ભોગ મરે છે. આમ મા-દીકરા વચ્ચે અને સાસુ-વહુ વચ્ચે કલેશની હોળી સળગે છે.

૪૯૧

એક રાજા દાન દેવામાં પાવરધા છે, છતાં તેની આંખો શરમથી નીચી રહે છે. કોઈક ગરીબ પસાર થતો હોય તો તેના ઉપર સોનામહોર ફેંકે. ઝવેરોમાં પેક

કરીને ગુપ્તદાન તરીકે મોકલાવે. કોણે ક્યાંથી મોકલ્યું તેનો પત્તો જ ન લાગે. આવું સર્વોત્તમ દાન કરે છે છતાં તેની આંખો શરમથી નીચી રહે છે. એક વખત પ્રધાને પ્રશ્ન પૂછ્યો કે "આપ શ્રીમાન્ આટલું દાન કરો છો તો પછી આપની આંખો શરમથી નીચી કેમ?" રાજા વળતો જવાબ આપે છે, "જનતા કહે છે કે રાજા દાનવીર છે, જ્યારે હું દાન કરતો નથી. પરન્તુ મારી સામે આવી ચડેલા સદ્ભાગ્ય શાળીનું લલાટ દાન કરાવે છે, સમીપસ્થ સજ્જનનું પુણ્ય જ દાન દેવડાવે છે.' વિચારો, આટલું અનર્ગળ ગુપ્તદાન કરે છે છતાં કેટલી નમ્રતા છલકાય છે.

૪૯૨

ભરેલી ડોલમાં ચાળણી ભરપૂર, પણ પાણીની બહાર કાઢો એટલે કંઈ જ નહિ. એમ કેટલાક લોકો ધર્મના સ્થાનમાં વૈરાગ્યરસથી ભરપૂર જણાય; પરંતુ બહાર જાય કે કંઈ જ નહિ!

૪૯૩

ખાડામાં ખૂંપી ગયેલા ડુક્કરને કાઢનાર અમેરિકાના પ્રમુખ અબ્રાહીમ લિંકન અમેરિકાની પ્રતિનિધિ-સભામાં પ્રવચન કરવા જતા હતા ત્યારે પહેરેલે કપડે કૂદીને પણ ડુક્કરને બચાવ્યું હતું. હૃદયની કુમાશ વિના આ ઘટના બને જ કેમ!

૪૯૪

તમારા હૃદયમાં બહુમાન કોનું બેઠેલું છે? મિલ-માલિકની મિલનું કે માલદારનું? મહાનુભાવો, સમજો! ભૌતિક વૈભવનો આખરી અંજામ કેવો? તત્ત્વજ્ઞાનનું ઊંડું અવગાહન કરો. પહેલા અને બીજા દેવલોકના દેવ પાસે કેટલી ભૌતિક સમૃદ્ધિ છે? છતાં મરીને પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં ફેંકાઈ જાય છે. આઠમા દેવલોકના દેવ પાસે એટલી રૂદ્ધિ છે કે જેનું માપ કાઢવા માટે આપણી પાસે પૂરતું ગણિત પણ નથી, છતાં તે દેવો મરીને તિર્યંચમાં ચાલ્યા જાય છે. તે વખતે મળેલી મતા દેવ, દાનવ કે માનવને રોકી શકતી નથી. પછી મળેલા વૈભવને આટલું મહત્ત્વ શા માટે? ભૌતિક સુખોની ઉપલબ્ધિ માટે વલખાં મારશો નહિ. નસીબમાં હશે તો પગમાં આવીને પડશે. નસીબમાં નહીં હોય તો હાથમાં આવેલું પણ ચાલ્યું જશે.

૪૯૫

ખ્રિસ્તીના ચર્ચમાં નિરવશાન્તિ સ્થપાયેલી હોય. ખ્રિસ્તીજન રસ્તા પરથી પસાર થતો હોય, ગમે તે વાર્તાલાપ આપી રહ્યો હોય, પણ ચર્ચ દેખાય કે તરત વાતો કરતો બંધ થઈ જાય. વાત અધૂરી રહી ગઈ હોય તો અધૂરી જ રહી જાય. દેવળમાં તો વાર્તાલાપ કરે જ કેમ? તમારામાં કે તમારાં બાળકોમાં આવા સંસ્કારો શોધ્યાય ન મળે! ઘરની તમામ વાતો ધર્મસ્થાનકોમાં થાય. મહાનુભાવો!

ધર્મનાં પવિત્ર સ્થાનોને કર્મનાં સ્થાન ન બનાવો.

૪૯૬

પારસમણિ ઔર સંતમેં, બડા અંતર જાણ,
વહ લોહા કંચન કરે, સંત કરે આપ સમાન,

પારસમણિ લોઢાને અડે તો સોનું થાય, પણ તે લોઢું પારસમણિ તરીકે પલટો ખાતું નથી. પરન્તુ સંત તો ગમે તેવા દુર્જનને પણ આપ સમાન કરે છે.

૪૯૭

પૈસો હંમેશાં જેવા-તેવાની પણ નોકરી કરાવરાવે. ઇંડાનો રસ પીનારા પાપાત્માઓનાં પડખાં સેવવાનો સમય ઊભો કરે. ટોપો ઘાલીને નીકળી પડેલા સાહેબનું સન્માન કરવા સજ્જ થાવ છો, તેવી રીતે તીર્થંકર પરમાત્માનું બહુમાન કરવું ગમે છે? તીર્થંકરનું બહુમાન કરવું કોને ગમે? શાશ્વતી લક્ષ્મીના ચાહક ચતુર નરને જ ગમે.

૪૯૮

હંમેશાં સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ ઇચ્છે છે કે જ્યાં ધર્મ ઢુકડો હોય ત્યાં જ અમારો અવતાર હો, જ્યાં ધર્મ ન હોય, પછી ભલે ચક્રવર્તી તરીકેનું સામ્રાજ્ય છલકાતું હોય તે ન જોઈએ.

૪૯૯

દીકરી માટે B. A કે ડબલ M. A ભણેલો શોધો છો, પરન્તુ પૂછવામાં આવે છે કે તમે નમસ્કાર મહામંત્ર

જાણો છો કે કેમ? તે પૂછનારા ભાગ્યે જ મળશે. દારૂ, ઈંડાં તો આજે લગભગ કોમન થઈ ગયાં છે. કોઈ પણ નાના મોટા પ્રાણીની હિંસા કરવા–કરાવવામાં અગ્ર ભાગ ભજવતો હોય, અસત્ય વદતો હોય, ભારોભાર નાસ્તિક હોય, જડ–ચૈતન્યનો વિવેક સરખોય ન હોય, તથાપિ તેની પાસે પૂરતો પૈસો હોય તો ત્યાં દીકરી અપાય છે. ભલે પછી દીકરીના જીવનમાં ધર્મધ્વંસ થતો હોય.

૫૦૦

ઠાણાંગ સૂત્રમાં એક અધિકાર આવે છે, કોઈ એક મજૂર ખભે કોથળો ઉપાડીને પાંચેક માઈલ ઉપર મૂકવા જાય છે, રસ્તામાં એક ખભા ઉપરથી બીજા ખભા ઉપર મૂકયું તે પહેલો વિસામો થયો, પરન્તુ હજુ પંડ ઉપર છે પણ એક ખભાને રાહત મળી તેમ ઉપવાસ આયંબિલ એકાશન વગેરે તમારી જાતની નિવૃત્તિ હોય છે પણ ઘરમાં બીજું આરંભાદિ કરવું પડે છે. તત્પશ્ચાત્ મજૂર કોઈ ઓટલો શોધી કાઢે છે. ત્યાં વજન મૂકી થોડી વાર બેસે છે. બે ઘડી વિસામો લે છે. માથા કે ખભા ઉપર રહેલા વજનને બે ઘડી ને માટે દૂર મૂકવામાં આવ્યું તે રીતિએ બે ઘડીનું સામાયિક કરવું તે બીજો વિસામો છે. બે ઘડીનું સામાયિક ચારિત્ર કહેવાય છે, તેમાં સોનાના શું ભાવ છે અને એરંડા બજારનું શું? આવા વિચારોની આપ–લે થઈ શકે નહિ એ લક્ષ પહેલું જોઈશે. "લાખ ઓગણસાઠ બાણું કોડી પચવીશ સહસ નવસે જોડી, પલ્યો-

મમ ઝાઝેરૂં તે બાંધે આયુ સુર કેરૂં” એક સામાયિક પણ જો પુણીયા શ્રાવકના જેવું કરવામાં આવે તો માત્ર એક જ સામાયિકમાં ઉપરોક્ત દેવાયુ બંધાય છે. હવે પેલો ભારવાહી મજૂર રાત પડતાં પહેલાં ધર્મશાળામાં આશ્રય કર્યો તે ત્રીજો વિસામો પૌષધ વગેરે કહેવાય છે.

૫૦૧

વિવાહ પ્રજ્ઞપ્તિ ( ભગવતી સૂત્ર ) માં મનુષ્ય જીવનની દુર્લભતા સૂચવતાં કહ્યું છે કે મનુષ્ય ભવ ઉપર ચાર ગતિના ભવની સંખ્યા માંડો. મનુષ્યના એક ભવ ઉપર નારકીના અસંખ્યાત ભવ નારકીના એકેક ભવ ઉપર દેવતાના અસંખ્યાતા ભવ, તેવા દેવના એક એક ભવ ઉપર તિર્યંચના અનંત ભવ એમ એક ચક્કર ફરે ત્યારે એકવાર મનુષ્ય ભવસંપ્રાપ્ત થાય. આવું સુદુર્લભ માનવજીવન મેળવીને આપણે શું કરવું જોઈએ તે સ્વયં સમજી લેવું જરૂરી છે.

૫૦૨

પ્રતિક્ષણ આયુષ્ય ઘટી રહ્યું છે. પચાસ વર્ષ પરિપૂર્ણ થયાં અને એકાવનમું શરૂ થાય છે. આજે વર્ષગાંઠનો મંગલ દિન છે માટે જમીએ દુધપાક પૂરી અને તીખાં તમતમતાં ભજીયાં. પણ જરા થોભો અને વિચારો. ગાંઠનું વર્ષ ગુમાવ્યું તેને માટે ઉજાણી હોય કે ઓરતો ! પ્રતિપળ આયુષ્યની દોર કપાઈ રહી છે. હવે શેષ કાળ રહ્યો છે માટે કર્તવ્ય પંથે સંચરૂ, નહિતર મૂવો એમ દિલમાં થાય છે ખરૂં ?, બહેનો પણ ઘટ પર પાણી ભરવા જાય

છે ત્યારે ડોલ કૂવામાં નાંખે છે અને મૂઠી કે વેંતભર દોરડું હાથમાં રાખે છે. એટલા માપથી આખી ડોલ બહાર કાઢે છે. તેવી જ રીતે તમારૂં વેંત કે મૂઠી જેટલું આયુષ્ય બાકી રહ્યું છે. તેટલામાં ચેતી જશો તોય જીવનને સુફલ બનાવી શકશો. ગોશલાએ બે ઘડીના આયુષ્યમાં જીવન-સુકાન સંભાળી લીધું અને અંતિમ જીવન સુધારી લીધું હતું. ૧૧ લાખ શ્રાવકના ગુરૂ ગોશાલોએ આટલા મોટા જંગી કાફલામાંથી બાર મોટા શ્રાવકો તેણે તારવેલા. તેમાં અયંપુલ નામના શ્રાવકને બોલાવીને ગોશાલો કહે છે: 'ભાઈ, મારો સ્વર્ગવાસ થવાની તૈયારી છે તો તમે મારા શબને નવડાવજો. અત્તર છાંટજો. હંસ લક્ષણા સાડી પહેરાવજો અને મોટી શિબિકામાં પધરામણી કરી કહેજો કે આ તીર્થં-કર દેવ મોક્ષ સિધાવ્યા છે અને શેરીએ શેરીએ અને ગલીએ ગલીએ જયનાદ ગજાવજો.' પણ જ્યાં આયુષ્યની માત્ર બે ઘડી બાકી રહી ત્યાં અંતર પલટો લે છે. હું પાપી ને પતિત છું. મેં ભગવાનની ઘોર ભયંકર આશાતના કરી. તેઓની સમીપે બે મુનિભગવંતને ભસ્મીભૂત કરી નાંખ્યા. મારા મહાન ઉપકારી ઉપર મે અપકારની અવધિ રાખી નથી. ભગવાને મને ચેતવ્યો હતો કે આજથી સાતમે દિવસે મોત છે તે અચૂક આવીને ઊભું રહ્યું. સાચને મેં ખોટું ઠરાવવા કોશિશ કરી? તરત તેણે પોતાના શ્રાવકોને કહ્યું કે 'મારો પ્રાણ જાય ત્યારે ડાબા પગના અંગૂઠડે દોરી બાંધી કૂતરાની જેમ આખી નગરીમાં ઢસડજો. ચોરે ચૌટે

લઈ ફેરવજો. ત્રણ વાર મારા મોંમાં થૂંકજો.' માન મૂકીને અંત સમયે આવું સ્પષ્ટ સંભળાવી દીધું. અગ્યાર લાખ શ્રાવક સંઘ વચ્ચે માનને તિલાંજલી આપવી એ કાંઈ નાની-સૂની વાત નથી. ગોશલાને અંદરથી પશ્ચાત્તાપ પ્રગટી ગયો. છેલ્લી બે ઘડી સુધારી અને મરીને બારમા દેવલોકે ગયો. ત્યાંથી મરી રાજકુમાર થઈ બબે વખત સાતે નરકના ચૌદ ભવ કરશે. —

૫૦૩

સજ્જન હંમેશાં ખૂબી ગોતે, જ્યારે દુર્જન ખામી શોધે.

૫૦૪

આધુનિક જમાનામાં કેટલીક બહેનો બક્કલ, ચીપિયા પીન, સોનાના કંદોરા ને હાથમાં પર્સ લઈને લટક-મટક ચાલે ચાલતી હોય છે કિન્તુ તત્ત્વતઃ વિચાર કરીએ તો માટી ઉપર માટી લાદી. રાજી શું થવાનું છે? હંમેશાં માણસ જાત શણગારથી નહિ પણ સદાચારથી શોભતી હોય છે. બક્કલ કામ નહિ આવે પણ અક્કલ કામ આવશે.

૫૦૫

ઘડપણમાં અજ્ઞાની ઈન્સાનને પાંચ લલા વધતા રહે છે—લાળ, લીંટ, લવરી, લાકડી અને લોલુપતા.

૫૦૬

કોઈ એક મુસલમાન મસીદમાં નમાજ પડવા જાય

છે. તેના પગમાં પગરખાં નહિ હતાં તેથી પગ બળવા લાગ્યા. મસીદમાં જઈ તે કહેવા લાગ્યો કે યા અલ્લા, તું કેવો છે? જ્યાં હોય છે ત્યાં પચીસ જોડી બૂટ અને જેવો બૂટનો રંગ તેવો જ કોટનો રંગ હોય છે જ્યારે મારે એક પણ જોડી નહિ? થોડી વાર પછી ત્યાં બીજો એક માણસ આવે છે જેના પગ તૂટી ગયેલા છે, જે માત્ર ઢીંચણના આધારે ચાલે છે. એને જોઈને આ માણસ કહેવા લાગ્યો કે યા અલ્લા, તું ખરેખર દયાળું છે. મારે જૂતાં તો નથી પણ ટાંટિયા તો છેને? આપણે શું જોઈએ છીએ તે વિચારો. તમે જ્યારે ત્યારે ઊંચું જ જુઓ છો! તેથી જ તમને અસંતોષ રહે છે. જ્યાં સંતોષ ત્યાં સુખ હોય છે.

૫૦૭

શ્રી ઋષભદેવ સ્વામીએ ભરત ચક્રવર્તીને એમ સમજાવ્યું હતું કે સદાને માટે તું સંઘભક્તિ કરતો રહેજે. તેથી જ તેના રાજ્યમાં આઠ આઠ પાટ સુધી શ્રાવક-શ્રાવિકાની ભક્તિની ગંગા વહેતી જ રહી.

૫૦૮

કોઈ એક સદ્‌ગૃહસ્થ ચિદાનન્દને પૂછે છે કે સ્વામિન્! આપનો દેશ કયો? તેના જવાબમાં તેઓશ્રી કહે છે કે, ‘દેશ અમારો ન્યારો, અવધ દેશ અમારો ન્યારો. જન્મ, જરા ને મરણ નથી જ્યાં, નથી વિષય વિકારો; અવધ દેશ અમારો ન્યારો.’

૫૦૯

સામાયિકમાં મગનો દાણો પગ નીચે આવી જાય તો કહો કે જોઈને બેસજો. પૌષધમાં છોકરી સ્પર્શી જાય તો આલોચના લેવા દોડી આવો. પરન્તુ સામાયિક કે પૌષધમાં બીજાની નિન્દા કરી હોય તો તેના માટે પ્રાયશ્ચિત કેમ નહિ.

૫૧૦

તમે પચાસ વર્ષ થયાં સામાયિક કરી રહ્યા છો પણ પ્રથમની સામાયિક અને પચાસમા વર્ષની સામાયિકમાં કંઈ ફરક ખરો કે નહિ? આગળ વધ્યા કે સમભાવ વધ્યો તેનો હિસાબ કદાપિ કર્યો છે ખરો?

૫૧૧

અનાદિકાળથી કર્મના ચક્કરે ચડેલા જીવડાઓ ચક્રવત્ ઘૂમતા રહે છે. નીચેનો ઉપર આવે છે જ્યારે ઉપરનો નીચે જાય છે. કોઈ વૈષ્ણવપંથી સંપ્રદાયના ગુરૂએ પોતાની પાસે રહેલી મિલકતમાંથી એક સોનાની પાટ ખરીદીને નાનકડી પેટીમાં વ્યવસ્થિત ગોઠવી દીધી હતી. જ્યાં જાય ત્યાં આ પેટીવાળી ઝોળી સાથે લઈને જાય. તેમનો એક શિષ્ય બહુ જ જ્ઞાની અને તત્ત્વવેત્તા હતો. તેને આ સોનાની પાટ પ્રતિદિન ખટકતી હતી કે આપણે આ માયા શા માટે જોઈએ? એક દિવસ ગુરૂ અને શિષ્ય પગપાળા કોઈ ગામ જઈ રહ્યા છે. રસ્તામાં વિશ્રામ લેવા બેસે છે. ગુરૂ શૌચ અર્થે દૂર જાય છે દરમ્યાન શિષ્ય

સોનાની પાટને કૂવામાં નાખી દે છે. અને તેની જગાએ પેટીમાં પથ્થર ગોઠવી દે છે. પાછળથી ગુરૂ આવે છે. ઝોળી લઈને રસ્તે પડે છે. આગળ જતાં ગુરૂ શિષ્યને પૂછે છે "આગે કૂછ ભય તો નહિ હૈ?" શિષ્ય જવાબ આપે છે. "ભય થા સો કૂએમેં ડાલ દીયા" બંને સહીસલામત સામે ગામ પહોંચી જાય છે. પાછળથી ગુરૂ પેટી સંભાળે છે તો તેમાં સોનાની પાટને બદલે પથ્થર જોવામાં આવ્યો. ગુરૂજીએ તરત શિષ્યને પૂછ્યું. શિષ્ય યથાર્થ વૃત્તાન્ત વિદિત કરે છે. ગુરૂ ઉપાલંભ આપે છે. શિષ્ય પથ્થરની, શિલા ઉપર પેશાબ કરે છે. શિલા સોનામાં ફેરવાઈ જાય છે. આ જોઈને ગુરૂ ઝૂકી પડે છે અને પોતાની જાત પ્રત્યે તેમને પૂર્ણ તિરસ્કાર છૂટે છે.

૫૧૨

મહમદ ગિજની મરવા પડયો ત્યારે તેના દિલમાં ભારે આંચકો આવ્યો. તેને એકીસાથે સોળ રોગ થયા હતા. તેને જરા પણ કળ પડતી ન હતી. તેણે પોતાના નોકરો મારફત ઝવેરાતનો ઢગલો કરાવ્યો અને તેના હીરા, ઉપર પલંગ રાખીને રડવા લાગ્યો. કહેતો જાય છે "હે માણેક ને મોતી, મારી જીવનનૈયા રોતી" મહામૂલ્યનાં મણિ મને મરણની અણી ઉપરથી બચાવી લ્યો, પણ કોણ બચાવે? હાથનાં કર્યાં હૈયે વાગ્યાં. સત્તર વખત તેને ભારત ઉપર લૂંટ ચલાવી, લોહીની નદીઓ વહેવડાવી, હાડકાંની પાળ બંધાવી. લાખો લલનાઓની હાય હાય

લીધી. હવે આ શહેનશાહ હાય હાય કરી રહ્યો છે, પણ મોતના ડાચામાંથી કોણ ઉગારી શકે?

૫૧૩

જીભ પરથી પુષ્પો વરસે છે અને અંગારા પણ વરસે છે. શું વરસાવવું એ તમારા હાથમાં જ છે.

૫૧૪

"जैनी जगत्का मित्र, करता जीवन पवित्र." जैनीकी जीत कैसी? पत्थरको भी पीगला दे अैसी, जैनी बोले कैसा? भीठा और मोतीसे मेहगा, जैनीके हाथ कैसे? दान देते वक्त कुबेरके भंडारको भी खाली करदे ऐसे, जैनीका समागम कैसा? अशान्तिकी आगको बुझाने वाला. जैनीका निश्चय कैसा? इन्द्रसे भी न डीगाया जाय अैसा. जैनी प्रतिदिन क्या ढूंढता है? अपना दोष और दूसरोंका गुण.

૫૧૫

એક વાર પરીક્ષામાં પરીક્ષકે પ્રશ્ન પૂછ્યો હતો કે ઝેર એટલે શું?' આ પ્રશ્ન ઉપર તમામ વિદ્યાર્થીઓ પોતાની બુદ્ધિ અનુસાર નિબંધ લખવામાં મશગૂલ બની ગયા હતા. તે પૈકીના એક વિદ્યાર્થીએ આ પ્રશ્નની વિચારણામાં ત્રણ કલાક વીતાવ્યા. આખરી નિર્ણય લીધો કે "EVERYTHING IN EXCESS IS POISEN" "એવરીથિંગ ઇન એકસેસ ઇઝ પોઈઝન." હરકોઈ ચીજ જ્યારે હદ કરતાં વધારે પ્રમાણમાં લેવામાં આવે ત્યારે તે ઝેર રૂપ બને છે. સૌથી સર્વોત્તમ ઝેરની વ્યાખ્યા અટલ છે. સામાન્ય દાખલા તરીકે હરિતકી – હરડેનો જ્યારે વધુ ઉપયોગ થવા માંડ્યો ત્યારે તેની સામે લાલબત્તી

ધરવામાં આવી કે હરડે કોણે ન ખાવી. તે અંગે શાસ્ત્રનો અભિપ્રાય છે કે अद्धाति खिन्नो बल वर्जितश्च. रूक्ष कृशो लंघन रूषितश्च पित्ताधिको गर्भवती च नारी विमुक्त स्क्तस्त्वभयां न खादेत— મુસાફરી કરવાથી બહુ થાકી ગયેલો હોય, બળ વગરનો, રૂક્ષ થયેલાએ, દુર્બલીએ, લાંઘણ કરી હોય તેણે, અધિક પિત્તવાળા અને ગર્ભવતી નારીએ હરડે ખાવી નહિ જોઈએ.

૫૧૬

એક કવિને ત્યાં રાત્રે ચોર આવ્યો. કવિરાજ આરામથી સૂતા હતા. ચોર ઘરમાં દાખલ થયો. કવિશ્રીનું ટેબલ ફંફોળવા માંડયું. એના અવાજથી કવિ જાગી ગયા. ઘરમાં ચોર આવ્યો છે એ ખબર પડતાં જ કવિએ પડકાર કરીને પૂછ્યું, 'એલા શું શોધે છે?' ચોરે ગભરાઈને જવાબ આપી દીધો, 'પૈસા શોધું છું.' આ સાંભળી કવિશ્રી ખડખડાટ હસી પડયા અને ચોરને કહ્યું, 'અરે ભલા માણસ, મને જે ધોળે દિવસે નથી મળતું એ તને આવા ઘોર અંધકારમાં કયાંથી મળવાનું હતું?'

૫૧૭

એક માણસ માર્ગમાં બેઠો હતો. એ રસ્તેથી અસંખ્ય ભક્તો ભગવાનના દર્શનાર્થે જઈ રહ્યા હતા. રસ્તે જનારા કહેતા કે 'કેમ બેસી રહ્યા છો?' ડોકું ધુણાવીને તે કહેતો કે 'હજુ મારી પાસે ભગવાનને ધરવાનો અર્ઘ્ય આવ્યો નથી. આવે એટલી જ વાર છે. હું એની જ

પ્રતિક્ષા કરી રહ્યો છું.' આમ ને આમ સાંજ પડવા આવી. અસંખ્ય માનવો ત્યાંથી ગયા અને આવ્યા; પરન્તુ આ માણસ ત્યાંથી ઊઠયો નહિ. અંતે એક વૃદ્ધજન દેખાયો. તેના ભાવ બહુ જ ઉજ્જવળ હતા. તેણે કાંઈક વસ્તુ આ માણસના હાથમાં આપી અને કહ્યું, 'લ્યો આ વસ્તુ, ભગવાનને ભેટ કરજો. હવે તમે મન્દિરમાં જાઓ.' પેલા માણસે માથું ધુણાવ્યું. વસ્તુ ગ્રહણ કરી ખરી, પરન્તુ એક તરફ મૂકી દીધી. તેણે કહ્યું 'હજુ મારે વધુ મૂલ્યવાન વસ્તુ જોઈએ.' થોડીવાર પછી જઈ એક જુવાન આવ્યો અને સુંદર અને કીમતી વસ્તુ આપી: 'લ્યો, તમારા ભગવાનને ભેટ કરજો. હવે તો ઉઠો.' વસ્તુ સર્વોત્તમ હતી છતાં એક બાજુ પર મૂકવામાં આવી. છેવટે કોઈ સુંદર સ્ત્રી આવી. તેણે વસ્તુ સામે ધરી. તેણે લઈ લીધી ને રસ્તે પડયો. જિંદગીની મુસાફરીએ નીકળેલા એ માનવ, આ વાત સમજવા જેવી છે. વૃદ્ધ આવ્યો તે જ્ઞાન હતું, જુવાન આવ્યો તે કર્મયોગ અને પેલી સ્ત્રી જે વસ્તુ લાવી તે ભક્તિ હતી.

૫૧૮

માસ તુષ મુનિ કે જેનાથી મા રૂષ માતુષ આટલા સરળ શબ્દો પણ સહેલાઈથી બોલી શકાતા ન હતા. આ શબ્દોને બદલે માસ તુષ બોલાઈ જવાતું હતું તો પણ તેઓએ ગુરૂશ્રીની આજ્ઞાનુસાર વિદ્યાભ્યાસની પાછળ સતત શ્રમ ઉઠાવવો ચાલુ જ રાખ્યો, તો પરિણામે કેવ-

લજ્ઞાન પામ્યા. આમાં આજ્ઞા એ જ અગ્ર ભાગ ભજવે છે.

૫૧૯

અઢાર દેશના રાજ્યની કારોબારીની જવાબદારી હોવા છતાં કુમારપાળ મહારાજાએ ૫૧ વર્ષની વયે શાસ્ત્રભ્યાસ કરી વીતરાગ, સ્તવ, યોગશાસ્ત્ર અને શબ્દશાસ્ત્ર વગેરે કંઠસ્થ કર્યાં હતાં. તેઓ સાહિત્યશાસ્ત્રમાં પણ નિપુણ હતા, તે તેઓએ રચેલાં સર્વજીન સાધારણ સ્તોત્રનાં કાવ્યો ઉપરથી જણાય છે.

૫૨૦

સતત વિદ્યાભ્યાસની પાછળ પોતાનું સમગ્ર જીવન ન્યાછોવર કરતાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યવર્યના સ્વાધ્યાયી શ્રીમદ્ રામચન્દ્રસૂરિજીનું એક નેત્ર નાશ પામ્યું હતું, તથાપિ શાસ્ત્રભ્યાસની પાછળ સતત ઉદ્યત રહી સાહિત્ય અને ધર્મશાસ્ત્રનું ઊંડું જ્ઞાન મેળવીને તેઓએ સો પ્રબંધ રચ્યા હતા.

૫૨૧

આબાદીના ત્રણ અર્થો છે: રક્ષણ, વ્યવસ્થા અને વૃદ્ધિ. અને આબાદીનાં મૂળભૂત સાધનો ત્રણ છે: અહિંસા, સત્ય અને નીતિ.

૫૨૨

અંદાજે કહેવાય છે કે આજે હિન્દમાં એટલી બધી ચા, પીવાય છે કે એક દિવસની ઉકાળેલી ચામાં એક

સ્ટીમર સહેલાઈથી સફર કરી શકે. વધતાં જતાં વ્યસનોએ હિન્દુસ્તાનને પાયમાલ કરી નાંખ્યું છે.

૫૨૩

કોઈ એક પ્રોફેસરના દરજ્જાનો માણસ ગાંધીજીને મળવા જાય છે. ત્યાં મહાત્માજી સ્વયં હાથમાં ઘડો લઈ ને સામા મળે છે. તે તેમને પૂછે છે કે ' મારે મહાત્માજીને મળવું છે, કયાં છે તે કહો ? ' મહાત્માજીએ કહ્યું,' શું કામ છે તે મને કહો !' ત્યારે તે કહે છે કે ' તમારી સાથે હું બોલવા નથી માગતો, મારે તો મહાત્માજીને મળવું છે.' ત્યારે કહે કે હું ઘડો લઈ કૂવે પાણી ભરવા જાઉં છું, તમે ચાલો, ત્યાં મળશે.' મહાત્માજી તો ઘડો માંજવા બેસી ગયા છે. પ્રોફેસર કહેવા લાગ્યો, ' ખોટી કેમ કરો છો ? જલદી મહાત્માજીને બતાવોને !' ત્યારે તે કહે કે, ' હું પોતે જ છું.' પ્રોફેસર શરમિંદો બની ગયો, સાથે સાથે મહાત્માજીની આવી દિનચર્યા જોઈ ને સડક થઈ ગયો.

૫૨૪

રવીન્દ્રનાથ ટાગોર જ્યારે ચીનમાં ગયા ત્યારે ત્યાંની પ્રજાએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું અને તેમને કહેવામાં આવ્યું કે “ હિન્દમાં માણસોને ચોરનો ભય નથી, લોકો પોતાના ઘરને બારણે તાળું લગાવ્યા વિના સૂઈ જાય છે, જેઓ જૂઠું બોલતા નથી તેમના દેશમાંથી તમે આવો છો ! અમે તમારું ભાવભીનું સ્વાગત કરીએ છીએ.” રવીન્દ્રનાથે

આ બધું સાંભળ્યું ને આંખમાંથી આંસુઓ ઉભરાઈ ગયાં કે ક્યાં મારા હિન્દુસ્તાનની છાપ અને ક્યાં આજકાલનું હિન્દુસ્તાન કે જ્યાં હલાહલ કળિયુગ વ્યાપી ગયો છે!

૫૨૫

વિદેશમાં બર્નાર્ડ શૉ નામે પ્રખ્યાત વિવેચક થઈ ગયા છે, જેઓના માનમાં એક વખત પાર્ટી આપવામાં આવી હતી. જમવાની ડીશો મેજ પર રખાઈ ગઈ ત્યારે બર્નાર્ડ શોએ માંસાહારી ચીજો ન લેતાં ફક્ત કેળું જ લીધું હતું. કોઈએ આગ્રહ કર્યો કે આ બધું તમારા માન-સન્માનમાં જ છે, માટે કંઈક આરોગો. ત્યારે સામેથી જવાબ મળ્યો કે હું મારા પેટમાં આ જીવોની કબર કરવા નથી માગતો. બધા ચૂપ થઈ ગયા.

૫૨૬

કોઈ એક ભીલે હાથીના કુંભસ્થળમાંથી નીકળેલાં મોતીની માળા પોતાની પત્નીની ડોકમાં નાખી. પણ ભીલડીને તે માળા ગમી જ નહિ. તેને તો ચણોઠીની માળા જ પસંદ પડે. ખરેખર ખાખરાની ખીસકોલી સાકરના સ્વાદમાં શું સમજે?

૫૨૭

જળ તરંગ અને વાદળીનો રંગ,
અસ્થિર સંસારનો ખોટો છે ઢંગ.
તારું કહેવાયે પણ તારું ન થાય,
ખાલી સંસારમાં બળતો તું જાય.

સાગરમાં ઝંપલાવે સાચા વીરલા,
ફેંકી દે છીપલાં ને વીણી લે હીરલા.

૫૨૮

હજારો માણસોની મેદની વચ્ચે ઢોલ પીટાઈ રહ્યો હોય, ઢોલ-મૃદંગ અને શરણાઈઓના સૂરની રમઝટ બોલાઈ રહી હોય. વન્સમોર ઉપર વન્સમોર થતા હોય, છતાં નટ તો મસ્તક પર બેડું લઈને એકચિત્તે દોર ઉપર ચાલે જતો હોય. નટ તો સ્વયં પોતાની ધૂનમાં જ હોય છે તેમ ધાર્મિક ક્રિયાઓમાં આવું લક્ષ આવી જાય તો શ્રેયસિદ્ધિ સમીપે જ છે.

૫૨૯

પૂર્વના સમયમાં પ્રમાણિકતાનું પ્રમાણ વધુ હતું. પારકા પૈસે પરમાનન્દ કરવાની જરાય ઝંખના ન હતી. અરે વેશ્યા જેવું અધમ ગણાતું પાત્ર પણ અનીતિનું ધન લેતાં સંકોચાતી હતી. નંદીષેણ મુનિવરે તણખલું તોડતાં જ ૧૨ા ક્રોડ સોનૈયાનો વરસાદ વેશ્યાના ગૃહાંગણે વરસાવ્યો હતો. ત્યાર પછી વેશ્યા મુનિવરને કર જોડીને કહે છે કે "આ ધન મારે નહિ જોઈએ. આ ધનના સ્વામી તો આપ જ છો, રહેવા ખુશી હો તો ભલે આપણે ભોગવીએ, નહિ તો આ માલ આપ જ લઈ ચાલો." આજે આપણા માટે આવો જ કોઈ પ્રસંગ બને તો જતું કરીએ ખરા? અરે કોઈ તમારે ત્યાં જમા કરી ગયો હોય તોય પચાવી પાડવાની વૃત્તિ થાય છે!!

૫૩૦

વૃક્ષો પોતાની પર્ણ-સંપત્તિનો ક્યારેક ઉદાર રીતે ત્યાગ કરતાં જોવા મળે છે, ત્યારે કુદરત તેમને પુષ્પો અર્પણ કરી આરાધે છે. પક્ષીઓ તેમનાં ગીત ગાય છે. ભમરાઓ અને પતંગિયાં ભક્તગણો બની તેમની આસપાસ ભ્રમણ કરે છે. વૃક્ષો હંમેશાં પોતાની જૂની સમૃદ્ધિ રૂપે રહેલાં પર્ણોને ત્યજે છે ત્યારે અધિક ઉચ્ચ સમૃદ્ધિનાં અધિકારી બને છે. ત્યાગમાં તેઓ જેટલી ઉદારતા બતાવે છે તેનાથીયે અધિક ઉદારતા કુદરત તેમને અર્પણ કરવામાં બતાવે છે. કુદરત તેમને જૂનાં પર્ણોને બદલે નવાં પર્ણો તથા ફળો પણ અર્પે છે. માણસજાત પણ વૃક્ષની માફક પોતે માની લીધેલી સંપત્તિનો મોહ રાખ્યા વગર ખરેખર ત્યાગ કરે તો શું અધિક સમૃદ્ધિ ન મળે?

૫૩૧

વિષયોના પરિત્યાગ વિના સાચી અને સુખદ શાન્તિ સાંપડી શકતી નથી. ભારતનાં સર્વ દર્શનોમાં તમે જોશો તો તેમાં વિષયોના ત્યાગનો આદેશ આપવામાં આવ્યો છે. રાજા જનક અષ્ટાવક્ર ઋષિને પૂછે છે કે મને શાન્તિ અને શાશ્વત સુખ કેવી રીતે મળે? તેના જવાબમાં ઋષિવર ફરમાવે છે કે—

मुक्तिमिच्छसि चेत्तात विषयान् विषवत् त्यज ।

૫૩૨

ઇંગ્લંડમાં ગોલ્ડસ્મિથ નામે એક મોટા કવિ થયા.

તે વૈદકનું સારું જ્ઞાન ધરાવતા હતા. ગરીબોની સેવા સારી કરતા પણ પૈસાની પરવા ન હતી. એક વખત એક ગરીબ બાઈ એના પતિની દવા કરાવવા કવિવરને બોલાવી ગઈ. એણે ઘણી દવા કરી હતી પણ તેનો પતિ સાજો થયો નહિ. ગોલ્ડસ્મિથે શરીર તપાસ્યું, એમને સમજાઈ ગયું અને રોગનું સાચું કારણ પકડાઈ ગયું. ગોલ્ડસ્મિથે એક પેટી આપી, તેમાં સોનાની દશ ગીનીઓ હતી. આ મિલકત દર્દીના હાથમાં આવતાં જ દર્દ દૂર થયું.

૫૩૩

પરમાર્હત શ્રી કુમારપાલ મહારાજાના રાજ્યમાં દુષ્કાળનું નામ નહોતું. તેમણે પોતાના રાજ્યમાંથી સાતે વ્યસનોનાં પૂતળાં કરાવી બહાર પ્રદર્શનમાં મૂકીને બહાર ફગાવી દીધાં હતાં. તેમના રાજ્યમાં સાત વ્યસનોને દેશવટો દેવામાં આવ્યો હતો.

૫૩૪

મહાન સિકંદરની વાત છે. એના દરબારમાં એક નિષ્ણાત કલાકાર – ચિત્રકાર આવ્યો. સિકંદરે પોતાની તસ્વીર બનાવવા ચિત્રકારને આજ્ઞા કરી. ચિત્ર બનાવતાં એક મુસીબત ઊભી થઈ. રાજાના કપાળમાં, એક બાજુ પર જન્મથી જ કાળો ડાઘ હતો. જો એ કાળા ડાઘને છબીમાં ઉતારે તો રાજાનું મન નારાજ થાય અને ડાઘ ન ઉતારે તો કલાની ક્ષતિ ગણાય. ચિત્રકારે પોતાની બુદ્ધિથી માર્ગ શોધી કાઢ્યો. સિકંદરને એણે કપાળે હાથ ટેકવીને

બેસવા કહ્યું. હાથ ઢંકાઈ ગયો એટલે હવે ડાઘનો પ્રશ્ન રહ્યો નહિ. પછી ચિત્રકારે પીંછી ચલાવી.

૫૩૫

એક સમયની વાત છે. ગાંધીજીએ પોતાના આશ્રમના વિદ્યાર્થીઓને કોઈ કાર્ય નહિ કરવા સૂચના કરી હતી. તેમ છતાં કેટલાક વિદ્યાર્થીઓએ એ કાર્ય છાનીછૂપી રીતે કરી કાઢયું. આ વાત મહાત્માજી પાસે ચર્ચાઈ. તમામ વિદ્યાર્થીઓને ભેગા કરી પૂછવામાં આવ્યું પરન્તુ કોઈએ પોતાનો ગુન્હો કબૂલ કર્યો નહિ. મહાત્માજીએ પોતાના જ ગાલ ઉપર જોરથી બે ચાર થપાટ લગાવી દીધી. ખરેખર મારામાં કોઈ દોષ હોવો જોઈએ જેથી આ વિદ્યાર્થીઓ પોતાનો ગુન્હો કબૂલ કરી શકતા નથી! ગાંધીજીએ આ પ્રયોગ કર્યો કે તરત વિદ્યાર્થીઓ પ્રભાવિત થયા ને પોતાનો ગુન્હો કબૂલ કર્યો ને મહાત્માજી પાસે ક્ષમાની ભીખ માગી હતી.

૫૩૬

શિવાજીના ગુરૂ કૌડદેવે ફરમાન છોડયું હતું કે શિવાજીના બાગમાંથી માળીને પૂછયા સિવાય, તેની રજા સિવાય કોઈએ કંઈ પણ ફળફુલાદિ તોડવાં નહિ પરન્તુ એક દિવસ બાગમાં આમથી તેમ ફરતાં ભૂલથી ગુરૂ કૌડદેવે થોડાં ફલ તોડી બેઠા પછી તરત જ પોતે જ પ્રસારિત કરેલું ફરમાન સાંભળી આવ્યું અને પોતાની થઈ ગયેલી ભૂલ માટે તરત જ પોતાનો જમણો હાથ

કાપી કાઢવા તૈયાર થયા. એ જ સમયે અચાનક ત્યાં આવી ચડેલા શિવાજી મહારાજા અને માતા જીજીબાઈ તેમને પગે પડી તેમ નહિ કરવા વિનવવા લાગ્યાં : હોય ગુરૂદેવ, એક ભૂલ તો સૌ કોઈથી થઈ જાય. આ રીતે સમજાવ્યા પરિણામે ભૂલની યાદગીરીમાં તેમણે ખમીસની અડધી બાંય કાપી નાંખી. ત્યારથી અર્ધી બાંયવાળાં ખમીસ નજરે પડવા લાગ્યાં. કોઈ પણ રિવાજની પાછળ કંઈ ને કંઈ કારણ હોય છે.

૫૩૭

અંબડ પરિવ્રાજક સાતસો શિષ્યોએ પાછળથી શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો હતો. તેમાં તેઓએ સચિત્ત તથા બીજાએ આપ્યા વિનાનાં આહાર પાણી નહિ વાપરવાનો નિયમ કર્યો હતો તેથી તેઓ હંમેશાં અચિત્ત અને તે પણ બીજાએ આપેલા આહારદિકથી જીવનનિર્વાહ કરતા. કોઈ વખત ગંગા નદીના કાંઠે પડેલી તપ્ત રેતીમાં ચાલવાથી અને સૂર્યની પ્રચંડ ગરમીથી તેઓ અતિ તૃષાતુર થયા છતાં પણ તેઓ પોતાની પ્રતિજ્ઞામાં અણનમ રહ્યા. ગંગા નદીના સુમધુર જળનું પાન કરવાનું સાહસ નહિ કર્યું અને આગળ ચાલવા માટે પણ અસમર્થ થયા, પરિણામે ત્યાં જ અનશન લઈ કાલધર્મ પામી, પાંચમા બ્રહ્મદેવલોકમાં દેવ થયા.

૫૩૮

પૂણિયા શ્રાવકનું ચિત્ત સામાયિકમાં ચલિત થયું

ત્યારે પોતાની સ્ત્રીને પૂછ્યું કે આપણે ત્યાં કોઈ બીજાના ઘરની વસ્તુ તો નથી આવી ગઈ? તેણીએ સત્ય કહ્યું, બહાર એક છાણનો પોદળો પડેલો હતો તેને સૂકવીને છાણું કરેલું તે અગ્નિમાં નાખીને તેના પર રોટલો શેકવામાં આવ્યો હતો. પૂણિયો શાન્તિથી પોતાની પત્નીને સમજાવે છે કે હવે પછી આવું ન થવું જોઈએ.

૫૩૯

નમી રાજર્ષિનો ઉચ્ચ આત્મા કેવળ કંકણના ખખડાટથી સફાળો સજાગ થયો હતો. લગ્ન વખતે રામદાસ સ્વામી "સાવધાન" શબ્દ સાંભળીને સાબદા થઈ ગયા ને લગ્નમંડપમાંથી જ ઉપડ્યા તે બાર વર્ષોએ પત્તો લાગ્યો હતો.

૫૪૦

મંદોદરીએ રાવણને સ્પષ્ટ સંભળાવી દીધું હતું કે આ સીતા નથી ઉંચકી લાવ્યા પરન્તુ તમારૂં મોત નોંતરી લાવ્યા છો. માટે એક પળનો પણ વિલંબ કર્યા સિવાય સીતાજીને રામને હવાલે સોંપી દો. વિભીષણે પણ સમજાવવામાં મણા રાખી ન હતી, પણ રાવણે નહિ માન્યું કારણ કે વિનાશકાળ સમીપે છે.

૫૪૧

એક વખત સંત તુકારામ વિઠોબાની યાત્રાએ જતા હતા. રસ્તામાં એક ચોક ઉપર કબૂતરોને ચણવા માટે

જાર નાંખવામાં આવી હતી. ત્યાં કબૂતરોનું એક જંગી ટોળું ચણી રહ્યું હતું. ત્યાંથી પસાર થતાં તે તમામ ઊડી ગયાં. સંતને ભારોભાર ખેદ થયો કે અરે! મારાથી આ કબૂતરોને ભય લાગે છે! અને તેથી જ ઊડી ગયાં જણાય છે. મારામાં ભય લાગે તેવું કંઈક દુષ્ટ તત્ત્વ હોવું જોઈએ, જેથી આ ગભરૂ પારેવાં પણ ત્રસ્ત થાય છે. મારા અંતરમાં હજુ ઝેર ભરેલું છે. આ વિચારથી સંતનો આત્મા ફફડી ઊઠ્યો હતો. સંતે સંકલ્પ કર્યો કે જ્યાં સુધી મારામાં પારેવાંને પ્રતીતિ ન આવે અને નિઃશંક મારા ખભા ઉપર ન બેસે ત્યાં સુધી મારે અહિં ખડા પગે ઊભા રહેવું અને અંતરનો મેલ ધોવા યોગ્ય પ્રયાસ કરવો. ત્યાં સુધી મારે ખાવું–પીવું હરામ છે. બસ આવો સંકલ્પ કરી સંત ખડા પગે ઊભા રહ્યા અને અંતરનો મેલ કાઢવાનો પ્રયાસ ચાલુ કર્યો. સંતના અંતરમાંથી કરૂણા અને પ્રેમના પ્રવાહો વહેવા માંડ્યા. અંધકારનાં આવરણો તૂટવા લાગ્યાં અને પ્રકાશ રેલાવા લાગ્યો. "आत्मवत् सर्व भूतेषु" એની લયમાં લીન થયા. ત્રીજે દિવસે તે જ કબૂતરો સંતના ખભા ઉપર બેસતાં થયાં.

૫૪૨

✓ શિવપુરાણમાં "वित्तशाठयं न कुर्वीत यदीच्छेत् परमांगतिम्" –વિત્તની ખાતર શઠ ન બનો અને વિત્ત દ્વારા શઠતા આચરશો નહિ.

૫૪૩

જીવનના આદર્શો અને સિદ્ધાન્તોને સળગાવીને

સંપ્રાપ્ત કરવા જેવી ચીજ સંપત્તિ નથી જ તે હંમેશાં દયા રાખો. જીવનના મંચ ઉપર કેન્દ્રીય અને સાર્વભૌમ સ્થાન ધર્મનું છે, ધનનું નહિ તેની નોંધ લેવી ભૂલતા નહિ.

૫૪૪

ત્રણ ગુપ્તિમાં મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિનો અર્થ અનુક્રમે આ પ્રમાણે છે: જીવોની વિરાધના કરાતી હોય તેવો સંકલ્પ તે સંરંભ કહેવાય. તેને માટેની સાધનસામગ્રી એકત્રિત કરવામાં આવે તે સમારંભ તરીકે લેખાય અને એકત્રિત સાધનોનો પ્રયોગ કરવો તે આરંભ તરીકે ગણી શકાય.

૫૪૫

સર્વ વિરતિ ચારિત્ર અંગીકાર કરનારને પ્રશ્નશુદ્ધિ, કાલશુદ્ધિ, ક્ષેત્રશુદ્ધિ, દિશાશુદ્ધિ અને વંદનાશુદ્ધિ એ પાંચ પ્રકારની શુદ્ધિ સાચવવાની હોય છે. તું કોણ? ક્યાંથી આવ્યો? તારો ધાર્મિક અભ્યાસ કેટલો? તારો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે કે કેમ? વગેરે પ્રશ્નો શુભ મુહૂર્ત જોવામાં આવે છે તે કાલશુદ્ધિ કહેવાય. જેમ કે ઉભયપક્ષની ૧૪, ૧૫, ૮, ૯, ૬, ૪, અને ૧૨ એ તિથિઓ દીક્ષા માટે વર્જ્ય છે. સારા સ્થાનમાં આપવી તે ક્ષેત્રશુદ્ધિ મનાય છે, જેમ કે શેરડીના ખેતર સમીપે, ડાંગરના ખેતર સમીપે, સરોવરની પાળ ઉપર, પુષ્પ સહિત વનખંડ, નદીનો કિનારો અને જીનચૈત્ય વગેરે ક્ષેત્રશુદ્ધિ મનાય છે. પૂર્વાભિમુખ તથા ઉત્તરાભિમુખ તે દિશાશુદ્ધિમાં ગણાય છે અને વંદના-

શુદ્ધિમાં ચૈત્યવંદન, દેવવંદન, કાયોત્સર્ગ, વાસક્ષેપવિધિ, રજોહરણદાન અને વેશ સમર્પણ વગેરે.

૫૪૬

સ્વામી વિવેકાનંદ અલ્વરમાં દીવાન રામચન્દ્રને ત્યાં અતિથિ તરીકે આવી ચડેલા હતા. કંઈક અવનવા સંદેશાઓની આપલે થતાં અલ્વરપતિ મંગલસિંહે કહ્યું : સ્વામીજી મૂર્તિપૂજા પ્રત્યે મને બિલકુલ શ્રદ્ધા નથી. અર્થાત્ હું મૂર્તિપૂજામાં માનતો નથી. લાકડી અથવા ધાતુના કે પથ્થરના ટુકડામાં ઈશ્વર ભરાઈ બેઠો છે એમ માનવું મિથ્યા છે. તેની પાછળ સમય અને શક્તિનો અપવ્યય કરવો તે ઉચિત નથી આ પછી સ્વામીજીએ કંઈ પણ ચર્ચામાં ઉતર્યા વિના એક શિષ્ય પાસે દીવાનના રૂમમાં લટકતો મંગલસિંહ મહીપતિનો ફોટો મંગાવરાવ્યો અને દીવાન રામચન્દ્રને કહ્યું 'આ ફોટા ઉપર થૂંકો!' દીવાન ચમકી ઉઠયા. 'અરે આવું શું બોલો છો? આ તો અમારા મહારાજા મંગલસિંહનો ફોટો છે. તેના ઉપર થૂંકાય જ કેમ?' સ્વામીજીએ કહ્યું. આ તો કાગળનો ટુકડો છે 'એમાં મહારાજા કયાંથી?' ત્યારે સ્વામીજીએ કહ્યું 'મૂર્તિ કે છબી એ ભગવાનનું પ્રતીક છે. ભક્તજનો પથ્થરમાં પરમેશ્વર માની તેની પાછળ પ્રાણાર્પણ કરે છે, સમજ્યા શ્રીમાન્!'

૫૪૭

સતી સીતામાં અજબ આત્મિક બળ હતું. રાવણ

જેવા રાક્ષસી રાજા સામે પોતાના સતીત્વની રક્ષા કરી. પદ્મોત્તર જેવા પિશાચ પૃથ્વીપતિના પંજામાં પડવા છતાં પવિત્ર દ્રૌપદીએ સતીત્વને અંશતઃ કલંકિત ન કર્યું. પરિણામે જેની રક્ષા માટે સ્વયં સ્વયંભુને આવવું પડયું હતું.

૫૪૮

લશ્કરમાં પહેરો ભરવાનું કામ એક સૈનિકને સોંપવામાં આવ્યું હતું. ટાઈમ રાતનો હતો. ભીંતને અડીને એ સૈનિક પહેરો ભરતો હતો એવામાં એને ઉંઘનું એક ઝોકું આવી ગયું. દૈવયોગે ઉપરી અધિકારી ત્યાં આવી ચડયો અને સૈનિક ઉંઘે છે એવું એની નજરે આવ્યું. સૈનિક તો તે જ વખતે સચેષ્ટ થઈ ગયો હતો. ટટાર થઈને ઊભો રહ્યો હતો, પણ અધિકારીએ એને લશ્કરી કોર્ટની સામે ઊભો કર્યો પરિણામે કેશ ચાલતાં તેને પાંચ વરસની સખત કેદની સજા ફરમાવી હતી. અને સૈનિકને તે ભોગવવી પડી હતી.

૫૪૯

એક સાથે દેવ અને માનવ બનવાનું સદ્ભાગ્ય બહુ ઓછાઓને સાંપડે છે. સ્વ. નામદાર આગાખાન બહુ અલ્પમાંના એક હતા. ત્રણ ખંડોમાં પથરાયેલા પાંચ કરોડથીયે વધારે ઇસ્માઈલી મુસ્લિમોના આ ધર્મગુરૂ પયગંબર હજરત મહંમદની પુત્રી ફાલિમાના વંશના અડતાલીસમા વારસદાર હતા. ઈ. સ. ૧૮૭૮માં કરાંચીમાં

એ જન્મ્યા હતા. કરાંચીમાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યા પછી, બ્રિટનની સુવિખ્યાત ઇટન સ્કૂલમાં અને કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં એમણે માધ્યમિક અને ઉચ્ચ અભ્યાસ કર્યો હતો. શ્રી આગાખાનની ગણના જગતના પ્રથમ પંક્તિના શ્રીમાનોમાં થતી હતી અને એમની મિલકત લગભગ છ અબજ પાઉન્ડની સીમાએ પહોંચેલી હતી. ઇસ્માઈલી અનુયાયીઓ પૂર્વ આફ્રિકા, ઈરાન, ઇરાક, મસ્કત, અરબસ્તાન, સિંધ, કચ્છ, ગુજરાત અને બીજાં અનેક સ્થળોએ વસતા તમામે ઇસ્માઈલીઓ પોતાની આવકનો દશાંશ ભાગ એમના આ ધર્મનેતાને ચરણે ધરતા હતા અને એમાંથી આ લક્ષ્મીનો વિરાટ્ પુંજ રચાયો હતો. આ સંપત્તિમાંથી હોસ્પિટલો, શાળાઓ અને કોલેજો તેમજ સામાજિક કલ્યાણકેન્દ્રો ખુલ્લાં મૂકવામાં આવ્યાં હતાં. તમામ યોજના તે સ્વયં નક્કી કરતા. એમનો નિર્ણય તેમના અનુયાયીઓને ફરિયાદનું કારણ ક્યારેય બન્યો નહિ હતો. ઠાઠમાઠથી શ્રી આગાખાનની જ્યુબિલીઓ ઉજવાઈ હતી. ચાંદી સોનું હીરા પન્ના અને પ્લેટીનમ વગેરે મોંઘેરા ઝવેરાતથી, આગાખાનને તોલવામાં આવતા હતા.

૫૫૦

ચક્રવર્તી રાજા દીક્ષા સ્વીકારે અથવા મરણ પામે ત્યારે નવનિધાનો ગંગા નદીમાં ચાલ્યાં જાય છે. એ નિધાનો પાછળ પુત્ર વગરેને કામ આવતાં નથી. એમ તમારાં એકઠાં

કરેલાં નાણાં કે દાટેલા દાગીના તમારા પુત્રને કામ નહિ આવે. પુણ્યમાં હશે તેટલું જ રહેશે. તો પછી કાળા બજાર કરી પાપને જમા શા માટે કરો છો?

૫૫૧

ધનવાનોના દાગીના, કપડાં ને મીઠા કોળિયામાં ગરીબોની હાય ભરેલી છે.

૫૫૨

આયંબિલનો માર્મિક અર્થ આયં=સર્પ અને બિલ =દર. સર્પ જ્યારે દરમાં જાય છે ત્યારે સીધો જ જાય છે. એ પ્રમાણ જમતી વખતે એક ગાલેથી બીજે ગાલે કોળિયો ન જવો જોઈએ. આપણને કેટલા સ્વાદ જોઈએ છે? 'જરા મરી ચઢિયાતાં નાંખજો. ઊનું ઊનું ઢોકળું લાવજો હંમેશાં વૃત્તિનો સંક્ષેપ કરવો જોઈએ. જેવું મળે તેવું આરોગી લેવું જોઈએ. આયંબિલની પાછળનો મુખ્ય હેતુ આ છે.

૫૫૩

લાખ ખાંડી સોનાના દાન કરતાં પણ સામાયિકની કિંમત વધુ છે. આવા સર્વોત્તમ સામાયિકને તમે સાકરના પડીકા સાથે વહેંચી નાખો છો. ખાવાની લાલચ મટી નથી. છોકરાને દવા પાવી હોય તો મા લાલચ બતાવે છે કે પી જા. પેંડો દઈશ. અને ચાર ડિગ્રી તાવ હોય એટલે પેંડો દેખાડે, પણ ચખાડે નહિ, મા તેને સમજાવે છે કે જો આ તારા માટે જ છે, તાવ ઉતરી જશે એટલે તને જ મળશે હાં! એમ સમજાવીને છોકરાને છાનો રાખે છે. એમ તમને

લાલચ દેખાડીને તે અહીં આવતા કરવા માટે જ.

૫૫૪

જ્યારે સાચી દૃષ્ટિ ખૂલે ત્યારે પલંગમાં પગ મૂકતાં સ્મશાનને યાદ કરે, સુખપાલમાં બેસે ત્યારે નનામીને સંભાળે અને શાલ–દુશાલા ઓઢે ત્યારે કફનને ભૂલે નહિ.

૫૫૫

દેહાધ્યાસ છોડો. મૃત્યુને મહોત્સવ માનો. તેમાં 'ઓય માડી ન હોય કે ઓય બાપલિયા મરી ગયો ' આવા શબ્દો મુખમાંથી સરે નહિ. સમ્યગ્દષ્ટિ જીવડાને પરણ અને મરણ બંને સમાન હોય છે.

૫૫૬

ધન્નાએ બત્રીસ રાણીઓ ત્યજીને ત્યાગમાર્ગ સ્વીકાર્યો. જે દિવસે દીક્ષા લીધી તે જ દિવસે પ્રભુને કહ્યું "इच्छामि णं भंते तुब्भेहिं अब्भणुण्णाओ समाणे"—મારી ઇચ્છા છે કે જો આપની આજ્ઞા હોય તો.' એણે કોને આગળ કર્યા....પ્રભુને ! યાવજ્જીવ, છઠ્ઠનાં પારણે છઠ્ઠ કરવાની અનુજ્ઞા માગી. પારણે પારણે આંબીલ અને વહોરવાનું શું ? ભિખારીને પણ ત્યાજ્ય હોય તેવું ભોજન આહાર તરીકે ઉપયોગમાં લેવું. આવું કઠોર તપ કરવાની તૈયારીમાં તલસી રહેલા ધન્નાની અમાપ શક્તિને સાથે રાખી, "जहासुहं देवाणुप्पियाः मा पडिबंधं करेह"—પ્રભુની આજ્ઞાને આગળ કરીને જ તપ, જપ, સંયમમાં સિદ્ધિ મેળવી હતી. પારણાના દિવસે પહેલે પ્રહરે સ્વાધ્યાય, બીજે પ્રહરે ધ્યાન અને ત્રીજે પ્રહરે

ગૌચરી, આઠ મહિનામાં તો શરીર શુષ્ક બનાવી દીધું હતું. એમને મનમાં એવો અધ્યવસાય થયો કે આ શરીર કંઈ કામ આપે તેવું નથી. અતઃ પ્રભુની આજ્ઞા મળે તો અનશન લઉં, સવારે પ્રભુ પાસે આવ્યા, આજ્ઞા માગી અને મળી નવ માસ કઠોર કરણી કરીને આત્મશ્રેય સાધી ગયા. ધન્ના અણગાર પાસેથી આપણે શું શીખીશું?—નમન, દમન અને શમન.

૫૫૭

સો ઉમેદવારો હોય અને એક ખુરશી હોય. હવે એ ખુરશી પર જે ચૂંટાઈને આવે એને કેટલો આનંદ હોય? એમ મનુષ્યજીવનમાં આવવાની ઇચ્છા ધરાવનાર જીવો અનંત અને મનુષ્યની ખુરશી સંખ્યાતી. તેમાં તમારો નંબર લાગ્યો પણ આ ખુરશીની તમને કિંમત ક્યાં છે!

૫૫૮

શ્રી કૃષ્ણ મહારાજાનો પુણ્યનો સિતારો ઝળક્યો તો ચોવીસ કલાકમાં સોનાની દ્વારિકાનું નવનિર્માણ થયું અને જ્યાં પુણ્ય ખસ્યું ત્યારે પાણીના બંબા દોડવા લાગ્યા. જ્યાં પાણી છોડ્યું તો એય ગ્યાસતેલ રૂપે પરિણમ્યું ને અગ્નિજ્વાલાઓ વધતી ગઈ. પુણ્ય હોય તો દેવતા આંગણું વાળી સાફ કરે, પચ્ચક્ખાણ હતું ત્યાં સુધી દેવ બાર બાર વર્ષો સુધી પાછો ગયો. જુઓ તપનું તેજ કેટલું?

૫૫૯

કોઈ માણસ બહાર ગામથી આવે તો તમે એને પૂછો છો કે ભાઈ! ક્યાંથી આવ્યા છો? શું નામ છે? તમારા પિતાનું શું નામ? તમારે શું બીઝનેસ છે? આવા પ્રશ્નોની પરંપરા ચાલે છે! પણ તમે તમારા આત્માને ક્યારેય પૂછ્યું કે તું કોણ છે? ક્યાંથી આવ્યો છે? શા માટે અહીં આવ્યો છે? તું પહેલાં કોણ હતો? હવે પછી ક્યાં જઈશ? હજુ તારા ભવ કેટલા છે? આવું આવું પૂછવામાં આવે તો સિદ્ધિ સમીપસ્થ છે.

૫૬૦

✓ મદાલસા એવી સ્ત્રી હતી કે તેણીને પરણવાના કોડ નહિ હતા, પરન્તુ પિતાના અનુરોધથી ફરજિયાત તેણીને લગ્નગ્રન્થિથી જોડાઈ જવું પડ્યું હતું, પરન્તુ પતિ સાથે એવો કોલ કર્યો કે આપણા જીવનકાળમાં જે સંતાન પેદા થશે તેના પર પહેલો હક્ક મારો જ રહેશે. તેનો આશય એ હતો કે હાલરડાંઓ દ્વારા પોતાનાં બાળકોને આર્યસંસ્કૃતિના ઉચ્ચતમ સંસ્કારોનું સિંચન કરવું. મંગલાચરણમાં જ બાળકોના કાનમાં આધ્યાત્મિક રસ રેડી શકાય, शुद्धोसि, बुद्धोसि, निरंजनोसि; संसारमाया परिवर्जितोसि. संसारस्वप्नं त्यज मोह निद्राम्, मदालसा वाक्यमुवाच पुत्रम्" આ રીતિએ મદાલસા રાણી પોતાના પુત્રોને સ્તનપાન કરાવવાની સાથે સાથે પીયૂષપાન પણ કરાવતી હતી. પરિણામે સંસારવૃક્ષને લાગેલાં આઠ ફલો પૈકી મદાલસાએ

પોતાના સાત પુત્રોને ધર્મની દીક્ષા અપાવી, સન્યાસી બનાવ્યા હતા. જ્યારે આઠમા પુત્રને માટે વચ્ચે પડીને પણ તેને રોકવામાં આવ્યો અને રાજ્યગાદીનો વારસદાર બનાવ્યો હતો. જ્યારે આજની કેટલીક ધર્મની અજ્ઞાત માતાઓ પોતાના પુત્રને કેવું સંભળાવે: "દીકરો મારો ડાહ્યો, પાટલે બેસી નાહ્યો, પાટલો ગયો ખસી, બાબલો ગયો હસી. તારે વહુ કેવી લાવીશું? કાળી કે ધોળી? આ ભૂત આવ્યું? આ બાવો આવ્યો? હમણાં તને લઈ જશે વગેરે વગેરે સંભળાવીને આજની માતાએ પોતાનાં બાળકોને કમતાકાત, કમજોર, અને કાયર બનાવી મૂક્યાં છે.

૫૬૧

ભાવનગરના મહારાજા નામદાર તખ્તસિંહજી ગરમીના દિવસોમાં સાંજે પોતાના મોતીબાગ મહેલના ચોગાનમાં આવેલા આંબાની નીચે આરામ લેવા માટે બેઠા હતા. આસપાસ અમીર,—ઉમરાવો પણ ગોઠવાઈ ગયા હતા. આંબો વિશાળ હતો. તેની ડાળીઓ સડક પર પણ લટકી રહી હતી. ત્યાંથી પસાર થતા એક નાના બાળકનું મન કેરી લેવા માટે લલચાયું અને પથરાના ઘા કર્યા. એક યા વધુ પથરાના ઘા કર્યા. એક પથ્થર મહારાજાને લાગી ગયો, લોહી ઉકળી આવ્યું. તરત તપાસ હાથ ધરી. છોકરો પકડાયો. છોકરાને શું શિક્ષા કરવી! તેવામાં જ મહારાજાના કૂમળા હૃદયમાં વસી રહેલી

રાજપૂત ખાનદાની અલકી ઊઠી. છોકરો આંબાને પત્થર મારે તોય આંબો તેની ઉપર નવાજી કેરી આપે છે તેમ મારી પણ એ જ ફરજ છે કે છોકરાને સંતોષવો જોઈએ. શું આંબાથી પણ હું ગયો ?

૫૬૨

ભરત ચક્રવર્તી બાહ્ય આરીસા ભુવનમાંથી અંતરના આરીસાભુવનમાં ગયા હતા. ત્યાં અંતરની આરસીમાં આત્મ સ્વરૂપ અવલોકમાં તેમને કેવલજ્ઞાન થયું હતું જ્યારે આપણે તો માત્ર બાહ્ય આરસીમાં આળોટી રહ્યા છીએ, અંતરની આરસી કેટલી મલિન છે તેનું ભાન ભાગ્યે જ હોય છે બાહ્ય આરીસાઓની ઉજ્જવળતા ઇચ્છીએ છીએ.

૫૬૩

વિનયવંચિત વિદ્યા, ક્ષમારહિત, વીરતા, નમ્રતા વગરની મહત્તા, સેવાભાવ સિવાયની સત્તા, ઉદારતા વગરની મતા, સાધના વગરની સિદ્ધિ, પાત્રતા વગરની પ્રસિદ્ધિ જીવન–નાવડીને વિનાશના પંથે ઘસડી જાય છે.

૫૬૪

અસંતોષ, આસક્તિ અને અદેખાઈને દેશવટો એટલે તમારૂં દુઃખ સુખમાં ફેરવાઈ જશે.

૫૬૫

રામનું નામ લઈ પોતાના રાવણી કામ પર રૂપેરી ચાદર ઓઢાડનાર દંભી ગણાય છે.

૫૬૬

મુશ્કેલીઓના મહાસાગરમાંથી મરજીવાઓએ મહા-સુખનાં મંગલ મોતી મેળવ્યાં છે.

૫૬૭

માનવીની આંખે આજે અમી ગુમાવ્યું છે, એના હોઠે ગીત ગુમાવ્યું છે, એના મુખે હાસ્ય ગુમાવ્યું છે, એના મસ્તકે ખુમારી ખોઈ છે, એના હૈયાએ પ્રીત ગુમાવી છે.

૫૬૮

આપણે કોઈના જખમો પર મલમ ન લગાવી શકીએ તો ચાલશે, પરન્તુ જખમો પર મીઠું તો ન જ ભભરાવીએ.

૫૬૯

વીતરાગના વારસદારો પોતાનાં બાળકોને મોટા બંગલા કે મોટા બેન્કબેલેન્સનો વારસો ન આપી શકે તો કંઈ નહિ, પણ પોતાના બાળકને સંસ્કાર કે સદ્‌વિચારના વારસાથી વંચિત તો ન જ રાખે.

૫૭૦

જ્યોતિ અને જ્વાલા–પ્રકાશનાં બે સ્વરૂપો છે. એક ઉજાળે છે, જ્યારે બીજું બાળે છે.

૫૭૧

બે સહિયરો હતી. એક બ્રાહ્મણ, જ્યારે બીજી રાજપૂત. બન્ને વચ્ચે એટલો સ્નેહ–સદ્‌ભાવ કે જાણે

બંને સહોદરા હોય. યોગ્ય વયે બંનેનાં લગ્ન થયાં. દૈવયોગે બંનેનાં સાસરિયાં પણ એક જ ગામમાં આવ્યાં. બ્રાહ્મણ બાળાનું લગ્ન એક દરિદ્રનારાયણને ત્યાં અને રાજપૂત બાળાનું કોઈ રાજકુટુંબમાં થયું. બિચારી બ્રાહ્મણ બાળા દુઃખમાં દિવસો વીતાવતી. ભિક્ષાવૃત્તિમાં પતિને જે કંઈ મળે તેમાં જ સંતોષ માનવાનો રહેતો. એક દિવસની વાત છે. તે બ્રાહ્મણ બાળા એક દિવસ પનઘટ પર પાણી ભરવા માટે જઈ રહી હતી. પેલી રાજપૂત બાળા ઓઝલ પડદામાં ઝરૂખે બેઠેલી હતી, તેની દૃષ્ટિ ગઈ ને ઓળખી લીધી. પોતાની દાસી દ્વારા બોલાવી અને મન મૂકીને વાતો કરી. પરિણામે ઘર તરફ જતી વખતે તેણીને એક પારસમણિ આપીને કહ્યું કે ઘરે જઈને લોઢાને સ્પર્શ કરાવજે, પણ તે બિચારીને ઘેર લોઢું પણ ક્યાંથી મળે? છેવટે એક દિવસ રસ્તામાંથી કાટવાળો એક લોખંડનો ટુકડો મળે છે. ઘેર આવીને પારસમણિનો સ્પર્શ કરે છે, પણ કાટ હોય ત્યાં સુધી સોનું કેમ થાય? તદ્નુસાર કષાયનો કાટ કપાય નહિ ત્યાં સુધી આત્મા કુંદન સમાન કેમ બની શકે?

૫૭૨

જેમ તરવૈયાની કસોટી જમીન પર નથી, પણ ઊંડા પાણીમાં છે, તેમ શ્રદ્ધા અને હિંમતની કસોટી સુખમાં નથી પણ દુઃખમાં છે.

૫૭૩

સત્યની શય્યા કાંટાની છે અને સત્યનો આહાર ભૂખમરો છે.

૫૭૪

પોતાના કર્તવ્યનું નિરંતર ભાન હોવું એ દેવ-મન્દિરના અખંડ દીપક સમાન છે.

૫૭૫

યુદ્ધ પ્રસંગે ફેંકવામાં આવતા હથિયારને અસ્ત્ર કહે છે, જ્યારે હાથમાં રાખીને જ જેનો ઉપયોગ કરવામાં આવે તેને શસ્ત્ર કહેવાય છે. તીર એ અસ્ત્ર છે જ્યારે તલવાર એ શસ્ત્ર છે.

૫૭૬

મહાન હઝરત મહંમદ પયગંબરનો જન્મ ઈ. સ. ૫૭૦ના ઓગસ્ટ માસની ૨૯મી તારીખ ને સોમવારે પ્રાતઃકાળે મક્કા શહેરમાં થયો હતો. તેમના પિતાનું નામ હઝરત અબદુલ્લાહ અને માતાનું નામ આમીના હતું. પુત્રના જન્મ પહેલાં પિતા અબદુલ્લાહ પચીસ વર્ષની યુવાન વયમાં મરણ પામ્યા હતા, તેથી આ પુત્રનું મુખ જોવા તે ભાગ્યશાળી થયા ન હતા. આ પુત્રનું નામ મહંમદ પાડવામાં આવ્યું. તેનો અર્થ વખણાયેલો, પ્રતાપી, તેજસ્વી એવો થાય છે. કોઈ પ્રસંગે આમીનાને પોતાના સ્વામીનું અત્યંત સ્મરણ થવા લાગ્યું અને વિરહવેદનાથી શરીર શિથિલ બની ગયું. પુત્રની સામું જોઈ આંસુ

સારતાં તે મરણ પામ્યા હતા. હઝરત મહંમદ જ્યારથી મક્કા છોડી મદીનામાં ગયા ત્યારથી મુસલમાની હીજરીસન શરૂ થયો છે. હીઝરત એટલે ચાલી નીકળવું, બીજા ઠેકાણે રહેવા જવું, તે ઉપરથી સનનું નામ હીજરી પડયું છે. આ વખતે મદીનાનું નામ યસરજ હતું તે બદલી હઝરત મહંમદ પયગંબરના માનાર્થે મદીનતુને પાડયું. તેનું ટૂંકું નામ મદીના છે. જિન્દગીનો અંત નજીક છે એમ હઝરત મહંમદને જણાયું ત્યારે તે તરત મક્કા હજી કરવા ઉપડયા. તેમની સાથે એક લાખ ચૌદ હજાર માણસો હતા. કાબામાં જઈ નમાઝ કરી પછી ઊભા રહી ઉપદેશ દેવા લાગ્યા કે નેકી, દયા અને સંપ એ ત્રણ ચીજો અંતઃકરણને શુદ્ધ કરનાર છે, માટે તેનું સેવન કરજો. અહીં જે નથી આવ્યા તેમને આ સંદેશો કહેજો.

૫૭૭

લોજમાં જમતા એક ગૃહસ્થે પોતાની પાસે જમતા એક માણસને કહ્યું, " જરા તમારી બાજુમાં પડેલી પેલી ચમચી આપશો ? " " કદાચ આપે ભૂલથી મને આ લોજનો નોકર સમજી લીધો હશે ? " પેલા માણસે શિષ્ટ ભાષામાં પોતાનો રોફ જમાવ્યો. " ના, માફ કરજો. મેં તો આપને ભૂલથી સમજીને માણસ જાણ્યા હતા." પેલા ગૃહસ્થે ઠંડે કલેજે જવાબ આપ્યો.

૫૭૮

ભિખારીએ એક શેઠને કહ્યું, " શેઠ સાહેબ એક

આનો મને આપોને ? ભગવાન તમારું ભલું કરશે, તમારા ભંડાર ભરપૂર રાખે !" શેઠ કહે, "મારા ભંડાર ભરપૂર રાખે તેના કરતાં તારા જ ભંડાર ભરપૂર રાખવા ભગવાનને સીધું જ કહેને ?"

૫૭૯

"પાપની પોટલી બાંધી શિર પર કૈસે હોગી હલકી, તુજે ખબર નહિ એક પલકી"

૫૮૦

જેને ખરી તૃષા લાગી હોય છે તેની સામે એક અત્તરથી ભરેલો કૂંપો મૂકો અને એક માટીની કૂંડીમાં પાણી ભરીને મૂકો તો તે તૃષાતુર આ બેમાંથી શું પસંદ કરશે ?

૫૮૧

ટકાની હાંડલી ખરીદતી વખતે ટકોરા મારીને ખાતરી કરો છો. શાક ખરીદવા જાઓ ત્યાં સારૂંનરસું, તાજું–વાસી તપાસો છો. હીરમાણેક ખરીદવા જાઓ તો ઝવેરીઓને સાથે રાખો છો. વાત વાતમાં નહિ છેતરાવાની સાવધાની રાખો છો, પણ અહીં કેટલું છેતરાવ છો ? આત્માના હિતાહિતને માટે કંઈ વિચારણા કરી ખરી ? અહીં છેતરાવાનો પ્રશ્ન વચ્ચે નડતો નથી કેમ !

૫૮૨

પાંદડાંને પંપાળવામાં આવે અને મૂળિયાંને પાણી

પીવડાવવામાં ન આવે તો એ વૃક્ષ કેટલો વખત ટકી શકે ?

૫૮૩

સમ્રાટ શ્રેણિક શ્રીયુત્ શાલિભદ્રને જોવા માટે સૈન્ય સાથે સામે પગલે તેને ઘેર જાય છે. તે ધારત તો પોતાના મહેલમાં તેમને બોલાવી શકત. શાલિભદ્રને જોઈ ને શ્રેણિક રાજાને એમ થયું કે આવા સદ્‌ભાગ્યશાળી શેખરોથી જ મારી નગરી શોભી રહી છે. હું ન ખરીદી શક્યો તે રત્નકંબલો ને શાલિભદ્ર ખરીદી લે છે. આ વળી ખરીદનારો કોણ ? એમ એમને ન થયું. તમે અગ્રગણ્ય આગેવાન છો તો ભલે રહ્યા. સંઘમાં કોઈ પણ ભાગ્યશાળી આગળ આવી શકે તેવો હોય તેને યોગ્ય પ્રોત્સાહન આપો પરન્તુ ઉતારી પાડવાની કૂટનીતિ કદાપિ નહિ સેવતા.

૫૮૪

રાજાએ પોતાના કુંવરને મુગટ પહેરવાની ભાવના થઈ તેથી કુંવરીનો સોનાનો ઘડો ભગાવી મુગટ કરાવી આપ્યો. મુગટ મળવાથી કુંવરને હર્ષ થાય છે જ્યારે ઘડો નાશ પામવાથી કુંવરીને ભારોભાર શોક થાય છે, પરન્તુ રાજાને હર્ષ કે વિષાદ કશું જ થતું નથી. કારણ કે રાજાની દૃષ્ટિ સોનામાં છે. સોનું તો તેનું તે જ છે. આ સંસારમાં વ્યય તરફ દૃષ્ટિ રાખનારને શોક થાય છે પરંતુ એ ધ્રુવ તરફ દૃષ્ટિ રાખે તો શોકનું કોઈ જ કારણ નથી. ધ્રુવદૃષ્ટિ મધ્યસ્થની છે.

૫૮૫

જગત્ એટલે "ગચ્છન્તિ ઇતિ જગત્"— જે જાય છે તે જગત્. જે નાશના માર્ગ તરફ ઘસડાઈ રહ્યું છે તે જગત્ કહેવાય છે. **જ** એટલે જન્મ લેવો. **ગ** એટલે જન્મીને જવાની **ત્** એટલે તૈયારી કરવી. આ દુનિયામાં જન્મ ધારણ કરીને પરલોક જવા માટેની તૈયારી કરવી તે જગત્.

૫૮૬

આજકાલની કેટલીક સ્ત્રીઓ પોતાના પતિનું કહ્યું માનતી નથી. તેનું કારણ? એમાં સ્ત્રીઓનો વાંક નથી. પુરૂષનો જ વાંક છે. સ્ત્રી ઘરમાં આવતાં પુરૂષ વાનરવેડા કરવા માંડે છે અને સ્ત્રી જેમ ડુગડુગી વગાડે છે તેમ પુરૂષ નાચવા માંડે છે, એ જ તેનું મુખ્ય કારણ છે. પણ સ્ત્રી ઘરમાં આવતાંની સાથે જ પુરૂષ જો લાલ આંખ કરી શરૂઆતમાં જ પોતાનો સિક્કો જમાવી દે તો સ્ત્રી કંટ્રોલમાં અવશ્ય રહી શકે.

૫૮૭

પુરૂષ સ્ત્રીને પુરૂષસમોવડી ક્યારે સમજશે? સ્ત્રીને પગના ખાસડા બરાબર ગણતો એ જમાનો આજે વહી ગયો છે. આજે તો સ્ત્રી પુરૂષને પોતાના સેન્ડલ સમાન સમજે છે. બજારમાં ફરવા નીકળેલા કોઈ દંપતી તરફ બરાબર ધ્યાનથી જોઈ લેજો કે સ્ત્રી પુરૂષની આગળ લટક મટક કરતી ચાલતી હશે અને તેની પાછળ બાબો કે બેબી

ઉપાડી પુરૂષ એક મજૂરની માફક અદાથી જતો હશે.

૫૮૮

એવી કઈ વસ્તુ છે કે જેનું સર્જન કરીને પ્રભુએ હાથ ધોઈ નાખ્યા છે? જવાબમાં—ઈન્સાન. જે આજે પ્રભુને પણ બનાવી રહ્યો છે. તે માટે તો ગઝલસમ્રાટ શ્રી શયદા સાહેબે ઠીક જ ગાયું છે "પ્રભુ તારા બનાવેલા, તને આજે બનાવે છે."

૫૮૯

તમારૂં ભેજું ચીનાઈ માટીમાંથી ઘડાયેલું છે કે સૌરાષ્ટ્રના સીમાડાની સ્વદેશી માટીમાંથી ઘડાયેલું છે? તે વિચારો.

૫૯૦

નમ્રતા આગળ જગતનાં બધાં હથિયારો મહાત થઈ જાય છે. નમ્રતા આગળ સૌ કોઈ નમી પડે છે. નમ્રતા એ એક મહાન ગુણ છે. એક વખત સરિતા વહેતી વહેતી સાગર સમીપે દોડી ગઈ, સાગરને રીઝવવા. સાગરે સરિતાને કહ્યું "સરિતાકુમારી, એક ઇચ્છા તું પૂરી કરી આપીશ?" સરિતાએ હા પાડી. સાગરે કહ્યું, "મારે તો ધરતી પર નેતરને તરવું જોવું છે." સરિતાને આ કામ ખૂબ જ સરળ લાગ્યું. એણે તો તાંડવ મચાવી મૂકયું અને પાણી ઉછાળ્યાં અને જોરભેર એ કિનારાઓ ઉપરથી ઉભરાઈને દોડવા લાગી, જાણે ઘોડાપૂર આવ્યું હોય તેમ. સરિતાના ભયંકર પૂરમાં કેટલીયે વસ્તુ તણાવા લાગી. ઝાડો ખેંચાયાં,

ઝૂંપડાંઓ તણાયાં, મકાનો જમીનદોસ્ત થયાં, પણ નેતરના સોટાઓ તો એની જગ્યાએથી ખસ્યા નહિ, પણ નમી પડ્યા ખરા. સરિતાએ નેતરના સોટાને સાગરની સપાટી પર લાવવા ખૂબ જ જોર અજમાવ્યું, પણ એનું જોર ચાલ્યું નહિ. તે હિંમત હારી ગઈ. આપેલું વચન પૂર્ણ કરી શકી નહિ. સાગરે કટાક્ષમાં કહ્યું "કેમ સરિતા, શું થયું ?" નેતરની નમ્રતા પાસે સરિતા શરમિંદી બની ગઈ.

૫૯૧

એક ઔંસ સાંસારિક સુખ વીસ ટન જેટલાં દુઃખો ઘસડી લાવે છે. સિવાય કે રણની ધગધગતી રેતીમાં ખારા પાણીના એક બિન્દુ સમાન સંસારનું સુખ માની શકો. ચારે તરફ ભયાનક શ્વાપદ જાનવરોની વચ્ચે જંગલમાં રહેવા માટે મળેલી ઘાસની ઝૂંપડીતુલ્ય સંસારી સુખ કહેવાય છે. ઝૂંપડીમાં બેઠેલો છું ત્યાં સુધી ભલે મોજ માણી લે; પરન્તુ કઈ પળે ઝૂંપડી ઉપર હિંસક પશુઓનો ધસારો થશે તે કેમ કલ્પી શકાય ? જ્ઞાનસારમાં તૃષ્ણારૂપી ફણીધર અને દીનતારૂપી વીંછી જીવડાને બેહોશ બનાવી દે ત્યાં સુધી ડંખે છે, છતાં તેને આવો વિષમ સંસાર છોડવો ગમતો નથી.

૫૯૨

ઇષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગ — જંગલમાં ડાકૂઓ ધન લૂંટી લે ત્યારે કેવું અકારું દુઃખ લાગે ? બેન્કમાં બેલેન્સ ન હોય અને વેપારીના ચેકનાં નાણાં

આપવાનાં હોય ત્યારે કેવી મૂંઝવણુ ઊભી થાય ? નિર્દોષને જેલમાં પુરાવું પડે ત્યારે કેવી કરૂણુ હાલત થાય ? પુત્રોત્પત્તિ માટે લાખો ઉપાયો કરવા છતાં સંતોષ ન મળે તો કાળજામાં કેવો કારમો ઘા લાગે છે ? વિદ્યાર્થી પરીક્ષામાં નાપાસ થાય તો તેના પર કેવા પ્રત્યાઘાતો થવા માંડે છે ? કોર્ટમાં ચાલતો કેસ હારી જતાં અસીલને કેવું દુઃખ થાય છે ? આ બધાં દુઃખોનું મૂળ ઇષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગ જ છે. ચાર ગતિમાં પરિભ્રમણુ કરતા જીવડાને આ બધી જ બલા વળગેલી છે. અતઃ પંચમ ગતિમાં પરમાનંદ છે.

૫૯૩

સંસારમાં રાચી રહેલા માનવી માટે અધ્યાત્મસારમાં કડક શબ્દોમાં કહ્યું છે કે સંસારી જીવડો ઘરમાં માતેલા બોકડા જેવો છે. મસ્ત બોકડાની ગરદન ઉપર ક્યારે છરી ફરશે તે તેને ખબર નથી હોતી. તેવી રીતે સંસારી જીવડાના જીવનનું ક્યારે કચુંબર થશે તે કલ્પી શકાતું નથી.

૫૯૪

જે વસ્તુ મળે તે જેને ભાવે, જે વ્યક્તિ મળે તેની સાથે જેને ફાવે તેને આંગણે જ આનંદ આવે. રૂપ, રંગ અને રોશનીના સુમેળથી મનોરંજનની મીઠી મોરલી જ સૂર આપી રહી હોય છે.

૫૯૫

મહાન પુરૂષની મહાનતા — એક વખત બહાર

ગામથી ચારપાંચ ભક્તો ગુરૂ કરવાની ઇચ્છાથી કબીર સાહેબનું નામ સાંભળીને કાશીક્ષેત્ર આવી રહ્યા હતા. આ વખતે કબીર સાહેબ મૂંડન કરાવી ઉઘાડા શરીરે એક નાની પોતડી પહેરીને ગંગાકિનારે સ્નાન કરવા જતા હતા. તે વખતે ગામની બહાર દૂર આ લોકો સામેથી આવતા મળ્યા અને બોલ્યા કે "આ તો અપશુકન થયા. કારણ કે માથું મૂંડાવેલો માણસ સામે આવે છે." ત્યારે તેમાંથી એક માણસ બોલ્યો કે "તેના માથા ઉપર એક એક જોડો મારો એટલે કે જુતું મારો તો અપશુકન ટળી જશે." આ લોકોએ તો વિના વિલંબે તે પ્રમાણે કર્યું અને કબીર સાહેબ હાથ જોડી ઊભા રહ્યા. ત્યાર પછી આ લોકો ગામમાં કબીર સાહેબનું ઘર પૂછતા પૂછતા આવ્યા. કબીર સાહેબ પણ કપડાં વણવાનો બાપીકો ધંધો કરતા હતા અને મુસલમાન લોકોની વસ્તીમાં એક નાના ઝૂંપડામાં રહેતા હતા. પૂછતાં પૂછતાં પેલા લોકો ત્યાં આવી પહોંચ્યા. પૂછવામાં આવ્યું કે મહાત્મા કબીરનું ઘર ક્યાં છે? કબીરની પત્નીએ કહ્યું કે "ગંગા કિનારે સ્નાન કરવા ગયા છે." કબીરજી આવ્યા ત્યારે ખબર પડી કે આ તો એ જ માણસ કે જેને આપણે જુત્તાનો માર માર્યો હતો! બધાય તેમના ચરણે ઢળી પડ્યા અને ખૂબ ખૂબ ક્ષમાપ્રાર્થના કરી. પણ કબીરજીને કંઈ જ રોષ ન હતો.

૫૯૬

મુખની શોભા વધારવા માટે બહારનું કોઈ પણ

પ્રસાધન કામમાં નહિ આવે. પફ અને પાવડરનો લપેડો ચોપડવાથી મુખની શોભા શું ધૂળ વધવાની હતી? મુખનું સૌંદર્ય વધારવું હોય તો અંતરમાં ઉમંગ અને આનંદ અપનાવો. અંતરમાંથી જન્મેલું આ સૌન્દર્ય આપને સદાને માટે ઓજસ્વી બનાવી રહેશે.

૫૯૭

જેને જોતાં મતિ ઉર્ધ્વગતિ પામે તેનું જ નામ પતિ.

૫૯૮

જે દુઃખિયાંના દુઃખે કરૂણ છે, અજ્ઞાનનો અંધકાર ભેદીને પ્રેરણાનો પ્રકાશ પાથરવા માટે જાણે અરૂણ છે અને સંતપ્તોના તાપ અને સંતાપને શમાવવા જેની આંખમાં બિરાજતો અમીર્યો વરૂણ છે તે જ સાચો તરૂણ છે.

૫૯૯

પ્રાર્થના અને સ્તુતિમાં ઘણું અંતર છે. પ્રાર્થના દુઃખમાંથી મુકત થવા માટે પ્રભુની સહાય મેળવવાની માગણીની રજુઆત કરતી હોય છે, જ્યારે સ્તુતિ તો સૌન્માન સદ્‌ગુણ પ્રત્યેની નિસ્પૃહ લાગણીણી રજુઆત કરતી હોય છે.

૬૦૦

વિદ્યાર્થીની સાધના સુંવાળાપણું અને સૌન્દર્ય

મેળવવા માટે નહિ પરન્તુ ખડતલપણું અને સદ્‌ગુણયુક્ત સુવાસપણું મેળવવા માટેની હોવી જોઈએ.

૬૦૧

જેની પાસે જરૂર વગરનો સંગ્રહ છે તેને અકારણ આગ્રહ કે વ્યર્થ વિગ્રહ કરવાની આદત હોય છે.

૬૦૨

જેના કુમકુમ પગલે કુળમાં સુખ, સમૃદ્ધિ, શીલ અને સ્નેહ વધે તે જ કુળવધૂ.

૬૦૩

સાધુના વદન અને બદનથી બને તેટલા દૂર રહીને પણ તેના વચનને વળગી રહે તેના જીવનમાં જ શાન્તિની સરિતા રેલાઈ રહે.

૬૦૪

લક્ષ્મી મળવા છતાં જીવનનું સાચું ધ્યેય ન ચૂકે, તેના ચરણોમાં જગત્ આખું ઝૂકે.

૬૦૫

પરસ્પર પરત્વેની મર્યાદા જ માનવતાના રક્ષણનો મોટો કિલ્લો છે.

૬૦૬

શરમના માર્યા કે શેહમાં તણાઇને નહિ, મર્યાદાને સાથે રાખીને જ સમજપૂર્વક પ્રવૃત્તિ કરજો.

૬૦૭

વસ્તુના વજન તરફ નહિ, વજુદ તરફ નજર રાખજો.

૬૦૮

માનવનું હૃદય પીગળે છે ત્યારે જ સાહિત્યનો ઉદ્‌ભવ થાય છે. તેનાથી જ જગતની કળાઓનો સાક્ષાત્કાર થાય છે, માધુર્યની નદીઓ વહે છે અને સૌન્દર્યનું મન્દિર સર્જાય છે.

૬૦૯

આશાવાદી કહે છે કે બીજ પૂનમ થશે જ, જ્યારે નિરાશાવાદી, કહે છે કે પૂનમ અમાસમાં પલટાયા વિના નહિ રહે.

૬૧૦

જે સાગરમાં મીઠું પાકે છે તે સાગરમાં મોતી પણ ક્યાં નથી પાકતાં ?

૬૧૧

કોઈને માટે તમે બીજ ન બની શકો તો ચાલશે, કિન્તુ વીજ ન બનશો અને ખીજ ન કરશો.

૬૧૨

સહનશીલતા એ સંયમની દુહિતા છે.

૬૧૩

મીઠાશ ભૂખમાં છે, ભોજનમાં નથી.

૬૧૪

જીવન એ સાધન છે; જ્યારે સત્યશોધન એ સાધ્ય છે.

૬૧૫

સ્વામી દયાનંદ સરસ્વતીએ જોધપુરના મહારાજાને વેશ્યાગમનને માટે ખૂબ ઠપકો આપ્યો. નરેશની રખાતને આ ન ગમ્યું, તેથી સ્વામીનો પ્રાણ લેવા માટે કાવત્રું રચવામાં આવ્યું. સ્વામીજીના રસોઈયા જગન્નાથને ફોડીને રસોઈયા દ્વારા સ્વામીને દૂધમાં ઝેર અપાવ્યું. દૂધ પીતાંની સાથે જ, સ્વામીને કાવત્રાની સમજ પડી ગઈ. સ્વામીજીએ રસોઈયાને બોલાવીને કહ્યું "ભાઈ જગન્નાથ, લાલચમાં લપટાઈને તેં મને ઝેર ભલે આપ્યું, હવે હું તો હમણાં રવાના થઈશ, પરન્તુ તું તો તારા પ્રાણ બચાવી લે! પકડાઈશ તો તું માર્યો જઈશ માટે લે આ રૂપિયા. તું ગુપ્ત વેશે અહીંથી ચાલ્યો જા." અપકારનો બદલો ઉપકારથી વળતો જોઈ અશ્રુભીની આંખે રસોઈયો પશ્ચાત્તાપ કરતો નેપાળનો પંથે પડયો.

૬૧૬

મહાન શક્તિના સૂત્રધાર તરીકે ગણાતા મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ વાદમાં ભારતના તમામ પંડિતો ઉપર વિજય મેળવ્યો હતો. આ વિજયનું તેઓશ્રીને તીવ્ર ગુમાન હતું. આ ગુમાનને સંતોષવા તેઓશ્રીએ ચારે દિશાના વિજયને સૂચવવા માટે તે સ્થાપનાજીની ચારે બાજુ ચાર ધ્વજ રાખતા હતા.

એક વૃદ્ધાને ઉપાધ્યાયજીનું આ ગુમાન અનુચિત લાગ્યું. તેણે એક સમયે અવસરને ઓળખીને મીઠી ટકોર કરી કે "દરેકના, ગુરૂના ગુરૂ શ્રી ગૌતમ સ્વામી કેટલી ધ્વજાઓ રાખતા હશે?" આ મીઠી ટકોર ઉપાધ્યાયજી સમજી ગયા અને સચેષ્ટ બન્યા. ચકોરને માત્ર ટકોર બસ છે.

૬૧૭

વસિષ્ઠ ઋષિની પત્ની અરૂન્ધતીએ પોતાના પતિને પૂછ્યું, "દેવ, આ ચાંદની જેવું ઉજ્જ્વળ તપ કોનું હશે?" ઋષિએ હસીને ઉત્તર દીધો, "વિશ્વામિત્રનું." વિશ્વામિત્ર વસિષ્ઠના પ્રતિસ્પર્ધી હતા. તે પોતાને બ્રહ્મર્ષિ કહાવવા પ્રયત્ન કરે અને વસિષ્ઠ તેમને રાજર્ષિ કહેતા, પરિણામે વસિષ્ઠને નમાવવા માટે વિશ્વામિત્રે કડક પગલાં લીધાં હતાં. તેમના ઘર પર પણ તેમણે જાસુસી આદરી અને એ જાસુસીમાં જ ગુપ્તપણે તેમણે ઉપરના શબ્દો સાંભળ્યા. તે વસિષ્ઠના ચરણમાં ઢળ્યા ત્યારે વસિષ્ઠએ હવે તેમનામાં નમ્રતા આવેલી જોઈને "ઉઠો બ્રહ્મર્ષિ!" કહીને વિશ્વામિત્રના મસ્તકે હાથ મૂક્યો.

૬૧૮

સુંદરીએ ચક્રવર્તી ભરત પાસે દીક્ષા લેવાને માટે અનુમતિ માગી. તેના રૂપયૌવન પર મુગ્ધ થયેલા ચક્રવર્તીએ નુઅમતિ ન આપી. સુંદરી અનુમતિ વિના દીક્ષા લે તો ભરતને તેના ચારિત્ર્ય પ્રતિ અણગમો થાય ને ભરતની લાલસા આગળ તે નમતું આપે તો આજીવન બ્રહ્મચર્યવ્રત પાળવાની

ક્ષતિ ગણાય, આથી સુંદરીએ ગુપ્ત રીતિએ કઠોર તપ કરી કાયાને શોષવી નાંખી હતી. અંતે મોહઘેલી આંખોમાં હમદર્દી ઉભરાઈ ને ચક્રવર્તીએ અનુમતિ આપી.

૬૧૯

જેમ જેમ મુશ્કેલી આવે તેમ તેમ ઉમંગ વધતો જણાય તો માની લેજો કે સફળતાની વરમાળા આપના જ કંઠને શોભાવશે.

૬૨૦

શ્રીકૃષ્ણના ભાઈ બલરામને લઘુબંધુ તરફ પ્રેમ હતો. શ્રીકૃષ્ણ જ્યેષ્ઠ બંધુના શ્વાસોશ્વાસ સમા હતા. શ્રીકૃષ્ણ એકાએક શરીરાન્ત પામ્યા પરન્તુ બલરામની માન્યતામાં બેસે જ નહિ. એ તો શ્રીકૃષ્ણના અત્યુત્તમ દેહને પોતાના ખભા પર લઈને ઠેર ઠેર ફરવા લાગ્યા. જનતા સમજાવે પણ સમજે જ કોણ? એમને તો ભારોભાર વિશ્વાસ હતો કે મારો ભાઈ મરે જ નહિ. ખભા પર છ માસ સુધી લઈને એમ ને એમ ફર્યા. અંતે એક માણસ સામે ધસી આવ્યો. એના ખભા પર પણ એક બાળકનું શબ હતું. તે દુર્ગંધ મારી રહ્યું હતું, તેમાંથી કીડા ખરી રહ્યા હતા. બલરામથી એ દુર્ગંધ સહી ન ગઈ. બલરામે કહ્યું. " ભલા માણસ! મરેલાને માથે વેંઢારવાથી શો ફાયદો?" પેલો માણસ હસીને બોલી ઉઠ્યો કે "આપ સ્વયં શું કરી રહ્યા છો?" આ ટકોરથી બલરામની આંખો ઉઘડી ગઈ. એમણે પ્રિયજનના શબને અગ્નિદાહ દીધો. સાથે પોતાના

સ્થૂળ મોહને પણ દફનાવી દીધો.

૬૨૧

આંસુની આણ ઉલ્લંઘવા માટે તો ઈશ્વર પણ સમર્થ નથી જ.

૬૨૨

કેટલાંક માબાપ પોતાના પુત્રને ઉંઘાડવા માટે જેટલી કાળજી રાખે છે તેટલી સવારે વહેલા ઉઠાડવાની પણ રાખે તો બાળક કેવું સુંદર નીવડે!

૬૨૩

વિષયવિલાસી પુરૂષ વહેલો ઊઠી શકતો નથી અને જે વહેલો ઊઠી શકતો નથી તે વિજયી બની શકતો નથી જ.

૬૨૪

ભગવતી સૂત્ર-રૂપી દૂધ, બારસા સૂત્ર-રૂપી સાકર અને જ્ઞાનસાર રૂપી ઈલાયચીમિશ્રિત કઢેલા દૂધનો કટોરો ભારતની ભવ્યતામાં તાજગી લાવવા તૈયાર છે, પણ પીનાર પુણ્યશાળીઓ કયાં?

૬૨૫

હંમેશાં એક એક ખૂબી પાછળ એક એક ખામી છુપાયેલી પડેલી છે, જ્યાં સુધી તે દૂર ન થાય ત્યાં સુધી ખૂબીઓનો લાભ જગત્ ઉઠાવી શકે નહિ.

૬૨૬

ફોતરામાંથી જો ડાંગર નીપજી શકાતી હોય તો જ

દુરાચારી માબાપનો દીકરો સદાચારી નીવડી શકે.

૬૨૭

મૃત્યુને પણ મોસાળમાં જવાના નિમંત્રણની જેમ ભાવથી ભેટે તે જ મહાન બની શકે છે.

મહારાજા દશરથ જિંદગીમાં એક જ વખત મોડા ઊઠયા હતા, પરન્તુ તે પછી એક પણ દિવસ જીવ્યા નહિ હતા.

૬૨૮

આળસ માણસને ખાય છે. આળસ એ જીવતા માણસોની કબર છે.

૬૨૯

વિશ્વાસ અને વહાલપની વેલી અશ્રદ્ધા અને અસૂયાના વિષથી વિનાશ પામે છે.

૬૩૦

સૂર્ય પરિચયે ગરમ અને પરિણામે ઠંડો છે. કારણ તેનો તાપ પરસેવા દ્વારા શરીરનો મેલ દૂર કરે છે અને વરસાદ દ્વારા આ ધરતીને શીતળતા આપે છે. એ જ રીતે ગુરૂ કે બાપનો કડક પરિચય અકારો લાગે છે, પરન્તુ પરિણામે હિતકર નીવડે છે.

૬૩૧

સતી સીતાજીએ પિતાની સંપત્તિમાં જરાય હક્કદાવો કર્યો ન હતો અને પતિની વિપત્તિને પોતાની ગણીને

હર્ષભર્યા હૈયે વધાવી લીધી હતી. તેથી જ તે પ્રાતઃ-સ્મરણિયા અને જગદ્વંદનીયા બન્યાં હતાં.

૬૩૨

જગતમાં પદાર્થો અનેક અને મન એક છે. અનેક પદાર્થોની પાછળ એક મનને જ ભમાવ્યા કરીએ તો ભલીવાર શો આવે ?

૬૩૩

ઇસ્લામી ધર્મમાં દયાને રહિમ કહેવામાં આવે છે અને રહિમને લઈને જ તેઓ પરમેશ્વરને પણ રહિમાન તરીકે ઓળખે છે. તેમના શાસ્ત્રમાં લખે છે — " ન ઝીમ કામે શિક મરા તુગૂર જે બે હરેબા હય મ જેબે હરે તુયૂર " — અર્થાત્ તું તારા પેટમાં મરેલાં પશુપંખીઓની કબર કરીશ નહિ.

૬૩૪

આપણા ભારતવર્ષનો પ્રાચીન ઇતિહાસ ખરેખર ગૌરવવંતો છે. ગિરિધર ગોપાલમાં જ પાગલ બનેલાં ચિત્તોડના મહારાણી પદનોમોહ છોડી, ગોકુળની ગોવાલણ બનનારી શ્રીકૃષ્ણપ્રેમની વિજય ધ્વજા ફરકાવનારી મીરાં આદર્શ નારી હતી. પારણામાં જ હાલરડાંથી પોતાના પુત્રોને બ્રહ્મજ્ઞાન કરાવનારી મહારાણી મદાલસા એક આર્યનારી હતી. દુઃખાર્ત હૃદયે અશોકવનમાં જ ૧૨ વર્ષ વીતાવનારી સ્વસ્વામીની અનન્ય એકનિષ્ઠ ઉપાસિકા, સત્ત્વગુણી મૂર્તિસમ જગત્માતા સીતા, એક આર્યરમણી

હતી. સત્તાવનના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં શૌર્ય અને પરાક્રમથી લડનાર અને સ્વદેશની ખાતર આત્મબલિદાન આપનાર મહારાણી લક્ષ્મીબાઈ એક લલિત લલના હતી.

૬૩૫

મહાપુરૂષની વાણી બોલવામાં પરિમિત હોય, અર્થ અને ભાવમાં અમૃતથી સંચિત હોય, પ્રલોભનથી વંચિત હોય અને સર્વથા સમુચિત હોય તે જ વાણી દ્રાક્ષ અને સાકરથી પણ મીઠી લાગે છે.

૬૩૬

ક + અન્ત એટલે કાન્તા. કલ્યાણનો અંત જેમાં અવધિ છે તેનું નામ કાન્તા. કાન્તા એટલે જ દયા. કવિતા દુઃખમાં ડૂબેલા માનવના મનને સંતુષ્ટ કરશે અને સુખમાં સમર્પણનું વિધાન આપશે. આમ નારી જાતિ ના-રીજાતી એ વ્યાખ્યા માનવતાનું ધ્યેય આબાદ રાખશે.

૬૩૭

મર્દાનગી માત્ર મૂછમાં જ સમાવિષ્ટ થતી નથી !

૬૩૮

લાલ કિલ્લા પર ભાષણ કરવાથી કંઈ વડાપ્રધાન થઈ શકાતું નથી !

૬૩૯

ચલતી કા નામ ગાડી—ખડે કા નામ ખેટારા.

૬૪૦

મીનાક્ષીને પણ મોતિયો ઉતરાવવો પડે છે.

૬૪૧

દિલ્હીમાં લાગતી આગનો વીમો ઉતારાવાય છે, પણ દિલમાં લાગતી આગનો વીમો ઉતારનારી કોઈ વીમા કંપની નથી.

૬૪૨

રોગ એવી આગ છે કે જેના પર ડોકટરો ને વૈદ્યો રોટી પકાવે છે.

૬૪૩

લગ્ન એ એક કામણગારો કૂવો છે, તેની અંદર પડેલા બહાર આવવા મથે છે અને બહાર રહેલા અંદર ઝંપલાવવા તલસે છે.

૬૪૪

વહુની પીઠ પરની સાપણ દેખાય છે, પણ એની પાંપણના ભમરા આંધળો ઇન્સાન અવલોકી શકતો નથી જ.

૬૪૫

સૂર્યના તાપમાં રોટલો સુકાય, પણ શેકાય નહિ.

૬૪૬

કબરની માટીથી ઘર ન લીંપાય.

૬૪૭

એકલા બેસીને રડનારની સૌ દયા ખાય પણ એકલા હસનારની હાંસી થાય.

૬૪૮

અકબરને પણ કબર ભેગા થવું પડે છે.

૬૪૯

તનની સાથે વતન પણ છોડવું પડે છે.

૬૫૦

દોહેલું તાજું દૂધ, પાકી કેરી, યુવતી અને આબરૂ—આ ચારની જો યોગ્ય સંભાળ લેવામાં ન આવે તો બગડી જતાં વાર લાગતી નથી.

૬૫૧

પડછાયાને પરસેવો વળતો નથી.

૬૫૨

વહાલપના સમંદર સમા મહીયરની મમતા મૂકીને કુમળી કળી જેવી કન્યાને પારકે ઘેર જવું પડે છે, પરન્તુ કુદરતે એ કુમળી કળી જેવી કન્યાના કાળજામાં એવી તો અજબ કારીગીરી મૂકી છે કે એને દાળમાં પોતાનું સ્વત્ત્વ ગુમાવી દઈને દાળના સ્વાદનું સ્વામીત્વ સંપાદન કરનાર મીઠાની જેમ સહુની સાથે મીઠાશથી મળતાં અને ભળતાં આવડે છે. પરાયાંને પોતાનાં કરી લેતાં આવડે છે. માતાપિતા કે ભાઈભગિની જેવી મમતા સાસુ-સસરા કે દિયર-નણંદ પાસેથી મેળવતાં અને સહુની વહાલસોયી બનતાં આવડે છે અને એ કલાના

પુરસ્કાર રૂપે સ્વામીના સ્નેહનું જે શિરછત્ર સાંપડે છે તેનું મૂલ્ય જગતની કોઈ પણ સમૃદ્ધિ ચૂકવી શકતી નથી. તેથી જ સંસાર એને કુળલક્ષ્મી કહી અભિનંદન દઈ વન્દન કરે છે.

૬૫૩

દુર્વાસથી દૂર રહે; સુવાસને શોધતો રહે તેનું નામ મધુકર. દૂધ ને પાણી જુદાં કરે, મોતીનો ચારો ચરે તેનું નામ હંસ. મધુકર બનજે પણ મક્ષિકા નહિ.

૬૫૪

કામક્રોધ તજે તેને ભગવાન ભજે.

૬૫૫

જેને સેવામાં અને પ્રેમમાં લૂંટાઈ જતાં આવડે છે તેનાં ચરણોમાં પરબ્રહ્મ પણ આળોટે છે.

૬૫૬

સત્તા—મતા મેળવવાની ને ખત્તા ખાવાની ! !

૬૫૭

ગામ ત્યાં ઢેઢવાડો, જમણ ત્યાં એંઠવાડો.

૬૫૮

વળાંક લેતી કાર અને નખરાળી નાર વચ્ચે ઘણું સામ્ય છે.

૬૫૯

જીવનમાંથી જિજિવિષાનો જિ કાઢી નાખતાં ખરેખર

વન જ બાકી રહે છે.

૬૬૦

માતપિતા અનિત્ય છે પરન્તુ તેઓનાં હિતકારી વચનામૃતોની ધારા અખંડ, આબાદ અને શાશ્વત છે.

૬૬૧

નાનાભાઈને માટે મોટાભાઈ ભેખ ધારણ કરે અને મોટાભાઈની સેવામાં નાનો ભાઈ સર્વસ્વ ન્યોછાવર કરે તે રામરાજ્યની એક ખાસીયત છે.

૬૬૨

વર ઘોડા પર પસાર થતો હોય તો વરઘોડો નામ સાર્થક બને, પણ તે તો જોવામાં નથી આવતું! પણ.... વર પરણવા જાય છે ત્યારે શું ઘોડા જેવો નથી લાગતો? એટલા પૂરતું વરઘોડો નામ સાર્થક છે!!

૬૬૩

ઘંટીમાં તલ અને ઘાણીમાં ઘઉં ઓરવામાં આવે તો શું પરિણામ આવે? હજામને બટેટાં બાફવાનું અને રસોઈયાને દાઢી છોલવાનું કામ સોંપવામાં આવે તો? દરજીને જોડા અને મોચીને કપડાં સીવવા બેસાડવામાં આવે તો? ડોકટરના હાથમાં કૂચડો અને રંગાટીના હાથમાં 'સ્ટેથોસ્કોપ' પકડાવ્યાં હોય તો? કુંભારને સોનાના ઘાટ અને સોનીને માટીના ઘાટ ઘડવા બેસાડવામાં આવે તો? ચપરાસીને ચેમ્બરમાં અને પ્રધાનને બહાર બેસાડવામાં

આવે તો ? કારકુનને કુહાડો અને કઠિયારાને કલમ પકડાવવામાં આવે તો ? ટાઇપિસ્ટને હાર્મોનિયમ પર અને સંગીતકારને ટાઈપરાઈટર પર બેસાડવામાં આવે તો શું પરિણામ આવે તે સહેજે સમજી શકાય છે. હંમેશાં અધિકાર પ્રમાણે કર્તવ્યમાં લીન રહે તો જ તે શોભે.

૬૬૪

પ્રિયજનના શુભાગમનના સમાચાર હતાશ હૈયાને માટે હંમેશાં સંજીવિની સમા નીવડે છે.

૬૬૫

વચનની વિશુદ્ધિ અને જીવનની શુદ્ધિ એનું નામ સિદ્ધિ. સિદ્ધિ કાંઈ સુવર્ણની વૃષ્ટિમાં નથી જ થતી.

૬૬૬

આજની આધુનિક વીસમી સદીની વ્યાખ્યાના સેમ્પલો તરીકે પ્રાચીન કાળમાં કહેવાતું હતું 'જનની જણજે ભકતજન, કાં દાતા કાં શૂર, નહિ તો રહેજે વાંઝણી મત ગુમાવીશ નૂર !" જ્યારે આજે "જનની જણ તો પ્રધાન જણ, કાં નેતા કાં નટ, જનેતા તું જનતા તણી, તારો કાં ગુમાવે વટ !" તપ એટલે વરદાને મેળવવા માટે વધેરાતું શ્રીફળ. ઘંટ એટલે મંદિરનું એલાર્મ.

૬૬૭

ઘૂંઘટ એ એવો પટ છે, જેમાંથી એકીસાથે ચારે તરફ ડોકિયાં કરી શકાય.

૬૬૮

સ્ત્રીનાં સ્વરૂપ બે : રીઝે ત્યારે રંભા અને રૂઠે ત્યારે રાક્ષસી.

૬૬૯

ચૂડી–ચાંદલો અખંડ હોવા છતાંય, કેટલીક સૌભાગ્યવંતી સ્ત્રીઓનાં હૈયાં નંદવાઈ ગયેલાં જોવા મળે છે.

૬૭૦

સમતા એ માનવીની સર્વશ્રેષ્ઠ મતા છે.

૬૭૧

સ્ત્રીઓને સામાન્ય રીતે શું નથી ગમતું ? પોતાની નિન્દા અને અન્ય સ્ત્રીઓનાં વખાણ. કેમ બરાબર ને ?

૬૭૨

ઘણી આંખોમાં વીજળી ચમકે છે અને ઘણી આંખોમાં ચોમાસું બેસે છે.

૬૭૩

હંમેશાં સફળ વકતા થવા માટે શું કરવું જોઈએ ? કડવા અનુભવો મેળવવા જોઈએ. તે વિના બોલવાની શક્તિ ને છુટાછવાયા વિષયો પર બોલવા માટેનું પ્રભુત્વ મેળવી શકાતું નથી.

૬૭૪

પહેલાં – ‘ એક નૂર આદમી, હજાર નૂર કપડાં.’ આજે ‘ એક નૂર આદમી, હજાર નૂર લફરાં.’

૬૭૫

સંયમરૂપી તપોવનની રસિકતા એ શકુન્તલા છે.

૬૭૬

*સ્ત્રીઓમાં પર્સની ફૅશન જોર પકડતી જાય છે. કહેવત* છે કે 'સ્ત્રીઓને જોઈએ પર્સ અને હોસ્પિટલને જોઈએ નર્સ.'

૬૭૭

પોપટને લીપસ્ટીકની જરૂર ન પડે તેમ કબૂતરને નેઈલ કલરની જરૂર નથી હોતી.

૬૭૮

સતી સીતાને તો અશોકવાટિકામાં પણ શોક જ કરવો પડેલો હતો.

૬૭૯

આજકાલની ચૂંટણી એટલે મરચાં અને માખણની મોસમ.

૬૮૦

ઉર્દૂના વિખ્યાત શાયર ફિરાક ગોરખપુરી સાથે એક મૌલવીને ચર્ચા થતાં તેમણે કહ્યું કે પાપ એટલે લોકોથી છૂપી રીતિએ જે કરવામાં આવે તે.

૬૮૧

આંખમાં થતી આંજણી વિષે કેટલુંક જાણવા જેવું — આંખનાં પોપચાંની ધાર ઉપર થતી આંજણી નામની ફોલ્લી વહેમના હીલોળે આ દેશમાં અને પરદેશમાં

ચઢી ગઈ હતી. આ દેશમાં આંજણી થઈ હોય તે માણસ પોતે જાતે જેના ઘરમાં એ જ માણસ સૂતાં હોય તેવાં ધણી–ધણિયાણીની ખડકી ખખડાવે. તે લોકો પૂછે 'કોણ?' જવાબમાં કહે કે 'હું આંજણીરાણી. આજ મારે ઘેર ને કાલે તારે ઘેર.' ત્યાર પછી ઘરધણી ખડકી ખોલે તે પહેલાં પલાયન થઈ જવું જોઈએ. તો આંજણી નાબૂદ થાય એવી માન્યતા હતી. જ્યારે વિલાયતમાં આંજણી થાય ત્યારે અજવાળી બીજને દિવસે ચંદ્રને જોઈને કાળા રંગની બિલાડીની પૂંછડી આંખે અડાડે તો આંજણી મટે—તેવો પ્રચાર છે. આવા આવા ટુચકાઓ આ અવનિમાં પ્રચલિત હોય છે. કાકતાલીય ન્યાયે કેટલાક ટુચકાઓનું સુખદ પરિણામ આવવાની શકયતા જણાય છે.

૬૮૨

સૌ કોઈને લાંબું જીવવું છે, પણ ઘરડા કોઈનેય થવું નથી!

૬૮૩

કાળ હંમેશાં કોઈનાં આંસુની થોડી જ પરવા કરે છે?

૬૮૪

સ્ત્રીઓને ધિક્કારનાર મોટા ભાગે સ્ત્રીઓ જ હોય છે.

૬૮૫

નિરાશારૂપ નિશાની ગોદમાં આશારૂપી ઉષા પોઢેલી હોય છે.

૬૮૬

સિદ્ધિ સંયુક્તા છે, જ્યારે પુરૂષાર્થ એ પૃથ્વીરાજ છે.

૬૮૭

ઘણી વખત સ્ત્રીઓની ‘ના’માં જ ‘હા’ છુપાઈ હોય છે.

૬૮૮

આજે જનારાને રોનારા મળે છે પરન્તુ જીવતાને સમજનારા મળતા નથી.

૬૮૯

હજારો માઈલોના પ્રવાસનો પ્રારંભ એક ડગ સાથે જ થાય છે.

૬૯૦

જીવનમાં સૌથી ઉત્તમ ક્ષણ કઈ? માતાએ કહ્યું–બાળપણમાં જ્યારે બાળક માતાનો ખોળો ખૂંદતું હોય તે ક્ષણ. ત્યાર પછી બહેને કહ્યું–જ્યારે બહેન પોતાના ભાઈને રક્ષાબંધન કરતી હોય તે ક્ષણ, ત્યાર પછી પત્નીયે કહ્યું—પ્રીતની પહેલી ચાર આંખ મળે તે જ ક્ષણ. આ રીતે દરેક પોતપોતાની દૃષ્ટિથી બંધબેસતી પાઘડી પહેરતાં હોય છે.

૬૯૧

સ્ત્રી અને પુરૂષના પ્રેમમાં એટલો તફાવત હોય છે કે સ્ત્રીને પાણીમાં પડયા પછી ડૂબવાનો ભય ભાગ્યે જ

રહેતો હોય છે, જ્યારે પુરૂષને તરતાં આવડતું હોય છે. છતાં હાથપગ પછાડવાની આદત ચાલુ રહે છે.

૬૯૨

વીજળી આકાશમાંથી જ નહિ, કેટલીક વખત આંખ-માંથી પણ ચમકતી હોય છે.

૬૯૩

બેકારની પાસે બે તો શું ! એક કાર પણ હોઈ શકે નહીં.

૬૯૪

પહેલાં લજ્જા એ સ્ત્રીની લાલી હતી, જ્યારે આજે લિપસ્ટીક એ સ્ત્રીને માટે લાલીરૂપ થઈ પડી છે.

૬૯૫

સ્ત્રી આજન્મ પુરૂષને મુઠીમાં રાખે છે, જ્યારે ઇસ્ત્રી જન્માંતર પુરૂષની મુઠીમાં રહેતી હોય છે.

૬૯૬

એક માતાએ પોતાના પુત્રને કહ્યું, “ બેટા ! લાખ્ખો રૂપિયાના ઢગલા પર તું ઘીની મશાલ સળગાવજે.” બીજી માતા બોલી, “ મારા લાલ ! પોતાના વંશનું નામ અમરઅજર કરજે.” અને ત્રીજી માતા બોલી, “મારા લાડીલા ! હું તારી પાસેથી કંઈ વધુ ચાહતી નથી, જે માટીમાંથી તું પેદા થયો છે, બસ એની લાજ રાખજે.” હંમેશાં જેવી માતા તેવી માગણી હોય છે.

માગણીનો આધાર સંસ્કાર ઉપર છે.

૬૯૭

નિષ્ઠુરતાની પરાકાષ્ઠા પ્રખર સિદ્ધાન્તવાદીમાં જ ક્યારેક જોવા મળે છે.

૬૯૮

નીચોવાય છે વાંદળાં ને જશ મળે છે જગદીશને.

૬૯૯

અપ્સરાના વિજયમાં તપસ્વીનો પરાજય સમાયેલો છે.

૭૦૦

દિલની આગ દરિયાના પાણીથીયે ન ઓલવાય.

૭૦૧

પ્રત્યાઘાતો એ પ્રેરણાનાં પગથિયાં છે.

૭૦૨

દિલ લગા દાતણવાલીસે, તો પદ્મિની બિચારી ક્યા કરે !

૭૦૩

સ્મશાનનું નાળિયેર હવનમાં ન હોમાય.

૭૦૪

દિલનો દરિયો ડહોળવાથી ફક્ત આંખમાંથી ખારાં પાણી જ ટપકે છે.

૭૦૫

વરઘોડામાં આગળ થવું હોય તો ત્રાસાંવાળા થવું

પડે, કાં મશાલ ઉપાડવી પડે.

૭૦૬

આ દુનિયામાં માણસજાત જન્મે છે માત્ર ઢસરડા કરવા માટે જ! પોતાનાં કરેલાં પાપોનો જવાબ કર્મની કચેરીમાં આપવો પડશે તેનું શું?

૭૦૭

આજની કેટલીક સ્ત્રીઓ સૌંદર્યને બજારમાં રમતું શા માટે મૂકતી હશે? ચારિત્ર્યનું લીલામ કરવા માટે કે બીજું કંઈ?

૭૦૮

વઘારનો સ્વાદ કડછી શું જાણે? તેમ મૂર્ખજન વાદ કેમ કરી જાણે!

૭૦૯

હંમેશાં યાદ રાખો કે પડછાયાના ચાળા ન પાડી શકાય.

૭૧૦

વાંઝણી દીકરાના સોગંદ ન ખાય તો શું ધણીના સોગંદ ખાય!

૭૧૧

ટોપીમાં ઘૂસેલો માંકડ અને જૂત્તામાં ઘૂસેલો કાંકરો એ બેઉની ઉપેક્ષા ન થાય.

૭૧૨

ગર્દભ જ્યારે મસ્તીમાં આવે ત્યારે માત્ર ધૂળમાં જ આળોટે છે.

૭૧૩

તપખીર (છીંકણી) સૂંઘનારનો રૂમાલ ને વર્ષા ઋતુનું આકાશ ચોકખાં ન હોઈ શકે.

૭૧૪

દળાય ચણાની દાળ ને લોટ કહેવાય ચણાનો.

૭૧૫

આયનો ખરાબ હોય તો અપ્સરાય ભૂંડી લાગે.

૭૧૬

હોટલના જમણ અને સેનેટોરિયમના મરણમાં કંઈ મણા હોતી નથી.

૭૧૭

ઘરમાં હજૂર અને બહાર મજૂર હોય એવા પણ કેટલાક માણસો હોય છે.

૭૧૮

નાટકના દેવને હંમેશાં પૂંઠાનો જ મુગટ હોય છે.

૭૧૯

નીચી નજરે હવેલી ન દેખાય.

૭૨૦

કામના અતૃપ્ત રહેવાથી ક્રોધની ઉત્પત્તિ થાય છે;

પરંતુ કામના તૃપ્ત થવાથી લોભની ઉત્પત્તિ થાય છે.

૭૨૧

ન કરવાનું કરવું તે જ ગુનો છે એમ નહિ પરન્તુ કરવાનું ન કરવું તે પણ ગુનો છે.

૭૨૨

તમારા મનને વિમલ વૃન્દાવન બનાવશો તો કૃષ્ણ-કનૈયાની મંગલમધુ બંસી એમાં આપોઆપ ગૂંજી ઉઠશે.

૭૨૩

જ્યાં સંતોષની અછત હોય છે ત્યાં દુઃખની છત હોય છે.

૭૨૪

નવો શબ્દકોષ: બી. એ. = બિન અનુભવી; એમ. એ. = માંડ અનુભવી; એમ. બી. બી. એસ. = મારો, બસ બધાને મારો; એલએલ. બી. = લાગવગ અને લાયકાતવાળા બળદ.

૭૨૫

"નહિ મામા કરતાં કાણો મામો સારો" – એ આપણી પ્રચલિત કહેવતમાં 'કાણો મામો'ને બદલે ખરી રીતે 'કહેણો મામો' જોઈએ.

૭૨૬

દાન દઈને યાચક જેટલો આનંદ પામે તેના કરતાં પણ દાતારને દાન દીધા પછી અધિકાધિક આનંદ

થાય તો જ દાનની વાસ્તવિક સફળતા માની શકાય.

૭૨૭

પ્રેમના પવિત્ર વહેણમાં વહેમની ગંદી ગટર ન ભળે.

૭૨૮

પ્રતિદિન પ્રેમગંગા પ્રેતને પણ પાવન કરે.

૭૨૯

સ્વચ્છતા, નિર્મળતા, મધુરતા અને શીતળતા એ જળના ગુણધર્મો છે. જળપાન તો અહર્નિશ કરીએ છીએ, પરન્તુ એના પાવનકારી ગુણધર્મોનું અમૃતપાન ક્યારે કરીશું !

૭૩૦

મહોબતના માંડવામાં સોદાગરવૃત્તિ નહિ, સમર્પણ-વૃત્તિ જ જોઈએ.

૭૩૧

મારું મન ગમતું કરે તે નહિ, મારે માટે ઘટતું કરે તે જ મારો પરમેશ્વર.

૭૩૨

કામી હંમેશાં અધીર હોય છે, જ્યારે ક્રોધી બધીર હોય છે.

૭૩૩

રાષ્ટ્રધ્વજ ત્રિરંગી છે. તેમાં ત્રણ રંગના ત્રણ આડા પટ્ટાઓ છે. ઉપરનો પહેલો પટ્ટો કેશરી રંગનો

છે એનો અર્થ થાય છે દેશને માટે સમય પર યોગ્ય ભોગ આપવા તૈયાર થવું જોઈએ. વચ્ચેનો બીજો પટ્ટો સફેદ રંગનો છે—સફેદ રંગ શાન્તિનો દ્યોતક છે, કોઈની પણ સાથે વેરઝેર નહિ રાખવું જોઈએ. નીચેનો ત્રીજો પટ્ટો લીલા રંગનો છે—આ ધરતી માતાને વફાદાર રહી આ પૃથ્વીપીઠ પર પગલું ધરીને કદાપિ કારમાં અને કાળાં કૃત્ય કરવા તૈયાર ન જ થવું જોઈએ. વિશેષમાં ધ્વજના શ્વેત પટ્ટામાં વચ્ચે ચક્ર છે. ચક્ર એટલે પૈડું, પૈડું હંમેશાં ફરતું રહેવું જોઈએ. પૈડું ગતિમાન ન હોય તો કદાપિ પ્રગતિમાન થવાય નહિ. આપણે પણ આ ચક્રની માફક ચાલતા રહેવું જોઈએ. પથ્થરની માફક પડ્યા રહીએ તો કંઈ જ કાર્ય થઈ શકે નહિ. આ અશોકચક્રમાં ૨૪ આરા હોય છે. તે ૨૪ તીર્થંકરો, ૨૪ અવતારો અને ૨૪ પયગમ્બરોના પ્રતીકરૂપે છે.

૭૩૪

કેટલાક માણસો માળી જેવી પ્રકૃતિના હોય છે આમરણ અપકાર જ કરે. અંદર પેસીને પોતાના પ્રાણનો ભોગ આપીને પણ સામા માણસે ખાધેલું બધું જ ઓકાવે. આવી પ્રકૃતિના માણસો સદા ત્યાજ્ય છે.

૭૩૫

વૈદ્યો, ડોકટરો કે હકીમોની દવાઓ લઈ લઈને નિરાશ થઈ બેઠેલા લાખો જીવડાઓને નવજીવન આપનાર

શ્રી વર્ધમાન તપોધર્મ છે. દવાખાનાના દ્વારે દોડતા દર્દીઓને રોકનાર શ્રી વર્ધમાન તપોધર્મ છે. કોઈ પણ કર્મની કારમી મૂંઝવણમાંથી મુક્ત કરી અચૂક આશીર્વાદ આપનાર શ્રી વર્ધમાન તપોધર્મ છે. આત્મિક શક્તિઓના આવિર્ભાવ માટેનું અદ્વિતીય સાધન છે. જડવાદના ઝેરી જમાનામાં મક્કમપણે ત્યાગધર્મની તાલીમ આપનાર શ્રી વર્ધમાન તપોધર્મ છે. રસગારવની ગંદી ગટરમાં ગબડી પડનાર પાપાત્માઓને પાવન કરનાર શ્રી વર્ધમાન તપોધર્મ છે. શરીર અને આત્માનું પૃથક્કરણ કરી પવિત્ર પંથે પગલાં ભરાવનાર શ્રી વર્ધમાન તપોધર્મ છે. શ્રી વર્ધમાન તપ અનંતાનંત ગુણોથી ગરિષ્ઠ છે, તેના ચરણે લાખ લાખ વાર વંદન.

૭૩૬

સોનાને અગ્નિમાં લાલચોળ બનાવીને કોઈને અર્પણ કરવામાં આવે તો તે લેશે ખરો? નહિ. કેમ કે તે સોનાથી હાથ સાફ થઈ જાય છે. આ ઉપરથી ફલિત થાય છે કે માણસજાત સુખને ઇચ્છે છે, પણ દરેકને દુઃખ વગરનું સુખ જોઈએ છે, પણ તે સુખ કયું છે અને ક્યાં છે તે વિચારો!

૭૩૭

આકાશમાં ઉડાવેલા પતંગનો છેડો આવે જ નહિ માટે તે વખતે સંતોષના સહારે દોરી સમેટવામાં જ સિદ્ધિ છે. તેવી જ રીતે ઇચ્છાને આધીન રહેનારો ઇન્સાન

આરામ મેળવી શકે જ નહિ. પાતાળ કૂવો કોઈ પણ પદાર્થથી પૂરી શકાતો નથી પણ તેને સંતોષના ઢાંકણથી ઢાંકી દેવામાં આવે તો જ તેનો અંત આવી શકે. તેવી જ રીતે લાભની ખાઈ કદાપિ કોઈ કોટિધ્વજ પણ પૂરી શકતો નથી.

૭૩૮

વર્ષો પહેલાં સ્વ. જમનાલાલ બજાજના સુપુત્ર શ્રી કમલનયન બજાજ વધુ અભ્યાસાર્થે જ્યારે પરદેશ ઉપડતા હતા ત્યારે ગાંધીજીએ આ પ્રમાણે એમને આશીર્વાદ આપ્યા હતા : (૧) ઓછું બોલવું. (૨) બધાનું સાંભળવું પણ જે સત્ય હોય તે કરવું. (૩) ક્ષણેક્ષણનો હિસાબ કરવો, ક્ષણનું કામ તે જ ક્ષણે કરવું. (૪) ધનનો કદાપિ ગર્વ ન કરવો. (૫) એકાગ્રતાથી અભ્યાસ કરવો. (૬) મિતાહારી થવું વગેરે હિતશિક્ષા આપી હતી.

૭૩૯

નાનપણમાં ગાંધીજીએ મેટ્રિકની પરીક્ષા આપી હતી ત્યારે સામાન્ય જ્ઞાનના અનેક પ્રશ્નો સાથે એક આ હતો : ‘સુવર્ણ કરતાં વધારે સુવર્ણમય શું ?’ ગાંધીજીએ ત્યારે લખેલું “સત્ય.”

૭૪૦

ગાંધીજી ૭૮ વર્ષ ઉપરાંત જીવ્યા. એ સમય દરમિયાન બાળપણ બાદ કરતાં એમની એકેએક ક્ષણ

એમણે જીવી જાણી છે. નથી રવિવાર પાળ્યો કે નથી તહેવાર પાળ્યો.

૭૪૧

જેની રટના રસના ઉપર રમી રહી હોય છે તે જ ઝંખના ઓલવાતી જિન્દગીના ઝાંખા અજવાળે જિહ્વા ઉપર ચડે છે.

૭૪૨

હંમેશાં હિંમત મુસીબતમાંયે હસતી રહે છે અને કુસુમકળી કંટકો વચ્ચેય ખીલતી રહે છે.

૭૪૩

પહેલાંના જમાનામાં પ્રચલિત કહેવતોમાં પણ ઊંડું ઉદ્બોધન જોવા મળતું હતું જેમ કે "વિદ્યા એ તો મોરી માય, લોટો લઈને પાણી પાય; લોટો ગયો કાશી, વિદ્યા એ તો મારી માશી, કાશી કાશી પાણી પા, ના ભણે તેને તાણી જા; કાશીની વાટે કૂવો, ના ભણે તે જીવતો મૂવો." તથા "લીલી ટોપી લેખારી, ના ભણે તે ભિખારી" વગેરે.

૭૪૪

ફૂલનાં મૂલ બૂલબૂલ જાણે, ફૂલ ક્યાંથી જાણે ! !

૭૪૫

✓ ચક્રવર્તીને ત્યાં પ્રથમ પુત્ર જન્મ્યો, પણ જન્મીને તરત મરી ગયો. કહો તેણે શું ગુમાવ્યું. પાટવીકુંવર તરીકેની સત્તાશાહી ગુમાવી કહી શકાય. આ રાજપુત્રે અતુલ

ઐશ્વર્ય ગુમાવ્યું. લૌકિક દૃષ્ટિએ જણાય છે તેણે તો એક ભવની રાજ્યઋદ્ધિ ગુમાવી કિન્તુ ધર્મરત્ન ગુમાવનારે તો ભવોભવનું સર્વસ્વ ગુમાવ્યું કહી શકાય.

૭૪૬

સાધનસામગ્રી સંયોગોના સુઅવસરમાં કાર્ય સાધી ન શકાય તો સાધનસામગ્રી વિકલ વખત શું સાધી શકવાના છો? શક્તિસમ્પૂર્ણ શાસ્ત્રસંયોગ વગેરે સાનુકૂળ સામગ્રી સાંપડવા છતાં કર્મશત્રુની સામે જંગ ન માંડી શકાય તો વિજય—વરમાળા ક્યાંથી વરી શકાય?

૭૪૭

નિસરણી ઉપરથી ઉતરતાં એક જ ઠેસ લાગી તો છેક નીચે પટકાઈ જવાય તેમ માનવ અવતારમાં વારેવારે ઠેસો લાગ્યા કરે તો પ્રાણી ક્યાં જઈને પટકાય તેનો ખ્યાલ કરો!

૭૪૮

ધર્મરત્ન પામવું કદાચ સુલભ હોઈ શકે, પણ તેનું જતન જ જોખમભરેલું છે.

૭૪૯

સાધના સ્વાતિ છે, મહત્તા મોતી છે અને નમ્રતા એ જ્યોતિ છે.

૭૫૦

ધર્મ એટલે આત્માને પરમાત્મા પાસે પહોંચાડતો સુમંગલ સેતુ.

૭૫૧

જિન્દગીનાં વરસો, મહિનાઓ, દિવસો, કલાકોના કલાકો વ્યર્થ ગયા તેનો કંઈ પણ અંતરમાં આંચકો ખરો! આટલા સમયમાં આત્માએ શું મેળવ્યું ને શું ગુમાવ્યું તેનો હિસાબ ઘડીભર પણ તપાસ્યો છે? માનવ-જિન્દગીની એક મિનિટની કિંમત દેવતાની જિન્દગીનાં બે ક્રોડ પલ્યોપમ બરાબર છે. એક સામાયિકમાં દેવતાનું જેટલું આયુષ્ય બંધાય છે તે દૃષ્ટિએ ઉપરોક્ત હિસાબ છે. દુનિયાના તુચ્છ-પદાર્થોનું મૂલ્યાંકન અંકાય છે પણ સમયનું મૂલ્યાંકન ક્યારે આંકશો?

૭૫૨

જીવડા! ધર્મરત્ન રૂપ ઝવેરાત મેળવવાને બદલે પાપ-રૂપી પથરાઓ માથું ફોડે તેવા મેળવ્યા. તો હવે પછીના ભવમાં તારી શી વલે થશે?

૭૫૩

આ જીવડો સમસ્ત વિશ્વની ભાંગફોડ કરે છે પણ પોતે પોતાની પંચાત કરી શકતો નથી. આંખની એ ખાસીયત છે કે આંખ આખી દુનિયાને દેખે છે પણ પેતાની અંદર પડેલા કચરાને તે જોઈ શકતી નથી. આ રીતે જીવરાજભાઈ પોતાના દુર્ગુણોને દેખી શકતો નથી.

૭૫૪

આસન્નોપકારી અંતિમ તીર્થાધિપતિ શ્રી મહાવીર મહારાજાના ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન પ્રભાવશાળી શાસ-

નની પ્રભાવના કરનાર યાકિની મહત્તરા સૂનુ ભવવિરહ ભવ્યપદ વિભૂષિત, ભવવિરહ ફળપ્રાપ્તિના અદ્વિતીય ઉમેદવાર, સુગૃહિત નામધેય, ૧૪૪૪ ગહન ગ્રન્થોના રચયિતા અનેકવિધ શક્તિસ્વરૂપ અમૂલ્ય ગુણરત્ન રત્નાકર શાસ્ત્રાવતાર સૂરિપુરંદર શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજાનું નામ વિદ્વદ્‌જન વિશ્વમાં વિખ્યાત છે.

૭૫૫

પુરૂષાર્થનો પારસમણિ પાસે હોય તો પછી વિજયના કનકની કે પરાજયના કથીરની પરવા કોણ કરે !

૭૫૬

દેવ, ગુરૂ, ધર્મને કિંમતી કહેનારા અને સમજનારા-ઓને કાંટો વાગે, ઠોકર વાગે યા અંધકારમાં માથું અફળાય છે ત્યારે ઓ બા ! ઓ બાપા ! મોઢામાંથી સરકી પડે છે. કિન્તુ પોતાના ભવોભવના સાથી અરિહંતાદિ ઈષ્ટ દેવોની પુણ્યસ્મૃતિ થતી નથી. ભલે બા ને મરી ગયાને બાવીશ વર્ષ થયાં હોય અને બાપને મરી ગયાને બેંતાલીશ વર્ષ પૂરાં થવા આવ્યાં હોય તો પણ તેનું નામસ્મરણ જીભ ઉપર જડાઈ ગયું હોય છે. તે પ્રમાણે અરિહંતાદિનું નામસ્મરણ આવે તો ? આત્મશ્રેયનો સાક્ષાત્કાર થાય.

૭૫૭

બજારના વ્યાપારીઓ લાંબો-પહોળો વેપાર કરે, ઉધારે માલ ધીરે, ઉધારે માલ લાવે એટલે તેને તમામ પ્રકારના ચોપડા રાખવા જ પડે. મેળ, પાકોમેળ, આવક

ખાતાવહી, જાંગડબુક, સ્ટોકબુક, ઉધારનોંધ, જમાનોંધ વગેરે વગેરે રાખ્યા વિના ચાલે નહિ પરન્તુ રેલવેવાળાએ રોકડિયો જ ધંધો રાખ્યો છે તેથી રેલવેવાળાને ઉપરની કોઈ પણ ઉપાધિ નડી શકતી નથી જ.

૭૫૮

પર્વની ઉજવણી એક અગત્યની ઘટના છે. પર્વોને ટકાવી રાખવાં હોય તો તેની ઉજવણી સમજપૂર્વક થવી જોઈએ. એ ઉજવણી એક દિવસ પૂરતો જો તમાસો જ બની જાય તો એનો પ્રાણ–ઉદ્દેશ માર્યો જાય. એ પર્વો પવિત્ર પુરૂષોના પ્રાણવંતા પુરૂષાર્થમાંથી ઊભાં થયેલાં હોય છે. પર્વોની વાસ્તવિક ઉજવણી માત્ર પ્રાર્થના કે ધ્વજવંદનમાં નથી પરન્તુ આપણા જીવનમાં ખૂણે ખૂણે ભરાઈ પડેલી ગંદકીની સફાઈમાં છે. બીડી ન પીવી, ચાના વધુ પડતા પૂજારી ન થવું, સિનેમા કે નાટક ન નીરખવાં, ખરાબ ગાળ ન કાઢવી, આપણામાં રહેલા દોષોમાંથી દરરોજ એક એક દોષની આહૂતિ આપવી. પર્વો એ તો આપણાં વિચાર, વાણી અને વર્તન સુધરે એવી પ્રતિજ્ઞા લેવાના કે શુભ સંકલ્પો કરવાના પવિત્ર દિવસો છે.

૭૫૯

મહાવિદેહ ક્ષેત્રમાં તમામ તિર્થંકરોના શાસનકાળમાં અને અહીં ભરતની દૃષ્ટિએ બાવીશ તીર્થંકરના શાસનમાં પાપને વાસી રાખવાનું નથી એટલે કે ત્યાં ત્યાં ધંધો

કે વ્યાપાર રોકડિયો છે. આપણને તો પાપ લાગ્યું એમ જાણ્યું તોય પ્રતિક્રમણ કરવાની વાત વાયદા ઉપર છોડી દેવામાં આવે છે.

૭૬૦

દુનિયાના વ્યવહાર તરફ નજર કરો તો માલૂમ પડશે કે નોતરું બહારવાળાને હોય, ઘરનાને ન હોય. તેમ પજ્ખી વગેરે વાર-તહેવારનું નોતરૂં જડ માટે, વક્ર માટે, ન સમજનાર માટે, સમજવા છતાં ન કબૂલનાર માટે તેમના આત્મકલ્યાણાર્થે મહેતલવાળી યોજના છે.

૭૬૧

શ્રી ભદ્રબાહુ સ્વામી મહારાજા એમ પ્રકાશે છે કે જ્યાં સ્વપ્નમાં પણ ધર્મની જ ઝંખના ચાલતી હોય તે આર્યક્ષેત્ર ગણી શકાય અને તે જ્યાં ન હોય એટલે ઉપરોક્ત ઝંખના જ્યાં નિતાન્ત નાબૂદ હોય તે અનાર્ય-ક્ષેત્ર તરીકે ગણી લેવું,

૭૬૨

ગોશાલો પોતે એકથી ત્રેવીશ સુધીના તીર્થંકર પરમાત્માઓને માન્ય કરતો હતો. માત્ર પ્રભુશ્રી મહાવીર તીર્થંકર તરીકે માન્ય કરતો ન હતો તેટલા માત્રથી તે તમામને માનનારો કહી શકાય નહિ.

૭૬૩

"निम्मल रयण पईवें" સમ્યક્ત્વ એટલે દર્શનરૂપ રત્નનો નિર્મળ દીપક અને તેને મન મહાલયમાં સ્થાપન

કરવો એ પ્રથમ કર્તવ્ય છે, જેમ રત્નદીપકમાં દીવેટ, કે કોડિયાની જરૂર નથી.

૭૬૪

શ્રીપાલ ચરિત્ર વાંચીને યા સાંભળીને બાલજીવો તેમાંથી એ યાદ રાખશે કે તેઓની પાસે કંઈ જ નહિ હતું, તેઓ રખડતા હતા પણ તેઓને વગર મહેનતે રાજકન્યાઓ રૂપરાશિ જેવી મળી. શરીરે સોહામણા થયા, રૂપ. રંગ, લાવણ્યમાં સુંદર થયા, પરદેશ જવા નીકળ્યા ત્યાં તો તેમના પાસા પોબારા જ પડતા ગયા. રાજ મળે, માન મળે, સ્વર્ગીય સુંદરીઓ મળે! ધવલ શેઠ મળ્યા અને તેમના પંજામાં પકડાવાની તૈયારીમાં પણ તેઓ સહીસલામત ઉગરી જાય છે. બાપનું ગયેલું રાજ્ય પાછું મળ્યું વગેરે વગેરે બાલજીવો પકડે છે. જે જોગીને વિદ્યા સિદ્ધ થતી નથી, તે શ્રીપાલના ઉત્તર સાધકપણાથી જોગીને વિદ્યા સિદ્ધ થઈ. દેવાલયનાં બંધ બારણાં શ્રીપાલ મહારાજાના કૃપાકટાક્ષ માત્રથી ઉઘડી ગયાં હતાં વગેરે રસમય વાતો બાલજીવો ગ્રહણ કરતા હોય છે. જ્યારે મધ્યમ બુદ્ધિવાળા આગળ વધીને તેમના ભાગ્ય તરફ, તેમની બુદ્ધિ અને તેમના પરાક્રમ તરફ, તેઓના વિનય, તેમની શ્રદ્ધા, તેમની નીતિ રીતિ, શ્રીમતી મદના સુંદરી જેવી સન્નારીએ કેવો સુંદર સર્વોત્તમ સાથ આપ્યો હતો વગેરે પકડે છે. આ બધું મધ્યમબુદ્ધિ શ્રોતાજનો માટે છે અને તત્ત્વરસિક આત્માઓ તેમના સમગ્ર જીવનમાં

બનેલા બનાવો તેમજ તેમના પૂણ્યપાપનું પૃથક્કરણ કરે.

૬૬૫

બે ઝવેરીઓ પ્રવાસે નીકળ્યા હતા. વનવગડામાં ભૂલા પડયા. સાંજ પડી એટલે એક ભીલના ઝૂંપડામાં રાત રહ્યા હતા. તેઓ પોતપોતાના વિષયની વાતો કરી રહ્યા છે. સુથાર હોય તે લાકડાની વાતો કરે, સોની સોના-ચાંદીના ઘાટની વાતો કરે તેમ ઝવેરીઓ હીરામોતીના પાણીની વાતો કરે છે. એક ઝવેરીએ એક મોતીને હાથમાં લઈને બીજાને કહ્યું, "જો આ મોતી કેવું પાણીદાર છે? જાણે પાણીનો દરિયો હોય!" ત્યાં રહેતો ગમાર ભીલ કપડાનો કકડો લઈને મોતીને સ્પર્શ કરે છે. તે અખતરો કરે છે કે કપડું ભીંજાય છે કે નહિ! પણ એમ કપડું થોડું ભીંજાય? પાણીનો દરિયો જુદો, મોતીના પાણીનો દરિયો જુદો છે. પરન્તુ આ ગમાર ભીલ પેલા ઝવેરીઓને ગપ્પીદાસ માની બેસે છે. દેરાસર જવાના વિચારમાત્રથી ઉપવાસનું ફળ કહ્યું છે તે અજ્ઞાની જનોને ગપ્પાપુરાણ જેવું ભાસે છે. શાસ્ત્રની વાતો સદ્ભાગ્યશાળી જ સમજી શકે.

૭૬૬

"જે શિંગડે ખાંડું તથા પૂંછડે બાંડું" તેવા જનાવરને પકડવું કઈ રીતિએ?

૭૬૭

સજ્જન કહેવરાવવા માટે ઉપકાર કરનારો સાચો

સજ્જન નથી. પરંતુ ઉપકાર કરવાના સ્વભાવથી જ ઉપકાર કરનારો સાચો સજ્જન છે.

૭૬૮

ઘરને આંગણે મધ મળતું હોય તો ડુંગરાઓને ડોળવા કોણ જાય ?

૭૬૯

// દુઃખો ત્રણ પ્રકારનાં છે : આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક. આપણા સ્થૂળ અગર સૂક્ષ્મ શરીરમાં વિકાર થતાં, તાવ વગેરે અથવા કામક્રોધાદિક વિકારોથી જે દુઃખની અનુભૂતિ થાય તે આધ્યાત્મિક. બહારનાં પ્રાણીઓથી જે જે દુઃખો અનુભવાય તે આધિભૌતિક દુઃખ મનાય અને દુષ્કાળ, રોગચાળો તેમજ દેવતાઓથી જે દુઃખ થાય તે આધિદૈવિક દુઃખ ગણાય.

૭૭૦

સતી સીતા ગર્ભમાં છે ત્યારે ભામંડલ પણ ગર્ભસ્થ છે, બેઉ જોડલે છે પરન્તુ ભામંડલના પૂર્વભવના સંબંધે દુષ્ટ દેવતાએ વૈરભાવથી જન્મતાંની સાથે જ એને ઉપાડી લીધો. આકાશમાંથી નીચે ફેંકવાની ઇચ્છા કરી, પણ ભામંડલનું ભાગ્ય ચમકી રહ્યું છે તેથી તે દેવે એક વિદ્યાધરને ત્યાં મૂકયો. મારીનાખવા સુધીનું પાપ કરી બાળહત્યાનું ભયંકર પાપ શા માટે કરવું ? આ વિચારે તેણે વિદ્યાધરને સોંપ્યો અને વિદ્યાધરે તે બાળકને ઊંચકી લઈ હર્ષાન્વિત હૈયે પોતાની પત્નીને સોંપ્યો. ત્યાં તેનું પુત્રવત્

પાલન થાય છે. ત્યાં તે મોટો થયો. એક વખત નારદ જનકને ત્યાં આવેલા હતા ત્યારે અવિરતિ તરીકે સીતાજીએ તેમનો યોગ્ય સત્કાર ન કર્યો તેથી નારદઋષિએ સીતાને મદોન્મત્તા માની તેનો મદ ઉતારવાનો નિર્ણય લીધો. ભામંડલને સીતાનું અકર્ષક રૂપ દેખાડીને મોહિત કર્યા અને માગણી પણ કરાવી. નારદજીના જીવનની પ્રવૃત્તિ અધિકતર એવી જ હોય છે.

૭૭૧

પેટલાદપુરીનો ખાડો પૂર્ણ કરવા માટે અપાતા શિક્ષણને વાસ્તવિક શિક્ષણ કહી શકાય નહિ. માણસજાત તો પોતાનાં બચ્ચાં ને તે તે જાતનું શિક્ષણ આપે જ છે પરન્તુ કૂતરી પોતાનાં બચ્ચાંને કરડવાનું ક્યાં નથી શીખવતી? કૂતરી ઉકરડામાંથી ગાભાનો ડૂચો લાવે તે પોતનાં બચ્ચાંને આપે. તે બચ્ચું તે ડૂચાને મોંમાં પકડે, વળી પડી જાય તો પુનઃ પકડાવે. એ રીતે કૂતરી તેને કરડતાં શીખવી દે છે. વેશ્યા પણ પોતાની પુત્રીનો જીવનનિર્વાહ માટે પોતાના ધંધાનું શિક્ષણ આપે છે. ચોર-જુગારીઓ પોતપોતાનાં બચ્ચાંઓને પોતાની કળા ક્યાં નથી શીખવાત? એ સાચું શિક્ષણ નથી. માટે પોતાના આત્માનું ઉત્થાન પાય તેવું જ્ઞાનદાન અપાય તેને જ સાચું શિક્ષણ કહી શકાય.

૭૭૨

આશ્રવ તથા બંધ એ બે તત્ત્વો બાધક છે, જ્યારે સંવર અને નિર્જરા એ બે તત્ત્વો સાધક છે એવું સમ્યક્

રીતે જાણવામાં ન આવે, તથા મોક્ષ સાધ્ય છે અને જીવ સાધક છે એ ન જાણીએ ત્યાં સુધી આપણી તમામ પ્રવૃત્તિ 'હીરો ઘોઘે જઈ આવ્યો ને ડહેલીએ હાથ દઈ આવ્યો' જેવી માની શકાય.

૭૭૩

જગતમાં કાર્ય તે કરી શકે છે, જે દૃઢ નિશ્ચયવાળો હોય. પોતાના જીવનમાં થતા કડવા–મીઠા અનુભવો પચાવી જાય તે જ સિદ્ધિ સાધી શકે છે. પ્રથમ નિશ્ચય કરીને સમજવું પશ્ચાત્ વર્તન કરવું જોઈએ. વર્તન માટે જરા સમજવાની જરૂર છે. હોળીમાં છોકરાઓ ગાજરની પીપુડી વગાડે છે. વાગી ત્યાં સુધી વાગી અને પછી ચાવી ખાય. –એવું વર્તન નહિ જોઈએ. નાહ્યા એટલું પુણ્ય એવું માનનારા સાધકો ન હોય.

૭૭૪

જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય એ ત્રણની સાધના કરવા છતાંયે તપની ઉપાસના કર્યા વિના નહિ જ ચાલે. એટલા માટે જ તપનો નંબર છેલ્લો છે. દાન, શીલ, તપ અને ભાવમાં પણ એ જ વ્યવસ્થાક્રમ છે. દાન, શીલ, તપ તપવામાં આવે પણ ભાવ વિના તે શૂન્ય છે. તેના જ અનુસંધાનમાં "यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः" કહી શકાય.

૭૭૫

મહારાજા શ્રીકૃષ્ણની ધાકથી ત્રણ ખંડ ધ્રૂજતા હતા

કિન્તુ શામ્બ પ્રદ્યુમ્નને વશમાં રાખી શકયા નહિ. યદિ તેઓને અંકુશમાં રાખી શકયા હોત તો મદિરાપાનમાં મસ્ત ન બનત અને પરિણામે દ્વિપાયન ઋષીવરને ઉશ્કેરાવાનો અને દ્વારિકાના દહનનો કોઈ પ્રસંગ ઉપસ્થિત થાત નહિ.

૭૭૬

વિશ્વની મહાન વિભૂતિ, અહિંસાના પ્રખર પૂજારી અને મહામાનવતાના વાદી વિશ્વવંદ્ય વિભુવીરનું આજે જન્મકલ્યાણક હોઈ ભારતની દશે દિશાઓ મહાવીરની જયઘોષણાથી ગાજી ઉઠશે. ભારતની સીમાઓ વટાવીને આ જ પ્રઘોષ દુનિયાભરમાં ગૂંજી ઊઠશે. આજે જ્યારે વિશ્વશાન્તિ કંપી રહી છે; કચડાયેલી, પીડાયેલી માનવતા ચિત્કાર પાડી રહી છે; ઇન્સાફ અને ઇન્સાનિયતના ચિરાગો ઝાંખા જલે છે; આર્ય સંસ્કૃતિનું નિકંદન કાઢી નાખે એવાં અણુશસ્રોના સંગ્રામનો કારમો ભય આપણી સામે ઝઝૂમી રહ્યો છે ત્યારે આવા કટોકટીભર્યા મામલા વખતે શાન્તિના આ મહાન ફિરસ્તાના જન્મકલ્યાણકની ઉજવણી આપણને નવજીવન આપશે. ભારતની પ્રજાના આરાધ્યદેવ પ્રભુ મહાવીર સમગ્ર આદર્શોનું મૂર્તિમંત સ્વરૂપ છે.

૭૭૭

One picture is brings ten thousands words. (વન પીકચર ઇઝ બ્રિંગ્સ ટેન થાઉઝન્ડ્સ વર્ડ્ઝ) અર્થાત્ એક મૂર્તિ દશ હજાર શબ્દોની ગરજ સારે છે.

૭૭૮

ઠાણુંગ સૂત્રમાં તથા બૃહત્ કલ્પસૂત્રમાં ફરમાન છે કે કાદવ કે જળમાં ખૂંચી ગયેલી સાધ્વીને બહાર કાઢતાં દોષ નથી.

૭૭૯

સૂર્યાભદેવના સામાનિક દેવોએ ભગવાનને સમવ-સરણ આદિની રચના કરી ભક્તિ કરવા ઇચ્છા બતાવી ત્યારે ભગવાને કહ્યું, "તમારો એ ધર્મ છે. એક યોજન–પ્રમાણ જમીન સાફ કરવામાં કંઈક જીવોનો નાશ થાય, છતાં ભક્તિની પ્રધાનતા એ મુખ્ય વસ્તુ છે" રાયપસેણી સૂત્રમાં ચિત્રપ્રધાન કપટ કરીને ઘોડા દોડાવી પ્રદેશી રાજાને શ્રીકેશી ગણધર મહારાજાની પાસે પ્રતિબોધ પમાડવા લઈ ગયા તેમાં અનેક જીવોનો ઘાત થયા છતાં શુદ્ધ પરિણામી હોવાથી તે નિર્દુષ્ટ છે.

૭૮૦

પગની પાનીથી પૃથ્વીને ધ્રૂજાવનારા ધરણીધરો, મેરૂનો દંડ બનાવી પૃથ્વીને છત્રની માફક ધારણ કરી શકે તેવા બાહુબલીઓનો પણ કાળ કોળિયો કરી ગયો છે.

૭૮૧

જૈનોમાં ત્રણ ફિરકા છે: શ્વેતામ્બર, દિગમ્બર અને સ્થાનકવાસી. તે જ પ્રમાણે વિશ્વના જુદા જુદા સંપ્રદાયોમાં પણ જુદા જુદા ફિરકા હોય છે. મુસલમાનોમાં બે ભેદ છે; સી અને સુન્ની. ઇસાઇયોમાં પણ બે ભેદ

છે: રોમન કેથોલિક અને પ્રોટેસટેન્ટ. આર્યસમાજમાં પણ બે ભેદ છે : માંસપાર્ટી અને ઘાસપાર્ટી. તે જ પ્રમાણે વેદ મતાનુયાયીઓમાં શૈવ, શાક્ત, વૈષ્ણવ, રામાનુજ વગેરે અનેક ભેદો છે. આ રીતે દરેક કોમોમાં મતમતાન્તરો હોય છે.

૭૮૨

આહારદાન, ઔષધદાન, અભયદાન અને જ્ઞાનદાન એમ દાનના મુખ્યત્વે ચાર પ્રકારો પડે છે. આહારદાન એક દિવસ કે કલાકોની ક્ષુધા શાન્ત કરે છે, ઔષધદાનથી પ્રાણી રોગથી મુક્ત થઈ શકે છે, અભયદાનથી એક જન્મને માટે જીવને મરણથી બચાવી શકે છે, જ્યારે જ્ઞાનદાન જીવને સદાને માટે અજરામરવત્ બનાવી શકે છે. ત્રણ દાનો કદાચ આ ભવમાં ઉપકારી માની શકાય પણ જ્ઞાનદાન ભવોભવ ઉપકારી નીવડે છે.

૭૮૩

મહાપુરૂષની જન્મજયંતિ ઉજવવાનું આપણને આજે સદ્ભાગ્ય સાંપડયું છે તો આ મહાપુરૂષે જીવનમાં પ્રાણપ્યારા ગણેલા આદર્શોને આચારમાં મૂકવાનો આપણે દૃઢ સંકલ્પ કરીએ અને જીવનમાં એકતા, શાન્તિ અને પ્રગતિ અખંડપણે જળવાઈ રહે એ જાતનું વર્તન રાખવામાં આવે તો જ આ મહાપુરૂષની જન્મજયન્તિનો ઉત્સવ ઉજવ્યો યથાર્થ લેખાય.

૭૮૪

આ દુનિયામાં ચાલતી ધમાલો માત્ર શરીરનિર્વાહ પૂરતી જ છે એમ નહિ, મોટે ભાગે મન સંતોષવા માટે હોય છે. કોટ્યાધિપતિ શું ક્રોડને ખાય છે! નહિ. પણ ક્રોડ જુએ એટલે 'આ મારા' એમ માની સંતોષ અનુભવે છે. એ કોટ્યાધિપતિ અન્યને વધુ સમૃદ્ધશાળી જુએ એટલે એનું મન ભૂખ્યું થઈ જાય છે. જીવોને પેટની ભૂખ કરતાં મનની ભૂખ વધી રહી છે.

૭૮૫

વિચારો જ વિલાસના! મોજ, મસ્તી અને મનો-રંજનના! ટેસ્ટ કે તોફાનના! એક પાપ સેંકડો પાપોની પરંપરા ઊભી કરે છે. દેવના ભાવો થવા છતાં ભૂખ ભાગી નહિ, પશુગતિમાં પાડા-આખલાના ભવોમાં સેંકડો ભેંસો, ગાયોને ભોગવી નાંખી તોય જીવડો ધરાયો નહિ.

૭૮૬

મહાસતી મદનરેખાએ ક્રોધથી ધમધમી ઊઠેલા સ્વપતિને અંત સમયે સુંદર નિર્યામણા કરાવી સમાધિસ્થ સ્થિતિએ પહોંચાડયા હતા પરિણામે મરીને દેવ બનેલા પતિએ, દિવ્યજ્ઞાનથી પોતાની ઉપકારી એ સતી પત્નીના ઉપકારનું સ્મરણ કરીને, દેવશક્તિથી શ્રી નંદીશ્વરદ્વીપ ઉપર જઈ જ્ઞાની ગુરૂના મુખે ધર્મશ્રવણ કરી રહેલી સતી મદનરેખાને શ્રાવિકા છતાં ગુરૂથી પહેલાં વંદન કર્યું હતું

તે અનુચિત લેખાતું નથી. કારણ કે જેને જેનાથી સાક્ષાત્ ઉપકાર થયો હોય તે વિશેષતયા પૂજ્ય છે.

૭૯૭

પહેલાંના યુગમાં ધનવાનો કરતાં ધર્માત્માઓનાં મૂલ્યાંકન વિશેષ હતાં. ક્રોડોની લક્ષ્મી કે શહેનશાહનું સામ્રાજ્ય ભોગવનારા પણ ધર્માત્માના ચરણે નતમસ્તક રહેતા. એ વિનયભાવ એમની પુણ્યલક્ષ્મીના પ્રતીકરૂપે હતો. એક પુણ્યશાળી જીવડો બ્રહ્મચર્ય ઉચ્ચરે કે બાર વ્રતોનો સ્વીકાર કરે ત્યારે સંઘ કે સમાજ તે જીવડાનું બહુમાન કરતો હતો.

૭૯૮

એક વખત શાસનદેવીએ મહારાજા શ્રી અભયદેવ સૂરીશ્વરજીને કહ્યું "પહેલી ટીકાની પ્રતિ મારા દ્રવ્યથી જ લખાવવી જોઈએ એવી મારી વિનંતિ છે." એમ કહી પોતાની જ્યોતિથી દૃષ્ટિતેજને આંજીને ત્યાં એક કિંમતી અલંકાર મૂકી દેવી અન્તર્ધાન થઈ ગઈ. પછીથી મુનિઓ ગૌચરી લઈને આવ્યા હતા. આભૂષણ જોઈને આશ્ચર્ય પામ્યા હતા. પૂ. સૂરીશ્વરે તેનું યોગ્ય સમાધાન કર્યું હતું. પછીથી યોગ્ય શ્રાવકોને તેની કિંમત કરાવવાનું કાર્ય સોંપવામાં આવતાં તે અલંકારની કિંમત ત્રણ લાખની થઈ હતી, તે પ્રથમ પ્રતિને તૈયાર કરવામાં વાપરવામાં આવ્યું હતું.

૭૮૯

અહિંસક પ્રજા અસત્યના સ્પર્શથી ધ્રુજી ઊઠે છે જ્યારે આજે અસત્ય આપણને ધ્રૂજાવે છે.

૭૯૦

ક્રોધ સુંદરતામાં કુરૂપતા દેખે છે, કોમળ નવરંગી ફૂલોમાં વજ્રતા અનુભવે છે, પંખીના મીઠા ટહુકારમાં હળાહળ રસની કલ્પના કરેછે, જેમાંથી જીવનને પ્રેરણા મળે છે એવાં નિર્દોષિ બાળકોમાંથી પાખંડ પકડવા એ પ્રયત્ન કરે છે.

૭૯૧

ઋગ્વેદમાં "इला सरस्वती महीतिस्रो देवीर्मे बर्हियोः सीदत्वं स्रिवः"–ઈલા–માતૃભાષા સરસ્વતી, માતૃસભ્યતા અને મહી માતૃભૂમિ એ પણ દેવીઓ કલ્યાણ કરવાવાળી છે.

ઇન્દોર શહેરમાં ગાંધીજીએ પોતાના ભાષણમાં સભ્યતા વિષે સૂચન કર્યું હતું "યૂરોપની સભ્યતા આસુરી છે, યદિ તે સભ્યતાની નકલ કરવામાં આવે તો આપણા દેશનો નાશ થાય. ભારત દેશની સભ્યતા ભારતદેશના ઋષિમુનિઓની ઘોર તપશ્ચર્યાના એક સારભૂત છે."

૭૯૨

યજુર્વેદમાં भद्रं कर्णेभिः शृणुयामः – અર્થાત્ કાનોથી સુંદર તત્ત્વની વાતો સાંભળો, આંખોથી સદા શુભ પદાર્થને દેખતા રહો. તે જ પ્રમાણે પ્રત્યેક અંગ–ઉપાંગો દ્વારા સદા શુભ

કાર્યોને જ કરતા રહો. અર્થાત્ શરીરનાં રોમેરોમે હંમેશાં કલ્યાણપંથના અનુગામી હો.

૭૯૩

ઇન્દ્રિયોનો ગુલામ ક્યારે પણ સાચો સભ્ય નથી બની શકતો માટે જ સભ્યતાની પ્રાપ્તિને માટે ઇન્દ્રિય-નિગ્રહ પરમાવશ્યક છે. ઇન્દ્રિયનિગ્રહ કરનાર માણસની ચારે બાજુ સત્, ચિત્ અને આનન્દનું વાતાવરણ હોય છે.

૭૯૪

પવિત્ર સ્થાનોમાં પગમાં જૂતાં પહેરીને નહિ જવું જોઈએ. મુસલમાનોને રોજે, મકબરે અને મસ્જિદોમાં જૂતાં પહેરીને જવા માટે મના કરેલી છે. જ્યારે ઈસાઈઓ પોતાનાં પવિત્ર સ્થાનોમાં જૂતાં પહેરીને જઈ શકે છે. પરન્તુ માથા ઉપરની ટોપી ઉતારવી પડે છે. આમ દરેકના આચારમાં તફાવત છે.

૭૯૫

પ્રાયઃ પ્રત્યેક કાર્યોની સફળતામાં ધૈર્યની આવશ્યકતા રહે છે. ધૈર્યવાન માનવ મોટામાં મોટું સંકટ સરળતાથી પાર કરી શકે છે. તેને સહેજે પાપ પણ સ્પર્શ કરી શકતું નથી. ધૈર્ય ત્યજનાર માણસ પાપનો શિકાર બને છે. પ્રહલાદનું શરીર હાથીના પગથી છૂંદાવવામાં આવે છે, સાપો દ્વારા દંશ દેવડાવવામાં આવે છે, ગુરૂ ગોવિંદસિંહના પુત્રોને જીવતા જ દીવાલમાં ચણી દેવામાં આવે છે....આવી

પરિસ્થિતિમાં પટકાયેલાઓ ધૈર્ય ધારણ કરવાના સહારે યશસ્વી નીવડયા હતા.

૭૯૬

મહાનિર્વાણ તંત્રમાં આન્તરિક શૌચની વ્યાખ્યા કરવામાં આવી છે : " ब्रह्मण्यात्मार्पणं यत्तच्छौचमान्तरिकं स्मृतम् " અર્થાત્ આત્માને બ્રહ્મજ્ઞાનમાં તરબોળ કરવો તેનું નામ આન્તરિક શૌચ કહેવાય છે.

૭૭૬

હે અનંત શક્તિસંપન્ન સ્વામી ! જગતના જીવોને સાચું આલંબન આપનું જ છે. હે જગતના શણગાર !

હે નોંધારાના આધાર ! આપને હું ચોખ્ખે ચોખ્ખું જણાવી દઉં છું કે આપવા વિના મારે કોઈ શરણ કરવા યોગ્ય નથી. હે અક્ષય આનંદના અર્પનાર ! વસંતઋતુમાં મંજરીથી ભરેલા આંબા જોઈને જેમ કોયલનો ટહુકાર વધી જઈ હર્ષના આવેશમાં ખૂબ ખેલે તેમ આપના દર્શન માત્રથી આનંદવિભોર બની જાઉં છું. હે ભાવદયાના ભંડાર ! મને શાશ્વત સુખ આપો.

૭૯૮

અદ્ભુત ઐશ્વર્યવાન ઇન્દ્રએ ગૌતમની સ્ત્રી અહલ્યાનું આલિંગન કરી કપટથી તેનું શીલ નષ્ટ કર્યું હતું ત્યારે ગૌતમે ઇન્દ્રને શાપ આપ્યો. આ તો એક રૂપક છે, પરંતુ એનો વાસ્તવિક અર્થ એ છે કે અહલ્યા = રાત્રિ. અહ નો અર્થ દિન, લયનો અર્થ નષ્ટ થવું, અર્થાત્ દિનનું લય

થવું. એટલે કે રાત શરૂ થવી. ગૌતમ શબ્દનો સાર્થક અર્થ ચન્દ્રમા છે. ચન્દ્ર રજનીનો સ્વામી આ હેતુથી છે કેમ કે એ વિના રાત્રિ એક વૈધવ્ય જીવન જીવતી માલૂમ પડે છે અને છટા ખોઈ બેસે છે. જ્યારે પરમ ઓજસ્વી તથા તેજસ્વી ઇન્દ્રરૂપી સૂર્ય પોતાના કિરણોરૂપી હાથ દ્વારા અહલ્યા અર્થાત્ રાત્રિને સ્પર્શ કરે છે ત્યારે તેનો શૃંગાર નષ્ટપ્રાયઃ માલૂમ પડે છે. કારણ કે તેના શરીરની શ્યામલતા નક્ષત્રરૂપી રત્નવિમુક્ત થઈ જાય છે.

૭૯૯

વીર્ય આપણા રક્તનું અત્તર છે. વીર્યજ માનુષી જીવનનું ઝવેરાત છે.

૮૦૦

મહારાષ્ટ્રના મહાન સંત સમર્થ રામદાસ સ્વર્ગારોહણની તૈયારીમાં હતા. આસપાસ શિષ્યો જમા થઈ ગયા હતા. જેમ જેમ સમય નજીક આવતો ગયો તેમ તેમ શિષ્યો રોવા લાગ્યા. ત્યારે સંતે કહ્યું, “મારી સાથે રહીને તમે લોકો રોવાનું જ શીખ્યા છો?” શિષ્યોએ કહ્યું, “ભગવન્! અમને દુઃખ થાય છે કે આપના જેવી સાત્ત્વિક અને તાત્ત્વિક મૂર્તિ અમારી સામેથી ચાલી જશે તેનું અમને દુઃખ થાય છે. ત્યારે ગુરૂએ કહ્યું. “અરે ભાઈ! સદાને માટે કોણ જીવિત રહે છે?”

૮૦૧

સત્ય સિદ્ધાન્તના અતિ ઉચ્ચ વિચારોથી દેદીપ્યમાન

એવું વીતરાગ વાઙ્મય કેટલું બધું અગાધ ગહન અને દૂરંદેશી છે તે સંબંધમાં વધુ વિવેચનની આવશ્યકતા જણાતી નથી.

૮૦૨

નિરાધાર એવા સ્વૈરવૃત્તિના ખોટા તર્કવિતર્કો કરવાનો હાનિકાર માર્ગ છોડી દઈને શાસ્ત્રમાન્ય અને સયુક્તિક વિચારપદ્ધતિનો આશ્રય કરી એકનિષ્ઠા અને સુવિચાર દ્વારા ખરું શ્રેય તત્કાલ સિદ્ધ થઈ શકે છે.

૮૦૩

પંખીડું જેમ એક પાંખે ઉડ્ડયન કરી શકતું નથી તદનુસાર પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ બે ધર્મ વગર યા તો સ્યાદવાદ વિના સ્વાત્મસિદ્ધિ થતી નથી.

૮૦૪

સત્યયુગ ૪,૮૦૦ દિવ્ય વર્ષો અગર પૃથ્વીનાં ૧૨,૯૬,૦૦૦ વર્ષોએ પરિપૂર્ણ થાય છે. ત્રેતાયુગ દ્વાપર યુગ ૨,૪૦૦ દિવ્ય વર્ષો અને પૃથ્વીનાં ૮,૬૪,૦૦૦ વર્ષોનાં હોય છે અને કલિયુગ ૧,૨૦૦ દિવ્ય વર્ષો અને પૃથ્વીનાં ૪,૩૨,૦૦૦ વર્ષોએ પરિપૂર્ણ થયે કલિયુગનો કિનારો આવે છે. આ ચાર યુગો મળીને એક મહાયુગ થાય છે. તેટલા સમયમાં દશ અવતારો માનેલા છે. આ તમામ હિસાબ જૈનેતરોની દૃષ્ટિએ ગણવામાં આવેલ છે.

૮૦૫

બ્રહ્મદેવની એક ઘડી એટલે પૃથ્વીનાં ૧૪,૪૦,૦૦૦ વર્ષો થાય છે.

૮૦૬

આ યુગમાં છ શક ચલાવનાર રાજાઓ થશે. આ આ યુગના આરંભથી ૩,૦૪૪ વર્ષ પર્યન્ત યુધિષ્ઠિર શક, ત્યાર પછી ૧૩૫ વર્ષ એટલે કલિયુગના આરંભથી ૩,૧૭૯ વર્ષો થતાં સુધી વિક્રમ શક, ત્યાર પછી ૧૮,૦૦૦ એટલે કલિયુગના આરંભથી ૨૧,૧૭૯ વર્ષો સુધી શાલિવાહન ગણાય છે. ત્યાર પછી ૧૦,૦૦૦ વર્ષો એટલે કલિયુગના આરંભથી ૩૧,૧૭૯ વર્ષો સુધી વિજયાભિનન્દન નામના શકકર્તાનો શક થશે અને ત્યાર પછી ૪,૦૦,૦૦૦ વર્ષો એટલે કલિયુગના આરંભથી ૪,૩૧,૧૭૯ વર્ષો પૂર્ણ થતાં સુધી નાગાર્જુન નામના રાજાનો શક શરૂ થશે અને પછીથી સૃષ્ટિપ્રલય નજીક આવતો હોવાથી તેમજ ભ્રષ્ટાચાર વધી જવાથી કર્ણાટક દેશમાં કરવીર પટ્ટણી નામના સ્થળે કલ્કીનો અવતાર થશે અને તેનો શક ફક્ત ૮૨૧ વર્ષનો જ રહેશે.

૮૦૭

कालरात्रिर्महारात्रिः मोहरात्रिश्च दारुणा – પહેલી નરક ચતુર્દશી, બીજી મહાશિવરાત્રિ અને ત્રીજી શ્રીકૃષ્ણ જન્માષ્ટમી અને ચોથી આસો સુદ ૮ દુર્ગાષ્ટમી – એ પ્રમાણે ચાર મુખ્ય રાત્રિઓ છે.

૮૦૮

દત્તાત્રય જયન્તિ માર્ગશીર્ષ શુકલ પૂર્ણિમાએ છે. **દત્તાત્રય** નામ પાડવામાં ઘણો જ ગૂઢ અર્થ છુપાયેલો

છે. **દત્ત** એટલે દઈ દેવું. **અ** એટલે જ્યાં કંઈ પણ નથી. **ત્રય** એટલે ત્રિપુટી. દશ્ય, દષ્ય અને દર્શન. કર્તા, કરણ અને કાર્ય. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય. આ ત્રિપુટીઓ. **અ** અર્થાત્ જ્યાં બિલકુલ નથી. તાત્પર્ય એ કે આ ત્રિપુટીઓ જ્યાં વિલય થાય છે એવું પરમાત્માનું સ્વરૂપ છે.

૮૦૯

नष्टो मोहः स्मृतिर्लब्धाः त्वत्प्रसादान्मयाच्युति : स्थितोऽस्मिगत संदेहः करिष्ये वचनं तव ॥ गीताजी ॥ **અર્જુન** કહે છે "હે અચ્યુત ! આપની કૃપા અને અનુગ્રહથી મારો સર્વ સંશય નિવૃત્ત થઈ, મોહ નષ્ટ થઈ ગયો છે. હવે મારા સ્વ–રૂપનું ભાન કરી તારા વચનનું જ માત્ર પાલન કરતો રહું."

૮૧૦

બૌદ્ધની માન્યતાનુસાર ગૌતમ સ્વયં સમ્પૂર્ણ સમૃદ્ધશાળી હતા. બાપને એકલા જ પુત્ર હતા, વ્યવહારમાં ગણાતા, ઐશ્વર્યની ઉણપ ન હતી, છતાં આ સર્વ સંગને ત્યજી જંગલમાં શા માટે ગયા? કારણમાં ફક્ત એટલું જ કે તેમણે પોતાની ૨૫–૨૬ વર્ષની વય સુધી સ્વપ્ને પણ દુઃખ જોયું નહિ હતું. એક દિવસ શહેરમાં ફરતાં કેટલાક ભિખારીઓ પહેલવહેલા જ તેમના જોવામાં આવ્યા. તેઓની આવી દુઃખિયારી સ્થિતિ જોઈને તેમનું હૃદય કંપી ઊઠયું. ત્યારપછી બીજા પ્રસંગમાં એક શબને લઈને સ્મશાનયાત્રીઓ સ્મશાન તરફ જઈ રહ્યા હતા. આ દશ્ય જોવાનો તેમના જીવનમાં પહેલો જ પ્રસંગ

હતો. તરત જ ડાઘુલોકોની પાસે જઈને મડદું છોડાવ્યું. મૃત શરીરના તમામ અવયવો જેમના તેમ જોઈને લોકોને પૂછ્યું, આને તો હાથપગ વગેરે બધા જ અવયવો છે તેમાંથી શું ગયું છે? લોકો કહે છે જીવ જતો રહ્યો છે. ગૌતમ પૂછે છે, ક્યાંથી આવ્યો અને ક્યાં ગયો? લોકો કહે છે તે અમે જાણતા નથી. તો શું આપણા બધાનું આ પ્રમાણે જ થશે? હા. ત્યાર પછીથી ગૌતમ ગૃહનો ત્યાગ કરીને એકાએક આત્મતત્ત્વનું સંશોધન કરવા માટે નિકળી પડ્યા અને અરણ્યમાં જઈ ઘોર તપશ્ચર્યા આરંભી.

૮૧૧

બાળક પહેલવહેલું જન્મે છે ત્યારે અંગુઠાને મુઠીમાં ભીડી દે છે તે તેનું રક્ષણ કરે છે, પરન્તુ એ જો મુઠી ભીડી રાખે અને અંગુઠાને બહાર જ રાખે તો સમજવું કે બાળકની તબિયત બહુ નાજુક હશે. માનસિક તેમ જ શારીરિક દૃષ્ટિએ પણ નિર્બલ હોવો જોઈએ. આ અનુભવીઓનું કથન છે. અંગુઠો એ કાંઈ જેવું તેવું ઉપાંગ નથી પણ પ્રેમ, નિષ્ઠા અને મનોબળનો પુરાવો છે. ત્રણ મહાન શક્તિઓ જે દુનિયા ઉપર પોતાનું પ્રભુત્વ જમાવી બેઠી છે તે ત્રણ મહાશક્તિઓનું નિદર્શન આ અંગુઠામાંથી મળી રહે છે.

૮૧૨

मानवने ईश्वरसे कहा " प्रभु, मैं अपना जीवन बीतानेके लिए

संसारमे जा रहा-हू, मेरे प्रभु मुजे कोई हिदायत दीजीए, जीससे मैं वहां पर सफलता पा सकुं." ईश्वरने प्रसन्न होकर कहा "बच्चे, तुम्हे जीवनकी दो विभूतियां दे रहा हूं. संसारमे अेकको अकल और दूसरी को इमान कहते है! मेरी हिदायत हैं कि अकलको हंमेशां खूब खर्च करे और इमानको हंमेशां महफूज रखना। मानवने शिर झुकाया और दोंनों हाथ आगे बढा दीये। ईश्वरने मानवके बाये हाथमें अकल रखी और दाये हाथमे इमान रखा और वह अपनी राह चला। भूल मनुष्यका स्वभाव हैं। भूलसे अकलकी जगह पर इमान और इमानकी जगद पर अकल रख बैठे! संसारमे मानव दोंनो हाथों इमान लूटा रहा हैं वह मनुष्यकी गंभीर भूल है॥

८१३

सत्य कहां मिलता हैं?

एक वार अहमदाबाद साबरमती आश्रममें बम्बई से एक अंग्रेज परिवार गांधीजीके दर्शन के लिए आया। उसमें से एक युवतीने जिज्ञासाभावसे पूछा "WHERE CAN I FIND THE TRUTH?" (व्हेयर केन आइ फाइन्ड दी ट्रुथ) मैं सत्य कहां पा सकती हूं? महात्माजीने उत्तर दिया NO WHERE (नो व्हेर) अर्थात् कहीं नहि! इस युवतीका चेहरा उत्तर गया। कुछ और बातचीत कर ने के पश्चात् उस महिलाने अपना पाकेट बुक दिया और कहा, "कृपया इसमें आप अपने हस्ताक्षर दीजिये।" महात्माजीने उस पाकेट बुकमें लिखा, ONE CAN FIND THE TRUTH IN ONCE OWN HEART (वन केन फाइन्ड दी ट्रुथ इन वन्स ओन हार्ट) अर्थात् सत्य अपने हृदयमें मिल सकता है।

८१४

પ્રાતઃકાલીન સમયમાં એક બાળકને બબ્બે સિપાહી

પકડી લઈને ન્યાયાલયમાં લઈ આવ્યા. અંગ્રેજ ન્યાયાધીશે આ બાળકને પૂછયું 'તારું નામ શું?' "આઝાદ." 'પિતાનું નામ શું?' "ભારત." ન્યાયાધીશે નારાજ થઈને સિપાઈને દશ ચાબુક ફટકારવાની આજ્ઞા કરી, જેમ જેમ ચાબુકના પડકારો કરવામાં આવે છે તેમ તેમ આ બાળક 'વંદે માતરમ્'નો ઉચ્ચાર કરતો જાય છે. કહો, કેટલું સ્વદેશાભિમાન !

૮૧૫

ક્ષત્રિયપુત્રના હૃદયમાં ભીતિ ન પ્રવેશે તે માટે દ્વાર બંધ હોય છે. પારણામાંથી પુત્રને સંસ્કારો અપાય છે. વાઘવરૂને કૂતરાસમ લેખીને તેનો સામનો કરે, હાથીને એક પાડાની માફક હાંકે. મોટા મોટા નાગને અળસિયાની જેમ ઉછાળે.

૮૧૬

લુંટારાઓમાં સૌથી ચાલાક લુંટારો સમય છે, પળ પળ કરીને જીવનમાંથી ક્યારે સમસ્ત જીવન લૂંટી જાય છે તેની કોઈને પણ ખબર પડતી નથી.

૮૧૭

પતનની પગદંડી ભૂલ કરવી એ નથી પણ ભૂલ કર્યા પછી ન સમજવી, ન સુધારવી કે ન કબૂલ કરવી એ જ પતનની પગદંડી છે.

૮૧૮

દીપકની વાટમાં જ્યારે જ્યોત જાગે છે ત્યારે જ્યોત કોડિયું સોનાનું છે કે માટીનું છે તે જોવા માટે નીચી નજર કરતી નથી.

૮૧૯

એટમબોમ્બની લટકતી તલવાર નીચે માનવતા મુરઝાતી પણ જોઈ લીધી, છતાં એ બધા હુંકારના હિમાલયને હડસેલીને પણ સત્યનો પડઘો પૃથ્વીમાં આગના બળને અંકુશમાં રાખી હજારો માઈલોનુ અંતર વટાવે છે. સુખીયો જીવડો આજે વિમાનમાં વિહાર કરે છે, પવનને પાંખમાં ભરીને આકાશમાં ઉડ્ડયન કરે છે. હળ ઉથલાવતો ખેડૂત આજે યંત્રના બળને બાવડાંનાં બથોડાં ભરીને પૃથ્વીના પેટમાં ઊંડી તિરાડો પાડે છે.

૮૨૦

કુમકુમનાં લાખો તિલક કલંકની એક જ ટીલડીથી ધોવાઈ જોય છે.

૮૨૧

હરદ્વાર પાસે બાર કોશ છેટે જંગલમાં બ્રહ્મચર્ય આશ્રમ છે. તેમાં ૨૫૦ બાળકો સાત વર્ષથી માંડીને પચીસ વર્ષ સુધી સ્ત્રી વગેરેના પરિચયથી દૂર રહી, સંસારી હવાથી નિતાન્ત દૂર રહી, સારી રીતે બ્રહ્મચર્યનું પાલન કરી જંગલની પુષ્ટિકારક હવા અને કસરત કરવા સાથે ખાદીના લેબાશમાં રહીને અભ્યાસ જીવન વિકસિત

થાય તેવો પ્રેકટીકલ ADVANTAGE (એડવાન્ટેજ એટલે ફાયદો) ઉત્પન્ન થાય તેવી કેળવણી બાળકોને અપાય છે. નજરે જોનાર માણસ તેની તારીફ કરે છે કે બ્રહ્મચર્યથી તેઓનાં મુખ ઝળકી રહ્યાં છે. જાણે રાજા રામચન્દ્રજીના પુત્રો હોય તેવું ભાન કરાવે છે. વીતરાગની આજ્ઞા મુજબ બ્રહ્મચર્ય વધારે મુદ્દત સુધી પાળવામાં આવે તેવા બ્રહ્મચર્યાશ્રમની અતિ આવશ્યકતા છે. જાલંદરમાં પણ ૮૦૦ કન્યાઓ સ્ત્રીઓના વહીવટીતંત્ર નીચે ગૃહિણીધર્મની કેળવણી ૧૮ વર્ષ સુધી લે છે, જ્યાં પુરૂષોનો પગરવ નથી. હજાર પિતાને જ્ઞાન કે શિક્ષણ આપવું તે એક માતાને જ્ઞાન આપવાની બરાબર છે. ૧૪૪૪ ગ્રન્થોના સર્જક અને શક્તિના સૂત્રધાર સમા આચાર્ય હરિભદ્ર સૂરીશ્વરજી, સહસ્રાવધાની મુનિ સુંદરસૂરીશ્વરજી અને કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાને માતાના ગર્ભમાંથી જ બ્રહ્મચર્યનો વારસો મળ્યો હતો. ઇટન જેવા મહા ગુરૂકુળમાંથી ફૂળ રૂપે બહાર પડનાર નેપોલિયન બોનાપાર્ટ, કોલંબસ અને યંત્રશાસ્ત્ર તેમજ ફોનોગ્રાફની શોધ કરનાર એડિસનને પણ માતાના ગર્ભમાંથી વારસો મળ્યો હતો. નેપોલિયન ગર્ભમાં આવ્યો ત્યારે તેની માતા લડાઈમાં હતી. અભિમન્યુ છ કોઠાનું યુદ્ધ માતાના પેટમાં જ શીખ્યો હતો. સ્ત્રી-વર્ગ સુધરે તો સમસ્ત વિશ્વ સુધરવામાં સમય ન લાગે.

૮૨૨

રાજા અને પ્રધાન ઘોડા પર સવાર થઈને ફરવા નીકળે છે. રાજાના ઘોડાએ શૂન્ય સ્થળમાં પેશાબ કર્યો, તે સ્થળની ભૂમિ સ્થિર હોવાથી ઘોડાનું મૂત્ર તે જગ્યાએ તેની તે જ સ્થિતિમાં જોવા મળ્યું. જરા પણ સુકાયેલું નહિ હતું, તે ઉપરથી આ લોકોએ નિર્ણય લીધો કે આ જગ્યાએ સુંદર જળાશય તૈયાર કરાવવામાં આવે તો પાણી ચિરકાળ સુધી ટકી રહે. પછી તે જ જગ્યાએ એક વિશાળ સરોવર તૈયાર કરાવવામાં આવ્યું.

૮૨૩

તમને કોઈ યાદ કરે નહિ, વિસારી મૂકે, જાણી જોઈને જ તમારી દરકાર કરવામાં ન આવે, છતાં તમે ખુશમિજાજમાં રહો અને મળેલા અપમાનને માટે મનમાં આનંદ માનો તે જ ખરો વિજય છે. તમારું કરેલું કાર્ય સારું હોય તો પણ બુરું લેખાય, તમારી ઇચ્છા વિરૂદ્ધ વર્તન થાય, આ બધું તમે ધીરજથી અને પ્રેમથી ઉદારતા રાખી ખમી ખાઓ તે જ તમારો વિજય છે. સાદા પોશાકથી, સાદા ખોરાકથી, કોઈ પણ ઋતુથી ગમે તેવી અડચણો આવે તો પણ સંતોષ ધારણ કરવો તે જ ખરો વિજય છે, અને લોકોમાં કીર્તિ પ્રસરે કે ના પ્રસરે તેની તમા ન કરવી તે જ વાસ્તવિક વિજય છે.

૮૨૪

એકેય દીવાએ આંધળાને દેખતો કર્યો નથી જ. દીવો

આંધળાને દેખતો ન કરે છતાં દેખતાને આલંબનરૂપ છે, તેવી રીતે એક તીર્થંકરે એકપણ જીવના કર્મનો ક્ષય કર્યો નથી, છતાં તેઓના આલંબનથી સંખ્યાતીત જીવડાઓ તરી ગયા.

૮૨૫

જીરણ શેઠની વાતો આપણે રોજ કરીએ છીએ, પણ એમનું ધૈર્ય કેટલું ઉચ્ચ કોટિનું હતું તેનો આપણને ભાગ્યે જ ખ્યાલ હશે. તે ચારચાર મહિનાથી વિનંતી કરી રહ્યા છે, છતાં મનઃપર્યવજ્ઞાની પરમાત્મા મહાવીર પારણું અભિનવ શેઠને ત્યાં કરે છે. અભિનવ શેઠ આદરસત્કારમાં સમજતો નથી, સન્માન આપવા જેવા સામાન્ય વ્યવહારથી વંચિત, માત્ર તિરસ્કારભર્યું દાન દેવાની કુટિલ વૃત્તિ, આવું ઘોર અપમાન સહીને પણ ભગવાન મહાવીરે અભિનવ શેઠને લાભ આપ્યો. ઘોર અપમાન સહી લેવાની અમાપ શક્તિના સ્રોત તે તારકના જીવનમાં વહી રહ્યા હતા.

૮૨૬

હોકાયંત્રની સોય વહાણને તારે છે પરન્તુ એ સોય બરાબર હોય તો જ. યદિ બરાબર ન હોય તો તે જ સોય વહાણને ડુબાવે છે. તેમ આપણા જીવનમાં સંયમરૂપી સોય બરાબર હોય તો જીવન સ્વર્ગસમ બને, યદિ સોય બરાબર ન હોય તો જીવન પતનના માર્ગે ઘસડાય છે.

૮૨૭

૨૧ વખત અન્ન ધોવાઈ જાય તે અન્નમાં શું સત્ત્વ રહે? આવું અન્ન પારણામાં લેનાર તામલિ તાપસે ૬૦ હજાર વર્ષો સુધી છઠ્ઠને પારણે છઠ્ઠનું ઘોર તપ આચર્યું છતાં તે જૈન શાસનને સંમત નથી કેમ કે તે જૈન શાસ્ત્રોક્ત નહિ હતું. તામલિ તાપસે કરેલી ઘોર તપશ્ચર્યા યદિ આઠ સમ્યક્ત્વધારી જીવડાઓને વહેંચી દેવામાં આવે તો જીવડાઓ મોક્ષે જાય.

૮૨૮

ભારતની ગુણિયલ ગૌરી; જેણે રામ, ભરત, ભીષ્મ, ધર્મ, અર્જુન, પૃથ્વીરાજ, પ્રતાપ અને શિવાજી સમા ભડવીરોને ખોળે ઝુલાવ્યા હતા; મંગલાચરણમાં જ જ્ઞાનમૃત પીવડાવ્યું હતું; કર્તવ્યના બોધપાઠ તેઓની રગેરગમાં સીંચ્યા હતા, સંતાનનો વાંકો વાળ થતાં ચિલ્લાઈ ઉઠતી તે જ માતાઓ રણસંગ્રામમાં વિદાય લેતા પોતાના પુત્રને કહેછે કે “ બેટા! મારી કુખ અજવાળજે, યુદ્ધમાં કદાપિ પીછેહઠ ન કરીશ,” તે જ ખરી માતા.

૮૨૯

દિલનાં દ્વાર બંધ ન રાખો. તમારા હૃદયમાં પારાવાર પ્રેમ ભરેલો છે. તમારા આંગણે આવેલાને તેમાંથી એકાદ અંજલિ પીવડાવશો અને તમારા દિલદ્વારના ઉંબરા ઉપર કર્તવ્યના સાથીઆ પૂરી કૃતાર્થ થાઓ.

૮૩૦

કોટિ દેવદેવીઓથી ઉભરાતા ભારતસ્વર્ગની રસ-

સુંદરીઓ કર્તવ્ય પ્રતિપાલન, રાસની રમઝટ બોલાવી રહી છે. એ સોહાગણોના રક્તમાં પ્રેમરસ ઉભરાય છે. સૌભાગ્ય-સુંદરીઓ સ્નેહનાં અજબ રસાયનોથી જગતમાં પ્રેમજ્યોત પ્રકટાવે છે. પશુના માનવ અને માનવના દેવ બનાવવાની શક્તિ તેઓમાં જ સૂતેલી છે.

૮૩૧

તમારી આવડત, બુદ્ધિ અને કુશળતા મોટા ભાગે તમારી પૌદ્‌ગલિક લાલસાઓને તૃપ્ત કરવા પૂરતી જ હોય છે.

૮૩૨

ગ્રન્થોને વાચા નથી, છતાં મુશ્કેલીના વખતે તે કિંમતી સલાહ આપે છે. તેમને હાથ નથી, છતાં દુઃખી જનોનાં આંસુ લૂછી તેમને નવજીવન આપે છે.

૮૩૩

માણસજાત એ શરીર, આત્મા અને મન એ ત્રણથી બનેલી છે. શરીરના પોષણ માટે અન્ન જોઈએ, આત્માના પોષણ માટે ભક્તિનો ખોરાક જોઈએ, તેમ જ મનના પોષણ માટે સત્સમાગમની આવશ્યકતા ઊભેલી જ છે. આ સિવાય માનવમાં પડેલી સુષુપ્ત શક્તિઓ પૂર્ણાવસ્થામાં પહોંચી શકતી નથી.

૮૩૪

કાચિત્ કામિની પોતાની સહિયરને કહી રહી છે કે “સખિ, મેં મારા પ્રિયતમને મનોરમ પુષ્પોનો હૃદયંગમ કરંડિયો મોકલાવ્યો છે અને તે પણ પૂરી સાવચેતીથી.”

આ વિષે તેઓ બંને વાર્તાલાપ કરી રહી છે. "એવું તેં શું કર્યું છે?" "પવન પુષ્પોની સુવાસ લૂંટી ન જાય તે માટે કરંડિયાના મૂળમાં સર્પ ચીતર્યો છે એટલે સર્પને જોઈ ને સમીર સમીપમાં જ ન આવે." "બીજી તેં કઈ કઈ સાવચેતી રાખેલી છે?" મદન પોતાના બાણ માટે પુષ્પો ઉપાડી ન જાય તે માટે મેં કરંડિયાના ઉપરના ભાગમાં મદનના શત્રુ મહાદેવનું ચિત્ર આલેખેલું છે?" વારૂ, પછી કઈ કરામત કરેલી છે?" "જો સાંભળ સુરજદાદા પુષ્પોને સુકવી ન નાખે તે માટે જ-મતાંની સાથે એનો કોળિયો કરવાને તત્પર બનેલા હનુમાનનું ચિત્ર પણ મેં" કરંડિયાના ઉપરના ભાગમાં દોર્યું છે. તદુપરાંત ભટકતો ભ્રમર પણ પુષ્પરસનો લોલુપી હોય છે તેને માટે તકેદારી રાખવામાં આવી છે. કરંડિયાના ઉપરના ભાગમાં એક તરફ ચંપાનું ફૂલ મૂકી રાખવામાં આવ્યું છે. ભ્રમર હંમેશાં ચંપાથી દૂર ભાગતા હોય છે." આ પ્રમાણે મલ્લિનાથ કવીન્દ્રની કલ્પના કેટલી રસભર છે? "काचित् बाला रमण वसतिं..."

૮૩૫

"તુલસી યહ સંસારમેં ભાત ભાતકે લોગ, સબસે હિલમિલ ચાલીએ નદી નાવ સંજોગ"—આપણે સૌ સાથે હળીમળીને ચાલવા માગીએ તેથી શું? આપણને એમ ચાલવા કોણ દેવાનું છે? હાલતા બળદને આર મારવાવાળાની જમાત જગતમાં ક્યાં ઓછી છે? પણ ત્યારે કરવું શું? નિન્દા સાંભળતા રહેવું? ટપલાં ખાતા જ

રહેવું ? ખટપટના શિકાર મૂંગે મોંએ બનતા રહેવું ? ત્યારે તેવાની સામે પડકાર કરીને કહેવું કે આવ બચ્ચા ! તને દુષ્ટતા આચરતાં આવડે છે તો હું પણ એ બાબતમાં કંઈ કમ નથી જ. તું કાદવ છે તો હું કિચ્ચડ છું, તું વીંછી છે તો હું ઝેરી ફણીધર છું: માનવજાતિનો ડહાપણ નીતરતો અનુભવ આપણને શીખવાડે છે કે ઉપરના બે માર્ગમાંથી એક પણ માર્ગ લેવા જેવો નથી. કાદવની સામે કિચ્ચડ બનાવામાં કાદવને કંઈ નુકસાન નથી, એથી તો તેની નાતમાં વધારો થાય છે નુકસાન કેવળ આપણી જાતને જ છે.

૮૩૬

બ્રહ્મદેશની મૃત્યુપ્રથા : શબને ત્રણથી આઠ દિવસ સુધી ઘરમાં રાખવામાં આવે છે. સાધારણ લોકોનો મૃતદેહ લાકડાની પેટીમાં ત્રણ ચાર દિવસ અને શ્રીમંતનો આઠ દિવસ સુધી રાખવામાં આવે છે. સગાંવહાલાં દરરોજ ત્યાં આવે છે અને રાતના જલસા કરે છે, નાચગાન કરે છે. આ રીતિએ આઠ દિવસો પછી પેટી સહિત શબને દાટે છે. વાજતે ગાજતે સ્મશાન તરફ આ પેટી લઈ જવામાં આવે છે આ રીતિએ મૃત્યુ–મહોત્સવ ઉજવે છે.

૮૩૭

એક અંગ્રેજ લેખક કાર્લાઈલને કદાપિ નિરાંતે ઊંઘ આવતી જ ન હતી. તે રાત્રિ દિવસ સઘળો વખત વાંચવા લખવામાં જ ગાળતો. એક પ્રખ્યાત વાર્તા લખનાર પોતાની સીત્તેર–એંશી વર્ષની વયે પણ મધ્યરાત્રિના સમયે પોતાની

લોકપ્રિય સુંદર વાર્તા લખવા માટે ખડિયામાં કલમ બોળતો એવી તેની આદત હતી. રાત્રે બાર વાગે તે લખવા બેસી જતો. તેને પડખે તેની પત્ની બેસીને તેના તૈયાર થતા લખાણની સાફ નકલ કરતી. આ કામ સવારના છ વાગતાં સુધી, એટલે દૂધવાળો આવીને સાંકળ ખખડાવે ત્યાં સુધી ચાલતું રહેતું હતું. આ વાત સામાન્ય રીતે માનવામાં ન આવે તો પણ વાંચવા લખવાનું જ માત્ર વ્યસન વળગેલું હોય તેને માટે આશ્ચર્ય નથી. આજે પણ કેટલાક 'વિદ્યાર્થીઓ' મોડી રાત સુધી વાંચતા હોય છે.

૮૩૮

બાદશાહ અકબરના કાન સુધી સ્વામી હરિદાસજીની સુવાસ પહોંચી હતી. સ્વામીના પ્રિય શિષ્ય તાનસેનને સાથે લઈને અકબર તેમના દર્શનાર્થે આવ્યો હતો. સ્વામીજી તે વખતે ઉચ્ચસ્વરે પ્રભુને પ્રાર્થી રહ્યા હતા. સંગીત પરનો તેમનો અદ્ભુત કાબૂ જોઈને અકબરે કહ્યું. "તાનસેન! મને લાગે છે કે તારા ગુરૂજીએ તને સમ્પૂર્ણ વિદ્યા શીખવી નથી. તારા કરતાં તારા ગુરૂની શક્તિ અનેક ગુણી છે. આનું શું કારણ હશે વારૂ?" તાનસેને શાન્તિથી કહ્યું, "આપનું અનુમાન અર્ધસત્ય છે જહાંપનાહ! એવી એક પણ વિદ્યા નથી, જે મારા ગુરૂએ મારાથી છુપાવી હોય. છતાં હું તેમની બરાબરી નથી કરી શકતો તેની પાછળ એક મોટો ભેદ છુપાયેલો છે." અકબરે કહ્યું "એવો તે કયો ભેદ છે?" તાનસેન કહે કે "મારા

ગુરૂદેવ સમ્પૂર્ણ વિશ્વના સ્વામી એવા પ્રભુની બંદગી કરીને જિંદગી સફળ કરી રહ્યા છે, જ્યારે હું તો એ વિશ્વપતિના વિરાટ વિશ્વની એક રજ જેટલી પૃથ્વીના, કહેવાતા યા બની બેઠેલા માલિકની કદમબોસી (ખુશામત) કરી રહ્યો છું. એટલે મારામાં અને ગુરૂદેવમાં અંતર અવશ્ય રહેવાનું જ છે.

૮૩૯

સ્વાર્થત્યાગની કેવી અત્યુત્તમ ભાવના! રાણી એલિઝાબેથના સમયે એક વખત મહાન યુદ્ધ ફાટી નીકળ્યું હતું. તે યુદ્ધમાં સુપ્રસિદ્ધ આંગ્લ લેખક અને બહાદૂર યોદ્ધો સર ફીલીપ સીડની ઘાયલ થયો હતો. તેને ખૂબ તરસ લાગી હતી. પાણી વિના તે તરફડિયાં મારી રહ્યો હતો. એવામાં કોઈ એક ઓળખીતો સિપાઈ આવ્યો; તેણે થોડું પાણી મહામુસીબતે મેળવી આપ્યું. સર ફીલીપ સીડનીએ પાણીનો પ્યાલો હોઠ પર ધર્યો કે તરત જ તેની નજર પાસે પડેલા એક બીજા ઘાયલ પર પડી. તે આતુર હૃદયે તે પાણીના પ્યાલા તરફ મીટ માંડીને જોઈ રહ્યો હતો. તેની દયામણી આંખોએ સર ફીલીપના હૃદયને પીગળાવી નાખ્યું. તરસને લીધે પોતાનો જીવ જતો હતો છતાં તેણે પાણીનું એકે ટીપું ન પીધું અને પેલા ઘાયલ સૈનિકને પાણીનો પ્યાલો આપતાં કહ્યું, “લે ભાઈ, મારા કરતાં પણ વધારે પાણીની જરૂર તારે છે.” ધન્ય છે આવા સ્વાર્થત્યાગી સજ્જનને!

૮૪૦

પાછલા ભવમાં સિદ્ધરાજ એક સાર્થવાહ હતો. તે માલવા દેશમાંથી કરિયાણાં ભરીને અન્ય સ્થળે વિક્રયાર્થે જતો હતો. રસ્તામાં ચોરપલ્લી આવી. ચોરપલ્લીના નાયક રાજપુત્ર નરવીરે સાર્થવાહને લૂંટીને ખૂબ જ પરેશાન કરેલો હતો. તે વખતે સાર્થવાહે વેર વાળવા માટે માલવાના નરેશના સૈન્યની મદદથી નરવીરને હરાવી ભગાડી દીધો. પણ તેની સગર્ભા સ્ત્રીને સાર્થવાહે મારી નાખી હતી. તે બે જીવોની હત્યાના પાપે તે મરીને સિદ્ધરાજ થયો ત્યારે અપુત્ર મરણ પામ્યો. આ રાજપુત્ર નરવીરે અહીં સિદ્ધરાજની સાથે જે સાર્થવાહે વેરની વસુલાત કરવા ભયંકર કર્મ બાંધ્યું તેનો ઉદય નરવીર મરીને કુમારપાળ રાજા થાય છે તે સમયે થાય છે. પરિણામે કુમારપાળને મારવા માટે પ્રયાસો કરવામાં આવે છે અને કુમારપાળને કષ્ટ સહન કરવું પડે છે.

૮૪૧

કોઈ નાચે છે સ્ટેજ પર, તો કોઈ આંગળીને ટેરવે.

૮૪૨

જ્યોતિષશાસ્ત્રની કુંડળીમાં આવતાં બાર સ્થાનો પૈકી પહેલું સ્થાન તનનું છે, જ્યારે બીજું સ્થાન ધનનું છે. અર્થાત્ સામાન્ય કહેવત અનુસાર. "શરીરે સુખી, તો સુખી સર્વ વાતે." "પહેલું સુખ તે જાતે નર્યા" પ્રત્યેક ક્રિયાઓમાં શરીર સાજું તાજું પહેલું જ જોવાય છે.

**આધ્યાત્મિક ઇન્સાનોના અંતરમાંથી ઉદ્ભવેલી ઊર્મિરૂપે બહાર આવેલી સમસ્યાઓના સ્વાદના પ્રતીકરૂપે**

## "પહેલી હરિયાલીની બાંધછોડ"

**નારીજી મોટા ને કંથજી છોટા**—આ સંસારમાં છ ડાકિનીઓ કહેવાય છે :

તૃષ્ણા, ચિન્તા, દીનતા, માયા મમતા નાર,
છ ડાકિણીને જે વશ કરે, તે પહોંચે ભવપાર.

આ છ ડાકિની પૈકી તૃષ્ણારૂપી નારી મોટી છે અને આત્મરૂપ ભરતાર નાનો છે.

**નાવે ભરતાં પાણીના લોટા** — અજ્ઞાનતાની આંધીમાં અટવાઈ ગયેલા આત્માને ઉપચારરૂપી શીતલ જલનો લોટો ભરતાં ન આવડે.

**પૂંજી વિના વ્યાપાર જ મોટા** — જ્ઞાનરૂપ મિલકત, વિના માત્ર કષ્ટ-ક્રિયારૂપ વ્યાપાર મોટો કરે છે.

**કરતાં આવે ઘરમાં ટોટા** — (૧) એટલા માટે જ આ દેવાળિયા જીવડાના ઘરમાં નફાને બદલે હંમેશાં ટોટો જ રહેવા પામે છે.

**મેરૂ પર્વત હાથી ચડીઓ** — સંયમની સર્વોચ્ચ શ્રેણીરૂપ મેરૂ પર્વત ઉપર ચૌદ પૂર્વધર મુનિરૂપ હસ્તિ ચઢયો છે.

**કીડીની કુંકે હેઠો પડયો** — નિદ્રારૂપિણી કીડીની કુંકે હેઠો ઉતરી પડયો છે, અર્થાત્ પ્રમાદ–પરવશ પડેલો પ્રાણી સંસારમાં રખડતો રહ્યો છે. પ્રમાદની પરવશતાથી મહામુનિ ઊપશમ શ્રેણીથી પણ પટકાય છે.

**હાથી ઉપર વાંદરો બેઠો** — ચારિત્રરૂપ ઐરાવત હાથી પર અભવ્ય ચારિત્ર ઉચ્ચરીને બેઠેલો છે. ઉત્કૃષ્ટ ક્રિયા બળે નવ ગ્રૈવેયક સુધી પહોંચી જાય છે. કિંતુ હૃદયસ્પર્શી નહિ હોવાના કારણે નીચે પટકાઈ મરે છે.

**કીડીના દરમાં હાથી પેઠો** — (૨) હાથી સરીખા, ચૌદ પૂર્વધર સાધુ ભગવંતો પણ પ્રમાદ પ્રયોગે નિગોદરૂપી કીડીના દરમાં પ્રવેશે છે. ઉચ્ચ ગતિ પામવાને બદલે અધોગતિમાં ગબડે છે.

**સુકે સરોવર હંસતે મહાલે** — શાન્તિ, સમતા અને સંતોષરૂપ જલરહિત સંસારમાં મૃગતૃષ્ણા, સમાન કારમી અને ક્રુર માયાના સરોવરે જીવરૂપ હંસલો મહાલે છે અથવા મુનિરાજ સંયમ સરોવરથી ભ્રષ્ટ થઈને સંસારમાં વિષય–કષાયરૂપ સૂકા સરોવરમાં રતિ પામે છે.

**પર્વત ઉડી ગગને ચાલે** સંયમભ્રષ્ટ સાધુઓ ચારિત્રરૂપ પર્વત પરથી પતિત થઈને એકેન્દ્રિય પક્ષે

આકાશમાં રઝળી રહ્યા છે. ભવભ્રમણની પરંપરાને વધારી અનંત સંસારના આકાશમાં ઉડ્ડયન કરી રહ્યા છે જેમને સ્થિર રહેવાનું હતું તે સંયમ–ભ્રષ્ટતાના કારણે સ્થિર રહી શકયાં નહિ.

**છછુંદરીથી વાઘ તે ભડકયો** — અવધિ અને મન–પર્યવધર પૂર્વધર મુનિરાજ વાઘ સદશ હતા પણ માયા રૂપ છછુંદરીથી ભડકયા, ભયમાં ભટકયા.

**સાગર તરતાં જહાજ તે અડકયા** — (૩) મુનિ ચારિત્ર રૂપી જહાજ મારફત ભવસમુદ્ર તરી રહ્યા હતા. વચ્ચે માનરૂપી મહીધરથી ટકરાતાં તે ભાંગીને ભૂક્કા થયા. કયારેક સદ્‌ભાગ્યે સદ્‌ગુરૂરૂપ ભારંડ પંખી મળશે ત્યારે જ તેઓ તરશે,

**પંડીત એહનો અર્થ તે કહેજો** — આપ, સુજ્ઞ અને સજજન છો તો આ હરિયાલીનો અર્થ વિચારીને કહેજો, સમસ્યા સુકર નથી જ, તથાપિ ઠંડે કલેજે દિલ અને દિમાગથી ચિંતન કરવામાં આવશે તો જરૂર અંતરમાંથી અવાજ ઉઠશે.

**તો બહુશ્રુત ચરણે રહેજો** યદિ તમને આ હરિયાલીની ચાવી હાથ ન લાગે તો ગીતાર્થ ગુરૂના શ્રીચરણોમાં જઈને વસજો.

**શ્રી શુભ વીરનું શાસન પામી** — ચરમ જિનપતિ પરમાત્મા શ્રી મહાવીરનું અનુપમ શાસન પામીને તમે એટલું અવશ્ય કરજો.

**ખાધા પીધાની ન કરૈ ખામી** — ખાધા પીધાની ખામી ન રાખવી એકલે જ્ઞાન રૂપી અમૃત ભોજન અને ઉપશમરૂપી જલ પીવાની પુણ્ય પળને જતી ન કરતા. ઉપરોક્ત ખાનપાન કરવાની તક રખે ચૂકતા.

## હરીઆલી બીજી

વરસે રે કંબલી ભીજે પાણી,
માછલડી બગ લીધો તાણી
ઉડી રે અંબા કોયલ મોહરી,
કલીય સીંચતાં ડૂબીય બીજોરી........૧

ઢાંકણીએ કુંભાર જ ઘડીઓ,
લુગડા ઉપરે ગાદહ ચઢીઓ
નીસા ધોવે ઓઢણ રોવે,
શકરો બેઠો કૌતિક જોવે........૨

અગની બલઈ અંગીઠુ તાપે,
વિશ્વાનર બઈઠો તાઢ ઈ કાંપે
ખીલો દૂઝે ભીંસ વિલોવે,
મીની બેઠી માંખણ તાવે........૩

વહુ અ વીઆઈ ને સાસુ જાઈ,
લહુડે દેવરે માત નીખાઈ
સુસરો સૂતો વહુ હીંડોલે,
હાલો હાલો ભાભી બોલે........૪

સરોવર ઉપરી ચઢી બીલાઈ,
કીડી સૂતી પોલી ન માવઈ

ઉંટવડી પર નાણી જાઈ,
વીર પ્રભુને ધ્યાન લગાઈ.......૫
ડોકરી હુએ ભીંસ વસુકાઈ,
ચોર ચોરી કરી તલાર બધાઈ
એ હરિઆલી જે નર જાણે,
મુખી કવી દેપાલ વખાણે.......૬

**ભાવાર્થ** :— કાંબલ કહેતાં ઇન્દ્રી વરસે, પાણી કહેતાં જીવ ભજે. કર્મભારે ભારે જીવ થાઈ. માછલડી તે લોભ, બગલો તે જીવ, સંસારમાંહી તાણી લીધો છે ઉડો કહેતાં સાવધાન થાય. જીવ માટે મોહ રિ વિસ્તર્યો છઈ. માયા રૂપી કલી સિંચતાં લોભનો ખેદરૂપી બીજોરી વૃક્ષ ફૂલ્યો કહેતાં વધ્યો છે. માયા રૂપિણી ઢાંકણી ઈ કુંભાર રૂપી જીવ ઘડો ભમાવ્યો. લુગડું તે રાગ દ્વેષ અભિમાની તે ઉપરિ ગાર્દંહ રૂપ જીવ ચઢયો છે. કાયા રૂપ જરાઈ ધોવરાઈ જરા આવે તિમ ઓઢણ રૂપ જીવ તે ખેદ પામે. સઘળો કુટુંબ પરિવાર બેઠા બેઠા વિનોદ જોવે પણ સાહાય દેવાને સમર્થ કો નહિ. ક્રોધ રૂપ તે અગ્નિ બલે તેમ અંગીઠુ તે શરીર તાપે–ઉત્પાત પામે. કામાગ્નિ તેણે કરી જીવ વિષય લાલચે કંપાઈ તાઢિં તે વિષય તુષ્કાઈ જીવ દૂઝે તે પુણ્ય કરે ભિસ તેં કાયા વિષે ભોગ માયા રૂપી મીની માખણ જીવ તેહને તાવે-સંસાર માંહે જીવ ફેરવે. સુમતિરૂપી વહુ વ્યાપે તેણે સાસુ કહેતાં ચેતના ઉપાઈ જાઈ. લહુ કર્મ તેણે માતા સુમતિ

તે નીપજાઈ. જીવ સૂતો છે પ્રમાદે પડયો છે તિહાં વહુ તો સુમતિ હિંડોલે છે હાલો. ઉદ્યમ કરી કાલ ઢુકડો આવે છે પ્રાણી જીવને સરોવર ઉપરિ–શરીર ઉપરિ બિલાઈ વ્યાપે તે જરા વ્યાપે છે. કીડી તે માયા સૂતી તે વિસ્તરીને કાયા, પોલી તેમાં ન માઈ મોટી છે. ઉંદને ભવપારાદિક પાપને પરનાલિ જાઈ છે.

ચિંતા હુએ વાધે ભિંસતે કાયા વસૂકે તે ઘટે ચોર તે મન ચોરી કરે તે પાપ કરે છે, તીહાં તલાર બંધન પામે.

## હરીઆલી ત્રીજી

કહેજો રે પંડિત તે કુણ નારી,
વીશ વરસની અવધિ વિચારી
દોય પિતાએ તેહ નીપાઈ,
સંઘ ચતુર્વિધ મનમાં આઈ.
કીડીએ એક હાથી જાયો,
હાથી સામો સસલો ધાયો.
વીણ દીવે અજુવાળુ થાઈ,
કીડીના દરમાંહી કુંજર જાયે.
વરસે આગીને પાણી દીપઈ,
કાયર સભટ તણા મદ જીપઈ.
તે બેટીએ બાપ નીપાયો,
તેણીએ તાસ જમાઈ જાયો.

મેહુ વરસતાં બહુ રજ ઉડે,
લોહ તરે નહી તરણું બુડે.
તેલ ફીરેને ઘાણી પીલાઈ,
ઘંટી દાણે કરીયે દલાઈ.
બીલ ફુલેને શાખા ઉગાઈ,
સરોવર આગલી સમુદ્ર ન પૂગઈ.
પંક ઝરે ને સરોવર જામે,
ભમે માણસ તિહાં ઘણે વિસતાઈ
પ્રવહણ ઉપરિ સાયર ચાલઈ,
હરિણ તણે બલે ડુંગર હાલઈ.
ગહનો અર્થ વિચારી કહેજો,
નહિતર ગર્વ કોઈ મતી ધરજો.
શ્રી વિનય વિજય પંડિતને સીસઈ,
કહી હરીયાલી મનમેં જગી સઈ.

(ઇતિ શ્રી પન્નવણા સ્વાધ્યાય સંપૂર્ણ)

**ભાવાર્થ**—જ્ઞાન ઉપયોગ, દર્શન ઉપયોગ, એ બે પિતાએ નારી ઉત્પન્ન કરી, એ નારીને શ્રી ચતુર્વિધ સંઘે મનમાં સ્થાપિત કરી, નિગોદમાંહી જે અવ્યક્ત ક્ષયોપશમ તે રૂપ કીડીએ અવ્યવહાર જ્ઞાન હાથી જનમ્યો, તે હાથી સામો જીવ અજ્ઞાની ધાઈ તદા સસલા સરીખો કર્મ હતો તે ધાયો છે, ચેતનાથી દીવાનાં અજવાળાં થાય તે ચેતના મોહગ્રસ્ત થાય. તદા કીડીના દરમાં નિગોદમાંહી હાથી સરીખો જ્ઞાનવંત પ્રાણી જાયે, અગ્નિ સરીખો કર્મ વરસે

છે, તદા પાણી સરીખો ક્ષમાવંત થાય તે દીપે વિષય કષાયના ભયથી સંસાર કાન્તાર થાઈ તે મોહ સુભટ જીવે તે ચેતના બેટીએ ઉપયોગ રૂપ બાપ નીપાયો તેણે ઉપયોગાત્મા રૂપ જમાઈ જાયો છે, તે ચેતનાના આકારે સ્નેહરૂપ મેહ વરસે તદા કર્મરૂપ રજ ઉડે, તે રજમાંહી લોહ સરીખો જ્ઞાનવંત બલીષ્ટ હોઈ તે તૃષ્ણા સરીખો લાલચી વિષય તે બૂડે, તેલ જેહવા કર્મ તેહને સમુદાઈ પ્રમાદ પ્રાણી સરીખી ચેતના તે પીલાઈ તે કર્મ ઘાણી કરી ચેતનારૂપ ઘર હી પ્રમાદીની દલાઈ છે, બીજ તે બોધી બીજડીયા ઉગે, : શાખા તે જ્ઞાનવંત દુ:ખે પાલે જ્ઞાન સરોવર આગલે સંસાર સમુદ્ર પુગે નહિ પ્રમાદીની ચેતના કચરો થઈને ઝરે તિવારે, આત્મા સરોવર જામે તિહાં ઘણો પ્રમાદરૂપ વિસામે મનુષ્ય સંસારમાંહે ભમે પણી ચારિત્રરૂપ વેગે ચાલે તે ન ભમઈ પ્રમાદીઓને પ્રવહણ સરીખો આત્મા તેહને હવે ઘાલે ઉપરે સંસાર સમુદ્ર ચાલે સહી, હરિણ સરીખો, કર્મ તે બલે ડુંગર સરીખો આત્મા હાલે અસ્થિર થાઈ.

## નાવમાં નદીયાં ડુબી જાય
## હરીયાળી ચોથી

નાવમાં નદીયાં ડૂબી જાય,
મુજ મનમાં અચિરજ થાય..........નાવમાં૦

**અર્થ** — પાપને પેલે પાર પહોંચાડનાર પતિત-પાવન પ્રભુશાસનની નાવડીમાં આસ્તિક દર્શનરૂપી 'છ'

નદીઓ ડૂબી જાય છે. નદીમાં તો નાવ ડૂબે તે સહજ છે. પરંતુ આ તો નાવમાં નદી ડૂબી જાય છે. તે પણ 'છ' 'છ' નદીઓ ડૂબે છે, સમાઈ જાય છે. એ જોઈ મારા મનમાં ખૂબ જ આશ્ચર્ય થાય છે.

કીડી ચાલી સાસરેમેં, સોમણ ચૂરમું સાથ,
હાથી ધરીયો ગોદમેં, ઊંટ લપેટ્યો જાય,
નાવમાં૦...........૧

શ્રી કેવલી ભાષિત ધર્મ રૂપ નૌકામાંથી નીકળેલ અન્ય અન્ય ઇતર આસ્તિક દર્શનરૂપ, નદીઓએ પણ મોક્ષને ઇષ્ટાપત્તિ તરીકે માનેલો છે. પરંતુ ગાઢ જ્ઞાનાવરણીયના ઉદયે તેઓએ મોક્ષપ્રાપ્તિના અંગ ભૂત, તપ, જપ, જ્ઞાન, ધ્યાન, કર્મકાંડ વગેરે સાધનોને અન્યથા માની લીધેલાં હોવાથી મોક્ષ મેળવવા સદ્‌ભાગ્યશાળી થઈ શકતા નથી.

ઇતર દર્શનીઓમાં પણ જે આત્માઓ યથા પ્રવૃત્તિકરણ દ્વારા મિત્રા તારા આદિ દૃષ્ટિપર્યન્તનો વિકાસ સાધી શકયા હોય છે તે આત્માઓમાંના કોઈ કોઈ આત્માઓ મોહગર્ભિત વૈરાગ્યના બળે મોક્ષની ઇચ્છાથી સંસારને ત્યજીને સન્યસ્ત સ્વીકારી ભવજલ તરવા તલસી રહ્યા હોય છે. હવે મૂળ ગાથાનો અર્થ અનાદિના પિયરરૂપ સંસારનો અતુલ ભાર તજીને કીડી એક બાજુથી મોક્ષ રૂપી સાસરે ચાલવા લાગી છે અને બીજી બાજુથી

તે કીડીએ પોતે ત્યજેલ સંસારના પાયા સ્વરૂપ ગૃહસ્થ-ધર્મને પોતે સ્વીકારેલા સન્યસ્ત આશ્રમ ત્યાગધર્મ કરતાં શ્રેષ્ઠ માનીને ગૃહસ્થાશ્રમીઓને મંત્રતંત્ર આદિની સાધના કરીને પણ સુખી કરવાના મલીન આરંભરૂપી 'સો' મણ ચુરમાનો ભાર પોતાની સાથે લીધો છે. આ રીતિએ સમસ્ત સંસારનો ભાર ઉપાડીને મોક્ષ રૂપ સાસરે જઈ રહેલી કીડીબાઈએ તો ખરેખર પોતાના આત્માની સાથે સંયમરૂપ મોક્ષપદ કુંજર લપેટવાને બદલે સંયમના સર્વ વાંકા અંગરૂપ સંસાર સંવર્ધક ઊંટ લપેટ્યો છે અને તે ઊંટના ખોળામાં માનરૂપ ગજને ધારણ કર્યો છે. જે પોતાને પરમપદનો પિપાસુ મનાવે છે. આવી કઢંગી સ્થિતિમાં કીડી મોક્ષ પામે જ કયાંથી?

કચ્ચા ઇંડા બોલતાં બચ્ચાં બોલે નહિ,
ષડ્દર્શનમે સંશય પડીઓ, તેજ મુક્તિ મિલ જાય
....નાવમાં૦....૨

મોહગર્ભિત વૈરાગ્યવાસિત મુમુક્ષુજનો મોક્ષના કાચ ઇંડારૂપ હોઈને ગ્રંથીરૂપ પડલ ભેદાયા વિનાના અભિન્નગ્રંથી માર્ગાનુસારી હોવાથી અમારૂ દર્શન જ સાચું છે, એમ સર્વત્ર બોલ બોલ કર્યા કરે છે. પરંતુ તેમાંના જે ઇંડાઓ પોતાના આત્મસ્વરૂપને નહિ દેખવા દેનાર પડલરૂપ ગ્રંથીને ભેદીને સમ્યગ્દર્શન પામવા રૂપે સર્વવિરતિ ધર્મનાં બચ્ચાં બન્યા હોય છે તેઓને જૈનદર્શન સિવાયનાં તમામ દર્શનોમાં શંકા પડવાથી

તે બચ્ચાંઓ પોતાનુ પ્રાથમિક એકાંત બોલવું બંધ કરીને ઉત્તરોત્તર શ્રી જીનેશ્વર કથિત વિરતિ ધર્મનો સ્વીકાર કરવા–પૂર્વક મોક્ષ પામે છે. અર્થાત મોક્ષ મેળવવા નીકળેલા તે તે અજૈન દર્શનીઓના અભિન્નગ્રંથી સાધુઓમાંથી જેઓ ભિન્નગ્રંથી એવા નિગ્રંથ મુનિ ભગવંતો બને છે તેઓ જ ભવસંસાર સમુદ્ર તરીને મોક્ષ પામે છે

એક અચંબો એસો દીઠો, માછલી ચાવે પાન
ઊંટ બજાવે બંસરી, ને મેંઢલ જોડે તાન....નાવમાં૦૩

સંસારસમુદ્રને તારનારી ધર્મ નૌકામાં બેઠેલા નિગ્રંથ મુનિઓના માંહેના પણ કોઈ મુનિમાં એક આશ્ચર્ય એવું દીઠું કે એક બાજુ સંયમના સાધન–રૂપ મુનિવેષને પોતાની મતિકલ્પનાથી જ પરિગ્રહ માનીને તજી દીધો. ભવજલધિથી તારનારી પંચાંગી આગમરૂપ નૌકાને તજી દીધી. આ રીતિએ ભયંકર સમુદ્રના વારિમાં વગર વસ્ત્ર અને વગર નૌકાએ જ તરતી માછલી સ્વરૂપ પોતે ભયંકર ભવજલધિને મોજથી તરતો હોવાના ભાસ તરીક નિજમુખે તે કલ્પિત ધર્મને જ મોક્ષપ્રદ લખાવવા રૂપ પાન ખાઈને મુખ લાલ રાખી રહેલ છે.

બીજી બાજુ તેના તે ઉપદેશમાંના તે કલ્પિત દિગંબરી ધર્મનાં સર્વ અંગો નિરાધાર અને અવ્યવહાર રૂપે વાંકા જ હોવાનું જાણવા છતાં તે ધર્મોપદેશથી સદ્ધર્મને વમીને તે કલ્પિત ધર્મમાં દોરાઈ જવા

પામેલાં મતિ વિભ્રમી ઊંટો શ્રી સર્વજ્ઞોપદિષ્ટ સદ્ધર્મ કરતાં તે કલ્પિત ધર્મને જ સાચો ધર્મ માનીને તે ધર્મની જ સર્વત્ર બંસરી બજાવવા મંડી પડેલ છે. સર્વત્ર તે ધર્મની જ પ્રશંસા ગાઈ રહેલ છે. અને બીજી બાજુ તે યશોગાનને સાંભળનાર મુગ્ધજનોરૂપ મેંઢાઓ તે કલ્પિત ધર્મના તે યશોગાનને વખાણવા રૂપે તેઓને તાન ચઢાવી રહેલ છે–તે અધર્મમાં સ્થિર કરી રહેલ છે.

એક અચંબો એસો દીઠો, મડદો રોટી ખાય,
મુખસે બોલે નહિ, ડગ ડગ હસતો જાય....નાવમાં૦૪

એક આશ્ચર્ય એવું દીઠું કે શાસ્ત્રીય સમ્યક્ સદ્બોધ વિના માત્ર મેલો વેષ ધારણ કરી સર્વત્ર નિમ્ન દૃષ્ટિએ અને મૌનપણે જ વિચારવામાં શુદ્ધ ચારિત્ર માની બેઠેલ કોઈ મુનિ—ગીતાર્થ ગુરૂ નિશ્રિત ગુરૂકુલમાં તેવું ચરિત્ર નહિ જોવાથી ગુરૂકુલને અચારિત્રીયા માની ગીતાર્થ ગુરૂની પણ નિશ્રા તજીને સર્વત્ર એકલો વિચરીને મોક્ષ મેળવવા મથી રહેલો છે.

તમે આમ એકલા અને મૌન કેમ ? એમ પૂછનારને બચાવ પૂરતું શાસ્ત્રમાં ચારિત્રથી જ મોક્ષ કહેલ છે. ઉપદેશ આદિ મારફત લોકોનાં ટોળાં ભેગાં કરવાં વગેરે પ્રવૃત્તિમાં તો ચારિત્રને ગૌણ કરવા જેવું છે અને શાસ્ત્રમાં બહુ બોલવાને નિન્દાનું સ્થાન કહેલ છે.

એટલું જ જણાવીને મૌન પકડે છે. આ જોઈને અજ્ઞાનીજનો તે મુનિને મહાન યોગી માનીને વિશિષ્ટ એવા સદોષ ખાનપાનાદિથી પણ સત્કારવા લાગ્યા! પરિણામે તે તત્ત્વજ્ઞાનરૂપ પ્રાણહીન ક્રમે કરીને તે ખાનપાનાદિમાં લુબ્ધ થયો, એ પ્રકારે તે પૌરૂષધ્ની ભિક્ષા પણ આરોગતો થઈ ગયેલો હોવાથી તે મૌની મુનિરૂપ મડદો એ જ રીતે જીવવા સારૂ એવું આચરણ આચરી બેઠો કે ભક્તોનાં તેવાં અશુદ્ધ અને દોષિત, ખાનપાનાદિ મૌનપણે આરોગતો જાય અને તે ભકતોને તેની ભક્તિથી પોતે પ્રસન્ન થતો હોવાનો આભાસ આપવા સારૂ ડગલે ને પગલે એટલે કે વારંવાર હસતો જાય.

બેટી બોલે બાપને, વીણ જાયો વર લાય,
વીણ જાયો વર ના મીલે તો મુજ શું ફેરા ખાય
....નાવમાં૦....૫

મોહગર્ભિત વૈરાગીની વિરતિને ધારણ કરનારા તેવા ત્યાગીઓના આત્માને તો મુસીબતે જ સ્પર્શતી હોવાથી તેવા, જોગીઓની તે મોહગર્ભિત વિરતિરૂપ બેટી પોતાના તેવા જોગી પિતાને કહે છે કે, ‘ હે પિતાજી! તમે હજુ સુધી જેને જન્મ આપેલ નથી તે અનેકાન્ત દર્શનનો સર્વસંયમરૂપ સ્વામી મને લાવી આપો, અને તે માટે પ્રયાસ કરવા છતાં પણ તમે મને જો તે સ્વામી વસાવી આપવા અશક્ત હો તો તે સ્વામી જ મારી આસપાસ ફેરા ખાતો રહે એટલું તો મારૂં કાર્ય તમે કરી જ આપો.

અર્થાત્ તમારા આ જોગીપણામાં છેવટ તે શ્રી સર્વજ્ઞોક્ત સર્વ વિરતિનું ધ્યેય તો રાખો જ જો ખરેખર મોક્ષે જ જવું છે તો.

સાસુ કુંવારી વહુ પરણેલી, નણદલ ફેરા ખાય
દેખણવાલી હુલર જાયો, પાડોશણ હુલરાય
....નાવમાં૦....૬

હે જોગી પિતાજી! જ્યારે તમે મોહની નિબિડ ગ્રંથીને ભેદવાનું પરાક્રમ પ્રસારી આપનારી–આત્માની ભવસ્થિતિરૂપ બેટી જેને અનાદિથી વરેલી છે તે નિજ કર્મરૂપ જમાઈની અવ્યવહાર રાશિની નિગોદરૂપ, સાસુ અનાદિથી કુંવારી છે. તેમાંથી અનંતાકાળે તથા ભવ્યત્વના પરિપાકવશાત્ આત્મા ઉદ્ધરીને પૃથ્વીકાય–અપકાય યાવત્ વિકલેન્દ્રિયાદિકના ભવોરૂપ સ્વામીને વરીને જ્યારે વ્યવહાર રાશિની નિગોદમાં જાય ત્યારે તે તે ગતિરૂપ નણંદ પણ તે વહુના આત્માની સાથે અનંતા કાલથી ઉક્ત પ્રકારે અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિ આદિમાં અદ્યાપિપર્યંત ફેરા ખાઈ રહેલી છે. એ વાસ્તવિક સમજણ ધરાવીને શ્રી જીનોક્ત ધર્મ પ્રત્યે શ્રદ્ધાવંત થઈ જ્ઞાનગર્ભિત વૈરાગી બનશો ત્યારે તમને તેવા સ્વરૂપે દેખાનારી તમારી આ ભવસ્થિતિરૂપ બેટીએ સર્વ સાવદ્યના ત્યાગરૂપ સંયમ પુત્રને પણ જન્મ આપ્યો હોવાનું જોવા ભાગ્યશાળી થશો કે જે પુત્રને તેની દેશ વિરતિરૂપ પડોશણ સદા તેની સામે જ મીટ માંડીને હુલરાવી રહી હશે.

એક અચંબો એસો દીઠો, કુવામાં લાગી લાય
કચરો કરકટ સબહી બળી ગયો, પણઘટ ભરભર જાય
....નાવમાં૦....૭

આ સંસારરૂપી કૂવો જીવો માટે અનંતા ભવોરૂપી જલથી ભરેલો છે. તે કૂવો એટલો તો ભયંકર છે કે તેમાં અનાદિકાળથી રહેલા અવ્યવહાર રાશિની નિગોદનાં અનંતા જીવો તો અદ્યાપિપર્યંત તે નિગોદમાં ને નિગોદમાં જ જન્મમરણ પામ્યા કરતાં હોઈને પૃથ્વીકાય આદિપણાને પણ પ્રાપ્ત કરી શકેલ નથી, તેવા અનંતા-ભવ ભ્રમણકારી તે ભવકૂપમાં ઉપર્યુક્ત પ્રકારે જે કોઈ આત્માઓ અનંતો કાળ અત્યંત કષ્ટો સહી સહીને અકામ નિર્જરાએ એકેન્દ્રિય પણાદિપણે અનંતાકાળે મોહનીય કર્મની કોડાકોડી સાગરોપમની સ્થિતિ ખપાવીને ઉચ્ચ કક્ષાએ પહોંચતાં પંચેન્દ્રિય મનુષ્યપણે ચરમાવર્તમાં આવે છે ત્યારે તેઓને તે ભવકૂપ ભયંકર ભાસે છે અને ત્યારે જ તેઓ તે ભવકૂપનાં ઘોર કષ્ટોથી સદાને માટે મુક્ત થવા સારૂ મોહ ગર્ભિત વૈરાગી પણ બન્યા હોય છે, આમ છતાં તેવા ભવ વૈરાગીઓનેય—આ ભીમ ભવકૂપમાંથી જે મોક્ષ અનંતા પુદ્ગલ પરાવર્તનકાલ પર્યન્ત પ્રાપ્ત થવો દુર્લભ છે, તે મોક્ષ પ્રાપ્ત કરવામાં શ્રી આનંદ-ધનજી મહારાજ આ સાતમી ગાથા મારફત જણાવે છે કે પ્રસન્નચન્દ્ર રાજર્ષિનું એક આશ્ચર્ય એવું દીઠું છે કે તેમણે તો આ ભીષણ ભવકૂપમાંથી જલ્દી મુક્ત થવા

સારૂં સ્વીકારેલા જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળા મુનિપણામાં પણ સંયોગવશાત્ તેત્રીસ સાગરોપમ જેવા લાંબા સમય સુધી તો પોતાને તે ભવકપમાં નારકીપણે સબડવું પડે તેવું કર્મ ઉપાર્જન કર્યું હતું. તે અનંતા ભવોરૂપી જળથી ભરેલા ભવકૂપમાં એટલો બધો નવાં કર્મોનો થોકબંધ કચરો બહારથી લાવીને ભરવો એકઠો કર્યો હતો, એ જોતાં કોઈને પણ એમ જ થાય કે મોક્ષ સાધવા નીકળેલા આ રાજર્ષિ ભવકૂપમાંથી અનંતકાળે પણ મોક્ષ કઈ રીતિએ પામી શકે.

પરંતુ ક્ષણભરમાં જ જોયું કે તે રાજર્ષિના એ ભવજલથી ભરેલા કૂપમાં ક્ષપક શ્રેણીરૂપ ભયંકર આગ ઊઠી અને તે આગે એ ભવકૂપમાંના તે રાજર્ષિના ભવરૂપ કૂપમાં ભરવા માટે એકઠાં કરેલા તેત્રીસ સાગરોપમકાલ સુધી નારકીમાં સબડાવવાને શક્તિમાન એવા નવા કર્મ કચરાના ઢેરને તો તે ભવકૂપમાં પડતાં જ સળગાવી દીધો અને વધુમાં ભવકૂપમાંના જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતી કર્મો-રૂપ કાંકરાઓને પણ ભસ્મસાત્ કરી દીધા, એ પ્રકારે તે રાજર્ષિના ભવજલ-કૂવાને તો સર્વથા નાશ પામતો જોયો, કિંતું તે કૂપ એ રીતિએ વિનાશ પામતાં પામતાંયે તે રાજર્ષિના આત્મઘટમાં તો અનંત જ્ઞાન અને અનંત દર્શનરૂપી આત્મજલ ઠાંસી ઠાંસીને ભરતો ગયો, અર્થાત્ ભવરૂપી કૂપમાં કે જ્યાં અષ્ટકર્મરૂપી કચરો ઠસોઠસ ભરેલો છે. કોઈ વિરલ વિભૂતિએ ક્ષપકશ્રેણીરૂપ આગ દ્વારા એ

કર્મકચરાને જલાવી દીધો અને એ સદ્ભાગ્યશાળી જીવ અનંત જ્ઞાન અનંત દર્શનરૂપી આધ્યાત્મિક જળ છલોછલ ભરતો ગયો.

આનંદઘન કહે સુણો ભાઈ સાધુ, એ પદસે નિર્વાણ,
ઈસ પદકા કોઈ અર્થ કરેગા, શીઘ્ર સાધે કલ્યાણ
....નાવમાં૦....૮

પાપ કરીને થોડી ક્ષણો ફાવી જનાર ભલે બણગાં ફૂંકતા હોય પણ પરિણામે તેને પસ્તાવાનો સમય આવવાનો છે.

## સખી મેં તો કૌતુક દીઠું

સખી રે સખી મેં તો કૌતુક દીઠું
સખી સાધુ સરોવર ઝીલતા રે,

આર્ય વજ્રસ્વામી લગભગ ષટ્માસની વયના હતા ત્યારે તેઓશ્રીની માવડીએ શ્રી ધનગિરિને (સાંસારિક પિતા) વહોરાવી દીધા હતા. ઝોળીમાં નાંખતાંની સાથે જ વજ્રવત્ ભાર લાગવાથી તેઓશ્રીનું વજ્રસ્વામી એવું નામ રાખવામાં આવ્યું હતું. આર્ય ધનગિરિજી ઝોળીમાં લઈને ઉપાશ્રયે આવ્યા અને સાધ્વીજીના ઉપાશ્રયમાં શુદ્ધ અને સંસ્કારી શ્રાવિકાઓની દેખરેખ નીચે રાખવામાં આવ્યા. ઉપાશ્રય ખાતે રાખવામાં આવેલા પારણામાં પોઢેલા પુત્રને હાલરડામાં હીંચોળતા હીંચોળતા પરસ્પર સખીવૃન્દ આ પ્રમાણે મર્મભરી વાતો વહેતી મૂકે છે.

સાધુ મહારાજોને માટે સ્નાન વર્જ્ય છે, તથાપિ સમતારસ રૂપી જલથી છલકાતાં સરોવરમાં ઝોલે છે.

સખી એ તો નાકે રૂપ નિહાળતા રે,
સાહેલી મોરી લોચનથી રસ જાણતા રે.

કડક અને કઠોર તપની પાછળ દોડનારી લબ્ધિઓ-વાળા મુનિવરો નાસિકા દ્વારા નેત્રનું કામ કરે છે. અર્થાત્ નાકથી રૂપને જોઈ શકે છે, અને નેત્રો દ્વારા રસાસ્વાદ લઈ લે છે. તે તે મુનિવરોને સંભિન્ન શ્રોતાદિક લબ્ધિઓ દ્વારા એવી અચિન્ત્ય શક્તિ પેદા થાય છે.

સખી રે મુનિવર નારીસું રમે રે,
સખી એ તો નારી હીંચોળે કંથને રે.

ખરેખર વિરતિરૂપ વનિતા સાથે સાધુજનો સંવનન કરતા હોય છે. અમતારૂપી સુંદરી ધ્યાન–રૂપ હીંચોળામાં બેસાડીને પોતાના આત્મારૂપી ભરતારને હીંચોળા રહી હોય છે.

સખી રે મારી કંથ ઘણા એક નારીને રે,
સખી સદા યૌવન નારી તે રહે રે....

તૃષ્ણા તરૂણીએ જગતના સર્વે જીવોને ભરતાર કર્યા છે, એટલે તે બધા જ જીવડાઓને પરણી ચૂકી છે. અને તે તૃષ્ણા તરૂણીને વરી ચૂકેલા કંઈક વરરાજાઓ મૃત્યુ પામતા. છતાં તે તૃષ્ણા તરૂણી સદા નવ જોબન-વંતીની જેમ નખરાં કરી રહી હોય છે.

"સખી રે મારી વેશ્યા વિલુબ્ધા કેવલી રે,"
સખી રે આંખ વિના દેખે ઘણું રે....

અનંત સિદ્ધોને વરી ચૂકેલી મુક્તિરૂપી વનિતા એ ખરેખર વારાંગના તરીકે વિશ્વમાં વિખ્યાત છે. કેવલ જ્ઞાનીઓ મુક્તિરૂપ વેશ્યામાં લુબ્ધ થયેલા છે. અર્થાત્ આ જીવો પુનઃ સંસારમાં સંચરવાના નથી જ. કેવલજ્ઞાની ભગવંતને દ્રવ્યેન્દ્રિયનું કંઈ જ પ્રયોજન નથી. તેઓ તો માત્ર જ્ઞાનચક્ષુથી જ જગતના તમામ પદાર્થોને દેખે છે.

સખી રે રથ બેઠા મુનિ ચલે રે,
સખી રે હાથ જળે હાથી ડૂબિયો રે.

અઢાર હજાર શીલાંગ રથમાં બેઠેલા મહામુનિવર મુક્તિમાર્ગ ભણી ચાલી રહ્યા છે. અર્ધ પુદગલ પરાવર્ત્ત માત્ર સંસાર તે હાથ જળ જેટલો સંસાર કહેવાય. તેટલા સંસારવાળો જીવડો ઉપશમ શ્રેણીએ ચઢતો ચઢતો સરાગ સંયમના યોગે કદાચિત મિથ્યાત્વ પામે. તે મુનિવરો હાથી સરખા કહેવાય. પરંતુ તે સરાગ સંયમના લીધે હાથભર્યા જેટલા જળમાં ડુબ્યા જાણવા.

સખી રે કૂતરીએ કેશરી હણ્યો રે,
સખી રે તરસ્યો પાણી નહિ પીએ રે....

નિદ્રારૂપી કૂતરીએ ચૌદ પૂર્વધર સરખા કેશરીસિંહ સમા સાધુમહારાજને હણ્યા. એટલે કે ચૌદ પૂર્વધરો પણ

પ્રમાદયોગે સંસાર–અટવીમાં આથડે છે. અનાદિકાળથી આ જીવડો તરસ્યો છે. તેને ગુરૂદેવો જિનવાણી રૂપ અમૃત પાણી પીવડાવી રહ્યા છે તો પણ તો કર્માધીન જીવડો વાણીની લ્હાણી લઈ શકતો નથી.

સખી રે પગ વિહોણો મારગ ચલે રે,
સખી રે નારી નપુંસક ભોગવે રે.

શાસ્ત્રમાં સાધુધર્મ કે શ્રાવકધર્મ એ બે પગો કહેવાય છે. એ બેઉ માંહેલો એક પણ પગ જેનો સાજો નથી તે, આત્મા વિભાવ દશામાં વિચરે છે પરિણામે તે બહુ દુઃખી થાય છે, માટે જ ધર્મનું આરાધન કરી સ્વભાવ–દશામાં સંચરી સંયમની સીધી સડક પર ચાલવું જરૂરી છે, "મન" ને નપુંસક તરીકે ઓળખવામાં આવે છે. હીજડાઓની ટોળીમાં હોળી સળગાવનાર મનજીભાઈ ચેતનારૂપી સ્ત્રીને ભોગવી રહ્યા છે. એટલે મન સહ-ચારિણી ચેતના સ્વેચ્છાએ વિષયાદિને વિલસે છે, માટે મન બાબુને કાબુમાં રાખી ઇચ્છાનો રોધ કરવો અતિ-આવશ્યક છે કેમ કે ઇચ્છાનો રોધ એજ સાચો સંવર છે.

"સખી રે અંબાડી ખર ઉપરે રે
સખીરે નર એક નિત્ય ઊભો રહે રે."

ભવાભિનંદી ક્ષુદ્ર જીવડા ઉપર મેરૂ પર્વત સમાન ચારિત્રનો ભાર લાદવો તે ગધેડા ઉપર અંબાડીનો આરોહ

કરવા બરાબર છે. હંમેશાં ચૌદરાજ લોકરૂપ પુરૂષ ઊભેલો જ છે.

સખી એ તો બેઠો નથી નવી બેસશે રે.
સખી રે અર્ધ ગગન વચ્ચે તે રહે રે.

શાશ્વતો લોક છે તે પુરૂષ ઊભો છે તે જ આકારે છે તે માટે લોક પ્રકાશમાં પુરૂષ કહી બોલાવે છે. તે નથી તો બેઠો અને નહિ બેસશે.

ઉર્ધ્વ, અધો અને તિરછો એમ ચોતરફ અલોક છે અને મધ્યમાં લોક છે માટે અનંત પ્રદેશ આકાશ તે વચ્ચે અદ્ધર લોક રહેલો છે. માટે જ અર્ધ ગગન વચ્ચે તે રહે છે અર્થાત્ ચારે બાજુ અલોક છે અને વચ્ચે લોક રહેલો છે.

સખી રે માંકડે મહાજન ઘેરિયું રે,
સખી રે ઉંદરે મેરૂ હલાવિયો રે.

વ્યવહારિયા ભવ્યજીવ મનુષ્ય દેવ અને તિર્યંચાદિગતિ પામેલા હોય છે. તે મહાજન કહીએ તે બધાઓને મોહરૂપ માંકડાએ સંસારમાં ઘેરી કારાવાસના કેદી બનાવ્યા છે.

પંચ મહાવ્રતના પાલક મુનિ મહારાજને કદાપિ સંજવલન કષાયના ઉદયે અતિચાર રૂપ ઉંદર ઉત્પાત મચાવે, પંચ મહાવ્રત રૂપ મેરૂ કંપવા માંડે.

સખી રે સૂરજ અજવાળું નવી કરે રે,
સખી રે લઘુ બાંધવ બત્રીસ ગયા રે,
સખી રે શોક ઘટે નહિ બેનડી રે.

સંસારના સમસ્ત જીવડાઓને તિરોહિત ભાવે કેવલ-જ્ઞાન છે, પરંતુ ચારઘાતી ડુંગરાઓ દૂર થયા સિવાય તિરોહિત ભાવે છુપાયેલા કેવલજ્ઞાનનો આવિર્ભાવ થાય નહિ અને કેવલ જ્ઞાનરૂપી દીવડો પ્રગટ્યા વિના આત્મામાં અજવાળું થાય નહીં અર્થાત્ કર્મના પડદા ચીરાય નહિ ત્યાં સુધી કેવલ જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થાય નહિ અને તે સનાતન સૂર્ય વિના આત્મિક ઓરડામાં અજવાળું થાય નહિ એટલે જ કહેવાય છે કે સૂરજ અજવાળું નવિ કરે રે..., આપણને મળેલી પાંચે ઇન્દ્રિયોમાં ચાર ઇન્દ્રિયો એક એક કાર્ય કરે છે. જ્યારે જીભ ખાવાનું અને ગાવાનું એમ બે કાર્ય કરે છે. ઋષિમુનિઓ જીભને જંગલીમાં જંગલી જનાવર તરીકે ઓળખાવે છે. જીભ અને દાંતોને ભાઈ–બહેન જેવો સંબંધ ચાલ્યો આવે છે. બહેન પહેલી જન્મે છે, જ્યારે ભાઈઓનો જન્મ પછીથી થાય છે. બત્રીસે ભાઈઓ રામશરણ થાય છે તોયે, બહેનને જરા પણ શોકસંતાપ નથી. બલ્કે બહેનનાં ગેલચેન એટલાં વધી જાય છે કે તે જાણે નખરાંનાં નગારાં જ વગાડતી હોય છે, લવલવ અને લટપટથી ઊંચી જ આવતી નથી.

સખી રે શ્યામ હંસ મેં દેખિયો રે
સખી રે કાટવાળો કંચનગિરિ રે

વાસ્તવિક આત્મા એ હંસ સમાન છે. કિંતુ સમ્યકૂત્વહીન આત્મા મિથ્યાત્વ અને કૃષ્ણ લેશ્યાથી વાસિત હોવાથી તે શ્યામ કહેવાય છે. અઢી દ્વિપની અંદર એક હજાર કંચનગિરિ કહેવાય છે. કંચનગિરિ સમાન આત્માના અસંખ્ય પ્રદેશો ઉજ્જવલ છે. પરંતુ તેને કર્મરૂપી કાટ વળ્યો છે, તે કાટને કાપવામાં ન આવે તો ત્યાં સુધી મુક્તિની વાટ મળે નહિ.

સખી રે તો પણ પ્રભુ ન સંભારિયા રે
સખી રે વજ્રસ્વામી પારણે સુતા રે
સખી રે શ્રાવિકા ગાવે હાલરડું રે
સખી રે મોટા થઈને તમે અર્થ કહેજો રે